# અધ્યાય : ૪૪

અલખ કહે સૂણ શિષ્ય હા ! નિમિત્ત માટી દઈ
બ્રાહ્મણસ્ત્રી જીવાડી તે વાત બધે ફેલાઈ. ૧
અવધૂતનો ડંકો અહા ! અહિયાં ચારેકોર,
દિગંતમાં ગાજી રહ્યો કરી શોર ઘન-ઘોર. ૨
ભકતજનોએ પોરના કર્યો એક નિર્ધાર !
રંગજયંતી પોરમાં ઉજવવા તે વાર. ૩
ગ્રામજનો સૌ પોરના જઈને નારેશ્વર;
પધારવા વિનવી રહ્યો પૂજ્ય અવધૂતપ્રવર. ૪
ઉત્સવ અડતાલીસમી જયંતી ઉપર જાણ,
આપે પોર પધારવા સદ્‌ગુરુ સંમતિ માન. ૫
રંગ સદ્‌ગુરુ રીઝિયા થાતો નંદ અપાર,
ભકતોએ ગુરુદેવનો બોલાવ્યો જયકાર. ૬
આવી સર્વે ગામમાં કામે લાગ્યા તુર્ત,
ઉત્સવની તૈયારીઓ કરવાને અદ્‌ભુત. ૭
ખોદી ખાડા ટેકરા માર્ગ કર્યો સુંદર,
બાંધ્યાં મંડપ તોરણો પતાકડાં સત્વર. ૮
બાંધી દીધી દૂર ત્યાં ઘાસની રમ્ય કુટિર,
અવધૂતજીને કાજ હા ! ઢાઢર સરિતાતીર. ૯
ઠામે ઠામે બાંધિયાં કમાન કલામય દ્વાર,
યોગીના શિરતાજનો કરવાને સત્કાર. ૧૦
કાર્તિક સુદી સાતમે પ્રાતઃકાલે એમ,
સમર્થ સદ્‌ગુરુ નીકળ્યા પોર આવવા તેમ. ૧૧
નવની ગાડીમાં પ્રભુ ! ઈંટોલા સ્ટેશન
ઉતર્યા, અહીંની ભૂમિને કરવાને પાવન. ૧૨
પોર તથા બાજુતણા ગામોમાંથી એમ,
સેંકડોની સંખ્યામહીં ભેગા થઈને તેમ; ૧૩
ઈંટોલા સ્ટેશન ઉપર આવ્યા 'તા તે વાર
સ્વાગત કરવા રંગનું લઈ શ્રીફળ ફૂલહાર. ૧૪
તે સમે સ્ટેશનતણા ઝાંપા પાસે છેક,
પોર જવાનાા માર્ગ પર હતી હાટડી એક. ૧૫
માલિક એ દુકાનનો મુસ્તફા મુસલમાન,
ખાટી-મીઠી વેચીને ચલાવતો ગુજરાન. ૧૬
હતો નેક એ આદમી દિલનો દિલાવર,
કરે ખુદાની બંદગી હતો પાક અનવર. ૧૭
જાણ્યું એણે પોર જવા નારેશ્વરના રાજ,
મુજ આંગણમાં થઈ અરે ! પસાર થવાના આજ. ૧૮
ઓલિયા, પીર ફકીરનો આશક હતો એ જન,
સ્વાગત કરવા સંતનું કંઈક વિચાર્યું મન. ૧૯
ખાસ જઈ વડોદરા અત્તર શીશી એક,
લઈ આવ્યો બહુ પ્રેમથી રાખી મનમાં ટેક. ૨૦
મરકત મુખડે મન મહીં એણે કર્યો વિચાર,
''મારા આંગણ પાસથી અવધૂત થશે પસાર ! ૨૧
પવિત્ર એમના શરીર પર અત્તર છાંટી દઈશ,
નાચીઝ મારી જિંદગી સફલ બનાવી લઈશ.'' ૨૨
એમ વિચારી મુસ્તફા રાખી પ્રેમ અપાર,
અત્તર શીશી લઈ ઊભો નિજ દુકાનને દ્વાર. ૨૩
ત્યાં તો સૂણી ગર્જના 'જય ગુરુદેવ દત્ત'
ઊડે છોળ ગુલાલની ફૂટે ફટાકડા ફટ્ટ. ૨૪
માનવ મહેરામણ અહા ! ઉછળે બની મસ્તાન,
ભકતોથી વીંટાએલા આવી રહ્યા ભગવાન. ૨૫
ચોગમ સેવક સૌ ઊભા ભીડી હાથથી હાથ,
કર-કિલ્લાની મધ્યમાં ચાલે સદ્‌ગુરુનાથ. ૨૬
આવી પહોંચ્યો કાફલો મુસ્તફાને દ્વાર,
ત્યાં તો પણ માનવતણી જામી ભીડ અપાર. ૨૭
એક બીજાને ભીંસતા ચાલે સર્વે જન,
પડાપડી બહુ થઈ રહી કરવા ગુરુદર્શન. ૨૮
અલખ કહે સૂણ શિષ્ય હે ! જયાં જયાં અવધૂત જાય,
ત્યાં ત્યાં દર્શન કાજ હા ! જન-અબ્ધિ ઉભરાય. ૨૯
ઊભો-ઊભો મુસ્તફા કરી રહ્યો વિચાર,
કેવી રીતે જાઉં ત્યાં ભીડ કરીને પાર ? ૩૦
ત્યાં તો અવધૂતજી અરે ! થઈ ગયા પસાર,
મુસ્તફાતો જોઈ રહ્યો બાઘો થઈ તે વાર. ૩૧
શણગારેલી વે'લમાં બેઠા સદ્‌ગુરુનાથ,
પકડી વે'લમાં વેગથી પોર ગામની વાટ ! ૩૨
જોતજોતામાં વે'લ તો થઈ અદ્દશ્ય તત્ક્ષણ,
તોય હજી જયનાદથી ગાજી રહ્યું ગગન. ૩૩
ધીમે ધીમે નાદ પણ ડૂબી જાતો છેક,
નીરવતાપ્રસરી બધે ત્યારે એકાએક. ૩૪

ઝબકી જાગ્યો મુસ્તફા જોયું જ્યારે એમ,
અત્તરશીશી હાથમાં હતી તેમની તેમ ! **૩૫**
કંઈક વિચાર કર્યા પછી આવ્યું એને ભાન,
મુજ અત્તર લીધા વિના ચાલી ગયો મસ્તાન. **૩૬**
દૂર એ તો જતો રહ્યો અરે! હવે શું થાય ?
સૂની મૂકી હાટડી પાછળ કેમ દોડાય ? **૩૭**
દોડી જાઉં ભલે અહીં પણ હું રહ્યો યવન,
હિન્દુ સંત મુજ આરઝુ ધરશે શું નિજ મન ? **૩૮**
વિચારી એમ મુસ્તફા ! મનમાં દુઃખી થાય,
બદકિસ્મત મારું અરે ! આવ્યું આડું હાય ! **૩૯**
હાટડીએ બેઠો છતાં પડે ન એને ચેન,
ધંધામાં દિલ ના લગે થાયે ભીનાં નેન. **૪૦**
ખાધુંપીધું ના કશું થયું ચિત્ત ઉદાસ,
'અરે ઓલિયા ! આશકને કર્યો કેમ નિરાશ ?' **૪૧**
ત્યાં તો રાત પડી અને ભૂખ્યો તરસ્યો એહ,
થાકયો-પાકયો પથારીએ લંબાવે નિજ દેહ. **૪૨**
સૂતાં-સૂતાં પણ અહા ! કરતો એજ વિચારઃ
'મુજ આંગણમાં થઈ અરે ! થાય સંત પસાર **૪૩**
તોયે ના હું કરી શકયો સંતતણું સ્વાગત !
ના અત્તર છાંટી શકયો અહા મુજ બદકિસ્મત !' **૪૪**
એની એ જ વિટંબણા અરે ! આજ અત્તર !
નાચીઝ ના છાંટી શક્યો ફકીરતણા તન પર ! **૪૫**
ચઢતાં વિચાર-ચક્કરે કયારે થઈ મધરાત
આંખ મળી કયારે અહા ! થયું એક દૃષ્ટાંત. **૪૬**
સ્વપ્ન પડ્યું એ આશકને મનહર એક અદ્‌ભુત,
આવી ઊભા સામને રંગગુરુ અવધૂત. **૪૭**
જટા-જૂટ શિરપર અને વિકસિત નેન વિશાલ,
દિવ્ય તેજથી લસલસે તગ-તગતું હા ! ભાલ. **૪૮**
શરચ્ચંદ્ર સમ મુખ પરે મધુર હાસ્ય રેલાય,
યુગ-યુગ તક નીરખ્યા કરે તોય ના તૃપ્તિ થાય. **૪૯**
ધન્ય ભાગ્ય એ યવનના ! યોગીના શિરતાજ
એના નેક યકિનથી ખડો સામને આજ ! **૫૦**
મધુર સ્વરથી ભકતને બોલ્યા સદ્‌ગુરુવર,
જાણે મુખદ્રુમથી સર્યાં પુષ્પો ભાવસભરઃ **૫૧**
''કેમ અરે ! ઊંઘે હવે ! થા બેઠો સત્વર,
મારે માટે લાવેલું દે મુજને અત્તર !'' **૫૨**

થાતો ઊભો એ તિહાં યંત્ર જેમ મુસ્તફા,
અત્તર કાઢ્યું કબાટથી રખેને થાય ખફા ! **૫૩**
ત્યાં તો અવધૂત બોલિયા! કેમ કરે છે વાર !
છાંટ અત્તર મુસ્તફા ! છાંટ છાંટ આ વાર. **૫૪**
તોયે ઊભો દિઙ્‌મૂઢ તેથી અવધૂત એમ,
શીશી ઝૂંટવે હાથથી ખોલે ડાટો તેમ ! **૫૫**
રેડી દીધું સર્વ ત્યાં અત્તર એ નિજ હસ્ત
બે હાથે મસળી રહ્યા તન ચોળી નિજ મસ્ત ! **૫૬**
પૂછતાં અત્તર ચોળતાં નિજ તન પર ગુરુદેવઃ
'કેમ ખુશ હવેને તું'? બોલ ભક્ત !તતખેવ ?' **૫૭**
આભો થઈને મુસ્તફા મુખ વિકાસી જયાંય,
કરે બોલવા યત્ન કંઈ અવધૂતજીએ ત્યાંય **૫૮**
અત્તરવાળા હાથ નિજ ચોળે મુસ્તફાતન
ફરી ફરી ત્યાં ફેરવ્યા રહેમ કરી ભગવન્ ! **૫૯**
ભાવ-સભર એ મુસ્તફા કહેવા જાય કંઈ આન,
અવધૂત ત્યાં તો પલકમાં થાતા અંતર્ધાન ! **૬૦**
આંખો પણ ઊઘડી ગઈ જાગી ગયો તે વાર,
આંખ ચોળતો મુસ્તફા કરી રહ્યો વિચારઃ **૬૧**
''અરે આ તો ખ્વાબ હતું ખ્વાબમાં આવી એમ,
અવધૂતજી મુજ હાથથી લેતા અત્તર તેમ. **૬૨**
આખો દિવસ એ જ મેં કર્યા કર્યો વિચાર,
તેથી હું સમણાઈ ગયો આ તો વ્યર્થ અસાર !'' **૬૩**
એમ વિચારી મુસ્તફા ફરી ઊંઘવા યત્ન,
આંખો મીંચીને કરે થઈ હૃદયથી ભગ્ન. **૬૪**
નિંદરડી ના આવતી પાસાં ઘસતાં એમ,
પડ્યો પડ્યો પથારીએ સ્વપ્ન વિચારે તેમ. **૬૫**
ત્યાં તો ચમકયો વિચાર જો એના ચિત્તે એમ
''લાવને જોઉં કબાટમાં શીશી છે કે કેમ ? **૬૬**
ઝડપે ઊઠ્યો ને પછી છલંગ મારી એક,
વેગે પહોંચ્યો મુસ્તફા કબાટ પાસે છેક. **૬૭**
ઝટ ઉઘાડ્યું કબાટ ને શીશી લીધી હાથ,
ફાનસ પાસે લઈ ગયો ઊંચી કરીને વાટ. **૬૮**
પ્રકાશ પ્રસર્યો એકદમ દૂર થયું અંધાર,
શીશી ખાલી ખમ હતી હતું ન કંઈ લગાર. **૬૯**
અવધી થઈ આશ્ચર્યની નીકળ્યો મુખ ઉદ્‌ગારઃ
''કમાલ કરી હે ઓલિયા ! ખ્વાબે દઈ દિદાર!'' **૭૦**

ત્યાં તો આવ્યો વિચાર કે કદાચ કબાટની માંહ્ય,
''શીશી પડી ગઈ હોય તો અત્તર ત્યાં ઢળી જાય.'' ૭૧
લઈને ફાનસકબાટમાં હાથ ફેરવી એમ
જોયું સારી પેઠે કે અત્તર ઢળ્યું કે કેમ ? ૭૨
શીશી બરાબર જોઈ તો શીશી હતી અકબંધ,
નો'તાં કાણું તિરાડ વા કેવળ હતી સુગંધ. ૭૩
પૂરી કરીને ખાતરી પછી વિચાર્યું મન,
''મારી શ્રદ્ધા-યકીનથી જરૂર એ ભગવન્'' ૭૪
રાત્રે સ્વપ્ને આવીને સ્વીકાર્યું અત્તર,
માટે બડી ફજરમેં પોર જાઉં સત્વર. ૭૫
ઉનકે કદમોંમેં અહા ! ઝૂકાવી મુજ શિર
કહીશ કરી કમાલ તેં નારેશ્વર કે ફકીર!'' ૭૬
સવાર થાતાં મુસ્તફા ખાલી શીશી હાથ,
લઈને આવ્યો પોરમાં કરવાને આ વાત. ૭૭
આ બાજુએ પોરમાં સમર્થ સદ્ગુરુનાથ
સ્નાન-ધ્યાન પરવારીને જન-ગણ-દર્શન માટ ૭૮
ગોમયથી લીંપ્યાગુંપ્યા શુદ્ધ માટીના એમ
બિરાજ્યા'તા ઓટલે અજીન પાથરી તેમ. ૭૯
વિધ-વિધ રંગના સાથિયા પૂર્વ દિશાને દ્વાર,
પૂરતી ઉષા રંગનો કરી રહી સત્કાર. ૮૦
દર્શનકાંક્ષી ભક્તની લાંબી-મોટી કતાર,
ફોફળ ફૂલ લઈ હાથમાં લાગી હતી તે વાર. ૮૧
એક એક આવે બધા કડક શિસ્ત પળાય,
અવધૂતનાં દર્શન થકી સહુનું મન હરખાય. ૮૨
અવધૂતકંઠે પુષ્પની માળા જે અરપાય,
કાઢી કંઠથી પીપળે સર્વે લટકાવાય. ૮૩
રંગબેરંગી પુષ્પનો સજી અનેરો સાજ,
પીપળ પણ આનંદથી ઝૂકી રહી છે આજ. ૮૪
ચોપાસે અવધૂતની સેવકો છે બે-ચાર,
તત્પર ઊભા કાઢવા પ્રભુકંઠથી હાર. ૮૫
તે સમે અવધૂતના દિવ્ય દેહથી વાહ !
લ્હેરાતો અત્તરતણો ખૂબ-સુગંધ પ્રવાહ. ૮૬
સેવક સૌ વિસ્મિત થઈ લેતા મધુરાનંદ,
તોય અત્તર સુગંધ વિષે રહ્યા વિચારી મન. ૮૭
''અરે ! આજ ગુરુદેવના શરીરમાંથી કેમ ?
સુંગધી અત્તરતણી આવે જોને એમ ! ૮૮
ઊઠી વહેલાં પરોઢીયે મેં જ કરાવ્યું સ્નાન,
અત્તર કે સુગંધ કંઈ નથી લગાડયું આન. ૮૯
તો યે શાથી મ્હેંકતી ખુશબો તનથી આંહ્ય
આવે પવન સાથ તિહાં, સમજ ન પડતી ક્યાંય !'' ૯૦
એક બીજાને પૂછતા કારણ એનું જાણ,
ત્યાં તો બોલ્યો એક જણ કરતાં કૈં અનુમાનઃ ૯૧
ફૂલની માળામાં તિહાં છાંટી ઘણું અત્તર
હશે લાવ્યો ભક્ત કોઈ થઈને ભાવ-સભર. ૯૨
મન માન્યું કંઈ એમનું સુણી આ ઉત્તર;
ત્યાં તો ચમકયા સેવકો સુણી ઊંચો સ્વર. ૯૩
સાદ સાંભળી જોયું તો ખાલી શીશી લઈ
વેગે આવે દોડતો એક મુસ્લિમ ભાઈ ! ૯૪
વેગે દોડે પણ અહીં મુંઝાયો પલવાર
દર્શન કાજે ભક્તની લાંબી દેખી કતાર ! ૯૫
શિસ્ત કડક અવધૂતની કોઈથી ના છટકાય,
રાય હોય કે રંક પણ વારો આવ્યે જવાય. ૯૬
ઊભો રહ્યો કતારમાં રાખીને નતશીશ
''ધીમે-ધીમે જરૂર હું પ્રભુ પાસ પહોંચીશ.'' ૯૭
ભક્તો દર્શન કરી ગયા એક પછીથી એક,
કતાર ઘટી ને મુસ્તફા પ્રભુની પાસે છેક; ૯૮
પહોંચ્યો ત્યાં તો દૂરથી થયા રંગ-દિદાર,
''એજ એજ એ ઓલિયો'' નયન વહી જલધાર. ૯૯
આવ્યો અવધૂત પાસ એ શિર મૂકયું ભૂપર,
પાગલરામ એ લવી રહ્યો કાઢી ઊંચો સ્વરઃ ૧૦૦
''કમાલ કરી તેં ઓલિયા ! રહમ કરી રહેમાન;
દુઆ કરી દિલદાર તેં શેં ભૂલું અહેસાન ! ૧૦૧
રહેમ કરી ગુલામ પર સ્વીકાર્યું અત્તર,
ખ્વાહીશ મુજ પૂરી કરી ખ્વાબ મેં ખૂદ આ કર.'' ૧૦૨
આળોટે ભૂ પર અને ફરી ફરી સલામ
કરી, વદે ઉચ્ચ સ્વરે મૈં તો તેરા ગુલામ ! ૧૦૩
ખાલી શીશી હાથમાં ઊંચી કરીને એહ
બબડતાં અસ્પષ્ટ કંઈ રહ્યો બતાવી તેહ. ૧૦૪
વિસ્મિત થઈને સેવકો રહ્યા વિચારી એમ,
''ભૂત-પ્રેત આને કંઈ વળગ્યું છે કે કેમ?'' ૧૦૫
સેવક એને રોકવા જેવો દોડતો જાય,
ત્યાં તો અવધૂતજીએ શાન કરીને ત્યાંય ૧૦૬

રોકી સેવકને વદે ભલે બોલતો એહ,
શ્રદ્ધામાં એની તમે ના કરશો સંદેહ. ૧૦૭
કંઈક વખત બોલ્યા પછી મુસ્તફા તે વાર,
શાંત થયો, શ્રી ચરણમાં કરતો ઝાઝા ઝુહાર. ૧૦૮
નેને-નેન મિલાવીને અવધૂતજીની સાથ,
તારક-શરસંધાનથી કરી લીધી કંઈ વાત. ૧૦૯
મુખ મલકાવી બોલતા **રંગ** ઊંચે સાદઃ
સેવકને આજ્ઞા કરી દો એને પ્રસાદ. ૧૧૦
પોશ ભરીને આપતો સેવક રંગપ્રસાદ,
હર્ષાવેશમાં મુસ્તફા દઈ રહે ધન્યવાદ. ૧૧૧
સેવકને કુતૂહલ થયું ઝાલી એનો હાથ,
કુટિર પાછળ લઈ ગયો પૂછી ધીમેથી વાત. ૧૧૨
''ચાચા ! તમને શું થયું ?શી છે તમારી વાત ?
વિગતવાર મુજને કહો બન્યું જેહ સાક્ષાત્ !'' ૧૧૩
ચાચા શ્રદ્ધાવેશમાં ઠોકી બન્ને ગાલ
બોલ્યા ! ''તુજને શું કહું ? મારા હાલહવાલ !'' ૧૧૪
એમ કહી અત્તર તણી કીધી વિગતે વાત,
એને ઘેર ગયા હતા અવધૂતજી ગઈ રાત. ૧૧૫
ખિસ્સામાંથી કાઢીને ખાલી શીશી જેહ,
આપી સેવકહાથમાં સબૂત એનો એહ. ૧૧૬
સેવક શીશી લઈ જરા સૂંઘે જેવો ત્યાંય,
ડુબ્યો એ તો એકદમ આશ્ચર્યાબ્ધિ માંહ્ય. ૧૧૭
અલખ કહે શાથી ડૂબ્યો સેવક અચરજ માંહ્ય,
વાત નિરંજન ! સુણવા ધ્યાન આપ તું આંહ્ય. ૧૧૮
મ્હેંકે દિવ્ય દેહ થકી અવધૂતજીના જેહ
અત્તર તણીસુંગધ હા ! રહસ્યમય જો તેહ. ૧૧૯
તેજ જાતના અત્તરની સુગંધ નિઃસંદેહ
ખાલી શીશીથી અહા ! હતી આવતી એહ. ૧૨૦
યવનતણી શ્રદ્ધાતણો જોઈ ચમત્કાર,
ભક્તોનાં મન મોદથી નાચી રહ્યાં તે વાર. ૧૨૧
'ધન્ય દયાળુ દેવ એ ધન્ય ભક્ત યવન'
એમ કહી શ્રીચરણમાં કરી રહ્યા વંદન. ૧૨૨
શ્રદ્ધા શું શું ના કરે ? શ્રદ્ધા અમૃતવેલ,
મૃતને સંજીવન કરે એ શ્રદ્ધાનો ખેલ. ૧૨૩
સુણ નિરંજન શિષ્ય તું થવા નિર્ભય આંહ્ય,
રાખ શ્રદ્ધા દૃઢ અહા ! સદ્‌ગુરુપદની માંહ્ય. ૧૨૪
મન રૂપી તુજ હંસને શ્રદ્ધા રાખી સ્વસ્થ,
સદ્‌ગુરુપદપિંજરમહીં પૂરી દે ઓ મસ્ત ! ૧૨૫
રાગદ્વેષના દ્વન્દ્વનો થાશે પલકમાં નાશ,
સુખ-સાગર છલ છલ કરી ઉભરાશે ચોપાસ. ૧૨૬
સૂણ શિષ્ય આગળ હવે સદ્‌ગુરુલીલા સાર,
શ્રદ્ધા-ભક્તિ દૃઢ થશે, થાશે બેડો પાર. ૧૨૭
પોર ગામની જયંતી અડતાલીસમી જાણ,
ભજન ધૂનની સાથે જો થાતાં પારાયણ. ૧૨૮
ભક્તજનો ભેળા મળ્યા ગામેગામનાં ત્યાંય;
આકર્ષણ અવધૂતનું સમાન સઘળે થાય. ૧૨૯
વ્યક્ત કરવા કૃતજ્ઞતા પદ્ધતિ ભારત માંહ્ય,
પાદુકા ગુરુ રંગની અંતિમ દિ' પૂજાય. ૧૩૦
વડોદરાથી એ દિને આવ્યા એક પંડિત,
સંસ્કૃત ભાષા બોલતા સકલ શાસ્ત્રપંડિત. ૧૩૧
હરિદ્વારનો હીરલો નામ સૂણી અવધૂત,
આચાર્યપ્રેરિત આવિયો કાવ્ય લખી અદ્‌ભુત. ૧૩૨
ભાવસભર સ્તોત્ર એ અવધૂતપદની પાસ
મૂકી મણિશંકર અહો થાય સદાના દાસ. ૧૩૩
વિદ્યાભાસ્કર એ ભલે, અવધૂતગુણલા ગાય,
અવધૂત પરિવારમાં નામ અમર થઈ જાય ! ૧૩૪
શ્રી રંગમાનસપૂજા, રંગસ્તુતિ વળી ત્યાંય
ગરબા ગીર્વાણગિરાના, રચના અદ્‌ભુત થાય. ૧૩૫
પોર ગામે એ રીતે આપ્યા પંડિત એક
જયંતી એ સાલતણી ઉત્તમ બનતી દેખ ! ૧૩૬
દર વર્ષે અવધૂતજી રંગજયંતી બાદ,
રહેતા કોઈ એકાંત ને શાન્ત સ્થળે સાક્ષાત્. ૧૩૭
દત્તજયંતી આવતાં નારેશ્વરમાં જાય,
શ્રીસન્મુખ ત્યાં મોદથી ઉત્સવ એ ઉજવાય. ૧૩૮
સવા માસનો સમય એ સમર્થ શ્રીઅવધૂત,
કોઈ અગમ્ય સ્થળે રહી લીલા કરે અદ્‌ભુત. ૧૩૯
પોર ગામના ભક્ત સૌ હતા જાણતા વાત,
તેથી શ્રીચરણે કરી વિનતિ જોડી હાથઃ ૧૪૦
પોર ગામની પશ્ચિમે એકાદ ગાઉ દૂર,
માંડેરા હનુમાનનું સ્થાન છે દિવ્ય પ્રચુર. ૧૪૧
ચોગરદમ વૃક્ષો અને જંગલ ઝાડી ગાઢ,
બે બાજુ ખળખળ વગે ઢાઢર નીર રસાળ. ૧૪૨

કલરવ કરતાં પક્ષીઓ ગાતાં મધુરાં ગીત,
નીરવ શાંતિ સ્થાનની શાન્ત કરે હૃદ્‌ચિત્ત. ૧૪૩
રામભક્ત હનુમાનનું સુંદર દેવાલય;
મૂર્તિ શ્રીહનુમંતની દિવ્ય બિરાજે ત્યાંય. ૧૪૪
પૂર્વાભિમુખ મૂર્તિ એ દર્શનથી દુઃખ જાય,
અંજનિસુત શ્રદ્ધાળુને હાજરા-હજુર ત્યાંય. ૧૪૫
એ સ્થળમાં અવધૂત હે ! બિરાજો એક માસ,
પોર ગામના ભક્ત સૌ સેવા કરશે ખાસ. ૧૪૬
ભક્તિવશ અવધૂતજીએ સુમનલાલની સાથ
રતનલાલને મોકલ્યા સ્થળ જોવાને માટ. ૧૪૭
બન્ને સ્થળ જોઈને આવી સદ્‌ગુરુ પાસ,
કર્યું નિવેદન સ્થાન છે દિવ્ય અનુપમ ખાસ. ૧૪૮
સૂણી પ્રશંસા સ્થાનની અવધૂતે તે વાર
આપી અનુમતિ ભક્ત સૌ પામ્યા હર્ષ અપાર. ૧૪૯
રાતોરાત કરી દીધી ત્યાં કુટીર તૈયાર,
લીંપી-ગુંપી પુષ્પના સરસ કર્યા શણગાર. ૧૫૦
બીજે દિવસે સદ્‌ગુરુ આવી પહોંચ્યા આંહ્ય,
વંદન કરી હનુમાનને જોતાં કુટિર માંહ્ય. ૧૫૧
અહિંયાથી અવધૂતજીએ લીલા કરી અપાર,
કોણ વર્ણવી એ શકે ? થાશે ગ્રંથ વિસ્તાર. ૧૫૨
તોયે સૂણ તુજને કહું એકાદ બે-પ્રસંગ,
સુણતાં શ્રદ્ધા દૃઢ થશે, ચઢશે અનુપમ રંગ. ૧૫૩
ગાંધી સાંકળચંદ જે પોરતણો સજ્જન,
કાછીઆ પટેલ જ્ઞાતિનો કહે 'ભગત' સહુ જન. ૧૫૪
એ ભગતને તે સમે પૂર્વકર્મજોગ,
અસહ્ય પીડા આપતો થયો ગુપ્ત કંઈ રોગ. ૧૫૫
દાક્તર-વૈદ્યો કંઈ કર્યા, કર્યા કંઈક ઉપચાર,
તોયે પીડા ના શમે, પડે ન ફેર લગાર. ૧૫૬
ભગતે મન વિચારિયું ''સમર્થ સદ્‌ગુરુરાજ
મારે માથે છે પછી શાને થાઉં નારાજ''? ૧૫૭
તેથી ભગતે એક દિ આંખમાં આંસુ સાથ,
સદ્‌ગુરુચરણે દુઃખની કીધી વિગતે વાત. ૧૫૮
જોઈ આંસુ ભક્તના દ્રવિયા દીનદયાળ,
સ્નેહભર્યા શબ્દે વદ્યા ભક્તતણા પ્રતિપાળઃ ૧૫૯
''કાલે તું લઈ આવજે ધોળા તલ એક શેર
મંત્રીને આપીશ હું થાશે પ્રભુની મહેર.'' ૧૬૦
તલ લઈ બીજે દિન ભગત ગયો પ્રભુપાસ.
પ્રભુએ નિજ અંગુલિથી પાડયા તલમાં ચાસ. ૧૬૧

પછી કહ્યું એ ભક્તને દરરોજ પ્રાતઃકાલ
દાતણ કરી મુખશુદ્ધિ હા ! કર્યા પછી તત્કાલ ૧૬૨
નરણા કોઠે ચાવવા મુઠ્ઠીભર આ તલ,
સારી પેઠે ચાવીને ગળી જવા તત્પલ. ૧૬૩
એવી રીતે ચાવીને ગળ્યા પછી આ તલ,
તુર્તજ ના લેવું કશું ચા-કોફી-પય-જલ. ૧૬૪
થોડા સમય પછી ભલે લેવું ચા-પય-જલ,
બે-ચાર દિનમાં તો તને મળશે સુંદર ફલ. ૧૬૫
એક અઠવાડિયા સુધી કર તું આ પ્રયોગ,
થશે મહેર સદ્‌ગુરુતણી ભાગી જાશે રોગ !'' ૧૬૬
વંદન સદ્‌ગુરુને કરી ભગત આવતો ઘેર,
શ્રદ્ધાથી તલ ભક્ષવા શરૂ કરતો સુપેર. ૧૬૭
વીત્યું નથી સપ્તાહ ત્યાં, દૂર થઈ ગયો રોગ;
શાંત પીડા થઈ અને શરીર થયું નીરોગ. ૧૬૮
રોગ મટાડયો ભગતનો પામી વાત પ્રસાર,
ભક્તોએ અવધૂતનો બોલાવ્યો જયકાર. ૧૬૯
કૃપા કરે અવધૂત તો શું દુર્લભ જગ માંહ્ય ?
શક્ય કરે અશક્યને શિષ્ય ! સંતની છાંય. ૧૭૦
સુણ નિદર્શન એક તું પોર ગામના પટેલ
વિઠ્ઠલભાઈ ખેતી કરે જાણે અન્ય ન ખેલ ! ૧૭૧
ભેંસ બળદને બાંધવા હતું કોઢિયું ઘર,
ઢોરાં ત્યાં બાંધે અને રાખે તેમાં ખળ. ૧૭૨
એ ઘરમાં રહેતું હતું મલિન કોઈ તત્ત્વ.
રોજ ભેંસના દૂધનું ચૂસી લેતું સત્ત્વ. ૧૭૩
ભેંસ દોહી, કોઠીમાં દૂધ ઘરે લઈ જાય,
દહીં જમાવવા જાય ત્યાં તરત જ ફાટી જાય. ૧૭૪
દહીંના કૂચા થાય ને પડી જીવડાં જાય,
દહીં-માખણ ઘી કદી દૂધતણું નવ થાય. ૧૭૫
ગમે તેવી તાછીને લાવે મહિષી ઘેર,
બાંધતા કોઢિયે જો તિહાં થાય દશા આ પેર. ૧૭૬
ઘરની બે પેઢી થઈ ચાલી આવ્યું આમ,
દૂધ ભેંસનું તુર્ત હા ! વેચવું પડે તમામ. ૧૭૭
કોઈ દિન એના દૂધનું દહીં-માખણ નવ થાય,
કરે કદી પ્રયત્ન તો તુર્ત જ ફાટી જાય. ૧૭૮
એક દિવસે એ વિઠ્ઠળે જોડી બન્ને હાથ,
નારેશ્વરના નાથને કરી વિગતથી વાત. ૧૭૯
સૂણી વાત એ ભક્તની બોલ્યા સદ્‌ગુરુ વાણઃ
''જા વહેલો લઈ આવ તું ગુગળ ને લોબાન,'' ૧૮૦

શેરભર લોબાન ને શેરભર ગુગળ
લઈને વિઠ્ઠલ આવિયો જ્યાં બેઠા ગુરુવર. ૧૮૧
ગુગળ ને લોબાનનું પાત્ર લઈ વિઠ્ઠલ
સદ્‌ગુરુની સામે ખડો રાખી મન નિશ્ચલ. ૧૮૨
સદ્‌ગુરુ નિજ મુખથી તિહાં કરતા મંત્રોચ્ચાર
આંગળી નિજની પાત્રમાં ફેરવી બે-ત્રણ વાર. ૧૮૩
પછી કહ્યું એ ભકતને પ્રાતઃકાલે એમ,
સ્નાન કરી ને ધોયલાં વસ્ત્રો પહેરી તેમ. ૧૮૪
આ ગુગળ-લોબાન કોઢિયા ઘરની માંહ્ય
કરજે ધૂપ શ્રદ્ધા થકી સ્મરતાં સદ્‌ગુરુરાય. ૧૮૫
ઊંચે સ્વર કરતા જવું દત્તબાવની-ગાન,
મૂઠી દઈને ભાગશે ભૂત-પ્રેત કે આન.'' ૧૮૬
માથું મૂકયું વિઠ્ઠલે રંગચરણની માંહ્ય,
ભીની આંખે બોલિયો જય જય જય ગુરુરાય. ૧૮૭
ઘેર વિઠ્ઠલ આવીને સદ્‌ગુરુવચન પ્રમાણ,
બીજે દિન સવારમાં થયો શુદ્ધ કરી સ્નાન. ૧૮૮
ધૌત વસ્ત્ર ધારણ કરી ધૂપ કુંડું લઈ હાથ,
આવ્યો કોઢિયા ઘર વિષે સ્મરતો સદ્‌ગુરુનાથ. ૧૮૯
બે દિવસ એણે કર્યો શ્રદ્ધાથી ત્યાં ધૂપ,
ત્રીજે દિન તો ત્યાં થયો ચમત્કાર અનુપ. ૧૯૦
'મા'એ દોહી ભેંસ ને કોઠી ભરેલું દૂધ,
ઘરમાં લઈ જઈ મોળવ્યું, સ્મરી રંગ અવધૂત. ૧૯૧
ગોઠવી દીધું ગોરસું દહીંનું યથાસ્થાન,
રાત્રીભર અંતર વિષે સ્મર્યા દત્ત ભગવાન. ૧૯૨
પ્રાતઃકાલે ગોરસું જોતાં હર્ષોદ્‌ગાર
વિઠ્ઠલ-માના મુખથકી નીકળી પડયા તે વાર ! ૧૯૩
બાઝ્યું સુંદર દહીં હતું જાણે આરસપહાણ,
ચપ્પે કાપો ચોસલાં કરો બધાંને લહાણ ! ૧૯૪
એ દહીંને વલોવિયું માખણ મઝાનું થાય,
માખણ તાવતાં ત્યાં અહા ! ઘી પણ અનુપમ થાય ! ૧૯૫
પ્રથમ એ ઘૃત વાપર્યું અવધૂતભિક્ષા કાજ
મલિન તત્ત્વ ભગાડિયું ધન્ય ! ધન્ય ! ગુરુરાજ ! ૧૯૬
બે પેઢીના દુઃખને ત્રણ દિવસમાં આમ,
દૂર કરી અવધૂતજીએ કીધું અદ્‌ભુત કામ. ૧૯૭
વાયુવેગે વાત આ પ્રસરી ગામની માંહ્ય,
લોકો કરવા ખાતરી વિઠ્ઠલને ઘર જાય. ૧૯૮
જાણી વાત વિઠ્ઠલમુખે વિસ્મિત થઈ તે વાર,
લોકોએ અવધૂતનો બોલાવ્યો જયકાર. ૧૯૯
અલખનિરંજનને કહે આવો ચમત્કાર,
શાથી સર્જાયો ? જરા એનો કર વિચાર. ૨૦૦
સંતસ્પર્શ અદ્‌ભુત છે, સ્પર્શ સંતનો થાય,
તો પામર આ જીવનનાં, જન્મમરણ મિટ જાય. ૨૦૧
સંતશરીરમાં સંતના સાત્ત્વિક તપનો જેહ
ભંડાર પડયો શકિતનો ટાળે જનદુઃખ તેહ. ૨૦૨
પારસમણિના સ્પર્શથી લોહ હેમ થઈ જાય,
તેમ સંતના સ્પર્શથી પાપી પાવન થાય. ૨૦૩
અવધૂતજીના સ્પર્શથી પાવન થયેલા તલ,
રોગ માટે ભગતના કરતા તન નિર્મલ. ૨૦૪
ક્ષુદ્ર ધૂપ લોબાન પણ પામી અવધૂત-સ્પર્શ,
મલિન તત્ત્વ ભગાડીને, આપે શાશ્વત હર્ષ. ૨૦૫
સાત્ત્વિક તપ જે સંતનું તેમાં શકિત અપાર,
સ્પર્શ કરતાં ભકતમાં એ શકિત સંચાર ૨૦૬
થાય છે ને, ભકતની બુદ્ધિ નિર્મલ થાય,
નિર્મલ મતિ થાતાં અહા ! ભકત સંત થઈ જાય ! ૨૦૭
માટે સંતચરણતણા સ્પર્શતણો મહિમાય
ડીમ ડીમ ઠોકીને અહા ! શાસ્ત્રો મોદે ગાય. ૨૦૮
જેણે સંતચરણતણો કર્યો સ્પર્શ એક વાર,
તૂટે ભવબંધન અને થઈ જાય ઉદ્ધાર. ૨૦૯
અલખ કહે સૂણ શિષ્ય હે !જેણે સેવ્યા સંત,
તેણે વિશ્વે મેળવ્યું શાશ્વત સૌખ્ય અનંત. ૨૧૦
સંતના સાત્ત્વિક તપતણી શકિત અપરંપાર,
કલ્યાણાર્થે વિશ્વના વરસે અનરાધાર. ૨૧૧
પોર ગામમાં જો બની લીલા અપરંપાર,
ગાતાં ના'વે પાર ને ગ્રંથ વધે અનિવાર. ૨૧૨

'બાલક' કેરા ગામ પર રંગની ઝાઝી, મ્હેર,
આગળ વર્ણન જો કરું લાગી મુજને લ્હેર !! **૨૧૩**

ઈતિ શ્રી રંગપાદારવિન્દમિલિન્દયુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે
વિવિધલીલાકથનં નામ ચતુસ્ચત્વારિંશોડધ્યાયઃ ।।૪૪।। દોહરા ૨૧૩।।

સપ્તાહ પારાયણ - ૪ થો દિવસ

# અધ્યાય : ૪૫

અલખ કહે સુણ પોરના બાપા બળિયા દેવ,
મૂકી શ્રીફળ તત્પદે વંદી સદ્‌ગુરુદેવ; ૧
આવી ગયા નારેશ્વરે, ભક્તોદ્ધારણકાજ;
નૌતમ લીલા નિત કરે, નારેશ્વરના રાજ. ૨
સૂણ શિષ્ય અવધૂતની રીતિ એક મહાન,
જ્યાં જાયે ત્યાં સ્થાનના દેવને દેતા માન. ૩
અવધૂત આ અવનિ વિષે જ્યાં જ્યાં કરે વિહાર,
ત્યાં ત્યાં પ્રથમ એ સ્થાનના દેવને નમસ્કાર ૪
કર્યા પછી જ પ્રવેશતા નિજ આલયની માંહ્ય,
મર્યાદા એ સ્થાનના દેવની ના લોપાય. ૫
જ્યારે જ્યારે પોરમાં થતો રંગ-મુકામ,
જતાં આવતાં ત્યાહરે સદ્‌ગુરુ કરે પ્રણામ. ૬
શ્રીફળ શ્રીબળિયાતણા ચરણે મૂકી એમ,
નયન મીંચી કરબદ્ધ કરી કરે પ્રાર્થના તેમ. ૭
સૂણી વચન શ્રીઅલખનાં શિષ્ય નિરંજન ત્યાંય,
ઝબકી જાગી બોલિયો ''થોભો શ્રીગુરુરાય ! ૮
આપે હમણાં જે કહ્યું, પોર ગામની માંહ્ય;
બળિયા બાપા જાગતા રહ્યા બિરાજી જ્યાંય. ૯
કોણ બળિયાદેવ એ? 'બળિયા' એવું નામ
શાથી પડ્યું ? ને શી રીતે આવી ગયા આ ઠામ ? ૧૦
શો એનો ઇતિહાસ છે ? શી છે એની વાત ?
કથા કહો બળિયાતણી સમર્થ છો ગુરુનાથ ! '' ૧૧
સૂણી પ્રશ્ન નિજ શિષ્યનો અલખ થયા પ્રસન્ન,
'ધન્ય પ્રશ્ન છે તાહરો' સૂણ કથા પાવન : ૧૨
ગાથા આ બલિદાનની ગુરુભક્તિની જાણ,
સૂણતાં શ્રદ્ધા દૃઢ થશે, જાશે દુઃખ સુજાણ. ૧૩
મહાભારતમાં વળી સ્કંદપુરાણે જાણ,
વ્યાસ મહર્ષિએ ગૂંથી કથા અમર આ માન. ૧૪
તે જ કથા કહું છું તને ટૂંકમાં આપું સાર,
વર્ણન કરવા જાઉં તો થાય ગ્રંથ-વિસ્તાર. ૧૫
અમરાપુરીમાં એક દિ' આનંદોત્સવ થાય,
વસંતોત્સવ ને વળી વિજયોત્સવ ઉજવાય. ૧૬
સુર કિન્નર ગંધર્વ ને ઋષિ-મુનિઓ પણ તેમ,
આ ઉત્સવને માણવા અમરાપુરીમાં એમ ૧૭
આવી ગયા છે ને વળી ગરુડે થઈ અસવાર
વિષ્ણુજી વૈકુંઠથી આવી ગયા આ વાર. ૧૮
બ્રહ્માજી હંસે ચઢી આવી ગયા છે ત્યાંય,
સદાશિવ કૈલાસથી ધન્ય ! પધાર્યા આંહ્ય. ૧૯
રત્નજડિત સ્તંભોતણા સુંદર મંડપ માંહ્ય,
દેવસભાની મધ્યમાં બેઠા શચિ-પતિ ત્યાંય. ૨૦
સુવર્ણના સિંહાસનો ચળકે સૂર્ય સમાન,
બંદીજનો દેવેન્દ્રનાં ગાઈ રહ્યા છે ગાન. ૨૧
અપ્સરાઓ ઈન્દ્રની કરતી નૃત્ય અભંગ,
ગાન-તાન ને નૃત્યનો જામ્યો માદક રંગ. ૨૨
રંભા મેનકા ઉર્વશી કરી નિજ અંગ ત્રિભંગ,
નયનકટાક્ષે મન હરી, જગાડે સુપ્ત અનંગ. ૨૩
ગાન-તાલ ને વાદ્યના ઠેકા સાથે એમ,
મધુર હાસ્ય મુખપર ધરી, સીંચે સૌમાં પ્રેમ. ૨૪
કોકિલકંઠી ગાયિકા ગાવા લાગી ગીત,
સૂણતાં બ્રહ્માજીતણું અહા ! હરાયું ચિત્ત! ૨૫
વિહ્‌વળ હૃદયે ના રહે તન કે મનનું ભાન,
નિજ પ્રિય વિણ અન્ય ના દેખાયે હા આન. ૨૬
વિહ્‌વળ વિરંચી એકદમ ઊભા થઈને એમ,
તાલી પાડી વાહ વાહ નવાજતા કહી તેમ. ૨૭
દેવસભામાં જોઈને આવું વિધિ-વર્તન,
સૂર્યવર્ચા નામનો યક્ષ એક નિરંજન ! ૨૮
ખડખડાટ હસી પડયો, સાથે વદતો વચનઃ
''અહો ! લુબ્ધ થયા જો તિહાં સ્વયં શ્રીચતુરાનન ! ૨૯
ખરે વાસના આખરે, છે એવી અતિ પ્રબલ !
પિતામહ બ્રહ્માજીનું ચિત્ત કરે ચંચલ !'' ૩૦
એમ વદી ઉચ્ચ સ્વરે હસી રહ્યો ખડખડાટ,
આખી દેવસભામહીં છાઈ ગયો સન્નાટ ! ૩૧
ભાન ભૂલ્યા બ્રહ્માજી ત્યાં થોભ્યા ક્ષણ બે ક્ષણ,
પછી કહ્યું એ યક્ષને કરતાં લાલ લોચનઃ ૩૨

‘‘અરે ! દુષ્ટ! દેવેન્દ્રની ભરી સભામાં આમ,
હાંસી મારી ઉડાવી તે કર્યું ભલું ના કામ. ૩૩
દેવોના આ ધામમાં કરી મનુજ શી વાત,
અરે ! દુષ્ટ ! તેં તાહરા કર્યો છે પગ પર ઘાત. ૩૪
હું પિતામહ વૃદ્ધ છું વડીલ સર્વનો જાણ,
ભરી સભામાં વૃદ્ધનું કર્યું આજ અપમાન ! ૩૫
યૌવન ને સૌંદર્યના મદથી ધરી ગુમાન,
હાંસી કરી મુજ વૃદ્ધની, કેમ સહું અપમાન ? ૩૬
અજર અમર દેવોતણી દિવ્ય સભામાં આજ,
માનવ જેવી મશ્કરી કરી અરે ! ખલરાજ ! ૩૭
મારો માટે શાપ છે, જા તું પૃથ્વી પર,
ભોગવવા દુઃખ દુન્યવી માનવ થઈને પડ. ૩૮
જરા મરણ ને રોગનાં, રાગ-દ્વેષનાં તેમ;
વિરહ-મિલનનાં દુઃખડાં ભોગવ સઘળાં તેમ.’’ ૩૯
સૂણી શાપ બ્રહ્માતણો, યક્ષરાજ પસ્તાય;
‘અરે ! હાય ! મેં શું કર્યું ?’ થર થર કંપે કાય. ૪૦
વદનતેજ ફિકકું થયું નયને જલ ઉભરાય,
મ્લાન વદને બ્રહ્મપદે ફરી ફરી લાગે પાય. ૪૧
નિજ અશ્રુથી વિધિતણા યક્ષ પખાળે પાય,
નમ્ર સ્વરે પ્રાર્થી રહ્યો બ્રહ્માને એ ત્યાંય : ૪૨
‘‘ ક્ષમા કરો અપરાધ હે ! જગકર્તા દેવેશ !
હું અજ્ઞાની આપને સમજ્યો ના લવલેશ. ૪૩
યૌવન ને સૌંદર્યના મદથી થઈ ઉન્મત,
છકી ગએલો છાકટો, કરતો છોકરમત. ૪૪
દયા કરીને દેવ હે ! ક્ષમા કરો અપરાધ,
મા તરછોડો દાસને દયા કરો હે સાધ ! ૪૫
બ્રહ્માજીને યક્ષરાજ ફરી ફરી લાગે પાય,
પશ્ચાત્તાપે આંખમાં આંસુડાં ઉભરાય. ૪૬
સૂણી પ્રાર્થના યક્ષની ભીંજતા ચતુરાનન,
બોલ્યાઃ ‘‘સાંભળ, જાય ના વ્યર્થ મારું વચન. ૪૭
છતાંય મારા શાપમાં કરું એક ફેરફાર,
પાંડવકુળમાં જા થશે જન્મ ઉચ્ચ નિર્ધાર. ૪૮
મનુષ્યજન્મે સફલતા છે ‘સેવા’ની માંહ્ય,
સેવા પ્રાણીમાત્રની કરવાથી તુજ કાય ૪૯
સફળ થશે ને તાહરું સેવાનું એ કામ
યુગોના યુગો સુધી અમર રાખશે નામ. ૫૦
ભલે માનવ જાતિમાં થાશે તારો જન્મ,
કિન્તુ પ્રાણીમાત્રનું સેવાનું તુજ કર્મ ૫૧
દેવ તુજને બનાવશે જા કલિયુગમાં આમ,
દેવ બની પૂજાઈશ તું સઘળે ઠામે ઠામ. ૫૨
જન્મે માનવ ભલે રહ્યો કર્મે દેવ બનીશ,
યુગોના યુગો સુધી જગમાં તું પૂજાયીશ, ૫૩
શાપ સૂર્યવર્ચાતણો કરી નિવારણ આમ,
બ્રહ્મા હૃદયે હૃષ્ટ થઈ, ગયા પછી નિજ ધામ. ૫૪
મૃત્યુલોકમાં તે સમે ભારતવર્ષની માંહ્ય,
પાંડવ કૌરવ બે હતા ચંદ્રવંશના રાય. ૫૫
બન્ને નૃપ જૂગટું રમ્યા પાંડવ હાર્યા હાય !
શરત પ્રમાણે પાંડવો ઘોર અરણ્યે જાય. ૫૬
ફરતાં ફરતાં પાંડવો પશ્ચિમ દિશામાં જાય,
એમ કરતાં આવિયા હિંડબ વનની માંહ્ય. ૫૭
આ વનમાં રહેતો હતો હિંડબ નામે એક,
રાક્ષસ માયાવી અને ક્રૂર ઘાતકી છેક. ૫૮
હિડંબતણી બહેન હતી નામે હિડંબા જાણ,
લગ્નયોગ્ય થઈ હતી શક્તિશાળી મહાન. ૫૯
આ હિડંબા એક દિ’ ઝાડની ડાળે એમ,
હિંચકો બાંધી ઝૂલતી યૌવનમદમાં તેમ. ૬૦
તે સમે પાંડુરાયનો છૈયો ભીમકુમાર,
કાષ્ઠ લેવા નીકળ્યો, લઈને હાથ કુઠાર. ૬૧
રુષ્ટ-પુષ્ટ શરીર ને યૌવન સહજ સ્વરૂપ,
શૌર્ય જાણે કેસરી શોભે રૂપ અનૂપ. ૬૨
અંગ-અંગથી એહના નિતરે શક્તિસ્રોત,
વિશાળ બાહુ નયનથી નીકળે અગ્નિજ્યોત. ૬૩
જોઈ એને દૂરથી રાક્ષસકન્યા એહ,
મુગ્ધ થઈને તત્ક્ષણે જાગ્યો હૈયે સ્નેહ. ૬૪
શાન કરી કુમારને બોલાવ્યો નિજ પાસ,
નિકટ આવતાં પરસ્પર કરવા લાગ્યા હાસ્ય. ૬૫
હાસ્ય કરતાં બંને જિહાં ફૂટયાં પ્રેમાંકુર,
પરિણામે પરણી ગયાં થઈ મદનમજબૂર ! ૬૬
કંઈક દિન સાથે રહ્યાં, સફળ થયો સંસાર;
હિડંબાના ઉદરમહીં રહ્યો ગર્ભ તે વાર. ૬૭
ભીમસેન ચાલ્યા ગયા આપી ત્યાં નિજ વચન,
‘‘પૂરો થાતાં વનવાસ ત્યાં થાશે જરૂર મિલન !’’ ૬૮

હિડંબાએ તે પછી પ્રસવ્યો એક કુમાર,
તેજસ્વી, મેધાવી ને શક્તિનો ભંડાર. ૬૯

માથા પર એ બાળના હતા નહિ બહુ વાળ,
તેથી એનું 'ઘટોત્કચ' રાખ્યું નામ તત્કાળ. ૭૦

ઘટોત્કચે મોટા થતાં કરી તપસ્યા કઠણ,
માયાવી બહુ શક્તિઓ પ્રાપ્ત કરી અગણ્ય. ૭૧

મહામાયાવી અને મહામેધાવી આમ,
બનીને જો ઘટોત્કચે કર્યું અમર નિજ નામ. ૭૨

સુણ નિરંજન ત્યાં પછી બન્યું શું તે વાર,
મૂરસુતા મેધાવી જે શક્તિશાળી નાર. ૭૩

કામાખ્યા માતાતણી કરતી સાધના એહ,
પામીને વરદાન ત્યાં કર્યો વજ્રસમ દેહ. ૭૪

તેથી 'કામકટોકટી' એવું એનું નામ
વિશ્વે ખ્યાતિ પામિયું રહે સ્વયં નિજ ધામ. ૭૫

એણે પણ લીધું હતુંઃ ''જે કોઇ ઉત્તમ નર,
રણમાં મને હરાવશે કરી મને નિરુત્તર. ૭૬

દઈને મુજ પ્રશ્નોતણા સાચા સૌ ઉત્તર,
પરણીશ તેની સાથ હું માંડીશ તેનું ઘર. ૭૭

મેધાવી ઘટોત્કચે કામકટાની પાસ,
જઈને તેના પ્રશ્નના ઉત્તર દઈને ખાસ, ૭૮

યુદ્ધે તેને હરાવીને લગ્ન કરી તે સાથ;
નિજ ધામે લઈ આવીયો જ્યાં છે હિડંબા માત. ૭૯

પુત્રવધૂને જોઈને મા હરખ્યાં અપાર,
ઘટોત્કચે શરુ કીધો નૂતન નિજ સંસાર. ૮૦

સૂર્ય-વર્ચા યક્ષનો અંશ વરેણ્ય જેહ,
કામકટંકટાતણા ઉદરે ઉતર્યો તેહ. ૮૧

બંધાયો તે ગર્ભને પૂરા થતાં નવ માસ,
ધન્ય દિન આનંદ ત્યાં ફેલાયો ચોપાસ. ૮૨

શુભ નક્ષત્રો શુભ ઘડી, ધન્ય દિવસ ને વાર
કામકટં-કટા અહા ! પ્રસવે દિવ્ય કુમાર. ૮૩

વાગે વાજાં ગગનમાં દુદુંભિ ગાજે ઘોર,
પુષ્પવૃષ્ટિ દેવો કરે, ધન્ય-ધન્ય કરી શોર. ૮૪

સુંદર અંગ ઉપાંગથી સુલક્ષણો એ બાળ,
તેજસ્વી એ ભાળને માથે વાળ-જટાળ. ૮૫

સુંદર કાળા વાળથી દીસે સ્વરૂપવાન,
તેથી રાખ્યું બાળનું 'બર્બરિક' અભિધાન, ૮૬

દિવસો વીતતા જાય ને બર્બરિક મોટા થાય,
અસ્ત્ર-શસ્ત્ર વિદ્યા ભણ્યા, ભણ્યા ચોસઠ કળાય. ૮૭

શૌર્યવંત દૃઢ નિશ્ચયી સુદૃઢ જેનો વાન
શીલવંત ને સદ્‌ગુણી એવો વળી બળવાન. ૮૮

વન્ય પશુ બળવાન જે વ્યાઘ્રગજ-સિંહાદિક
તેને પણ નિજ શક્તિથી વશ કરે બર્બરિક. ૮૯

અતુલ બળ જોઈ એહનું થઈને મન પ્રસન્ન,
'બળિયા' નામે એહને બોલાવતા સહુ જન. ૯૦

નબળાની પડખે રહે, ના સાંખે અન્યાય;
જેનું કોઈ ના હોય હા ! તેનો બેલી થાય. ૯૧

દુઃખીયાં જોઈ દ્રવી જતું, હૈયું એનું આમ;
ઋષિઓએ રાખ્યું તિહાં 'સુહૃદય' તેથી નામ. ૯૨

સ્વભાવ એનો એહવો હાથ લીધેલું કામ,
પૂર્ણ કર્યા વિણ ના કદી કરતો એ વિશ્રામ. ૯૩

યોગીને પણ અગમ્ય જે સેવા ધર્મ મહાન,
પાળી સેવા સર્વની કરતો એ બળવાન. ૯૪

બર્બરિક નિજ અંતરે કરે નિત્ય વિચાર,
''સાચા સદ્‌ગુરુ જો મળે સફળ બને સંસાર.'' ૯૫

સાચા સદ્‌ગુરુ શોધવા ભટકે રાનોરાન,
ખાનપાન ભૂલી ગયો ગમે ન કાંઈ આન. ૯૬

એક વખત પશ્ચિમતણા જંગલમાં એ વીર,
ફરતો'તો ગુરુશોધમાં રાખી મન અધીર. ૯૭

તે સમે શ્રીકૃષ્ણજી સ્વયં દ્વારકાધીશ,
રથે બિરાજી જતા હતા, હસ્તિનાપુર દિશ. ૯૮

ધૂમ-ધૂમ-ધૂમ ધૂઘરીતણાં મધુર નાદથી એમ,
વન આખું ટહુકી રહ્યું, મત્ત મોરલા જેમ. ૯૯

આનંદે આશ્ચર્યથી બર્બરિક પલભર,
સૂણી રહ્યો એ નાદને માણી રહ્યો મનભર. ૧૦૦

દીઠો ત્યાં તો આવતો દિવ્ય રથ અનુપમ,
સાથે દીઠો બિરાજતો તેમાં નર ઉત્તમ. ૧૦૧

દિવ્ય તેજ મુખપર લસે, કંઠે મૌકિતક હાર;
દિવ્ય તનુથી ફૂટી રહી, દિવ્ય તેજની ધાર. ૧૦૨

દિવ્ય કિરીટ પર શોભતું મોરપિચ્છ અનુપ,
વન આખું શોભી રહ્યું, એવું ધન્ય સ્વરૂપ ! ૧૦૩

થાતાં દર્શન કૃષ્ણનું થયો બળિયો મુગ્ધ,
ભૂલી ભાન તનમનતણું, થયો દર્શનલુબ્ધ. ૧૦૪

જેનાં દર્શનમાત્રથી તન મન ભાન ભૂલાય,
થાયે નિર્મૂળ વાસના પાપ-તાપ સહુ જાય; ૧૦૫
થાયે ચિતડું શાન્ત ને દિવ્યાનંદ લહેરાય,
અલખ કહે એ પુરુષને પુરુષોત્તમ કહેવાય. ૧૦૬
દર્શન થાતાં કૃષ્ણનાં બળિયાઉરની માંહ્ય,
અવર્ણનીય અકથ્ય કો આનંદ હા ! ઉભરાય. ૧૦૭
ઉભરાતો આનંદ એ ભાવો ભીંજવી જાય,
ભીંજાએલા ભાવથી નયનદ્વાર છલકાય. ૧૦૮
જઈ પાસે વંદન કર્યાં, કર્યાં નયનને તુષ્ટ,
જોતાં એને કૃષ્ણજી, થયા હૃદયમાં હૃષ્ટ. ૧૦૯
સુદૃઢ કોમલ શરીર ને તેજ નિતરતાં નયન,
જોતાં બર્બરિકને અહા ! થાય કૃષ્ણ પ્રસન્ન. ૧૧૦
ભેટયા બન્ને ભાવથી બોલ્યા કંઈક વચન,
શ્રીકૃષ્ણે જાણી લીધું, આ છે ભીમનો તન. ૧૧૧
શરીરસૌષ્ઠવ ને વળી જોઈ શક્તિભંડાર,
શ્રીકૃષ્ણે બસ તે સમે કર્યો મનમાં વિચારઃ ૧૧૨
''આની શકિતને અહા ! કરવા જગકલ્યાણ,
વાપરીએ તો વિશ્વમાં થાયે કાર્ય મહાન.'' ૧૧૩
ત્યાં તો બર્બરિક બોલિયા ''સાંભળો હે વાસુદેવ !
મેં તો તમને આજથી માન્યા મુજ ગુરુદેવ. ૧૧૪
મમ હૃદયસિંહાસને સ્થાપી તારી મૂર્ત,
દ્યો હવે ઉપદેશ કંઈ મુજને હે ગુરુ ! તુર્ત. ૧૧૫
જેથી બુદ્ધિશકિત મુજ ચિત્તહૃદય ને કાય,
કલ્યાણાર્થે સર્વના હંમેશા વપરાય. ૧૧૬
સેવક બની હું સર્વનો જનસેવામાં આમ.
મારું જે કંઈ હોય તે ત્યાગી દઉં તમામ.'' ૧૧૭
બર્બરિકવચન એ સૂણી થયા કૃષ્ણ પ્રસન્ન,
''ધન્ય ધન્ય તુજ ભાવના હે ઘટોત્કચના તન! ૧૧૮
સેવા કરવા કાજ પણ જોઈએ લાયકાત,
સમજણ વિના સેવા કરે થાય સેવ્યનો ઘાત. ૧૧૯
માટે કર આરાધના નવદુર્ગાની વીર !
મા જગદંબા રીઝતાં જાશે તારી પીર. ૧૨૦
જા મારી આશિષ તને, સફળ થશે તુજ કામ,
મા દુર્ગાના શરણમાં મળશે સ્થાન અવિરામ.'' ૧૨૧
એમ વદી યોગેશ્વરે મસ્તક મૂકી હાથ,
આશિષ અરપી બોલિયા 'મારો તુજને સાથ.' ૧૨૨
બર્બરિકનયનો થકી વહેતી જલની ધાર,
શ્રીકૃષ્ણે રથ પર ચઢી, આગળ કર્યો સંચાર. ૧૨૩
દૂર દૂર અદૃશ્ય થતાં રથની પાછળ એમ,
અપલકનયને બર્બરિક જોઈ રહ્યો કંઈ તેમ. ૧૨૪
રથ અદૃશ્ય થતાં અહા ! જાગે ઝબકી જયાંય,
ગુરુવચનને વિચારતાં નિશ્ચય કરીને ત્યાંય. ૧૨૫
ગુર્વાજ્ઞા શિરપર ધરી જઈને વન ગહન,
તપ કરવા બેસી ગયો, કરવા માત પ્રસન્ન. ૧૨૬
અઘોર તપ જોઈ એહનું દુર્ગા થયાં પ્રસન્ન,
પ્રગટ થયા તત્સ્થલ અને બોલ્યાં સ્નેહવચન : ૧૨૭
'ધન્ય તપ છે તાહરું હે ! પાંડુકુલનંદન !
માગ માગ વરદાન તું તારા પર છું પ્રસન્ન.'' ૧૨૮
જોઈ ખડાં જગદંબને બર્બરિક હરખ્યો મન,
કર જોડી સ્તુતિ એ કરે, ફરી ફરી કરી નમનઃ ૧૨૯
''જય જગદંબા જય નમું, દૈન્યહારિણી માત !
જય દુર્ગા, વાગીશ્વરી જગજનની સાક્ષાત્. ૧૩૦
ઉત્પત્તિ, સ્થિતિ લય વળી સઘળું કરતી તું જ,
અણુમેરુમાં વ્યાપ્ત તું સગળે રહી સુખપૂંજ. ૧૩૧
જય મહિષાસુરમર્દિની ચંડ-મુંડઘાતક,
જય ચંડી જય અંબિકા જય જય શક્તિધારક.'' ૧૩૨
અષ્ટભુજા ધરે ધરી ભકતજનોનું હેત,
ષડ્થી હણતી ષડ્‌રિપુ બેથી આશિષ દેત. ૧૩૩
આવ્યો બાળક શરણમાં તારા દુર્ગા માત !
રાખી શરણે હા ! કરો મુજ પર શક્તિપાત.'' ૧૩૪
એમ સ્તુતિ-વંદન કરી જોડીને કરદ્વય
બોલે 'બળિયોઃ' માત હે ! દો શકિત અક્ષય. ૧૩૫
સેવા કરવા જગતની સમજણ શક્તિ એમ,
મુજને દેજો માવડી ! સૌનું કરવા ક્ષેમ. ૧૩૬
આર્દ્ર-હૃદય મા ! દો મને સેવા-વૃત્તિ અપાર,
કરી સેવા જગ-જનતણી સફલ કરું અવતાર. ૧૩૭
દુઃખિયાનાં દુઃખ દૂર કરું આપું સૌને સુખ;
એવો વર દે માવડી ! રાખી પ્રસન્ન મુખ. ૧૩૮
વિશ્વ સકળની મુજ થકી યુગ યુગ સેવા થાય,
તે માટે ઓ માવડી ! અમર કરો મુજ કાય. ૧૩૯
સૂણી જનકલ્યાણનાં બર્બરિકનાં વચન,
પ્રસન્નવદને મા વદેઃ ધન્ય બર્બરિક ધન ! ૧૪૦

ભવિષ્યમાં કળિયુગ વિષે લોક ભોગવી ભોગ,
ભોગતણાં અતિરેકથી અપાર વધશે રોગ; ૧૪૧
રોગ થકી શીતલાતણા ખુવાર થાશે લોક,
ઔષધ કેવળ તુજ કૃપા, હરશે સૌના શોક. ૧૪૨
તેથી મસ્તક આજથી અમર કરું તુજ એમ
થાતાં કરુણા વીર ! તવ થાશે સૌનું ક્ષેમ.'' ૧૪૩
આપીને વરદાન મા, થાતાં અંતર્ધાન,
બર્બરિક આનંદથી આવ્યો જો નિજ ધામ. ૧૪૪
આ ગમ તે સમયે બજી કુરુક્ષેત્રની માંહ્ય,
મહાભારતના યુદ્ધની ભારી ભૂંગળ ત્યાંય. ૧૪૫
કૌરવપાંડવ ભાઈઓ સામા-સામી આમ,
કુરુક્ષેત્રે જો ઊભા લઢવાને બેફામ. ૧૪૬
ઘટોત્કચ ગયા હતા કુરુક્ષેત્રની માંહ્ય,
કાકાઓ ને તાતને કરવા યુદ્ધે સહાય. ૧૪૭
રણશિંગા ફૂંકાય ત્યાં વીરથી ના રહેવાય,
બર્બરિક પણ યુદ્ધમાં જાવા ઉત્સુક થાય. ૧૪૮
માતા ચરણે નમી બોલ્યા વિનયે વચનઃ
''માતા ! મારે યુદ્ધમાં જાવાનું છે મન. ૧૪૯
આજ્ઞા આશિષ દો મને જઈને યુદ્ધે એમ,
કરું પરાક્રમ કારમુ હણુ શત્રુને તેમ. ૧૫૦
લઢવું કોના પક્ષમાં કોને કરવી સહાય ?
કૌરવ કે પાંડવતણી નથી પિછાન જરાય.'' ૧૫૧
'મા' મન વિચારતી પાંડવ કેરી પાસ
સૈન્ય નથી વિશાળ ને સાધન પણ નહિ ખાસ. ૧૫૨
પાંડવ માટે હારશે, જીતશે કૌરવ ક્રૂર,
કારણ એમની પાસ છે મોટું સૈન્ય પ્રચુર. ૧૫૩
મનમાં વિચારી એ પછી બોલ્યાં પ્રેમે માતઃ
''સાંભળ મારા દીકરા સ્પષ્ટ કહું એક વાત. ૧૫૪
કુરુક્ષેત્રમાં યુદ્ધમાં હારે જે કોઈ પક્ષ,
તેના પક્ષે શૌર્યથી લઢજે દીકરા ! દક્ષ ! ૧૫૫
બર્બરિકને બહુ ગમ્યાં 'મા'નાં આવાં વચન,
કારણ એના દિલમહીં હતી એ જ લગન. ૧૫૬
નબળાના પક્ષે રહી કરવી એને મદદ,
પડતાને ટેકો દઈ ઊભો કરું ! અદબદ. ૧૫૭
સજ્જ થયો શસ્ત્રે અને બાણો લીધાં ત્રણ,
'મા' ચરણે વંદન કરી નીકળ્યો એ તત્ક્ષણ. ૧૫૮
વેગે આવ્યો યુદ્ધની ભૂમિ ઉપર એહ,
શ્રીકૃષ્ણે જોયો અને થયો મને સંદેહ. ૧૫૯
'આ તો મારો શિષ્ય હા ! બર્બરિક અભિધાન,
મા દુર્ગાને રીઝવી પામ્યો છે વરદાન. ૧૬૦
લાવ જરા ચકાસીને કરી લઉં તપાસ,
કોના પક્ષે વીર એ લઢવાનો છે ખાસ !' ૧૬૧
એમ વિચારી કૃષ્ણજી આવ્યા એની પાસ,
બળિયો જોતાં દોડતો કરે મંદ મુખહાસ ! ૧૬૨
''ધન્ય દિવસ આ માહરો થયાં સદ્‌ગુરુદર્શન''
એમ કહી શ્રીકૃષ્ણનાં પકડી લીધાં ચરણ. ૧૬૩
અહોભાવથી આંખમાં આવી અશ્રુધાર,
ધન્ય ! સદ્‌ગુરુ આપના થયા આજ દીદાર. ૧૬૪
ભક્તિ-ભાવથી એહના થયા કૃષ્ણ પ્રસન્ન,
છાતી સરસો ચાંપીને બોલ્યા મધુરાં વચનઃ ૧૬૫
'વત્સ ! કોના પક્ષમાં લઢવા આવ્યો આંહ્ય ?
કૌરવ-પાંડવ બેવમાં કોને દઈશ તું બાંહ્ય'' ? ૧૬૬
''પ્રભુ ! મારી માતથી થયો છું વચનબદ્ધ;
હારે જે કો પક્ષને રક્ષિશ હું સંનદ્ધ ! ૧૬૭
બેલી હાર્યાના થવું એ તો મારું કર્મ,
આપે જે શીખવ્યું હતું કેમ ચૂકું હું ધર્મ ?'' ૧૬૮
કૃષ્ણે મન વિચારિયું ''હારશે કૌરવ ખચિત,
બળિયો જો એ'પા જશે થાશે તો વિપરીત !'' ૧૬૯
નખ-શિખ એને નીરખતાં બોલ્યા સારંગપાણઃ
''તું આવ્યો લઢવા અરે ! લઈને ત્રણ જ બાણ ? ૧૭૦
આવા મોટા યુદ્ધમાં ફક્ત ત્રણ જ બાણ
લઈને કેવી રીતે તું લઢીશ ? વીર ! મહાન !'' ૧૭૧
સૂણી વચન શ્રીકૃષ્ણનાં ખૂબ હસ્યો બર્બરિક,
અરે ! સદ્‌ગુરુ ! આપની કૃપાથી શું અધિક ? ૧૭૨
બે તો મારે અધિક છે બસ છે એક જ બાણ,
એકજ બાણથી સર્વનો કાઢું કચ્ચરઘાણ. ૧૭૩
કહી એવું બર્બરિકે બાણો બે તત્કાળ,
ભાંગીને ફેંકી દીધાં ક્ષણે ન લાગી વાર. ૧૭૪
આશ્ચર્ય-આનંદ થકી પૂછે કૃષ્ણ તે વારઃ
'એક બાણથી શી રીતે લઢીશ રણ મોઝાર ?' ૧૭૫
બળિયો કહે :''મુજ મંત્રની શક્તિથી આ બાણ,
પ્રથમ જઈને એહના કરે મૃત્યુની જાણ. ૧૭૬

કોનું મૃત્યુ ? કયા સ્થળે ? જાણી લઈ એકવાર,
પછી ઘા કરે ત્યાં અહા ! થઈને લાખ-હજાર ! ૧૭૭
આમ એક જ બાણથી કરું સર્વનો નાશ,
શું છે અશકય જેહને ગુરુપદપર વિશ્વાસ ?'' ૧૭૮
કહે કૃષ્ણ હે વત્સ ! તું તારું બાણ ચલાવ !
કયાં છે મૃત્યુ માહરું તે મુજને બતલાવ. ૧૭૯
આજ્ઞા શ્રીસદ્‌ગુરુતણી ધરીને શિરપર માન્ય !
સમરી સદ્‌ગુરુ બર્બરિક ફેંકે બાણ વદાન્ય ! ૧૮૦
સર સર કરતું બાણ એ ગયું કૃષ્ણની પાસ,
જમણા પગના અંગૂઠે સ્પર્શ કરીને ખાસ ૧૮૧
બળિયાની પાસે ગયું લાગી જરા ન વાર,
શ્રીકૃષ્ણ આ જોઈને કરી રહ્યા વિચાર. ૧૮૨
'આ બળિયો જો જીવશે ને જોશે હારતા એમ !
કૌરવોને તો પછી કૌરવપક્ષે તેમ ! ૧૮૩
જાશે ને પાંડવતણો કરશે કચ્ચરઘાણ,
માટે કંઈ યુક્તિ કરી લેઉં એના પ્રાણ.'' ૧૮૪
એમ વિચારી કૃષ્ણજી બોલ્યા મધુરાં વચનઃ
''ધન્ય ધન્ય બળિયા તને તુજ શક્તિને ધન્ય.'' ૧૮૫
''અરે ! પ્રભુ ! શેના મને આપો છો ધનવાદ ?
આ તો સદ્‌ગુરુ ! આપની કૃપાતણો પ્રસાદ ! ૧૮૬
જે કંઈ મુજમાં છે પ્રભુ ! જે તે તારું નાથ !
તન-મન-ધન તુજ ચરણમાં અર્પણ હે ગુરુનાથ !'' ૧૮૭
એમ કહી શ્રીકૃષ્ણના ચરણે મૂકી શિષ,
વિનવે ગુરુજી દો મને અંતરના આશિષ. ૧૮૮
શ્રીકૃષ્ણે વિચારિયું: ''કરવા જગકલ્યાણ
આનું શિર છેદું અને દઉં વિશ્વને લહાણ.'' ૧૮૯
એમ વિચારી શ્રીપ્રભુ બોલ્યા બળિયા વીર !
માગું ગુરુ તુજ પાસ હું સુણજે રાખી ધીર. ૧૯૦
''માગો ! પ્રભુ ! શું જોઈએ ? મુજ તન-મન ને પ્રાણ,
સદ્‌ગુરુનાં ચરણોમહીં કરી દઉં કુરબાન. ૧૯૧
મારા જીવનની અહા ! ધન્ય ઘડી છે આજ,
મુજ પાસે માગે જુઓ મારા સદ્‌ગુરુરાજ ! ૧૯૨
કહો પ્રભુ ! શું જોઈએ ?'' કૃષ્ણ કહે ''તુજ શિશ !
આપી દેતાં શિષ મને અમર ગતિ પામીશ.'' ૧૯૩
''ભલે ! પ્રભુ ! પણ માહરી યુદ્ધ જોવાની એક
આશા અધૂરી રહી જશે પૂર્ણ થયા વિણ છેક.'' ૧૯૪
કૃષ્ણ કહે હે વત્સ ! તું જરાય ના મૂંઝાઈશ.
મસ્તક તારું અમર કરી અહીયાં તે રાખીશ. ૧૯૫
પેલી ટેકરી ટોચ પર સ્તંભ પરે મૂકીશ,
ત્યાંથી તું આ યુદ્ધને સરસ જોઈ શકીશ.'' ૧૯૬
બળિયો કહે ''પણ હે પ્રભુ ! વિના હાથ-પગ આમ
દુખિયાંની સેવાતણાં શી રીત કરીશ કામ ? ૧૯૭
પ્રભુ કહે 'તુજ શિર એકલું કરશે સેવા પ્રચુર,
દૃષ્ટિમાત્રે તું કરીશ દીનોનાં દુઃખ દૂર;'' ૧૯૮
એમ કહી કૃષ્ણે તિહાં નિજનું ચક્ર સુદર્શન
ફેંકી મસ્તક કાપિયું બળિયાનું તત્ક્ષણ. ૧૯૯
ટેકરી કેરી ટોચ પર મૂકયું રોપી સ્તંભ,
કુરુક્ષેત્રમાં તે પછી થયો યુદ્ધ આરંભ. ૨૦૦
જીત્યા પાંડવ યુદ્ધમાં હાર્યા કૌરવ ક્રૂર,
ધર્મધજા વિજયી થઈ, થાતો અધર્મ દૂર. ૨૦૧
યુદ્ધ પછી પાંડવ મહીં જાગ્યો એક વિવાદ,
કોની શક્તિથી અરે ! જીત્યા યુદ્ધ અગાધ ? ૨૦૨
અર્જુન કહે મુજ શૌર્યથી જીત્યા આપણે જંગ,
ભીમ કહે મુજ શક્તિએ રાખ્યો આપણો રંગ. ૨૦૩
યુધિષ્ઠર વદે ભાઈઓ મારી કુનેહથી આમ,
આપણે જીત્યા તમે વૃથા ફુલાવ છો શું કામ ? ૨૦૪
મંદ મંદ હસતાં પછી બોલ્યા નંદકિશોરઃ
'શાને વ્યર્થ વઢી મરો ? વ્યર્થ કરો કાં શોર ? ૨૦૫
ચાલો ટેકરી ટોચ પર જયાં બળિયાનું શિશ,
એણે નીરખ્યું યુદ્ધ આ અથ ઈતિ ચહુ દિશ. ૨૦૬
એને જઈને પૂછીએ સાચું કહેશે એહ,
ગર્વ તમારો ભાગશે નહિ રહે સંદેહ.' ૨૦૭
વાત સૂણી શ્રીકૃષ્ણની સર્વે થયા કબૂલ,
આવ્યું બળિયા પાસ સૌ પાંડવ કેરું કુળ. ૨૦૮
પૂછયું કૃષ્ણે તે પછી સાંભળ ! બળિયા વાતઃ
જીત્યું કોણે યુદ્ધ આ ? કર્યા શત્રુ મહાત ? ૨૦૯
કોની શક્તિથી કહે જીતાયું આ યુદ્ધ ?
તેં જોયું છે સર્વ એ તટસ્થ રહી પ્રબુદ્ધ ! ૨૧૦
ત્યાં તો સુહૃદય-શિષ એ કરીને મધુરું હાસ્ય
બોલ્યું જાણે ફૂલ ખર્યાં મુખદ્રુમથી ચોપાસ. ૨૧૧
''દાદા શ્રીભીમસેનની શક્તિથી ના એમ,
ના કાકા અર્જુનના શૌર્ય થકી કંઈ તેમ. ૨૧૨

વળી વડીલ દાદા અહા ! યુધિષ્ઠિરની કુનેહ
વ્યર્થ બધી જાણો તમે ના કરશો સંદેહ. ૨૧૩
કાકા શ્રીસહદેવ કે નકુલ ન જીત્યા જંગ,
સાચું મારું માનજો ના હું કરતો વ્યંગ ! ૨૧૪
મહાભારતનું યુદ્ધ આ જીતાડનારા એક
સર્વેશ્વર શ્રીકૃષ્ણ છે એ વિણ વ્યર્થ અનેક.'' ૨૧૫
યોગેશ્વર શ્રીકૃષ્ણની શક્તિથી સૌ આજ,
આવા મોટા યુદ્ધને જીત્યા પાંડવરાજ. ૨૧૬
શરમિંદા પાંડવ થયા સૂણી એની વાત,
વદ્યા વાસુદેવને જોડી બન્ને હાથ. ૨૧૭
શ્રીબળિયાને તે પછી પૂછે યાદવરાજઃ
''બોલ વત્સ ! તારી હવે શી છે ઈચ્છા આજ ?'' ૨૧૮
બળિયો કહે મુજ શિષને હિડંબ વનની માંહ્ય,
લઈ જાઓ તમે હવે મુજ માતા છે જયાંય. ૨૧૯
પાંડવસહ શ્રીકૃષ્ણજી થયા અતિ પ્રસન્ન,
શણગારી એક પાલખી મૂકયું એમાં વદન. ૨૨૦
મહી-રેવાની મધ્યમાં ઢાઢર તીરે એમ,
સ્થાપ્યું મસ્તક મોદથી બર્બરિકનું તેમ. ૨૨૧
નિજ માતાના અંકમાં લીમડા નીચે એમ,
બેસીને બળિયો કરે સકળ વિશ્વનું ક્ષેમ. ૨૨૨
શ્રીકૃષ્ણે પ્રેમે કહ્યું સૂણ બળિયા એક વાત,
બ્રહ્માજી માનવતણા ઘડે અનેરા ઘાટ. ૨૨૩
શણગારવા એ ઘાટને નિશ્ચય તારું કામ,
તુજ બાધાથી રોગીના ટળશે રોગ તમામ. ૨૨૪
ગામેગામની પાદરે લોકો ધારી નેમ,
લીમડા વા સમડા નીચે સ્થાપશે તુજને તેમ. ૨૨૫
દીન જનોનો દેવ તું, દીનનો સેવક તેમ,
'જનસેવાની તાહરી સફળ થશે એ નેમ.' ૨૨૬
ગામેગામના તું કરી બાળરોગનો નાશ,
આવે જે શ્રદ્ધા ધરી પૂરણ કરજે આશ. ૨૨૭
બળિયામાં બળવાન તું અધિક ન કો' બળવાન,
થાશે તુજથી વિશ્વમાં એ મારું વરદાન. ૨૨૮
કૃષ્ણ ગયા નિજ ધામમાં આપીને વરદાન,
યુગ યુગથી પૂજાય છે બર્બરિક બળવાન. ૨૨૯
કથા આ બલિદાનની, ગુરુભક્તિની તેમ,
ભાવે ભણશે સૂણશે, તેનું થાશે ક્ષેમ. ૨૩૦
એવા બળિયા દેવને કરી પ્રથમ પ્રણામ,
અવધૂતજી આ ગામમાં કરતા પછી મુકામ. ૨૩૧
અલખ કહે આગળ સૂણો અવધૂત લીલા અપાર,
નારેશ્વરમાં કરી રહ્યા, સ્વયં દત્ત અવતાર. ૨૩૨

અદ્‌ભુત લીલા રંગની લખાવનારો રંગ,
'બાલક' તો આશ્ચર્યથી થઈને બેઠો દંગ ! ૨૩૩

ઈતિ શ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક)રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે બર્બરિક(બળિયાદેવ) માહાત્મકથનં નામ પંચચત્વારિંશોઽધ્યાયઃ ।।૪૫।। દોહરા

## અધ્યાય : ૪૬

અલખ નિરંજનને કહે, સાંભળ શિષ્ય ! પ્રબુદ્ધ !
લીલા આ ગુરુદેવની, અંતર કરશે શુદ્ધ. ૧
શ્રોતાઓના કર્ણને, કે'નારાની વાણ,
પુનિત કરે ને ઉભયનું સદા કરે કલ્યાણ. ૨
ગાથા આ ગુરુદેવની, ભાંગે ભવભયભ્રમ,
ચંચલતા ચિત્તની હરી, રાખે મન અણનમ. ૩
એક સમે અવધૂતજી, ગયા ઓચ્છણ ગામ,
ભકતવત્સલે ત્રણ દિન, રાખ્યો ત્યાં મુકામ. ૪
તે સમે મેસરાળના, શંકરભાઈ બ્રહ્મભટ્ટ,
ઓચ્છણ આવી રંગના, ચરણે થઈને નત. ૫
વિનતી કીધીઃ હે ગુરો ! મારે ગામ મેસરાળ,
પધારીને પાવન કરો, મુજ ઘર-ગામ દયાળ. ૬
સુણી વિનતી એમની, અવધૂત થયા પ્રસન્ન,
પધારવા મેસરાળમાં, થયા બદ્ધ-વચન. ૭
ઓચ્છણથી મેસરાળમાં, આવ્યા અવધૂત રંગ,
ત્યાં તો આ મેસરાળમાં, બન્યો એક પ્રસંગ. ૮
સાચા સંતોને કદી, હોતાં નથી બંધન,
સરખા સર્વે જાણ તું ધર્મ એમને મન. ૯
એ તો એના જ્ઞાનની, મસ્તી કેરે ગગન,
મસ્ત બની મહાલી રહે, અવકાશી ઉડ્ડયન. ૧૦

દ્વૈતાદ્વૈતની પાર એ, ભેદભાવથી દૂર,
આત્મવત્ સૌને ગણી, મહાલે મોદપ્રચુર. ૧૧
અવધૂતજી બેઠા હતા, મેસરાળ ગામની માંહ્ય,
એક મુસ્લીમ બાઈને, ઊંચકી લાવ્યા ત્યાંય. ૧૨
તત્ત્વ મલિન એ બાઈના, તનમાં કરી પ્રવેશ,
પીડા અતિશય આપતું, ચસકે ના લવલેશ. ૧૩
આવીને આવેશમાં, કરે ખૂબ તોફાન,
દોડંદોડ કરી મૂકે, ભૂલી તનનું ભાન. ૧૪
તે દિવસે બાઈને, મલિન તત્ત્વનો એમ
આવ્યો'તો આવેશ ને, વર્તે ફાવે તેમ. ૧૫
કોઈ કહે અવધૂતજી, આવ્યા ગામની માંહ્ય,
ચાલો પકડી બાઈને, બતાવી દઈએ ત્યાંય. ૧૬
ભેગા થયા જુવાનિયા, ફરી વળ્યા ચોપાસ,
જ્યમ-ત્યમ પકડી બાઈને, લાવ્યા અવધૂત પાસ. ૧૭
દર્શન થાતાં દૂરથી, અવધૂતનાં તત્ક્ષણ,
શાંત થઈ એ બાઈ ને પહોળાં કરી નયન ૧૮
બાઘા સમ જોઈ રહી, ક્ષણ-બે ક્ષણ એ ત્યાંય,
ત્યાં તો પડી નિશ્ચેષ્ટ એ, મુડદા જેવી ભોંય. ૧૯
લોકો તો આશ્ચર્યથી, બાઘા થઈ તત્ક્ષણ,
ચિત્રવત્ જોઈ રહ્યા, પડી ન કંઈ સમજણ. ૨૦
ત્યાં તો બોલ્યો એક જણ, જોડી બન્ને હાથ,
દૂઆ દઈ આ બાઈને, સાજી કરો હે નાથ ! ૨૧
આ બાઈના શરીરમાં, ભૂત-પ્રેત કોઈ ખાસ,
પ્રવેશીને બાઈને, આપે છે બહુ ત્રાસ. ૨૨
નામ સાંભળી આપનું લઈ આવ્યા છે આજ,
તુજ પાસે આ ગરીબને, હે ગરીબનવાઝ ! ૨૩
સૂણી વાત અવધૂતજી ! મધુર હાસ્ય મુખ પર
લાવીને એ બાઈના, તન પર કરી નજર. ૨૪
પછી વદ્યા અવધૂતજી, મેઘગભીર વચન,
દૂર ખસો, ને હું કહું, સૂણો તે સહુ જન. ૨૫
હોય તમારા ગામમાં, કોઈ સાચો ને પાક
મુસલમાન તો તેહના, ઘરનું પાણી દ્રાક્ ૨૬
આવો લઈ પ્યાલો ભરી, મંત્રી દઉં આ વાર,
થાશે સાજી બાઈ આ, કરશો ના વિચાર. ૨૭
સૂણી વચન અવધૂતનાં, વ્યાપી ગયો સન્નાટ,
સર્વે મૂંગા થઈ ગયા, મન વિચારે વાત. ૨૮
કોણ હશે સાચો અહીં, વળી પાક મુસલમાન ?
પરસ્પર મુખ જોઈને, કરવા લાગ્યા સાન. ૨૯
અવધૂતજી સમજી ગયા, લોકોની મૂંઝવણ,
મંદ મંદ હસતાં પછી, બોલ્યા એ તત્ક્ષણ. ૩૦
ચાલો કંઈ વાંધો નહિ, કોઈ પણ મુસ્લિમભાઈ,
એના ઘરનું જલ તમે, લાવી દો અબ આંહી. ૩૧
દોડયો એક જુવાન ને, નજીક હતું ઘર એક,
મુસલમાન ત્યાં અહા ! વેગે પહોંચ્યો છેક. ૩૨
પ્યાલો પાણીનો ભરી, વેગે ચાલ્યો આમ,
અવધૂતજીના હસ્તમાં, મૂકયો એ જલ-જામ. ૩૩
આખા ગામનું લોક હા ! ભેળું થયું, તું અત્ર.
એકી સાથે વિસ્મતે, જોઈ રહ્યું'તું તત્ર. ૩૪
શું કરશે બાવો હવે ? કરતા મન વિચાર,
આંખો ફાડી અચરજે, જોઈ રહ્યા તે વાર. ૩૫
પ્યાલા પર અવધૂજીએ, રાખ્યો જમણો હાથ,
ડાબો કરી ઊંચો કરી, નયન મીંચી ગુરુનાથ ! ૩૬
મેઘ-ગર્જના સમ અહા ! કાઢી ઊંચો સ્વર,
સ્પષ્ટ શબ્દથી બોલિયા, અવધૂત યોગીવરઃ ૩૭
'ખૂદા તાલા ! હોય યદિ, તુજ નજરે અવધૂત,
સાચો પાક મુસલમાન, નિઃસંગી નિર્ધૂત. ૩૮
તો આ પ્યાલાનું અહા ! પાણી પાતાં તુર્ત,
સાજી થાએ બૂન આ, ભાગે સઘળાં ભૂત !'' ૩૯
એમ કહી એ બાઈને, પાણી પાયું જયાંય,
આંખ ઉઘાડી બાઈએ, તુર્ત બેઠી થાય. ૪૦
ઊભી થઈ ચાલી અને, નયન અશ્રુની ધાર,
અવધૂતજીનાં ચરણમાં, વંદી વારંવાર; ૪૧
હસતી હસતી ઘેર ઘઈ, ક્ષણે ન લાગી વાર,
લોકોએ પોકારીઓ, અવધૂતનો જયકાર. ૪૨
અવધૂતપદમાં લોક ત્યાં, વંદી કરે પુકાર,
મુડદાને જીવતું કર્યું, ધન્ય દત્ત અવતાર. ૪૩
વાત બધે ફેલાઈ ને, વર્ત્યો જય જયકાર,
નાત-જાતના ભેદ ના, અવધૂત પાસ લગાર. ૪૪
ડભોઈ પાસે ગામ છે, ભીલોડિયા છે નામ,
નાનકડું, ઠાકોરની, જાગીરીનું ગામ. ૪૫
ત્યાંનો એક ગરાસિયો, દાજી એનું નામ,
ખેતી કરતો ખંતથી, લેતો હરિનું નામ. ૪૬

પરિશ્રમી મિતભાષી ને, મહેનતકશ શરીર,
પરસેવાનો રોટલો, રળતો ધારી ધીર. ૪૭
પ્રામાણિક ભોળો અને, દિલનો ચોખ્ખો ચટ,
તેથી એને ગામલોક, કહેતા દાજી ભગત. ૪૮
પૂર્વજન્મના યોગથી, કોણ જાણે કેમ ?
આ ભગતની ડાગળી, છટકી ગઈ કંઈ એમ. ૪૯
વ્યાપ્યો ઉન્મત્ત રોગ ને, બોલે ફાવે તેમ,
દોડં દોડ કરી મૂકે, ચીસો પાડી એમ. ૫૦
ઘરવખરી ચીજો બધી, ફેંકે ઘરની બહાર,
ફેંકે પથરા લોક પર, મારે કોઈને માર. ૫૧
કોઈનાં માથાં ફોડિયાં, કોઈનાં તોડયાં ભાંડ,
ચક્કર-વક્કર ફેરવે, ડોળા રૌદ્ર-પ્રકાંડ. ૫૨
એ જો નીકળે ગામમાં, ગામની ચારે કોર,
દોડં દોડ કરી મૂકે, લોકો કરતા શોર. ૫૩
ગામલોક ત્રાસી ગયા, ત્રાસ્યાં ઘરનાં જન,
તેથી કંઈ જુવાનિયા, ભેગા થઈ એક દન. ૫૪
ભગતને પકડી લીધા, જોર કરી બહુ પેર,
જકડી-બાંધી, દોરડે, લઈ ગયા નિજ ઘેર. ૫૫
લોખંડની બેબેડીઓ, પરોવી પગની માંહ્ય,
પૂરી દીધા ઓરડે, ખાલી જોઈને ત્યાંય. ૫૬
શાંત તો પણ થાય ના, ખૂબ કરે તોફાન,
શિર પછાડે ભીંતથી, કરી મૂકે બૂમરાણ. ૫૭
એટલે ઘરના થાંભલે, લઈને મજબૂત દોર,
જકડી બાંધ્યા જોરથી, ચસકે ના કહીં ઓર. ૫૮
ઘરના સૌ ચિંતા કરે, કેવું કરીશું હાય !
શો કરીએ ઉપાય કે, આનું ગાંડપણ જાય. ૫૯
ધાગા-દોરા કંઈ કર્યા, ભૂવા ધૂણાવ્યા કંઈક,
બાધા-આખડીઓ કરી, પેર પડયો ના જરીક. ૬૦
તેથી સર્વે થાકિયા, બેઠા થઈ નિરાશ,
સંબંધી કોક આવતાં, ફેંકે કંઈક પ્રકાશ. ૬૧
અરે કેમ બેસી રહ્યા ? નારેશ્વરની માંહ્ય,
છે અજબ અવધૂત એ, ગરીબ કેરી બાંહ્ય. ૬૨
એણે કાઢયાં કંઈકનાં, જંદ, પ્રેત ને ભૂત,
કંઈ પાગલ ડાહ્યા કર્યા, કંઈકના કાઢ્યાં તૂત. ૬૩
માટે લઈ લો ભગતને, આજે નારેશ્વર,
જાશે એનું ગાંડપણ ભલે રહ્યું દુષ્કર. ૬૪

ત્યાં તો બોલ્યા ભગતના, કુટુંબ કેરા જન,
નારેશ્વરમાં આવવા, કયાંથી લાવશું ધન ? ૬૫
બાવો બાધા આપશે, કહેશે ખર્ચો ધન,
રાતી પાઈ પણ એક ના, અમે છીએ નિર્ધન. ૬૬
સૂણ નિરંજન ! ગરીબના, ઘરની હાય-વરાળ,
કોણ બેલી છે એમનું ? સિવાય દીનદયાળ. ૬૭
સંબંધી પેલો તિહાં, બોલ્યો ઊંચે સાદઃ
અરે ! તમે જાણ્યા વિના, કેવી કરો છો વાત ? ૬૮
નારેશ્વરનો સંત તો, પૈસાને કયારેય
સ્પર્શ પણ કરતો નથી, અને કદી આમેય ૬૯
અજાણતાં પૈસાતણો, સ્પર્શ અરે ! થઈ જાય,
અરે ! રંગ અવધૂતને, ઉપવાસ તે દિન થાય. ૭૦
છતાં કોઈ કદી ભૂલથી, મૂકે પૈસો પાસ,
તો એ ભૂમિ જલ વડે, ધોઈ નંખાવે ખાસ. ૭૧
સૂણી સગાનાં વચન એ, ભગતકુટુંબના જન,
આશ્ચર્યે જોઈ રહ્યા, પહોળાં કરી નયન. ૭૨
પછી વદ્યાઃ અવધૂતજી, ના લે એ મંજૂર,
પણ બાધા મોટી આપીને, બતાવે ખર્ચ પ્રચુર. ૭૩
કયાંથી લાવું એ બધું, બાધા કરવા ધન ?
સ્થિતિ મુજ ઘરની તમે, જાણો છો સજ્જન. ૭૪
સૂણી વચન બોલ્યો સગો મુંઝાવો શીદને મન,
નારેશ્વરનો નાથ કદી, કોઈને પણ કોઈ દન. ૭૫
બાધા-ફાધા આપીને, ના ખર્ચાવે ધન,
એ તો રીઝે ભાવથી, ભાવ-ભૂખ્યો ભગવન્. ૭૬
માટે છોડીને બધા, તર્ક-કુતર્કો એમ,
દર્શન કરો ભગત સાથ, નારેશ્વરનાં તેમ. ૭૭
માની સલાહ સગાતણી, કુટુંબીઓએ તેમ,
બીજા વળી ગ્રામજનો, ભેગા થઈને તેમ. ૭૮
જકડી-બાંધી ભગતને, ઊંચકીને જેમ તેમ,
નાખ્યા ડમણામાં અને, મજબૂત રીતે એમ. ૭૯
પકડી રાખ્યા ને પછી, કરી મુખે ડચકાર,
હાંકી બળદો વેગથી, ઉપડયા સૌ તે વાર. ૮૦
આવી ગયા નારેશ્વરે, નિયમ સ્થાનનો ખાસ,
રેવાસ્નાન કર્યા વિના, અવધૂતજીની પાસ. ૮૧
કોઈ કદી ના જઈ શકે, તેથી સર્વે એમ,
ભગતજીને લઈ ગયા, રેવાતીરે તેમ. ૮૨

બળજબરીથી જેમ તેમ, કરાવી રેવાસ્નાન,
જકડી-બાંધી ભગતને, લાવ્યા જ્યાં ભગવાન. ૮૩
બોધિ સમ લીમડા નીચે, બેઠા છે અવધૂત,
રોમ રોમથી ફૂટી રહ્યાં, તેજ રશ્મિ અદ્‌ભુત. ૮૪
પદ્મસમા બે નેત્રથી, શાંતિનો સાગર
ઊભરાતો છલ છલ કરી, આશ્રમ ધરતી પર. ૮૫
તેજસ્વી ભાલ ને, જટા-લટૂરી વાહ !
દર્શન માત્રે ભકતનાં, દૂર કરી દે દાહ. ૮૬
પૂર્ણ ચંદ્ર સમ મુખ થકી, તેજકિરણ રેલાય,
અષ્ટ પ્રહર નીરખ્યા કરે, ના તોય નયન ધરાય. ૮૭
હાસ્ય મંદ મુખ પર અહા ! વહેતું અનરાધાર,
આત્માના આનંદનો, એ તો આવિષ્કાર. ૮૮
એવા દીનદયાળની, દયાભરી નજર,
એકાએક પડી અરે ! દાજી ભગત ઉપર. ૮૯
લઘર-વઘર શરીર ને ચક્કર-વક્કર આંખ,
બંધાએલો દોરડે, સાવ બિચારો રાંક. ૯૦
જોઈ એની અવદશા, જકડાએલી કાય,
પરદુઃખહારી રંગનું, કાળજડું કોરાય. ૯૧
જોઈ બંધન એહનાં, કારુણ્યની મૂર્ત,
અવધૂતજી દ્રવી ઊઠયા, બોલી ઊઠયા તુર્તઃ ૯૨
અરે ! બંધન એહનાં, છોડી નાંખો સદ્ય,
મુજથી ના સહેવાય રે ! એનું બંધન અદ્ય. ૯૩
અલખ કહે અવધૂતના, દિલની વાત ગહન,
કરી ન શકતા એ કદી, કોઈનું દુઃખ સહન. ૯૪
આર્દ્ર હૃદય અવધૂતનું, જોઈ દુઃખી લોક,
દ્રવતું ને દુઃખિયાંતણાં, દૂર કરતા શોક. ૯૫
અતિશયોક્તિ સ્હેજ પણ, કરતો નથી હું બાળ !
સ્વયં લેતા અન્યદુઃખ, એવા રંગ દયાળ. ૯૬
શકિત એવી રંગની, પોતાના તન ઉપર,
સંકલ્પે દુઃખ ફેરવી, લેતા શ્રીગુરુવર ! ૯૭
પરદુઃખગ્રહણ જે કર્યાં, છે દૃષ્ટાંત અપાર,
વર્ણવવા હું જાઉં તો, થાય ગ્રંથવિસ્તાર. ૯૮
બંધન જોઈ દાજીનાં, થયો રંગને રંજ,
બંધને કેમ સહી શકે ? જાતે સંસૃતિભંજ. ૯૯
માનવ કેરા કર્મનાં, બંધન તોડવા કાજ,
અવનિ પર જેનું થયું, છે અવતરણ આજ. ૧૦૦

મુકતાત્મા જે મહાલતો, સ્વૈરવિહાર ગગન,
તે તો કેમ સહી શકે ? બીજાનાં બંધન ? ૧૦૧
જોઈ બંધન દાજીનાં, અવધૂતમન દુભાય,
ઉચ્ચ સ્વરે તેથી વદ્યા, અરે ! અબ અને આંહ્ય ૧૦૨
છોડો એનાં બંધનો, મુકત કરી દો કાય,
બંધન એનાં કારમાં, મુજથી ના સહેવાય. ૧૦૩
એક કહે ઓ બાપજી, મુકત કરીશું એહ,
તો કરશે તોફાન એ, એમાં ના સંદેહ. ૧૦૪
અમને કોઈને મારશે, કુદશે ચારે કોર,
તોડ-ફોડ કરશે બધે, મચાવશે બહુ શોર. ૧૦૫
કહે બાપજી એહને, છોડી દો એકવાર,
કેવું કરે તોફાન એ, હું પણ જોઉં લગાર. ૧૦૬
આજ્ઞા થઈ અવધૂતની, થાયે શાની વાર ?
કાપી નાખી બેડીઓ, મુકત કર્યો તત્કાળ. ૧૦૭
કાપતાં બેડીઓ કંઈકના, ઊંચા ચઢિયા શ્વાસ,
દૂર ખસ્યા કંઈક વળી, રાખી અણવિશ્વાસ. ૧૦૮
જેવી તૂટી બેડીઓ, મુકત થઈ જયાં કાય,
દાજી અવધૂતચરણમાં, જઈને લાગ્યા પાય. ૧૦૯
અવધૂતજીના ચરણમાં, નાખી દીધી કાય,
સાષ્ટાંગ પ્રણતિ જો કરે, નયને જલ ઉભરાય. ૧૧૦
કંઠ રૂંધાયો દાજીનો, મુખથી ના બોલાય,
કૃતજ્ઞતાથી રંગને, ફરી ફરી લાગે પાય. ૧૧૧
શું બોલે ગ્રામીણ એ ? અભણ શબ્દ-અભાવ,
અશ્રુ દ્વારા વહી રહ્યો, નિજ હૈયાનો ભાવ. ૧૧૨
ડાહ્યા-ડમરા થઈ ગયા, દાજી ત્યાં ક્ષણ માંહ્ય,
હાજર રહેલા સર્વનાં હૈયાં અતિ હરખાય. ૧૧૩
એક જ દૃષ્ટિ માત્રથી, પાગલ ડાહ્યો થાય,
અવતારી અવધૂતથી, ચમત્કાર સર્જાય. ૧૧૪
ભકતો ઘેલા થઈ ગયા, આનંદ આનંદ થાય,
ગાંડાને ડાહ્યો કર્યો, ધન્ય ધન્ય ગુરુરાય. ૧૧૫
કંઈક પળો વીત્યા પછી, દાજી ભગત એમ,
કૃજ્ઞતા દર્શાવવા, બોલ્યા ધારી પ્રેમઃ- ૧૧૬
'બાપજી હું ગરીબ છું, ગ્રામીણ ખેડૂત એમ,
મુજ લાયક સેવા કંઈ ? કહો પ્રભુ ! ધરી પ્રેમ. ૧૧૭
શી રીતે ઉપકારનો, બદલો વાળું નાથ !
દીન હીન લાચાર છું, સમર્થ છો ગુરુનાથ.' ૧૧૮

એમ કહી દાજી ભગત, અવધૂતચરણે એમ,
અશ્રુભીની આંખથી, નમે ફરી ફરી તેમ. ૧૧૯
ભાવભૂખ્યા અવધૂતજી, જોઈ એનો ભાવ,
અંતર ભીંજયા ને પછી, મૂકયો ત્યાં પ્રસ્તાવઃ ૧૨૦
'રેવાજીના ઘાટથી, ઘડા ભરી ભરી નીર,
સ્થાનના ફૂલ-છોડને, સીંચન કરો સુધીર. ૧૨૧
સેવાના સત્કાર્યથી, જશે તમારું દુઃખ,
સેવા કરીને સ્થાનની, પામો અનુપમ સુખ' ૧૨૨
મળતાં સેવાકાર્ય આ, દાજી ભગતનું મન,
ધન્ય ધન્ય થઈ ગયું, થયું ખૂબ પ્રસન્ન. ૧૨૩
હોંશે હોંશે લાવતા, રેવાજીનાં નીર,
ફૂલછોડ ને વૃક્ષને, સીંચે ધારી ધીર. ૧૨૪
સીંચે એ ફૂલ છોડને, દિનમાં બબ્બે વાર,
મુખમાં દત્ત દિગંબરા, હૈયે હર્ષ અપાર. ૧૨૫
સેવાના સત્કાર્યથી, દાજીનાં તન-મન,
શુદ્ધ થઈ ગયા પછી, અવધૂતજી એક દન. ૧૨૬
બોલાવીને દાજીને, બેસાડી નિજ પાસ,
અમૃતસમ વાણી વદ્યા, પરબ્રહ્મ અવિનાશ. ૧૨૭
ભગત તમે આ સ્થાનની, સેવા કરી અપાર,
પાણી પાયું છોડને, નિત્યે સાંજ સવાર. ૧૨૮
સેવાના સત્કાર્યથી, દૂર થયું તમ દુઃખ,
ગયું ગાંડપણ ને તમે, થયા દુઃખવિમુખ. ૧૨૯
સુખપૂર્વક જાઓ હવે, તમે તમારે ગામ,
આપો મોદ કુટુંબને, કરી ખેતરે કામ. ૧૩૦
સંતોષે નિજ કર્મમાં, રહેજો સદાય સકત,
સ્વકષ્ટોપાર્જિત કરી, રહેજો પ્રસન્ન મત્ત. ૧૩૧
મારા આશીર્વાદ છે, સદા તમારી સાથ,
એમ કહી અવધૂજીએ, ઊંચો કરીને હાથ. ૧૩૨
ભગતને અંતરતણા, આપ્યા આશીર્વાદ,
'જાઓ તમારો આજથી, થાશે દૂર વિષાદ.' ૧૩૩
સુણી વચન અવધૂતનાં, દાજી ભગતનાં નેન,
શ્રાવણ-ભાદરવા સમાં, વહી રહ્યાં, અચેન. ૧૩૪
કંઠ ગદ્‌ગદ્‌ થઈ ગયો, નીકળે ના મુખવાણ,
મૂંગા થઈ ઊભા રહ્યા, જોડી બન્ને પાણ. ૧૩૫
ઘણું ઘણું કહેવાતણું, દાજીને છે મન,
અંતર ભીંજયું ભાવથી, નીકળે ના કો વચન. ૧૩૬

અવધૂત અંતર્યામી હા ! ભકતહૃદયની વાત,
જાણી ગયા ને પ્રેમથી, પૂછયું ધીમે સાદઃ ૧૩૭
'કહો ભગત ! તમ હૃદયની, જે કંઈ ઈચ્છા હોય,
પૂર્ણ કરીશ જરૂર હું, ક્ષોભ ન કરશો આંહ્ય.' ૧૩૮
હર્ષતણા અતિરેકથી, ભગત કેરાં તન-મન,
નાચી ઊઠયાં ને પછી, બોલ્યા નમ્ર વચનઃ ૧૩૯
'ગરીબ પ્રભુજી ! દીન હું, અભણ ગ્રામીણ જાત,
નાના મુખડે તોય હું, કરું છું મોટી વાત. ૧૪૦
પાવન કરજો દયા કરી, આવી મારા ગામ,
મારે ઘેર પધારજો, એક જ છે ઉરકામ.' ૧૪૧
હૈયાના ઊંડાણથી, બોલ્યા ભગત વચન,
અવધૂત હૃદયને જૂઓ, સ્પર્શી ગયાં તત્ક્ષણ. ૧૪૨
બોલ્યા અવધૂત પ્રેમથી, 'સૂણો ભગત સુપેર
નિશ્ચિંત રહો એક દિન, આવીશ તમારે ઘેર. ૧૪૩
ડભોઈ બાજુ જયાહરે, ભવિષ્યમાં આવીશ,
ત્યારે તમારે ઘેર હું, ભકત જરૂર આવીશ'. ૧૪૪
પ્રેમના કાચા તાંતણે, થયા અવધૂતજી બદ્ધ,
ભગતે વાળી ગાંઠ ત્યાં, ધારી ભાવ વિશુદ્ધ. ૧૪૫
કરી અવધૂતચરણમાં, ફરી ફરી વંદન,
ભગત ચાલ્યા ઘર ભણી, લઈને અજબ સ્પંદન. ૧૪૬
જાતાં જાતાં એમની, નેહ ભરી નજર,
પડતી ફૂલનાં છોડ પર, થોભી ગયા તત્સ્થલ. ૧૪૭
નિજ સીંચેલા છોડ પર, થોભી ગયા તત્સ્થળ.
અરે દાજી ! અમને તમે, છોડી ચાલ્યા કેમ ? ૧૪૮
મમતા આ ફૂલ-છોડીની, છોડાયે શી રીત ?
દાજીને ફૂલ-છોડથી, હતી અખૂટ પ્રીત. ૧૪૯
ક્ષણભર થોભ્યા ને પછી, બોલ્યા ઊંચે સાદઃ
તમ સૌના વિયોગનો, છે મુજને વિષાદ. ૧૫૦
છે આજ્ઞા અવધૂતની, જાઉં તેથી આજ,
પણ દર ગુરુવારે અહીં, આવીશ તમારે કાજ. ૧૫૧
આવીને સીંચીશ હું, રેવાજલ સુપેર,
વંદન કરી અવધૂતને, જઈશ પછી હું ઘેર. ૧૫૨
એમ વચન આપી અને, ભગત ગયા નિજ ઘેર,
અવધૂતની આશિષથી, થઈ ગઈ લીલા લહેર. ૧૫૩
અલખ કહે તે દિનથી, દર ગુરુવારે એમ,
નારેશ્વરમાં આવતા, ભગત ધરીને પ્રેમ. ૧૫૪

ફૂલ-છોડને સીંચતા, લાવી રેવાજલ,
નાની મોટી સ્થાનની, સેવા કરે નિર્મળ. ૧૫૫
સેવા કરતાં સમય હા ! વીતી ગયો કંઇ એમ,
દાજીના સદ્‌ભાગ્યનો, આવ્યો સુયોગ તેમ. ૧૫૬
એક દિવસ અવધૂતજી, વિહાર કરતા આમ,
ડભોઇ પાસેના અહા ! ગયા વજીરીયા ગામ. ૧૫૭
ભગતજીનું ગામ જે, ભિલોડિયા અભિધાન,
વજીરીયાની નજીકમાં, આવ્યું છે તે જાણ. ૧૫૮
એ ભિલોડીયા ગામના, જમીનદાર - ઠાકોર,
ખબર પડી અવધૂતજી, આવ્યા આણીકોર. ૧૫૯
નજીક ગામે વજીરીયા, આવી ગયા છે આજ,
એક-બે દિન મુકામ ત્યાં, કરશે યોગીરાજ. ૧૬૦
નિજ ગામે નિજ મહેલમાં, પધારવાને એમ,
ગયા નિમંત્રણ આપવા, ઠાકોર સાહેબ તેમ. ૧૬૧
આવી ગયા વજીરીયા, અવધૂત-વિશ્રામ પર,
સમય હતો મધ્યાહ્નનો, ગરમી પડતી પ્રખર. ૧૬૨
સેવક ત્યાં જે ઊભો, કહ્યું તેણે આમ,
હમણાં અંદર બાપજી, કરી રહ્યા આરામ. ૧૬૩
'સારું આવું છું પછી', એમ કહી ઠાકોર,
ગયા વજીરીયા ગામમાં, ઠાકોર કેરી ઓર. ૧૬૪
વજીરીયાના ઠાકોરે, આવકાર્યા સુપેર,
ચા-પાણી નાસ્તો થયાં, લાગી ખાસ્સી દેર. ૧૬૫
ઠાકોરના મનમાં હતું, મોભાનું અભિમાન.
જ્યારે ગામની પાસે હા ! આવ્યા સંત મહાન. ૧૬૬
ત્યારે મારે મહેલમાં, બોલાવું એક વાર,
વધશે મુજ મોટાઇ ને, મોભો વળી ધરાર. ૧૬૭
વટ પોતાનો પાડવા, ગર્વ પોષવા કાજ,
આવ્યા'તા ઠાકોર અહીં, નિમંત્રવા મહારાજ. ૧૬૮
પણ આ તો અવધૂત છે, ઘટ ઘટનું જાણનાર,
દંભ કોઇનો ગર્વ વા, અહીંયા ના ટકનાર. ૧૬૯
ત્યાં તો દાજી ભગતને, ખબર પડી કંઇ આમ,
અવધૂત વજીરીયા ગામમાં, કરી રહ્યા વિશ્રામ. ૧૭૦
પડતાં ખબર ભગતજી છોડી સઘળું કામ,
વેગે દોડી આવીયા, તુર્ત વજીરીયા ગામ. ૧૭૧
ગ્રીષ્મના મધ્યાહ્નના, પ્રખર તાપમાં એમ,
આવ્યા દોડી સ્વેદથી, રેબ-ઝેબ થઇ તેમ. ૧૭૨
આવી પહોંચ્યા જ્યાં હતો અવધૂતજીનો મુકામ,
ખબર પડી કે સદ્‌ગુરુ, કરી રહ્યા આરામ. ૧૭૩
ભલે કરે આરામ પ્રભુ ! હું તો મારે આંહ્ય,
બેસીશ એને ઓટલે, હવે ન જાઉં કયાંય. ૧૭૪
એમ કહીને ભગતજી, અરધાં મીંચી નયન,
બેઠા દૂર વિશ્વાસથી, કરતા ગુરુસ્મરણ. ૧૭૫
અલખ નિરંજનને કહે, સાંભળ શિષ્ય સુજાણ,
આત્માનંદની મસ્તીમાં, કરે સદા રમમાણ. ૧૭૬
એવા અવધૂત યોગીને શેનો વળી આરામ !
રામમાં જ રત છે અહા ! જેનો આત્મારામ. ૧૭૭
સંતોને તો છે સદા રામ નામ આરામ,
ચારેકોર છે રામજી, એજ એનો વિશ્રામ ! ૧૭૮
ભકતહૃદયને જો તિહાં, સંતોષ દેવા કાજ,
આડે પડખે કંઈ થતા, સમર્થ સદ્‌ગુરુરાજ. ૧૭૯
ઊઠયા, પ્રભુ આરામથી, સેવક કરતો વાત.
'દાજી ભગત ઓટલે, જોઈ રહ્યા છે વાટ.' ૧૮૦
સુણી નામ દાજીતણું, અવધૂત થયા પ્રસન્ન,
'મોકલી આપો એમને, મુજ પાસે આ ક્ષણ.' ૧૮૧
ત્યાં તો સેવક બોલિયો, ભિલોડીયા દરબાર,
આવીને પાછા ગયા, થઈ છે થોડીવાર. ૧૮૨
આપ હતા આરામમાં, તેથી એ રાજન,
આવું છું પછીથી કહી, જાતા રાજભવન. ૧૮૩
સુણી વચન સેવકતણાં, બોલ્યા સદ્‌ગુરુદેવ,
ભલે આવતા રાજવી ! એમ કહી તતખેવ, ૧૮૪
પૂછ્યું દાજી ભગતને,'ભગત ! ચાલે છે કેમ ?
સમાચાર શું છે ? બધા, છોને કુશળ ક્ષેમ ?' ૧૮૫
ભગત કહે 'પ્રભુ ! આપની, દયાથી મારે ઘેર,
સકળજન ક્ષેમકુશળ, છે વળી લીલા લહેર. ૧૮૬
ભગતે જોડચા હાથ જ્યાં, વ્હેવા લાગ્યાં નયન,
માંડ માંડ ભાવ ધરી, બોલ્યા દીન વચનઃ ૧૮૭
'અરે દયાળુ ! બાપજી આપે મુજને વચન,
આપ્યું' તું કે એ તરફ, આવીશ હું કો'દન. ૧૮૮
ત્યારે તમારે ઘેર ને, ગામ જરૂર આવીશ,
વચન આપનું આજ તે, પૂર્ણ કરો જગદીશ !! ૧૮૯
અહીંથી ખૂબ નજીકમાં, આવ્યું છે મુજ ગામ,
માટે આપ પધારીને, પુનિત કરો મુજ ધામ.' ૧૯૦

સુણી વિનતી ભકતની, હસી વદ્યા સુખધામ.
અહીંથી સીધો જરૂર હું, આવીશ તમારે ગામ. ૧૯૧
સુણી વચન અવધૂતનાં, ભગતને મૂંઝવણ,
થઈ કે ઠાકોર ગામના, દેવા આમંત્રણ ૧૯૨
આવ્યા છે અવધૂતને, જાશે સદ્ગુરુનાથ,
ઠાકોર કેરા બંગલે, એમાં રહે શો સ્વાદ ? ૧૯૩
ધીમે રહીને બોલતો, ગામધણી ઠાકોર,
દેવા નિમંત્રણ આપને, આવ્યા આણી કોર. ૧૯૪
મીઠી મૂંઝવણ ભકતની, પામી ગયા અવધૂત,
ભલેને આવ્યા જાણશે, હું છું ગુરુનો દૂત. ૧૯૫
પહેલા મળ્યા ભાવથી, જોઈ મારી રાહ,
પૂર્વે દીધું વચન છે, જાણી તમારી ચાહ. ૧૯૬
નિર્ણય મારો અફર છે, આવીશ તમારે ઘેર,
જાઓ કરો તૈયારીઓ, આવડે એવી પેર ! ૧૯૭
અમૃતની હેલી સમા, શબ્દો સૂણતાં ત્યાંય,
ભગતના હૈયા મહીં, આનંદ અતિ ઉભરાય. ૧૯૮
ઉદ્ધારક રક્ષક વળી, મુજ હૈયાના હાર,
મારે ઘેર પધારશે, કરશે પાવન દ્વાર. ૧૯૯
ધન્ય જીવન મારું હા ! ધન ધન મુજ ઘરબાર,
ધન્ય ધન્ય મુજ ગામને, ધન ધન નર ને નાર. ૨૦૦
મુજ ગરીબનું ખોરડું, થાશે પાવન આજ,
કીધી મહેર ગરીબ પર, ધન ધન ગરીબનવાજ. ૨૦૧
મનમાં એમ વિચારતાં, હૈયે હરખ ન માય,
મોદે કૂદતાં નાચતાં, ભગત ચાલ્યા જાય. ૨૦૨
ભગત આમ ગયા પછી, આણી ગમ ઠાકોર,
અવધૂત પાસે આવીયા, મનમાં ધનનું જોર. ૨૦૩
હાથ જોડી બોલતા, 'બાપજી મારે મહેલ,
ભિલોડીયા પધારશો, સાંભળી મારી ટહેલ.' ૨૦૪
અવધૂત કહે હે રાજવી, અહીંથી સીધો મુકામ,
ઊઠશે કે સીધો થશે, તમ ભિલોડીયા ગામ. ૨૦૫
પૂર્વે દાજી ભગતને, આપ્યું છે રે વચન,
તેથી એમને ગામ મેં, જવા વિચાર્યું મન. ૨૦૬
ઠાકોર કંઈ હુંકારથી, બોલ્યા કરી પ્રણામ,
'તો તો મારા બંગલે, કરજો આપ મુકામ.' ૨૦૭
'સેવા ભગતે રાજવી, કીધી તોડી તન,
તેથી એને ખોરડે, રે'વા મુજ છે મન.' ૨૦૮
મોહક મરકત મુખડે, અવધૂત બોલ્યા વચન,
સુણી વદ્યા ઠાકોરશ્રી, રાખી ગર્વ ગહન. ૨૦૯
'ભગત કેરું ખોરડું, ખૂબ નાનું છેક,
સાવ સાંકડુ એ વળી, સુવિધા પણ નહિ એક.' ૨૧૦
'ભલે રહ્યું ઘર સાંકડું, દિલ તો મહા વિશાળ,
જોઉં હું તો ભાવને, રહે ન બીજો ખ્યાલ.' ૨૧૧
નર્યા નિખાલસ ભાવના, સત્ય ઝરતા સાવ,
શબ્દોએ ઠાકોરના કર્યો, અહં પર ઘાવ. ૨૧૨
ઠાકોર સાવધ થઈ ગયા, સાચવવા સ્વમાન,
કર જોડી વંદન કરી, બોલ્યા વિનીત વાણઃ ૨૧૩
'ભલે પ્રભુ દાજીતણા, ખોરડે કરો મુકામ,
પણ પાછા ફરતા માર્ગમાં, ક્ષણ બે ક્ષણ આમ; ૨૧૪
પધારીને મુજ બંગલે, મુજ ગઢ ને દરબાર,
પાવન કરો બસ એટલી, વિનતી કરો સ્વીકાર.' ૨૧૫
અવધૂત કહે 'એ જોઈશું,ગામે આવ્યા બાદ',
એમ કહી ઠાકોરના, કરમાં દીધો પ્રસાદ. ૨૧૬
પ્રસાદ લઈને રાજવી, થયા ત્યાંથી વિદાય,
અહીં ભગતને ખોરડે, સુણ હવે શું થાય ! ૨૧૭
ગરીબને તૈયારીઓ, શી કરવાની હોય ?
દિલની દોલત મોદથી, લૂંટાવવાની હોય ! ૨૧૮
લીંપી-ગૂંપી ખોરડું, કર્યું સ્વચ્છ સુંદર,
વાળી ઝૂંડી ચોકમાં, છાંટ્યું શીતલ જલ. ૨૧૯
પાન-પુષ્પનાં તોરણો, બાંધ્યાં ઘરને દ્વાર,
વાસણ કૂસણ માંજીને, મૂકયા ચમકદાર. ૨૨૦
કંકુ કેરા સાથિયા, પૂર્યા આંગણ માંહ્ય,
સાદા ગ્રામીણ રીતના, જરા ન ઠસ્સો કયાંય. ૨૨૧
ભગતનો આનંદ તો, ચોગરદમ ઉભરાય,
નાચે કૂદે મોદથી, ગાંડા-ઘેલા થાય. ૨૨૨
આજે એને આંગણે, એનો તારણહાર,
આવી રહ્યો છે એટલો કરતા ભક્ત વિચાર ! ૨૨૩
હૈયે હરખ સમાય ના, મલક મલક મુખ થાય,
નયને નવ ઝગારનાં, સર્પો દોડી જાય ! ૨૨૪
પાગલ સમ દોડ્યા કરે, સ્થિર રહે ના સ્થાન,
આજ પધારે છે અહા ! એને ઘર ભગવાન ! ૨૨૫
ત્યાં તો અવધૂત આવીયા, દોડી આણી કોર,
ભગતનો મન મોરલો, કરી રહ્યો કલશોર. ૨૨૬

અવધૂતજી જ્યાં આવિયા, હરખાયા સહુ જન,
અવધૂતચિંતન નાદ થઈ, ગાજી રહ્યું ગગન. ૨૨૭
પાગલ સમ દાજી અહા ! અવધૂતને ચરણ,
આળોટીને ફરી ફરી, કરી રહ્યા નમન. ૨૨૮
અવધિ આ આનંદની, વરણી શું વરણાય ?
ભાવ ભગતનો જોઈને, અવધૂત મુખ મલકાય. ૨૨૯
આવી ભગતને ખોરડે, કાષ્ઠ-પાટની પર,
બિરાજ્યા અવધૂતજી, મસ્ત બની સુખકર. ૨૩૦
ત્યાં તો પેલા ભગતજી, પોતાનો ભૂતકાળ,
યાદ કરી અવધૂતને, કહી રહ્યા તત્કાળ. ૨૩૧
જુઓ પ્રભુ !આ ઓરડી, એમાં આ સહુ લોક,
મુજને પૂરી રાખતા, રડતો પોકે પોક. ૨૩૨
જુઓ પ્રભુ ! આ થાંભલે, મુજને બાંધી એમ,
મુજને એવો પીટતા, પશુને પીટે તેમ. ૨૩૩
દયા કરી આ દાસને, રક્ષ્યો દીનાનાથ !
શી રીતે કૃતજ્ઞતા, દર્શાવું ગુરુનાથ !' ૨૩૪
એમ કહીને ભગતજી, વંદે વારંવાર,
દર્શન કરવા લોક ત્યાં ઊભા કરી કતાર. ૨૩૫
ફૂલની માળા ફળ, સુમન લઈને ગામના લોક,
અવધૂતજીનાં દર્શને, ઉમટ્યા થોકેથોક. ૨૩૬
આનંદે માણી રહ્યાં, નરનારીના વૃંદ;
ગામ મહીં જામી ગયો, સ્વર્ગ સમો આનંદ, ૨૩૭
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂત જ્યાં જ્યાં જાય,
ત્યાં ત્યાં સ્વર્ગ સમો અહા ! નંદ મધુર લહેરાય. ૨૩૮
લીધી ભિક્ષા તે પછી, બેસે ઘરની માંહ્ય,
હજી તો મધ્યાહ્ન થવા, વાર ઘણી છે ત્યાંય. ૨૩૯
ગ્રીષ્મતણાં ત્યાં તો અહા ! તરણિકિરણો પ્રખર,
ગરમી લાગ્યાં ફેંકવા, પ્રચંડ પૃથ્વી પર. ૨૪૦
દાજીના ઘર પર હતાં, લોહ-પતરાં જેહ,
તપ્ત થયાં ને ફેંકવા, લાગ્યાં ગરમી તેહ. ૨૪૧
નૈષ્ઠિક રંગ અવધૂતથી, ગરમી ના સહેવાય,
પુનિત-પાવન શરીર પર, પરસેવો રેલાય. ૨૪૨
અવધૂતજીના શરીરને, ગરમી હતી પ્રતિકૂળ,
પિત્ત પ્રકોપ થઈ જતો, મારે મસ્તક શૂળ. ૨૪૩
યોગાગ્નિ જલતો હતો, અવધૂતજીને તન,
પછી અગન આ બહારની, થાયે કેમ સહન ? ૨૪૪

હેમંતે સવારમાં, કડકડતી શીત માંહ્ય,
ઠંડા જલથી સ્નાન સદા, કરતા સદ્‌ગુરુરાય. ૨૪૫
તોયે સ્નાન કર્યા પછી, યોગાગ્નિથી તેમ,
ફૂટતાં પ્રસ્વેદ બિંદુઓ, દિવ્ય તનુથી એમ. ૨૪૬
તાપ અહીં તો દ્વિગુણ થયો, શી કરવા ત્યાં વાત ?
તોયે મલકત મુખડે, સહી રહ્યા ગુરુનાથ. ૨૪૭
જ્યમ જ્યમ દિ' ચઢતો ગયો, ગગન ગોખથી તેમ,
અગનગોળો આગને, ઓકી રહેતો એમ. ૨૪૮
રંગ આડા પડ્યા ન પડ્યા, ત્યાં તો ક્ષણની માંહ્ય,
પરસેવાના રેલથી, બિછાનું ભીંજાય. ૨૪૯
સ્થિતિ જોઈ અવધૂતની, ભગત અંતર માંહ્ય,
સો સો વીંછીના ડંખની, તીવ્ર વેદના થાય. ૨૫૦
ચાદર સૌ ભીની કરી, લટકાવી ચોપાસ,
જલઝબોળ્યા અંગૂછે, નાખે પંખો ખાસ. ૨૫૧
અંતર ભગતનું દુઃખથી ફાટું ફાટું થાય,
મનોમન દુઃખે બોલતા, દુઃખી કર્યા ગુરુરાય. ૨૫૨
મુજ નાનકડે ખોરડે લાવીને મહારાજ,
એ મુજ તારણહારને, દુઃખી કર્યા મેં આજ. ૨૫૩
જોઈ ભગતના મુખ પર, પસ્તાવો પરિતાપ,
અવધૂત બોલ્યા 'ભગતજી, નથી લાગતો તાપ. ૨૫૪
નાહક દુઃખી ના થશો, તમે તમારે આમ,
અડખે-પડખે ઘર મહીં, લો જરીક આરામ.' ૨૫૫
પણ તાપે જ્યાં વલવલે, નિજ હૃત્ પૂરણકામ,
શી રીતે દાજી ભગત, કરી શકે આરામ. ? ૨૫૬
મૂંઝવણથી વિચારતાં, આવી ગયો એક ખ્યાલ,
ખસની સાદડીઓ અહા ! જોઈ હતી ગઈ કાલ. ૨૫૭
વજીરીયા ગામે હતો, સદ્‌ગુરુનો મુકામ,
ખસની સાદડીઓ હતી, બાંધેલી તે ઠામ. ૨૫૮
ત્યાં તો આવ્યો ખ્યાલ કે, ઠાકોરશ્રીને મહેલ,
ખસના પડદા ઘણા બધા, બાંધેલા દીઠેલ. ૨૫૯
માગી લાવી એ બધા, બાંધી દઉં હું ઝટ,
તો ગુરુજીને તાપથી, રહેશે કંઈ રાહત. ૨૬૦
એમ વિચારી તુર્ત એ, ગયા રાજદરબાર,
વિગતે વાત કરી બધી, ઠાકોરને તે વાર. ૨૬૧
પછી અતિ વિવેકને, નમ્રતાથી તેમ
ઠાકોર પાસે માગણી કરી ભગતે તેમ. ૨૬૨

બાપુ ! આપના મહેલમાં, ખસના પડદા જેહ,
આપો તો મુજ ખોરડે, લઈ જઈને એહ. ૨૬૩
બાંધું તો ગુરુદેવને, થાય કંઈક આરામ,
હું ગરીબનું આટલું કાઢો બાપુ ! કામ. ૨૬૪
સૂણી વચન ભગતતણાં, મુખ મચકોડી તેમ,
વદ્યા વચન બહુ વ્યંગથી, ઠાકોર સાહેબ એમઃ ૨૬૫
'તાપ લાગતો હોય જો, તારા ખોરડે આમ,
તો શા માટે ના કર્યો, મુજ મહેલે મુકામ ? ૨૬૬
મેં તો પહેલેથી જ આ ! વજીરીયામાં આમ,
અવધૂતજીને કહ્યું હતું, કરવા અહીં મુકામ. ૨૬૭
પણ મારું માન્યું નહિ, મને કર્યો નારાજ,
આવી તુજ ઘર, તાપથી આવી ગયાને વાજ ! ૨૬૮
હજુએ મારે બંગલે, આવી કરે મુકામ,
સગવડતાઓ છે બધી, પંખા-સાદડી આમ. ૨૬૯
બાકી તમને ના મળે, પંખા-સાદડી કયાંય,
હૈયે લાગણી હોય તો, લાવ ગુરુને આંહ્ય'. ૨૭૦
સૂણી વચન ઠાકોરનાં, દાજી થયા નિરાશ,
નયનો ભીનાં થઈ ગયાં, મુખ કાઢે નિશ્વાસ. ૨૭૧
'ધિક્ ધિક્ મારી દીનતા, ધિક્ ધિક્ મુજ જીવન,
હેરાન થાતા માહરા, સદ્‌ગુરુ પ્રાણજીવન. ૨૭૨
અરેરે ! આ મેં શુ કર્યું ? મુજ જીવન-આધાર,
અવધૂતજી બોલાવીને, આપ્યું દુઃખ અપાર'. ૨૭૩
એમ વિચારી મન વિષે, દાજી બહુ પસ્તાય,
શો ઉપાય કરું હવે, જેથી ઠંડક થાય ? ૨૭૪
ખાલી હાથે આવીયા, મુખ પર અતિ વિષાદ,
આંખેથી આંસુ વહે, થાતો કુંઠિત સાદ. ૨૭૫
અવધૂતે આશ્વાસીને, પૂછી ધીમે વાત,
એટલે દાજીએ કહી, વિગતે સઘળી વાત. ૨૭૬
અવધૂત સમજી ગયા, ભક્તહૃદયનું દુઃખ,
પડખું ફેરવીને કર્યું, દ્વાર તરફ કંઈ મુખ. ૨૭૭
ત્યાં તો આગ વરસાવતા, ગગને એકાએક,
નાનકડી એક વાદળી, આવી છવાઈ છેક. ૨૭૮
ક્ષણ-બે ક્ષણમાં તો અહા ! છવાઈ ચારે કોર,
તડકો શાંત પડી ગયો, બન્યું ગગન ઘન-ઘોર. ૨૭૯
શીતલ મંદ સમીરની, આવી મધુરી લહેર,
ઝરમર ઝરમર વાદળી, વરસી રહી સુપેર. ૨૮૦
ઠંડક ઠંડક થઈ ગઈ, વ્યાપ્યો બધે આહ્‌લાદ,
મહેકયો મધુરો મેહુલો, દૂર થયો વિષાદ. ૨૮૧
મહેક મધુરી માટીની, દે આહ્‌લાદ અપાર,
તન અને મન ઝૂમી રહ્યાં, નાચે થૈ થૈ કાર. ૨૮૨
કેકારવ કરી મોરલા, છમ્ છમ્ નાચે મત્ત,
વૃક્ષઘટામાં પક્ષીઓ, કૂજન કરતાં મસ્ત. ૨૮૩
સૃષ્ટિ સઘળી દઝાડતો, દૂર થયો પરિતાપ,
પ્રકૃતિ ખીલી પૂર્ણ ત્યાં, કરતી સ્વૈરાલાપ. ૨૮૪
એકાએક પડતાં રહ્યો, ગગનેથી વરસાદ,
ભગત બિચારા નવાઈથી, જોઈ રહ્યા અવાક્. ૨૮૫
ધોમ ધખતા વૈશાખના, ખરા બપોરે આમ,
કયાંથી આવી વાદળી ? અવધૂતનું આ કામ ! ૨૮૬
દુઃખડું જોઈ ભકતનું, દ્રવ્યા ભકત-વત્સલ,
વૈશાખે ભર તાપમાં, વરસાવ્યું વાદળ ! ૨૮૭
ભગત કેરા ભાવનો, સૂણી અંતરનાદ,
ઉર ઉનાળે અવધૂતે, વરસાવ્યો વરસાદ. ૨૮૮
પાગલ જેવા ભગતને, હૈયે હરખ ન માય,
ધન્ય ધન્ય હે ગુરુવરા ! ફરી ફરી લાગે પાય. ૨૮૯
અવધૂત બોલ્યા તે સમે, કહો ભગતજી ! કેમ !
ઠંડક થઈ ગઈને હવે ? કરો ક્ષોભ ના એમ. ૨૯૦
શું બોલે એ ભગતજી ? નયન વહે જલધાર,
કંઠ ગદ્‌ગદ્ થઈ ગયો, શબ્દ ન સરે લગાર. ૨૯૧
કૃતજ્ઞતા દર્શાવવા, વંદે વારંવાર,
ઉત્કટ ભાવ ભર્યો હૃદે, શકે ન નીકળી બહાર. ૨૯૨
મન મૂકી વરસ્યા કરી, વાદળી આખી રીત,
શીતલ આહ્‌લાદક પછી, ઊગ્યું નવું પ્રભાત. ૨૯૩
અલખ કહે સૂણ શિષ્ય હે ! કહું નવાઈની વાત,
સુણતાં તું આશ્ચર્યથી, મુખમાં ઘાલીશ હાથ ! ૨૯૪
ભગત કેરા નાનકડા, ખોરડાની ચોપાસ,
વરસ્યો આખી રાત હા ! વરસાદ જાણે ખાસ. ૨૯૫
એની હદની બહાર હા ! ગામમાં બીજે કયાંય,
એક બુંદ પણ પાણીનું, વરસ્યું ન'તું જરાય. ૨૯૬
બીજે દિવસ સવારમાં, ગામધણી દરબાર,
અવધૂતજીનાં દર્શને, આવ્યા લઈ ફૂલહાર. ૨૯૭
જોઈ ભીની ભોંયને, ઠંડક આહ્‌લાદક,
ઠાકોરથી પૂછાઈ ગયું, આશ્ચર્યે થઈને છક. ૨૯૮

અરે ! બાપજી શું અહીં, વરસી ગયો વરસાદ ?
અમ બાજુ તો બુંદ પણ, નથી પડયું ઓ તાત ! ૨૯૯
બોલ્યા સદ્‌ગુરુ તે પછી, કરતા મધુરું હાસ્ય,
''અરે ! ઠાકોર તમ કને, ઠંડક માટે ખાસ ૩૦૦
પંખા ને વળી ખસની સાદડીઓ પ્રચુર,
તેથી આપને શેં રહે, વર્ષા કેરી જરૂર ? ૩૦૧
પંખા પડદા કંઈ નહિ, અમ ગરીબની પાસ,
તેથી પ્રભુએ મોકલ્યો, ઠંડક કરવા ખાસ ! ૩૦૨
અમ ઘેરે વરસાદને, કરવા લીલા લહેર,
દીનાનાથની દીન પર, કેવી વરસી મહેર !'' ૩૦૩
શું બોલે ઠાકોર ત્યાં? થઈ બેઠા ચૂપ-ચાપ !
ભકત-વત્સલે ભકત પર, કરી કૃપા અમાપ. ૩૦૪

અલખ કહે અવધૂતની લીલા અપરંપાર,
શરણું એનું સેવતાં, 'બાલક' બેડો પાર. ૩૦૫

ઇતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દયુનીલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે દાજીભક્તદુઃખહરણં નામ ષટ્‌ચત્વારિંશોડધ્યાયઃ ।।૪૬।। દોહરા ૩૦૫ ।।

## અધ્યાય : ૪૭

અલખ કહે અતિ પ્રેમથી, સુણ નિરંજન બાળ !
ગાથા આ ગુરુદેવની અતિશય દિવ્ય રસાળ. ૧
જ્યમ જ્યમ કહેતો જાઉં છું, ત્યમ ત્યમ સ્ફુરણા થાય;
અંતરમાં આનંદ હા ! અવિરત જો ઉભરાય. ૨
રંગ રૂપે અવનિ વિષે સ્વયં દત્ત ભગવાન,
જગ-જનના હિતકારણે, લીલા કરે મહાન. ૩
બનાસકાંઠા પ્રાંતમાં સાંજલપુર છે ગામ,
ત્યાંના વતની ભકત એ બહેચરદાસ છે નામ. ૪
ગામને પાદર આવતા જે કોઈ સાધુ સંત,
તેમની સેવા પ્રેમથી કરતા રાખી ખંત. ૫
યુવાન વયમાં આવતાં પૂર્વકર્મસંજોગ,
થયો બેચરદાસને 'કેન્સર' કેરો રોગ. ૬
પ્રથમ ગળાપર નીકળી, વરવી મોટી ગાંઠ,
પાકી ને પીડા કરે અસહ્ય એ બે-કાંઠ. ૭
લોહી-પરુ ઉભરાય ને દૂઝે આખો દિન,
પાસે ના રહેવાય ને દુર્ગંધ મારે તન. ૮
સગાં વહાલાં સ્વાર્થનાં, કોઈ ન આવે પાસ;
સેવા-સુશ્રૂષા અરે ! કરે કોઈ ના ખાસ. ૯
અમદાવાદમાં એક જો બેચરભાઈના મિત્ર,
જસવંતભાઈ નામના સાત્ત્વિક અને પવિત્ર. ૧૦
એમણે બેચરભાઈને મૈત્રીભાવે આમ,
રાખીને નિજ ઘર અહા ! સેવા કરી અવિરામ. ૧૧
મોટી ઇસ્પિતાલમાં લઈ ગયા તે વાર,
વાઢ-કાપ થાતી તિહાં કંઠે બબ્બે વાર. ૧૨
તોયે ફેર પડયો નહિ, ગયું વ્યર્થ સહુ ગર્થ.
થાકયા બેચરભાઈ અરે ! જીવવું હાવે વ્યર્થ. ૧૩
તોયે જસવંતભાઈ હતા સેવામાં તત્પર,
પત્ની એમનાં થાકીને ચાલી ગયાં પિયર. ૧૪
બેચરભાઈએ જોયું એ વિચાર કર્યો નિજ મનઃ
''નાહક મારા મિત્રને આપ્યું દુઃખ ગહન ! ૧૫
ભોગવવું મારે રહ્યું મુજ કર્મોનું ફળ,
શા માટે હું અન્યને આપું દુઃખ પ્રબળ ?'' ૧૬
એમ વિચારી ને પછી બેચરભાઈ સત્વર,
ગૂપ-ચૂપ નીકળી પડયા છોડીને એ ઘર. ૧૭
આવ્યા ઘરની બહાર ને નજર કરી ચોપાસ,
નીચે એક ધરતી હતી, ઉપર હતું આકાશ. ૧૮
ત્યાં તો મન-આકાશમાં થયો એક ચમકાર,
યાદ આવ્યો મિત્ર એક 'જે. પ્રજાપતિ' તે વાર. ૧૯
વેગે આવ્યા ચાલીને પ્રજાપતિને ઘેર,
મળ્યા પરસ્પર મિત્ર બે હરખ્યા સારી પેરે. ૨૦
દશા નીરખી દોસ્તની પ્રજાપતિ નિજ મન,
પામ્યા અતિશય દુઃખ ને નીર ભરાયાં નયન. ૨૧
ધીમે ધીમે મિત્રને પૂછી સઘળી વાત,
'કેન્સર' થયેલું જાણીને થયો હૃદય-આઘાત. ૨૨
સગાં-સંબંધી કોઈ નહિ, નહિ હાથમાં ધન;
પીડા 'કેન્સર'ની અતિ વીતશે શેં જીવન ? ૨૩
પ્રજાપતિએ મિત્રની ધરી અનુકંપા મન,
મીઠા શબ્દે પ્રેમથી આપ્યું આશ્વાસન. ૨૪

‘‘ના મૂંઝાશો મન મહીં બેચરભાઈ લગાર,
જેનું જગમાં કોઈ નહિ, તેનો છે કિરતાર ! ૨૫
સંત સ્વરૂપે સ્વયં પ્રભુ, લે છે અહીં અવતાર,
દીનદુઃખિયા ને ભકતનો કરવાને ઉદ્ધાર. ૨૬
છે અસાધ્ય રોગ આ કદી નહિ મટનાર,
‘કેન્સર’ એટલે ‘કેન્સલ’ જાણી લો આ વાર. ૨૭
થાયે તો પણ જો કૃપા સંતની કો તમ પર,
મટી જાય ત્યાં ક્ષણમહીં આ તમારું કેન્સર !’’ ૨૮
સુણી બેચરભાઈ વદે ‘‘સમર્થ કયાં છે સંત ?
દુઃખિયાનાં દુઃખ હરે, આપે સુખ અનંત !’’ ૨૯
પ્રેમે બોલતા પ્રજાપતિ ‘કરો ન ચિંતા ભાઈ !
ધરતી નથી આ વાંઝણી એના ખોળા માંઈ; ૩૦
સમર્થ સંતો કંઈ થયા ભૂતકાળમાં એમ,
ભવિષ્યમાં થાશે અને વર્તમાનમાં પણ તેમ. ૩૧
એવા આજ હયાત છે, વસુંધરાને આમ
કરતા પુણ્યવતી અહી ! ધન્ય ! જગતમાં નામ. ૩૨
રેવામાને કાંઠડે, નારેશ્વર શુભ ધામ;
સમર્થ સંત ગાજી રહ્યા, રંગ અવધૂત નામ. ૩૩
જાઓ એના શરણમાં, થાશે બેડો પાર;
થાશે શકય અશકયનું, અવધૂત તારણહાર !’ ૩૪
સૂણી વચન નિજ મિત્રનાં બહેચરભાઈ હરાખાય,
પણ ચિંતાતણો કીડો અહા ! કાળજું કોરી ખાય. ૩૫
શી રીતે નારેશ્વરે જાવું ત્યાંથી આમ,
વાટખર્ચ માટે નથી ખિસ્સામાં કંઈ દામ ! ૩૬
પ્રજાપતિ સમજી ગયા મિત્રતણી મૂંઝવણ,
રૂપિયા પચ્ચીસ આપીને બોલ્યા પછી વચનઃ ૩૭
‘‘જાઓ સુખે તમે હવે નારેશ્વર મોઝાર,
દીનદયાળ, અવધૂતજી, કરશે તમ ઉદ્ધાર. ૩૮
અરે ! કદાચિત્ ના મટે દર્દ તમારું ત્યાંય,
તોયે છોડી એ ભૂમિ, જાશો બીજે ન કયાંય. ૩૯
રંગ-ચરણઅંકિત એ પવિત્ર ભૂમિ પર,
પડે કદાચિત્ દેહ તો રૂડું એથી ન અવર. ૪૦
મરશે મૃત્યુ જો સ્વયં, થઈ જશે ઉદ્ધાર,
ભવનાં બંધન તૂટશે’ થશો મુકત તે વાર. ૪૧
માટે જાઓ મિત્ર હે ! નારેશ્વર સત્વર,
શરણાગત વત્સલ તિહાં બેઠા સદ્ગુરુવર.’’ ૪૨

સુણી વચન એ મિત્રનાં બેચરભાઈ તે વાર,
નીકળી ત્યાંથી આવિયા નારેશ્વર મોઝાર. ૪૩
નારેશ્વરના દ્વાર પર આવી પહોંચ્યા જયાંય,
પરમ શાંતિ પામતાં, હૈયે હરખ ન માય. ૪૪
નારેશ્વરના સ્થાનમાં પગ મૂકયો જયાં એમ,
બેચરભાઈને લાગ્યું, દુઃખ રહ્યું ના તેમ. ૪૫
સાત્ત્વિક તપ અવધૂતનું સ્થાનમહીં ચોપાસ,
વાયુમંડળમાં વહી, અર્પે દિવ્ય સુવાસ. ૪૬
આગંતુકને એકદમ દિવ્ય અનુભવ થાય,
દિવ્ય સ્પંદનો થાય ને રોમ રોમ હરખાય. ૪૭
તન-મનને શાંતિ મળે, થાય દૂર પરિતાપ,
દિવ્યશાંતિના સાગરે ડૂબે ભૂલી આપ ! ૪૮
એવા અનુપમ સ્થાનમાં, પ્રવેશ કરતાં આમઃ
બેચરભાઈ ભૂલી ગયા, તમ-મન દુઃખ તમામ. ૪૯
ધીમે ધીમે તિમિરમાં આગળ વધવા જાય,
મમતાતણી મૂર્તિ સમા મોદી મળિયા ત્યાંય, ૫૦
જોઈ રોગી-અશકત એ મોદીકાકા ત્યાંય,
હાથ ઝાલીને દોરતા, ગયા ઓરડી માંહ્ય. ૫૧
વાત વિગતે પૂછી બધી, જાણી એનું દુઃખ !
આર્દ્રહૃદય તપસી હવે ! થાયે કેમ વિમુખ ? ૫૨
બહાર સ્થાનની દૂર જે હતી ઓરડી આમ,
‘‘કેન્સર’’ રોગી ભાઈને આપ્યો ત્યાં મુકામ. ૫૩
પાણી-પાથરણાં અને ફાનસની વળી એમ,
કરી વ્યવસ્થા તપસીએ રોગી માટે તેમ. ૫૪
કંઠે ‘‘કેન્સર’’ ગાંઠથી રકત પરુ વહી જાય,
ખૂબ દુર્ગંધ આવતી, પાસે ના બેસાય. ૫૫
તોયે મોદી ભાવથી કાઢયા વિણ કો આહ,
શુશ્રૂષા કરતા અહા ! ધન ધન તપસી ! વાહ ! ૫૬
ઉષ્ણોદકથી ઘા ધૂએ, નિત્ય કરાવે સ્નાન,
વસ્ત્રો બદલાવે પછી, સ્વચ્છ ધોયેલાં જાણ. ૫૭
અન્ન પય ઉતરે નહિ, કંઠે પીડા અપાર,
મુસબીતે જલ-ઘૂંટડો પણ ઉતરે કોઈ-કોઈ વાર. ૫૮
ત્રણ ત્રણ દિન મોદી કરે, એમ શુશ્રૂષા ત્યાંય,
રોગી બેચરભાઈને પડે ફેર ના કયાંય. ૫૯
તન તો હતું નબળું જ ને નબળું થયું પણ મન,
બેચરભાઈને લાગતું, ગણાઈ ગયા છે દન. ૬૦

મૃત્યુ દિવસ નજીક છે, બે-ત્રણ દિનનો ખેલ,
રોગી રટે શ્રીદત્તને તૂટચો આશા-મ્હેલ. ૬૧
ત્યાં તો ચોથે દિન અહા ! સ્વયં રંગ દયાળ,
મોદીજીને પૂછતા રોગી કેરી ભાળ. ૬૨
''કેન્સરવાળા ભાઈને કહો, કેવું છે ? એમ !
એ તો અહીં મરવાતણી આવ્યા છે લઈ નેમ. ૬૩
કિન્તુ અવધૂતધામમાં યમદૂતો પણ એમ,
આજ્ઞા વિણ અવધૂતની શકે પ્રવેશી કેમ ? ૬૪
'દત્ત-દત્ત' ની ગર્જના સૂણતાં દૂરથી એમ,
યમદૂતો મૂઠી દઈ ભાગે ભયથી તેમ, ૬૫
માટે બેચરભાઈને લાવો અહીંયા સદ્ય,
'કેન્સર' કેવું એમનું, જોઉં જરા હું અદ્ય. ૬૬
અવધૂતની આજ્ઞાતણો ઝીલીને પડકરા,
તપસી હરખ્યા મન વિષે દોડચા તેણીવાર. ૬૭
હાથ ગ્રહી એ ભાઈનો ધીમે-ધીમે એમ,
સમક્ષ શ્રીઅવધૂતની, લાવી દીધા તેમ. ૬૮
બોધિ સમ લીમડા નીચે, માટી-ઓટલે ત્યાંય,
સંતોના શિરતાજ હા ! બેઠા સદ્ગુરુરાય. ૬૯
તેજપૂંજ અવધૂતનાં દર્શન કરતાં વાર,
બેચરભાઈની આંખથી વહેતી અશ્રુધાર. ૭૦
કંઠ ગદ્ગદ્ થઈ ગયો, થાય ન શબ્દોચ્ચાર;
દુબળા કર બે જોઈને વંદે વારંવાર. ૭૧
જોઈ દશા આ દીનની દ્રવિયા દીનદયાળ,
મધ-મીઠા શબ્દે પછી પૂછે પરમ કૃપાળઃ ૭૨
શું થયું છે ? કેન્સર ? તમને બેચરભાઇ ?''
''હા બાપજી ! પૂર્વના કર્મતણી જ તવાઇ. ૭૩
કેન્સર મારા કંઠમાં કરે પીડા અત્યંત,
લાવી હવે તો દો પ્રભુ ! જલ્દી મારો અંત. ૭૪
દુઃખી થાઉં જાનથી, આપું અન્યને દુઃખ;
માટે આવે મૃત્યુ તો થાયે સઘળે સુખ!'' ૭૫
એમ કહીને રોગી એ મૂકી ભૂપર માથ,
ફરી ફરી વંદી રહ્યો જોડી બન્ને હાથ. ૭૬
મેઘ-ગભીર સ્વરે તિહાં બોલ્યા સદ્ગુરુનાથઃ
''અરે ! હમણાં મોતની કેવી કરો છો વાત ? ૭૭
નથી તમારે હાલમાં મરવાનું ઓ ભાઇ !
લાંબુ જીવન જીવીને કરવી ભક્તિકમાઇ !'' ૭૮
અમૃતની હેલી સમા સુણી વચન સુખકર,
ક્ષણભર લાગ્યું એમને મટી ગયું કેન્સર ! ૭૯
અતિરેક આનંદનો નયનદ્વારથી એમ
સરકી બિન્દુ રૂપથી ભૂમિ ભીંઝવે તેમ. ૮૦
જબ્બર ઝરતા ભાવના દિવ્ય પ્રવાહે એ એમ,
મોદીજી પણ વહી રહ્યા, થયા મૂક ક્ષણ તેમ. ૮૧
ક્ષણ-બે ક્ષણ આ બેઉને ભાવનિર્ઝર માંહ્ય,
વહેવા દીધા ને પછી બોલ્યા સદ્ગુરુ ત્યાંયઃ ૮૨
''જુઓ, બેચરભાઇ ! તમે કરો એક ઉપાય,
જેથી તમારું દર્દ આ ઘર-મૂળથી જાય ! ૮૩
સૂણો અહીં નારેશ્વરના દિવ્ય શિવાલય માંહ્ય,
બ્રાહ્મણદ્વારા માટીના પાર્થેશ્વર જે થાય; ૮૪
તે પાર્થેશ્વરદેવનું સાયંકાળે એમ,
રોજ વિસર્જન થાય છે, રેવાજળમાં તેમ; ૮૫
ત્યારે તે ભગવાનની કાળી-ચીકણી જેહ,
માટી લેવી ભાવથી રાખ્યા વિણ સંદેહ. ૮૬
મલમલના કપડા મહીં અંતર-પટ કરી એમ,
કેન્સરના કાણાં ઉપર બાંધી રાખો તેમ. ૮૭
સૂકાઇ જાય એ માટી તો બીજી લઇને આમ,
શ્રદ્ધાથી બાંધ્યા કરો સ્મરી દત્તનું નામ. ૮૮
જાઓ મુજ આશિષ છે, પંદર દિનમાં આમ,
નષ્ટ કેન્સર થઇ જશે, જાશે પીડા તમામ. ૮૯
જાઓ શ્રદ્ધાથી સ્મરો સમર્થ શ્રીગુરુદત્ત,
બોલાવું હું જયાહરે ત્યારે આવજો અત્ર.'' ૯૦
એમ કહી અવધૂતજીએ ઊંચો કરી નિજ હાથ,
બેચરભાઇને આપિયા અંતર આશીર્વાદ. ૯૧
ભાર નીચે આભારના દબાએલો એ ભકત,
કુંઠિત-કંઠે નમી રહ્યો, શબ્દ બોલવા અશક્ત ! ૯૨
ધીમે ધીમે ચાલીને, આવ્યો નિજ મુકામ;
આખો દિન પડ્યો રહ્યો સ્મરતો સદ્ગુરુનામ. ૯૩
સાયંકાળે જયાહરે કરવા વિસર્જન
પાર્થેશ્વરનું નીકળ્યા પવિત્ર એ બ્રાહ્મણ; ૯૪
ત્યારે બેચરભાઇએ, વંદી વિપ્રને એમ;
વિનતી કરી માગી લીધી, થોડી માટી તેમ. ૯૫
કેન્સરના કાણાં ઉપર બાંધી માટી એહ,
સ્મરતાં શ્રીગુરુદત્તને, ટાળી સહુ સંદેહ. ૯૬

માટી એ બાંધ્યા પછી, દાહ થયો કંઈ શાન્ત;
લીધી આખી રાત ત્યાં નિદ્રા ગાઢ પ્રશાન્ત; ૯૭

પ્રાતઃકાળે જાગતાં, હલકું ફૂલ શરીર;
સ્ફૂર્તિ આવી તન વિષે, ઘણી ઘટી ગઈ પીર. ૯૮

બેચરભાઈના અંતરે વ્યાપ્યો હર્ષ અપાર,
દત્ત કહી બાંધતા માટી વારંવાર. ૯૯

ત્રણ દિવસમાં કંઠનું લુપ્ત થયું સહુ દુઃખ,
પ્યાલા ભરી ભરી જો પીતા દૂધ લાગતાં ભૂખ. ૧૦૦

આઠ દિવસમાં તો અહા ! ખાવા લાગ્યા અન્ન,
ઢીલી-ખીચડી છાશ ને પ્રવાહી શું ભોજન. ૧૦૧

થતાં દિવસ અગિયાર હા ! દર્દ થઈ ગયું નષ્ટ,
કેન્સરકાણું ગુમ થયું, થયું શરીર કંઈ પુષ્ટ. ૧૦૨

શક્તિ આવી શરીરમાં ચાલે વિણ આધાર,
ઊંચા સાદે મોદથી કરે ભજન-લલકાર. ૧૦૩

બિન આધારે એકલા જાયે રેવાતીર,
રેવાસ્નાન કરી સુખે, પાવન કરે શરીર. ૧૦૪

અઢારમે દિવસે અહા ! અવધૂતજીએ ખાસ,
કૃપા કરી બોલાવિયા બેચરભાઈ નિજ પાસ. ૧૦૫

''બોલાવે બાપજી'' એવું સૂણતાં માંહ્ય,
બેચરભાઈના અંતરે આનંદ અતિ ઉભરાય. ૧૦૬

વહેલા-વહેલા દોડીને ફળ-પુષ્પો લઈ હાથ,
હર્ષે નાચતા કૂદતા સ્મરતા સદ્‌ગુરુનાથ; ૧૦૭

આવ્યા અવધૂત સન્નિધે, ઢળી પડ્યા પગ માંહ્ય;
કંઠ ગદ્‌ગદ્‌ થઈ ગયો, નેત્રનીર છલકાય. ૧૦૮

અવધૂતજીનાં ચરણમાં, પડી ર્‌હયા કંઈ વાર;
ભાવોદ્રેકે થાય ના, મુખથી શબ્દોચ્ચાર. ૧૦૯

અલખ નિરંજનને કહે શું બોલે એ ભક્ત ?
શક્ય કર્યું અશક્યનું અવધૂત ! ધન્ય ! સમર્થ* । ૧૧૦

અસાધ્ય 'કેન્સર' રોગ, આ કળિકાળમાં જાણ,
થાયે જેને નિશ્ચયે, જાય લઈને પ્રાણ. ૧૧૧

બડા બડા વિજ્ઞાનીઓ નિજ ભેજાને હાય
કસી-કસીને મથી રહ્યા, શોધવા કો ઉપાય. ૧૧૨

તોય સફળ હજુ ના થયા, ગઈ મથામણ વ્યર્થ;
'કેન્સર' કેરો વૈદ્ય કો પાક્યો નથી સમર્થ, ૧૧૩

'કેન્સર' મટાડિયું, પંદર દિનની માંહ્ય;
માટી-લેપન માત્રથી ધન્ય ! ધન્ય ! ગુરુરાય ! ૧૧૪

એવા સમર્થ સંતને, છોડી બીજે ક્યાંય;
ભટકે તે પામર નકી અંધારે અથડાય. ૧૧૫

બેચરભાઈ પડી રહ્યા રંગ-ચરણની માંહ્ય,
કહેવું છે તો ઘણું-ઘણું, મુખથી ના બોલાય ! ૧૧૬

અવધૂત અંતર્યામી એ ભક્ત-હૃદયની વાત,
જાણી ગયા ઊભા થઈ, ગ્રહ્યો ભક્તનો હાથ. ૧૧૭

હાથ ગ્રહી ઊભા કર્યા, બેચરભાઈને તુર્ત;
મધ-ઝરતા શબ્દે પછી બોલી રહ્યા અવધૂતઃ ૧૧૮

''જોયું ! કેવા દયાળુ છે દત્ત સદ્‌ગુરુવર !
કેન્સર બિચારું કેન્સલ થઈ ગયું ભક્તપ્રવર ! ૧૧૯

એની દયાથી ના કશું, વિશ્વે અશક્ય જાણ;
મેરુનું તરણું કરે, તરણું મેરુ સમાન. ૧૨૦

દાક્તર તો કહેતા હતા, તમને કડવી વાણ
'બેચરભાઈ છો તમે કંઈ દિનના મહેમાન !' ૧૨૧

માનવ ધારે એક પણ બીજું જો ભગવાન,
માટે છોડી વ્યગ્રતા ધરો પ્રભુનું ધ્યાન.'' ૧૨૨

મધ-ઝરતી અવધૂતની સૂણી મીઠી વાણ,
બેચરભાઈ હિંમત કરી બોલ્યા જોડી પાણઃ ૧૨૩

''ધન્ય કૃપા પ્રભુ ! આપની, મટિયો મારો રોગ;
દર્શન પામ્યો આપનાં, પૂર્વ પુણ્યસંજોગ ! ૧૨૪

શી સ્તુતિ કરું આપની ? અભણ હું પામર જન,
કેન્સર મારું મટાડિયું, ધન્ય ધન્ય ભગવન્ !'' ૧૨૫

એમ કહી વંદી રહ્યા ભક્ત એ વારંવાર,
ત્યાં તો મંદ હસી વદ્યા કરુણાપારાવારઃ ૧૨૬

''અરે ! બેચરભાઈ ! તમે કેવી કરો છો વાત ?
તમ શ્રદ્ધા ને ભક્તિથી રીઝ્યા સદ્‌ગુરુનાથ. ૧૨૭

નથી મેં તો કાંઈ કર્યું, કરણહાર કિરતાર;
મારા સદ્‌ગુરુનાથ એ ભક્તનતારણહાર'' ૧૨૮

એમ કહી અવધૂતજી મીંચી પલભર નેન,
ધ્યાન કરી નીરખી રહ્યા ગુરુપદકંજ સુચૈન. ૧૨૯

ગુરુદર્શનના હર્ષથી પ્રણવ-પ્રણયી નેન,
ખોલીને અવધૂતજી, બોલ્યા મધુરાં વેણઃ ૧૩૦

''અરે ! બેચરભાઈ તમે અહીં એક-બે માસ
રહો, જે થકી રોગની ચાલી જાય કચાસ. ૧૩૧

રસોડે જે થાય તે ભોજન જમજો નિત્ય,
સેવા કરજો સમરજો પ્રભુને ધારી પ્રીત્ય.'' ૧૩૨

*જૂનો પાઠ 'શક્ત'

આજ્ઞા શ્રીઅવધૂતની ધારી શિર પર ખાસ,
બેચરભાઈ નારેશ્વરે, રહી પડ્યા બે માસ. ૧૩૩
બેમાસ પૂરા થતાં, બેચરભાઈ એક દન
સદ્‌ગુરુ પાસે આવીને બોલ્યા નર્મ વચનઃ ૧૩૪
''મુદત અહીં રહેવાની પૂરી થઈ છે આજ,
પણ મારી એક વિનતી હૃદયધરો ગુરુરાજ ! ૧૩૫
આજે મુજ મનડા વિષે ઊગ્યો એક વિચાર,
સેવા કરવા સ્થાનની આખો મુજ અવતાર ૧૩૬
અહીં રહું ને અહીં જ હું ત્યાગું મારા પ્રાણ,
એ ઈચ્છા બસ માહરી પૂર્ણ કરો ભગવાન. ૧૩૭
જે અવધૂતે દયા કરી, દીધો મુજને પ્રાણ;
તે અવધૂતના સ્થાનમાં જાઓ મારા પ્રાણ !! ૧૩૮
એટલી મારી માગણી, સૂણી હે ! ભગવાન !
કરતાં સદ્‌ગુરુસ્મરણ હા ! છૂટે મારા પ્રાણ'' ૧૩૯
સૂણી વચન એ ભક્તનાં, દયાવંત અવધૂત,
બોલ્યા જાણે મુખથકી વહી રહ્યું અમૃત ! ૧૪૦
''કેમ ભૂલ્યા ભગત તમે મિત્રઋણ આ વાર ?
દેવાના છે મિત્રને રૂપિયા પાંચ હજાર. ! ૧૪૧
ઋણશેષ રખાય ના, માટે કરો વિચાર,
મરતાં પહેલા આપી દો મિત્રને પાંચ હજાર'' ૧૪૨
સુણી વચન સદ્‌ગુરુતણાં બેચરભાઈ પલવાર,
આશ્ચર્યમાં ડૂબી ગયા, દેખી આ ચમત્કાર ! ૧૪૩
''મારે મારા મિત્રનું દેવું પાંચ હજાર,
છે એ શ્રી અવધૂતજી જાણી ગયા આ વાર. ૧૪૪
વાત હતી અતિ ગુપ્ત આ, નહોતી કોઈને ખબર;
લેણ-દેણ બે જ જણ જાણતા પરસ્પર. ૧૪૫
તો પછી અવધૂતજી જાણી ગયા આ વાત,
અંતર્યામી એ નકી સ્વયં દત્ત સાક્ષાત્ !'' ૧૪૬
એમ વિચારી મન વિષે બોલ્યા બેચરભાઈઃ
''શી રીતે હવે પ્રભુ ! કરી શકું કમાઈ ? ૧૪૭
કેન્સર કેરા રોગથી કૃશ બન્યું આ તન,
હવે કોણ રાખે મને ? નોકરીએ ભગવન્ ! ૧૪૮
મંદ હસી અવધૂતજી બોલ્યા તેણીવારઃ
''અરે ! નોકરીની તમે ચિંતા ન કરો લાગર. ૧૪૯
જાઓ અમદાવાદમાં મળશે નોકરી તેમ,
દેવું પણ ચુકવાઈ જશે થાશે સઘળું ક્ષેમ.'' ૧૫૦
મારા આશીર્વાદ છે, ધરો ન ચિંતા મન;
યાત્રા થાશે ને વળી થશે સિદ્ધદર્શન'' ૧૫૧
એમ કહી અવધૂતજીએ ઊંચો કરીને હાથ,
આશિષ આપી ભક્તને, ધન્ય ! સદ્‌ગુરુનાથ. ૧૫૨
કૃતજ્ઞતાના ભારથી નીચું નમાવી માથ,
ગદ્‌ગદ્ થઈ એ ભક્ત હા ! જોડી રહ્યા બે હાથ. ૧૫૩
શરદશશી શું રંગનું નયનમનોહર મુખ,
નયન ભરી-ભરી નીરખી, પામ્યા અંતરસુખ. ૧૫૪
રંગ-ચરણ-કમળે અહા ! વંદી વારંવાર,
બેચરભાઈએ છોડિયું નારેશ્વરનું દ્વાર. ૧૫૫
આવ્યા અમદાવાદમાં મિત્ર પ્રજાપતિ જયાંય,
મળ્યા, પરસ્પર ભેટિયા હૈયે હર્ષ ન માય. ૧૫૬
કેન્સર પણ મટી ગયું, કેવો ચમત્કાર !
મિત્રોએ અવધૂતનો બોલાવ્યો જયકાર. ૧૫૭
મળ્યા ચીનુભાઈ શેઠને નગરપતિ શ્રીમંત,
વિગતે વાત કરી બધી પામ્યા હર્ષ અનંત. ૧૫૮
નોકરીએ રાખી લીધા બેચરભાઈને તુર્ત,
વેતન પણ ખાસ્સું મળ્યું, ગુરુકૃપા અદ્‌ભુત. ૧૫૯
એકનિષ્ઠાથી અને પ્રામાણિકપણે તેમ,
કંઈક વર્ષ સુધી કરી નોકરી ત્યાં એમ. ૧૬૦
પરસેવો રેલાવીને કરી એકઠું ધન,
ઋણ બધું ચુકવી દીધું, થાતું હળવું મન. ૧૬૧
ઋણમુક્ત થયા પછી, છોડી સઘળો ભાર,
યાત્રા કરવા નીકળ્યા, આવ્યા ગિરિ ગિરનાર. ૧૬૨
સદ્‌ગુરુની આશિષથી, થયાં સિદ્ધદર્શન,
ભ્રમણા ભાગી ને થયું શુદ્ધ અંતઃકરણ. ૧૬૩
પવિત્ર વિધ-વિધ સ્થાનમાં રહીને કર્યું ભજન,
ગયા સિદ્ધપુરને વિષે સરસ્વતી પાવન. ૧૬૪
સરસ્વતીના તટપરે શિવાલયની એક
ઓરડીમાં રહીને કરે, ભજન ધરી વિવેક. ૧૬૫
આજે પણ હયાત છે ભક્ત આ બહેચરદાસ,
સરસ્વતીના તટપરે સિદ્ધપુર કરે નિવાસ. ૧૬૬
લગભગ એંસી વર્ષની જૈફ ઉંમરે આજ,
ભજન-કીર્તન રત રહે, સ્વયં કરે નિજ કાજ. ૧૬૭
આજે પણ કો જઈ પૂછે ''કહોને બેચરદાસ
તમને થયેલું કેન્સર મટ્યું શી રીતે ખાસ !'' ૧૬૮

સુણતાં બેચરદાસનું મુખડું મલકે ખાસ,
નયને નવ ચમકાર ને વદને દિવ્ય પ્રકાશ. ૧૬૯

ત્યાં તો જાણે એકદમ ઉતરી જાય તુર્ત,
અતીતના ઊંડાણમાં સ્મરતાં સદ્‌ગુરુમૂર્ત. ૧૭૦

નયને નીર છલકાય ને મન આનંદ વિભોર
થઇને, જય અવધૂતનો ગજવે ચારે કોર! ૧૭૧

અલખ નિરંજનને કહે આવા કંઇ કંઇ કામ
કીધાં છે અવધૂતજીએ, ભકતના સુખધામ. ૧૭૨

કોણ વર્ણવે એ બધાં ? વૈખરી હારી જાય,
એક કહું કે અન્ય ત્યાં, આવી ખડું થઇ જાય !! ૧૭૩

શું કહું શું ના કહું ! અવધૂતલીલા અપાર,
હું તો સ્મરી-સ્મરી રંગને, વંદુ વારંવાર. ૧૭૪

સૂણ એક દૃષ્ટાંત તું જેથી પાતક જાય,
સદ્‌ગુરુ-ચરણ જો ભક્તિ દૃઢ ને મજબૂત થાય. ૧૭૫

પોર ગામના વિપ્ર એ નામે ચંદુલાલ,
પરમ ભકત અવધૂતના ગાયે ભજન રસાળ. ૧૭૬

પૂર્વકર્મના યોગથી, ચંદુલાલને એમ;
દર્દ થયું નિજ જઠરમાં, આપે પીડા તેમ. ૧૭૭

અન્નાદિક જે ખાય તે પચે નહિ લવલેશ,
ગડુડુડુ બોલે પેટમાં વ્યાપે અતિશય કલેશ. ૧૭૮

સાફ દસ્ત આવે નહિ પીડા અતિશય થાય,
શૂળો વાગે પેટમાં, બેઠું ના રહેવાય. ૧૭૯

વૈદ્યો-દાકતર કંઇ કર્યા, કીધા કંઇક ઉપાય,
તોયે દર્દ ઘટે નહિ દિન દિન વધતું જાય. ૧૮૦

શરીર દુર્બળ થઇ ગયું, રહી ન શક્તિ લગાર,
જિહ્‌વામાંથી સ્વાદ પણ ચાલ્યો ગયો તે વાર. ૧૮૧

ખાટું ખારું કે ગળ્યું લાગે કંઇ ના સ્વાદ,
મીઠાઇ મેવા એમને ના આપે આહ્‌લાદ. ૧૮૨

મરચાંના મૂઠી ભરી મારે ફાકા તોય,
લાગે ના તીખું જરી, કાગળ સમ એ હોય ! ૧૮૩

રાતે ઊંઘ ન આવતી, ગમે ના દિવસ કયાંય,
શક્તિ-સ્ફૂર્તિ શરીરમાં રહી ન તલભર ત્યાંય. ૧૮૪

કંટાળ્યા ઔષધ થકી, દાકતર-વૈદ્ય અનેક;
થાકયા સર્વ ઉપાયથી, ગયા વ્યર્થ સહુ છેક. ૧૮૫

એક સમે મધરાત થઇ ઊંઘ ન આવે લગાર,
ચંદુલાલ પથારીમાં બેસી કરે વિચારઃ ૧૮૬

‘‘રોગ મારો અસાધ્ય છે નહિ ટકે આ પ્રાણ,
ઉપાય વ્યર્થ ગયા બધા શું ધાર્યું ભગવાન !’’ ૧૮૭

એમ કહી માથું કુટી નાખી રહ્યા નિઃશ્વાસ,
મન ભાંગ્યું ને મૂકી દીધી જીવવા કેરી આશ. ૧૮૮

ઊંડી ગયેલી આંખથી, ઝાંખી દૃષ્ટિ એમ
ફરતાં ચોગમ એ પડી સામી ભીંતે તેમ. ૧૮૯

એ ભીંતે અવધૂતની છબી મનોહર એક,
વીજ-દીવાના પ્રકાશમાં જોઇ લટકતી છેક. ૧૯૦

મધુર હાસ્ય મુખ પર ઊંચો કરીને હાથ,
અવધૂતજી દેતા હતા, અભય-આશીર્વાદ. ૧૯૧

દૃષ્ટિ ચંદુલાલની પડતાં એ છબી પર,
રોમ-રોમમાં સ્પંદનો જાગી ઊઠ્યાં સત્વર. ૧૯૧

સરવાણી આનંદની ફૂટી રહી મનભર,
અંગ-અંગ નાચી રહ્યું આનંદે પલભર. ૧૯૩

તન-મન દુઃખ ભૂલી ગયા, થયા હૃદયમાં હૃષ્ટ,
રંગછબીદર્શન થકી, દુઃખ થયું ક્ષણ નષ્ટ. ૧૯૪

જોડી બન્ને હાથ એ લાગ્યા ફરી ફરી પાય,
આર્ત સ્વરે અવધૂતની કરે પ્રાર્થના ત્યાંયઃ ૧૯૫

‘‘હે અવધૂત ! દયાનિધિ ભકતવત્સલા નાથ !
તુજ વિણ મારું વિશ્વમાં કોઇ નથી હે તાત ! ૧૯૬

જાણું તવ સામર્થ્ય હું, તોયે હું મતિમંદ;
ભટકયો અવળો વિશ્વમાં, કીધા ખોટ ફંદ. ૧૯૭

અમૃત આંગણમાંવહે તોયે અજ્ઞાનાંધ,
બાહિર ફાંફા મારીને વૃથા રચ્યા આ છંદ. ૧૯૮

ક્ષમા કરો અપરાધ એ મારા સદ્‌ગુરુનાથ !
મેં તો તારા ચરણમાં, મૂકયું આજે માથ. ૧૯૯

હવે બીજે કયાંય પણ, નહિ જાઉં ગુરુનાથ !
તુજ ચરણે માથું મૂકયું, તું જ ઝાલજે હાથ !’’ ૨૦૦

એમ હૃદયથી પ્રાર્થના કરીને ચંદુલાલ
મન વિચારે ‘‘અરે ! મને કેમ ન આવ્યો ખ્યાલ ૨૦૧

પહેલેથી અવધૂતનો ? ભટકયો જગમાં વ્યર્થ,
દર્દ વધાર્યું ને વળી ઘણું ગુમાવ્યું ગર્થ. ૨૦૨

મારે માથે સમર્થ છે મારા સદ્‌ગુરુનાથ,
ભૂલ્યો કેમ અભાગી હું નારેશ્વરના નાથ ? ૨૦૩

હાવે સત્વર જાઉં હું નારેશ્વર મોઝાર,
શરણ ગ્રહી અવધૂતનું કરી દઉં બેડો પાર’’ ૨૦૪

એમ વિચારીને સૂતા, હળવું કરીને મન;
ત્યાં તો પ્રાતઃકાળ થયો ધન્ય ઊગ્યો એ દન! ૨૦૫
નિત્ય નિયમ પરવારીને થઈ ગયા તૈયાર,
નારેશ્વર જવા અહા ! ક્ષણે ન લાગી વાર. ૨૦૬
ત્યાં તો કોઈએ આવીને આપ્યા સમાચાર,
અવધૂતજી આજે નથી નારેશ્વર મોઝાર, ૨૦૭
અવધૂતજી ગઈકાલના પધાર્યા છે આમ,
દત્તજયંતી ઉત્સવે, સુરાશામળ ગામ. ૨૦૮
ચંદુલાલ ઉપડી ગયા, લઈ એક જણ સાથ;
સૂરાશામળ ગામ જ્યાં બિરાજતા ગુરુનાથ. ૨૦૯
ફળ-પુષ્પો અવધૂતનાં ચરણે ધરીને આમ,
ભાવ-ભીની આંખથી કર્યા દંડવત્ પ્રણામ. ૨૧૦
નયન ભરી-ભરી નીરખી સદ્‌ગુરુમૂરત મનો'ર,
શબ્દ-સુધા શ્રવણે પડે, નાચી રહ્યો મનમોર ! ૨૧૧
પલભર એ ડૂબી ગયા આનંદાર્ણવ માંહ્ય,
તન-મનના તાપો શમ્યા ધન્ય ! સંતની છાંય ! ૨૧૨
સદ્‌ગુરુની દૃષ્ટિ પડી, ક્ષણાર્ધ માટે જયાંય;
ત્યાં તો ચંદુલાલમાં ચેતન જાગી જાય. ૨૧૩
મુખમાંથી વાણી સરે, નયને જલ ઉભરાય;
સાદ્યંત નિજ દુઃખને કર્યું નિવેદિત ત્યાંય. ૨૧૪
કંઠ થયો ગદ્‌ગદ્ અને આંસુ વહે નયન,
''આપ બચાવો ગુરુવર ! આપ જ એક શરણ.'' ૨૧૫
આર્તનાદ નિજ ભકતનો સૂણી દ્રવ્યા અવધૂત,
મંદ હાસ્ય મધુરું કરી બોલ્યા વચનામૃતઃ ૨૧૬
''અરે ! નથી તને કંઈ થયું, ચંદુ ! શેં ગભરાય ?
પાચન-શક્તિ મંદ કંઈ પડી ગઈ છે આંહ્ય. ૨૧૭
માટે ગભરાયા વિના કર કહું તે ઉપાય,
જેથી એક સપ્તાહમાં દર્દ તાહરું જાય. ૨૧૮
પ્રાતઃકાળે ઊઠીને નરણે કોઠે એમ,
ઉષ્ણોદક પાશેરમાં લીંબુ નીચોવી તેમ. ૨૧૯
એ ઉષ્ણોદક પી જવું, પીધા પછીથી એહ;
ના લેવું બીજું કશું સાંભળ વિણ સંદેહ. ૨૨૦
કલાક બે-ત્રણ જાય પછી ચા-કોફી કે પય,
જે કંઈ લેતા હોય તે લેવું સુખે નિશ્ચય. ૨૨૧
એમ એક સપ્તાહ તું લીંબુમિશ્રિત એમ,
ઉષ્ણોદક સવારમાં નરણે કોઠે તેમ ૨૨૨
લે જેથી તુજ રોગ આ મૂઠી દઈને એમ,
ભાગી જશે, જા બધું થાશે સઘળું ક્ષેમ, ૨૨૩
દત્તનાસંકીર્તને કરજે મનને શુદ્ધ,
રોજ રોજ ભજન કરી, રીઝવ દત્ત પ્રબુદ્ધ. ૨૨૪
સદ્‌ગુરુની આશિષ વળી, નિમિત્ત ઔષધ માત્ર,
લઈને ચંદુલાલના હરખી ઊઠ્યાં ગાત્ર. ૨૨૫
ફરી ફરી વંદન કરી સદ્‌ગુરુચરણે એમ,
ચંદુલાલ આવી ગયા પોર ગામમાં તેમ. ૨૨૬
શ્રદ્ધાથી ઔષધ લીધું સદ્‌ગુરુવાકય પ્રમાણ,
ત્રણ દિનમાં રોગનું રહ્યું ન નામ-નિશાન. ૨૨૭
ભોજન કાજે રુચિ વધી આવ્યો જીભમાં સ્વાદ,
શકિત આવી શરીરમાં, થયો દૂર વિષાદ. ૨૨૮
ચંદુલાલ સાજા થયા, થયો હર્ષ અપાર,
અસાધ્ય રોગ મટી ગયો ધન્ય ! ધન્ય અઘહાર ! ૨૨૯
અલખ કહે, અવધૂતની લીલા અપરંપાર,
ગાતાં સૂણતાં ભકતનાં ભાગે કલેશ-વિકાર. ૨૩૦
સંસારે સંતપ્તના શમાવવાને તાપ,
રંગરૂપે અવનિ વિષે પ્રગટ થયા પ્રભુ આપ. ૨૩૧
અનંત ભવસાગરતણી જવા પેલે પાર,
નૌકા સદ્‌ગુરુશરણની, જાણી કર સ્વીકાર. ૨૩૨

'બાલક' સેવે રંગને વરસે અમૃતધાર;
એની લીલા એ લહે આગળ એ વિસ્તાર. ૨૩૩

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખ નિરંજનસંવાદે ભક્તમહારોગનિરસનં નામ સપ્તચત્વારિંશોઽધ્યાયઃ ।।૪૭।। દોહરા ।।૨૩૩।।

## અધ્યાય : ૪૮

સદ્‌ગુરુપદપંકજ સ્મરી વંદી વારંવાર,
મલકત મુખડે અલખજી, બોલ્યાઃ સાંભળ, બાળ ! ૧
એક સમે અવધૂતજી પોર ગામની માંહ્ય,
હતા બિરાજયા સરિત્ તટે પર્ણકુટિની માંહ્ય. ૨
નિત નૂતન લીલા કરે, નિત નવલો આનંદ;
હર-પળ છોળો હાસ્યની વેરે આનંદકંદ. ૩
આનંદ અતિ સાત્ત્વિક હા ! ચોગરદમ રેલાય,
સાંનિધ્યે અવધૂતના શોક મળે ના કયાંય. ૪

ભકતોથી વીંટાઈને જયારે સદ્‌ગુરુરાય
ખુરસી પર બિરાજતા વાર્તા કરતા ત્યાંય. ૫
ઊડે છોળો હાસ્યતણી હૈયે આનંદ થાય,
અવનિપર આનંદનું સ્વર્ગ ખડું થઈ જાય ! ૬
ભકતો સૌ ભૂલી જતા નિજ તન-મનનું દુઃખ,
સદ્‌ગુરુના સાંનિધ્યમાં, સદાય સુખ ને સુખ. ૭
બ્રાહ્મમુહૂર્ત મળસ્કે ચાર વાગતાં માન,
'જય ગુરુદેવદત્ત' કરી કરે સદ્‌ગુરુ ઉત્થાન. ૮
દંતધાવન કરે અને મુખશુદ્ધિને માટ,
ખૂબ ખખળાવી કોગળા કરે સદ્‌ગુરુનાથ. ૯
મળત્યાગ કરી આવીને શીતલ જલથી સ્નાન,
લોટે લોટે શરીર પર રેડી કરે ભગવાન ! ૧૦
શુદ્ધ ખાદી અંગૂછે ઘસી ઘસીને અંગ
લૂછે સદ્‌ગુરુ ચિવટથી ભકતન ભવ-ભય-ભંગ. ૧૧
શુભ્ર શુદ્ધ ખાદીતણું કૌપીન કટી પર એમ,
કસી કસીને બાંધતા, સહજ રીતથી તેમ. ૧૨
આજુબાજુ વીંટાઈને શિષ્ય ઊભા તે સાથ,
હસી હસી વાતો કરે ખૂબ હસાવે નાથ ! ૧૩
વાતો કરતા જાય ને સહજ રીતે ગુરુરાય,
બદલે કૌપીન તોય ના મર્યાદા લોપાય. ૧૪
આંગળીઓનો કાંસકો ફેરવતાં ગુરુરાય,
જટા-લટૂરી ઓળતા જોતાં મન હરખાય. ૧૫
આંગળીઓથી વાળને ઓળતાં અવધૂત,
જોવા એ પણ જીવનનો લ્હાવ હતો અદ્‌ભુત. ૧૬
સ્નાન કરીને કુટિરનાં, કરી બારણાં બંધ,
બેસી જતા ધ્યાનમાં, સમર્થ સદ્‌ગુરુ રંગ. ૧૭
ધ્યાનાનંદની મસ્તીમાં રહેતા ત્રણ કલાક,
આઠેક વાગે કુટિરનાં, ખૂલે બારણાં દ્રાક્. ૧૮
દર્શન કાજે ભકત લઈ શ્રીફળ સુમનહાર
આતુર નયને ભાવથી થોભે કુટિરને દ્વાર. ૧૯
દ્વાર ખુલતાં એકદમ થઈ ભાવમાં મસ્ત,
એકી અવાજે ભકત સૌ ગર્જે 'ગુરુદેવદત્ત.' ૨૦
પીપળની છાયા નીચે કાષ્ઠ ખુરસી માંહ્ય,
બિરાજે અવધૂતજી, આનંદ આનંદ થાય. ૨૧
ધ્યાનાનંદની મસ્તી હા ! મુખપર જો રેલાય !
તેજપૂંજ મુખકંજ હા ! મરક મરક મલકાય. ૨૨

ફળ-પુષ્પો ચરણે મૂકી ભકત નમાવે શીષ,
''ૐ...ૐ'' મુખથી વદી, દે અવધૂત આશિષ. ૨૩
પ્રણવ-પ્રણયી નયનથી ઝગ-મગ ઝરતી જ્યોત,
હરી તમિસ્ર ભકતનાં હૃદય જલાવે જયોત ! ૨૪
શરદ-શશી સમ વદન પર દિવ્ય તેજ રેલાય,
નયન-કમળમાં શાંતિનો મા'સાગર ઉભરાય. ૨૫
નાખી નજર ખસે નહિ, તન-મન હર્ષિત થાય;
અષ્ટ પ્રહર નીરખ્યા કરે તોય ન નેન ધરાય. ૨૬
ક્ષણ બે ક્ષણ એ રૂપમાં ભકતો થાયે લુબ્ધ,
ત્યાં તો શ્રીઅવધૂતજી છેડે વાત પ્રબુદ્ધ. ૨૭
મુખદ્રુમથી અમૃત શા શબ્દ-સુમન બે-એક
સર્યાં ન સર્યાં ત્યાંય તો ભકતો કરી વિવેક ૨૮
દૈનિક છાપાંનો મૂકે, ઢગલો ચરણો પાસ;
અવધૂતજી લાગી જતા છાપું વાંચવા ખાસ. ૨૯
મોટાં-મોટાં શીર્ષકો પહેલાં વાંચે એમ,
હોય કંઈ જો ખાસ તો વિગતે વાંચે તેમ. ૩૦
વળી કોઈ લખાણનો કરીને સાત્ત્વિક વ્યંગ,
પોતે ખૂબ હસે વળી હસાવે સૌને રંગ. ૩૧
ભકત ચીમનલાલને બોલાવી નિજ પાસ,
પૂછે કંઈ કંઈ રમૂજથી ગંમત કરવા ખાસ. ૩૨
ચીડવે ચીમનલાલને કરી અનોખી વાત,
ચીમનલાલ ચીડાય ને ખૂબ હસે ગુરુ તાત ! ૩૩
ઊડે છોળો હાસ્યની, હર્ષ બધે રેલાય;
આનંદના સાગરમહીં ભકતો ડૂબી જાય. ૩૪
પાપ તાપ સંસારના, રાગ-દ્વેષ કે શોક,
અવધૂતજીની સંનિધે નાસે મૂકી પોક. ૩૫
અલખ કહે સુણ શિષ્ય હે ! વૈકુંઠ વા કૈલાસ,
કયાં આવ્યું એ કોઈએ જોયું નથી હા ! ખાસ. ૩૬
પણ મેં તો વૈકુંઠને સાથે વળી કૈલાસ,
નયને આજ નીરખિયું અવધૂતજીની પાસ. ૩૭
ભોળા ચીમનલાલનો ધન્ય જન્મ ને જાત !
જેની સાથે સદ્‌ગુરુ કરતા લળી લળી વાત ! ૩૮
ત્યાં તો ઘટિકા યંત્રમાં દસના ડંકા થાય,
ભિક્ષા લેવા સદ્‌ગુરુ સ્વયં કુટિરમાં જાય. ૩૯
ભિક્ષા લઈ અવધૂતજી આવી કુટિરની બહાર,
બેસે કંઈક સમય જો દેતા સુખ કલિતાાર ! ૪૦

તે સમે દર્શનમિષે જે કોઈ આવ્યા જન,
દર્શન સમાધાનથી કરતા ચિત્ત પ્રસન્ન. ૪૧
ઘડી બે ઘડી બેઠા પછી કરી સુખે જલપાન,
કુટિરમાં જાતા પછી કરવાને આરામ. ૪૨
શ્વાસે શ્વાસે દત્તનું નામ રટે અવિરામ,
રામમાં જ આરામ છે એને શો આરામ ? ૪૩
તોયે એ લંબાવતા કાષ્ટ-પાટ પર કાય,
જેથી શિષ્ય-ભક્તોનાં મનડાં કંઈ તોષાય. ૪૪
બરાબર બે વાગતાં ત્યજી પથારી તુર્ત,
'દત્ત..દત્ત'ની ગર્જના કરે મુખે અવધૂત. ૪૫
કુટિર કેરા બારણે ભક્તો ઊભા એમ,
અવધૂતના ઉત્થાનની આતુર નયને તેમ ૪૬
કરે પ્રતીક્ષા તેહ સૌ, સૂણતાં 'દત્ત' નિનાદ,
'જયશ્રી ગુરુદેવ દત્ત' નો કરે પ્રેમથી નાદ. ૪૭
ખોલી દ્વાર કુટિરનાં પહેલાં કરે પ્રણામ,
ત્યાર પછી અવધૂતને લઈ જાયે એ આમ. ૪૮
શૌચાદિક પરાવારીને સદ્ગુરુ કરતા સ્નાન,
ધૌત કૌપીન ધારીને બેસે પછી ભગવાન. ૪૯
સદ્ય-સ્નાન અવધૂતના અંગ અંગથી ત્યાંય,
તેજરશ્મિઓ ફૂટતાં જોતાં નયન અંજાય. ૫૦
એકાદ પ્યાલો ફળતણો લઈને રસ મધુર,
ધ્યાનાનંદની મસ્તીમાં થઈ જતા ચકચૂર. ૫૧
પૂરા ત્રણ કલાક હા ! ધ્યાનમસ્તીમાં મસ્ત,
રહેતા સદ્ગુરુ ને પછી સાડાપાંચે તાત ! ૫૨
કરી સમાધ્યુત્થાન એ આવે કુટિરની બહાર,
ગોબરથી લીંપ્યા ઓટલે બિરાજે એ અઘહાર. ૫૩
ગામ તેમ પરગામથી સેંકડો ભાવિક જન,
ફળ-પુષ્પો લઈ આવતા કરવા ગુરુદર્શન. ૫૪
કુટિર દ્વારપર નયનને રાખી સઘળાં સ્થિર
ધૂન મચવતા દત્તની બેઠા ધારી ધીર. ૫૫
કુટિર દ્વાર ખુલતાં અહા ! થઈને હર્ષે મત્ત,
ગગનભેદી ગર્જના કરે 'ગુરુદેવદત્ત'. ૫૬
માટી કેરા ઓટલે બેસે સદ્ગુરુરાજ,
ત્યાં તો ફળ-ફૂલ હાર લઈ દર્શન કરવા કાજ; ૫૭
શિસ્તબદ્ધ ભક્તો સહુ રાખી વિનય વિવેક,
કરતા દર્શન મનભરી એક પછીથી એક. ૫૮
પેટી-નરઘાં-તાલસહ જામે ભજનનો રંગ,
અવધૂતની ચોપાસ હા ! ઊછળી રહે ઉમંગ. ૫૯
ક્વચિત્ ક્વચિત્ અવધૂતજી કરી આંખ અણસાર,
અમુક ભજન ગાવાતણી દે આજ્ઞા દુઃખહાર ! ૬૦
ક્વચિત્ ભજનિયા સાથ હા ! થઈને ખુશ-ખુશાલ,
આંગળીઓને ચરણપર ઠોકી દેતા તાલ. ૬૧
વળી ક્વચિત્ અવધૂતજી થઈ ભજને મસ્તાન,
નયનો નિજનાં મીંચતા કરવા સ્વરસંધાન, ૬૨
વદનકમળ અવધૂતનું ખીલ્યું જાણે સરોજ !
આમ અહીં આનંદની ઉછળે છોળો રોજ. ૬૩
સાડા-સાત સુધી અહા ! વહે દિવ્ય આનંદ,
ડૂબે સહુ આનંદમાં, ભૂલી દુન્યવી ફંદ. ૬૪
સાડાસાતે ભજનિયા કરતા બંધ ભજન,
પ્રસાદ લઈ સહુ પ્રેમથી જાય એમને સદન. ૬૫
અવધૂતનાં દર્શન અને ધ્યાનાનંદની લહેર,
સહુના મુખપર તરવરે જાયે હર્ષે ઘેર. ૬૬
પોણા આઠે કુટિરમાં જઈને શ્રીભગવાન,
ફળ એકાદ લે અને કરતા કંઈ પયપાન. ૬૭
પછી કુટિરની બહાર હા ! પીપળ નીચે આમ,
ખુરશીમાં બિરાજતા પોતે પૂરણકામ. ૬૮
શ્યામલ મખમલ અંચળો ઓઢાડી જગ પર
રહે રાતરાણી ખડી સેવામહીં તત્પર. ૬૯
ઉડુગણ-બુટ્ટાથી મઢ્યું દીપે નીલ ગગન,
ટમ-ટમ કરતા તારલા કરતા ગોષ્ઠિ ગહન ! ૭૦
ભક્તો સાથે સદ્ગુરુ કરતા વાત મધુર,
કહેવા એ આનંદને વાણી બને મજબૂર ! ૭૧
શિયાળામાં ગુરુતણા ચરણ-તળિયાં માંહ્ય,
ચિરાડા પડતા અને વહેર ફાટતા ત્યાંય; ૭૨
પીડા થાતી ચરણમાં તેથી ભક્તો એમ,
કોકમનું ઘી ચરણનાં તળિયે ઘસતા તેમ. ૭૩
ત્યારે સદ્ગુરુ રમૂજમાં હસતા કહેતા વાણઃ
"રેવાપરિક્રમાતણી આ તો પ્રસાદી જાણ !" ૭૪
પરિક્રમામાં ચાલતાં ખુલ્લાં ચરણે એમ,
કંકર, કંટક પથ્થરો ધારદાર જે તેમ; ૭૫
શ્રીચરણે ઘોંચાય ને પડે ચિરાડા જેહ,
તેને અવધૂત માનતા 'મા'ની પ્રસાદી એહ. ૭૬

હસતાં હસતાં ફરી કહે 'સંતને ચરણે જેહ
અડસઠ તીરથ છે કહ્યાં જાણ ચિરાડા એહ !' ૭૭

એમ સદ્‌ગુરુ રમૂજમાં કરતા વાત ગહન,
સુણી ભકતો અંતરે થાય અતિ પ્રસન્ન. ૭૮

સાત્ત્વિક આનંદમાં અહા ! સમય સરતો જાય,
બરાબર નવ વાગતાં સમય શયનનો થાય. ૭૯

કાષ્ટપાટ પર પાથરે ચીવટે વ્યાઘ્રાંબર,
તે પર બે-ગડી કરી ખાદીની ચાદર, ૮૦

ખૂબ ચીવટથી પાથરે ઓઢવા માટે એમ
સોડ ઘાલીને ધાબળો, મૂકે સેવક તેમ. ૮૧

શંકાનિવારણ કરી ને હસ્ત-ચરણ ધોઈ એમ,
કરવા શયન પધારતા, પાટે સદ્‌ગુરુ તેમ. ૮૨

કવચિત્ શિયાળામાં અરે ! પડતી ઠંડી અપાર,
ત્યારે શિષ્યો ગુરુતણાં ચરણે કોઈ કોઈ વાર ૮૩

મોજાં ઉનનાં ઘૂંટણ સુધી પહેરાવે ધરી પ્રેમ,
ત્યારે શ્રીઅવધૂતજી સહાસ્ય કહેતા એમઃ ૮૪

''અરે ! અમે બાવાતણી કેવી અવળી જાત ?
દિવસ હોય દુનિયાતણો ત્યારે અમારી રાત ! ૮૫

તમે બધા ઓફિસમાં જાઓ ત્યારે એમ,
બુટ-મોજાંથી સજ્જ થઈ નીકળો ઘરથી તેમ. ૮૬

અવળપંથી અવધૂતનાં અવળાં સઘળાં કામ,
સૂતી વેળા જો અમે મોજાં પહેરીએ આમ !'' ૮૭

એમ કહી પોતે હસે વળી હસાવે ધન્ય !
સ્મરણ કરતાં વાત આ, થાઉં નિરંજન ! શૂન્ય ! ૮૮

વિશિષ્ટ કોઈ દિન હોય કે હોયે જો ગુરુવાર.
ત્યારે દર્શન કાજ હા ! આવે ભકત અપાર. ૮૯

દર્શન દેવા એમને કરુણાઘન ગુરુરાય,
આખો દિન બેસી રહે, એક આસને ત્યાંય. ૯૦

શરીર થાકી જાય ને કેડે થાય કળતર,
સેવક ત્યારે રાત્રીએ શેક કરે કટિપર. ૯૧

ઉષ્ણોદકની કોથળી કટિપર મૂકી એમ,
સેવક ભાવે શેક હા! કરતો ગુરુને તેમ. ૯૨

એક રાત્રે ગુરુતણી કટિપર કરતાં શેક,
'લીલામૃત'નો દોહરો શિષ્ય ગણગણ્યો એક. ૯૩

''બ્રહ્મરસાસ્વાદે ભર્યો નર્યો ગ્રંથ સાદ્યંત,
મદ્‌વાકયે વિશ્વાસ તો જોશે પરચો સંત !'' ૯૪

પાસું ફરી સૂતા હતા સ્વયં સદ્‌ગુરુદેવ,
સેવકમુખથી દોહરો, સૂણતાં એ તતખેવ. ૯૫

ફટાક ચત્તા થઈ ગયા, સ્થિર કરી વળી નજર;
પૂછવા લાગ્યા ભકતને પ્રેમે સદ્‌ગુરુવરઃ ૯૬

''વાંચ્યું લીલામૃત અરે ! રાખી ઝીણી નજર ?
પત્તાં કેવળ ફેરવ્યાં! કહે મને સત્વર !'' ૯૭

સૂણી પ્રશ્ન અવધૂતનો અબુધ શિષ્ય તત્ક્ષણ
સ્તબ્ધ થયો, બેબાકળો મૂંઝાયો નિજ મન. ૯૮

વિચારે નિજ મન વિષે ''દોહરો બોલવા માંહ્ય
જરૂર ભૂલ મારી કંઈ, થઈ હશે રે હાય ! ૯૯

હાવેથી ભવિષ્યમાં સાંભળે બાપજી તેમ,
કોઈ દિવસ ના બોલવું મન નિર્ણય લે એમ. ૧૦૦

અવધૂતજી સમજી ગયા શિષ્યની મન-મૂંઝવણ,
ધીમેથી પૂછે ફરી રાખી મુખ પ્રસન્નઃ ૧૦૧

''અરે 'લીલામૃત' તેં ભલા ! સમજી બરાબર એમ
ચીવટે, ચિત્ત ધરી અને વાંચ્યું છે કે કેમ ? ૧૦૨

જોઈ સદ્‌ગુરુદેવનું વદન-કંજ પ્રસન્ન,
શિષ્ય ચિત્તચિંતા ટળી બોલ્યો વિનય વચનઃ ૧૦૩

''લીલામૃત'' મેં હે પ્રભુ ! વાંચ્યું છે કંઈ વાર,
'ગ્રંથરાજ' નાં મેં કર્યાં પારાયણો અપાર.'' ૧૦૪

સુણી વાણ એ શિષ્યની બોલ્યા સદ્‌ગુરુ રંગઃ
''અરે ! કહે એ ગ્રંથમાં છે કોઈ એવો પ્રસંગ ! ૧૦૫

જે ઝટ ના ઉતરી શકે તવ બુદ્ધિમાં કયાંય ?
બતાવ એવો પ્રસંગ કે બુદ્ધિ કબૂલ ન થાય !'' ૧૦૬

શિષ્ય વદ્યો અતિ વિનિયથી, સુણો સુણો ગુરુરાજ,
નથી વાંચતો બુદ્ધિથી કદીય હું ગ્રંથરાજ. ૧૦૭

હું તો વાંચુ છું પ્રભુ ! રાખી શ્રદ્ધા અપાર,
શ્રદ્ધાથી એ વાંચતા થાય છે બેડો પાર !'' ૧૦૮

સેવક આવું કહે છતાં પૂછે ફરી-ફરી એહ,
''બતાવ એવો પ્રસંગ જે સરજાવે સંદેહ !'' ૧૦૯

સેવક ખૂબ વિનય થકી બોલે ''પ્રભુ ! આપ
પૂછો છો આગ્રહ થકી તેથી કહું છું બાપ ! ૧૧૦

બાકી લીલામૃતમહીં શંકા નથી લગાર,
મુજને ઓ ! સદ્‌ગુરુવરા ! સત્ય સત્ય ત્રિવાર. ૧૧૧

પૂછો છો આપ જ પ્રભુ ! કહું પ્રસંગ ભગવન્ !
બુદ્ધિથી જે વાંચતાં કબૂલ કરે ના મન.'' ૧૧૨

''કહે કહે'' અવધૂતજી પૂછતા થઈ પ્રસન્ન,
કર જોડી સેવક વદે અતિશય નમ્ર વચનઃ ૧૧૩
''પ્રભો ! લીલામૃતમહીં જમદગ્નિઋષિઆશ્રમ,
અર્જુન સૈન્યસહિત હા ! આવે છે અણનમ; ૧૧૪
ત્યારે ઋષિવર એમનો કરે ભવ્ય સત્કાર;
સુર્વણ-રજત પાત્રો મહીં ભોજન નાના પ્રકાર. ૧૧૫
શાક-પાક પકવાન ને વિઘ-વિઘ કંઈ મિષ્ટાન્ન,
જમાડે છે ભાવથી આગ્રહથી બહુ માન. ૧૧૬
હય, હાથી ને ઊંટને ચણક-તૃણથી આમ,
દઈને વિધ-વિધ ભોજ્ય હા ! કરતા તૃપ્ત તમામ. ૧૧૭
પાત્ર પાટ ને ભક્ષ્યના લાવે સર્વ પદાર્થ,
કામધેનુ આરાધતાં ઋષિવર એહ સમર્થ. ૧૧૮
બુદ્ધિમાં ઉતરે નહિ, એવી છે આ વાત;
શું ધેનુના મુખ થકી નીકળ્યા બધા પદાર્થ ? ૧૧૯
શ્રદ્ધા આ માની શકે, બુદ્ધિ કરે વિચાર;
તર્ક-વિતર્ક કરે અને માને નહિ લગાર. ૧૨૦
પૂછયું આપે તો પ્રભુ ! ચીંધ્યો એહ પ્રસંગ,
શ્રદ્ધાથી હું તો બધું માની લઉં છું રંગ ! '' ૧૨૧
એમ કહી મૂગો થઈ જોડતાં બંને કર,
વદન-કમલ નીરખી રહ્યો સદ્‌ગુરુનું પલભર. ૧૨૨
સૂણી વચન એ શિષ્યનાં સદ્‌ગુરુ દીન દયાળ,
ખડખડાટ હસ્યા પછી બોલ્યા ''સાંભળ બાળ ! ૧૨૩
કામધેનુ જેવી કદી ગાય જગતમાં કયાંય
હતી નહિ, નહિ છે અને ભવિષ્યમાં નહિ થાય. ૧૨૪
ઈચ્છાશક્તિ એજ ખરી, કામદુધા તું માન,
ગાય કેરી કલ્પના પ્રતીક છે તું જાણ. ૧૨૫
ઈચ્છાશક્તિ પ્રબળ જો, શૂન્ય કરે સર્જન;
ઈચ્છાશક્તિથી અહા ! બ્રહ્મ કરે સર્જન. ૧૨૬
અણુનો મેરુ થાય ને મેરુ અણુ થઈ જાય,
ઈચ્છાશક્તિ હોય તો શકય અશકય થાય. ૧૨૭
હતી જમદગ્નિતણી ઈચ્છાશક્તિ પ્રબળ,
અર્જુન જયારે આવિયો વિચાર કરે તત્પળ; ૧૨૮
ગૌ બ્રાહ્મણ ને યજ્ઞનો રાજા રક્ષણહાર,
દત્તભક્ત સાત્ત્વિક અહા ! આવ્યો મારે દ્વાર. ૧૨૯
ચક્રવર્તી યોગી વળી એને યોગ્ય સત્કાર,
કરવા ઈચ્છા ત્યાં કરી ઋષિએ મન મોઝાર. ૧૩૦
ત્યાં તો આજુ-બાજુનાં ગામ-ગામના લોક,
લઈને વિધ-વિધ વસ્તુઓ આવ્યા થોકેથોક. ૧૩૧
ઈચ્છા એ ઋષિવરતણી પૂર્ણ થઈ તે વાર,
ઈચ્છાશક્તિમાં ભરી શક્તિ અપરંપાર !'' ૧૩૨
સેવક પૂછે ''હે પ્રભો ! એવી શક્તિ પ્રબળ,
કયારે થાય અમારી તે ચાવી કહો ગુરુવર !'' ૧૩૩
મંદ મંદ હસતા વદ્યા અવધૂતજી તત્ક્ષણઃ
''એને માટે જોઈએ શુદ્ધ અંતઃકરણ.'' ૧૩૪
જેનું જેટલું હોય હા ! અંતર જો નિર્મળ,
તેની ઈચ્છાશક્તિ હા ! તેટલી થાય પ્રબળ. ૧૩૫
હતું ઋષિ જમદગ્નિનું અંતર અતિશય શુદ્ધ,
ઈચ્છા તેથી એમની સફળ બની ગઈ તુર્ત. ૧૩૬
માટે ઈચ્છાશક્તિને કરવા માટે પ્રબળ
અંતઃકરણની શુદ્ધિનું જોઈએ અતિશય બળ.'' ૧૩૭
ત્યાં તો અધવચ શિષ્ય એ બોલ્યો નમીને પાય,
કહો, અંતઃકરણ પ્રભુ ! શુદ્ધ શી રીતે થાય ? ૧૩૮
મેઘ-ગભીર નિનાદથી બોલ્યા શ્રીસમર્થઃ
''શ્વાસે શ્વાસે દત્તને સ્મરો'' સરશે અર્થ. ૧૩૯
લખવા ખાતર ના લખ્યું સૂત્ર વ્યર્થ હે તાત !
''શ્વાસે શ્વાસે ઈષ્ટનું સ્મરણ કરો દિનરાત. ૧૪૦
સતત નામસ્મરણથી થાશે અંતર શુદ્ધ,
અંતઃશુદ્ધિ થતાં અહા ! થાશે ભકત પ્રબુદ્ધ. ૧૪૧
મન નિર્મળ થાતાં અહા ! જે જે ઈચ્છા થાય,
તે તે ઈચ્છા ભકતની, પૂરી પલકમાં થાય. ૧૪૨
પણ સાંભળ તું એ પછી ગમ્મત એવી થાય,
શુદ્ધસ્વાન્તે તે પછી ઈચ્છા કંઈ નવ થાય ! ૧૪૩
છતાંય સહજ ભાવથી કદિ ઈચ્છા મનમાં થાય,
ઈચ્છા એની સહજમાં તુર્ત પૂર્ણ થઈ જાય. ૧૪૪
બોલે તેવું થાય હા ! ક્ષણે ન લાગે વાર,
અજ્ઞાની જગમાં માનતાં ઋષિ કરે ચમત્કાર !!'' ૧૪૫
એમ વદી અવધૂતજી પાસું ફેરવી ઝટ,
નયનો બંધ કરે તિહાં છોડી સહુ ખટપટ. ૧૪૬
વાગોળી સેવક રહ્યો, ધરતો મન સંતોષ,
અવધૂતજીના શબ્દનો, પડી રહ્યો પ્રતિઘોષ ! ૧૪૭
અન્ય દિને વાતની ખાતરી થાતી એમ,
પ્રસંગ અવધૂતપ્રેરિયો સહજ બનતો તેમ. ૧૪૮

આઠ વાગે સવારમાં ધ્યાન થકી થઈ મુકત,
હતા બિરાજયા કુટિરમાં તેજપૂર્ણ અવધૂત. ૧૪૯
ભકતો આજુ-બાજુએ વીંટાઇ બેઠા એમ,
ઓચિંતા પૂછે રંગ, સેવકને સપ્રેમઃ ૧૫૦
''માસ્તર આવ્યા ?'' બોલીને થયા મૌન ગુરુદેવ,
સેવક આપે વિનયથી ઉત્તર ત્યાં તતખેવઃ ૧૫૧
''ના પ્રભુ, માસ્તર કદી આવવાના જો હોય,
દસ વાગ્યા પહેલાં કદી અહીંયા એ ના હોય !'' ૧૫૨
'માસ્તર' એટલે ગુરુતણા અંતેવાસી જેહ,
ગાંધી જગજીવન અહા ! નારેશ્વરથી એહ ૧૫૩
આવે તો દસ વાગતાં પહેલાં કદીએ આંહ્ય,
આવી શકે ના એ કદી પોર ગામની માંહ્ય. ૧૫૪
સેવક વાત હજી નિજ તિહાં પૂરી કરે ક્ષણભર,
ત્યાં તો કુટિરમાં પેસતા જગજીવન માસ્તર ! ૧૫૫
ટોપી ઉતારી ગુરુતણા ચરણે કરી પ્રણામ,
વિનયનમ્ર ભાવે પછી બેઠા પોતે આમ. ૧૫૬
અવધૂતજીએ 'માજી'ની પૂછી ખબર-અંતર,
સેવક વિસ્મયે પૂછતો માસ્તરને સત્વરઃ ૧૫૭
''માસ્તર કાકા ! કહો તમે આટલા વહેલા આમ,
નારેશ્વરથી શી રીતે આવી ગયા આ ગામ ?'' ૧૫૮
માસ્તર કહે, ''ગઈકાલનો નારેશ્વરથી જાણ
નીકળી'' ગયો વડોદરા કાર્યવશ હું માન. ૧૫૯
થયું મને સવારમાં વહેલા જઈ પોર ગામ,
દર્શન કરીને જઈશ હું નારેશ્વર શુભ ધામ. ૧૬૦
માજી કેરી શુભ ખબર પૂજયશ્રીને દઈશ,
બાપજી કેરા સ્વાસ્થ્યની વાત માજીને કરીશ.'' ૧૬૧
વાત સુણી માસ્તરતણી થયો સેવક દિઙ્મૂઢ,
માથું ખંજવાળી રહ્યો, કોયડો આ તો ગૂઢ ! ૧૬૨
માસ્તરને સંભારતા માસ્તર અહીં તત્કાળ
આવી પહોંચ્યા પોરમાં ''કેવોક ચમત્કાર ! ૧૬૩
ઇચ્છાશક્તિ તાહરી કેવી દિવ્ય, વરેણ્ય !
ઉકેલ્યો મારો કોયડો, ધન્ય ! અવધૂત...ધન્ય !'' ૧૬૪
એક દિ પ્રાતઃકાળમાં થઈ ધ્યાનથી મુકત,
કુટિર બહાર ખુરશીમહીં બિરાજતા અવધૂત. ૧૬૫
હજુ તો ઉષારાણીએ પૂર્વ દિશાની માંહ્ય,
પગલાં પણ પાડ્યાં ન'તાં, હતી પ્રાગડની ઝાંય. ૧૬૬
પંખી પણ નીકળ્યાં ન'તાં હજી નીડની બહાર,
તારામંડળ ગગનમાં કરી રહ્યું ચમકાર. ૧૬૭
સરિત્ તટેથી સમીરની શીતલ મધુરી લહેર
આવીને આહ્લાદને ભરતી સારી પેર. ૧૬૮
વાતાવરણે છાઈ ત્યાં દિવ્ય શાંતિ અનુપ,
પ્રકૃતિ ચારેગમ વળી શોભે નાના રૂપ. ૧૬૯
દિવ્ય, સાત્ત્વિક રસતણા અનુપમ રસની ધાર,
અઢળક ત્યાં ઢળતી હતી ચોગમ અનરાધાર. ૧૭૦
અવધૂતના સાંનિધ્યમાં જે આનંદ લહેરાય,
તેનું વર્ણન કલમથી, કાગળપર ના થાય. ૧૭૧
અવધૂતના સાંનિધ્યની, દિવ્યાનંદની છોળ;
ઝીલતો મુગ્ધ થતો અહા ! ખુરશીની એક કોર ૧૭૨
બેઠો સેવક એ અહા ! લેતો મધુ-આહ્લાદ,
ડૂબ્યો દિલના નંદમાં, ભૂલી સૌ વિખવાદ. ૧૭૩
અવધૂત ત્યાં તો પૂછતા મધુરા સાદે એમ,
''ગોવિન્દ ! હશે જુવારનો પોંક થયો કે કેમ ?'' ૧૭૪
અંતર-ડૂબ્યો શિષ્ય એ સૂણી મધુરો સ્વર,
જાગ્યો એકાએક ને બોલ્યો જોડી કરઃ ૧૭૫
''ના બાપજી ! જુવારના પોંકની હજુ તો વાર,
આ તો ચાલે માગશર થાય પોષ મોઝાર. ૧૭૬
પોંક થવાને બાકી છે હજુ તો પંદર દિન,
મારા મનમાં આવો જો આવે ખ્યાલ ભગવન્ !'' ૧૭૭
પોંક થયો કે નથી થયો એનું એને ભાન,
ન'તું તોય બસ આશરે વિના વિચારે આન; ૧૭૮
અડસટ્ટે ઠોકી દીધું ''હજુ પોંકને વાર''
પણ એનું અજ્ઞાન હા ! ખુલી ગયું તે વાર. ૧૭૯
કથન પૂરું નિજનું કરી બેઠો ધરી વિવેક,
ત્યાં તો નદીના તટથકી આવતી આકૃતિ એક. ૧૮૦
દેખી એણે આકૃતિ મોંસૂઝણામાં એમ,
''કોણ હશે ? ને ક્યાં થકી ? હશે આવતું કેમ ?'' ૧૮૧
પડી દ્વિધામાં ભકત જયાં કરી રહ્યો વિચાર,
ત્યાં તો માનવ આકૃતિએ કર્યો હાથ-અણસાર ! ૧૮૨
સેવકને બોલાવતો એ નિજ પાસે તે વાર,
તેથી વારંવાર એ કરે હાથ-અણસાર. ૧૮૩
સેવક પાસે જાય ત્યાં તુર્ત ઓળખ્યો આમ,
હતો પટેલનો દીકરો મૂળજીભાઈ નામ. ૧૮૪

મૂળજી કહે ''સૂણ આજ હું વહેલો મળસકે એમ,
ગયો જુવારને ખેતરે, પોંક પાડવા તેમ. ૧૮૫
તાછી તાછીને બધાં કુમળાં-કુમળાં જાણ,
ડૂંડાં તોડી તેહનો પોંક પાડીને માન. ૧૮૬
ઉનો ઉનો પોંક એ બાપજી માટે **અદ્ય**
પોચો ને સ્વાદિષ્ટ હા ! લાવ્યો છું હું **સદ્ય**. ૧૮૭
બે ફાકા પણ મારશે મારા બાપજી બસ,
તો મુજને આનંદ છે, દા'ડો જાશે સરસ ! ૧૮૮
એમ કહીને પોંકની પોટલી સેવક હાથ
મૂકીને વંદી રહ્યો, મૂળજી જોડી હાથ. ૧૮૯
ત્યાં તો ખુરશીમાં તહીં ટટાર બેઠા એમ,
મોટે સાદે બાપજી પૂછી રહ્યા ''રે કેમ ? ૧૯૦
શું છે ?'' ત્યાં ગોવિન્દ તો બોલ્યો ધીમે અવાજઃ
''મૂળજીભાઇ લાવ્યા પ્રભુ ! પોંક આપને કાજ. ૧૯૧
ઉનો ઉનો છે હજુ બે-એક ફાકા આપ
મારો તો મૂળજીદિલે આનંદ થાય અમાપ.'' ૧૯૨
સૂણી વિનંતી ભકતની બોલ્યા શ્રી અઘહારઃ
''લાવ લાવ તું ઝટ હવે મા લગાડીશ વાર !'' ૧૯૩
સત્વરે સેવક સાફ કરી મુઠ્ઠી ભરી-ભરી એમ,
પોંક મૂકે અવધૂતના કર-કમળમાં સપ્રેમ. ૧૯૪
મારી ફાકા સદ્‌ગુરુ ચપ ચપ ચાવતા જાય,
જાણે તાંદુલ મિત્રના ફાકે જાદવરાય ! ૧૯૫
કેવળ ભૂખ્યો ભાવનો અવધૂત ખાતો જાય,
મૂળજીભાઇના દિલમહીં આનંદ-આનંદ થાય. ૧૯૬
પોંક ફાકતાં-ફાકતાં સમર્થ સદ્‌ગુરુ એમ,
પૂછવા લાગ્યા ભકતને ધરી હૃદયમાં પ્રેમઃ ૧૯૭
''તું તો કહેતો'તો,હજી પોંક થવાને વાર,
તો ક્યાંથી આ આવિયો પોંક કહે આ વાર ?'' ૧૯૮
શું બોલે એ બાપડો થઇ બેઠો ચુપચાપ,
અગમ લીલા અવધૂતની શેં સમજાયે ? બાપ ! ૧૯૯
જુવાર કેરા પોંકને યાદ કર્યો કે તુર્ત,
પોંક આવી હાજર થયો, આ કેવું અદ્‌ભુત ! ૨૦૦
કેવી હતી અવધૂતની ઇચ્છાકિત પ્રબળ ?
તેનો પરચો ભકતને મળી ગયો તત્પળ. ૨૦૧
અહોભાવથી ભકત એ સદ્‌ગુરુચરણે આમ,
વંદી રહ્યો ફરી ફરી, અંતર કરે પ્રણામ. ૨૦૨

અલખ કહે સૂણ બાળ તું એવી વાત અદ્‌ભુત,
દક્ષિણમાં યાત્રામિષે જતા'તા અવધૂત. ૨૦૩
પસાર કરવાનો હતો ગાડીમાં એ દન,
''બાપજીને શું આપીશું ભિક્ષામાં ભોજન ?'' ૨૦૪
ફળ કે ફળનો રસ વળી તરોપાનું જલ;
આપીશું એવું બધા વિચારતા તત્પલ. ૨૦૫
ત્યાં તો પૂછ્યું એક જણે અવધૂતજીને એમઃ
''ભિક્ષામાં પ્રભુ ! ફળતણો રસ લાવું કે કેમ ?'' ૨૦૬
સહજ રીતે અવધૂતજી બોલ્યા ત્યાં તો એમઃ
''ના ના મારે આજ કશું લેવું નથી કંઇ તેમ. ૨૦૭
હું તો એકાદ વાટકી લઇશ મોળી છાસ,
એ સિવાય બીજું કશું લેવું નથી કંઇ ખાસ.'' ૨૦૮
અવધૂત બોલ્યા સહજ પણ ભકત મૂંઝાયા મન,
ક્યાંથી લાવવી છાસ રે ગાડીમાં તત્ક્ષણ ? ૨૦૯
અને તેય પાછી વળી સદ્‌ગુરુ માટે ખાસ
ચોખ્ખી મોળી શુદ્ધ હા ! પ્રાપ્ત ત્યાં અનાયાસ ? ૨૧૦
ભકતો મૂંઝવણમાં પડ્યા, થયા વ્યથિત નિજ મન;
ત્યાં તો ગાડી આવી ગઈ મીરજને સ્ટેશન. ૨૧૧
જેવી ગાડી થોભી હા ! મીરજને સ્ટેશન,
ત્યાં તો આવ્યા સામેથી પવિત્ર એક સજ્જન. ૨૧૨
પિત્તળની પવાલીમાં તાજી ચોખ્ખી છાસ,
મધમધતી લઈ આવિયા, અવધૂતજીની પાસ. ૨૧૩
બોલ્યા વિનમ્ર ભાવથી ''હે સમર્થ સદ્‌ગુરુવર !
હું છું બ્રાહ્મણ દક્ષિણી, અહીં સ્ટેશન માસ્તર. ૨૧૪
મારે ઘેરે ગાય છે, એના દહીંની છાસ;
પવિત્ર તાજી બનાવીને લાવ્યો છું પ્રભુ ! ખાસ. ૨૧૫
સેવા મારી આટલી, કરો પ્રભુ ! સ્વીકાર;
જેથી મુજ જીવનતણો થઇ જાયે ઉદ્ધાર.'' ૨૧૬
થયા ભકતો સાંભળી આશ્ચર્ય સહ પ્રસન્ન,
''વાહ ! ધન્ય ! અવધૂતજી ટાળી અમ મૂંઝવણ.'' ૨૧૭
ભકતોને અવધૂતજીએ કરી મીઠી ટકોરઃ
''જુઓ મારા સદ્‌ગુરુ મારી ચારેકોર ૨૧૮
છવાઇને કેવી બધી, રાખે મુજ સંભાળ !
વ્યર્થ તમે મૂંઝાઇને, કરો આળ-પંપાળ ! ૨૧૯
વ્યવસ્થા મારી બધી આગળ આગળ થાય !
સદ્‌ગુરુ કેરા સાથનો, હરપળ અનુભવ થાય !! ૨૨૦

માટે સેવો સદ્‌ગુરુ ત્યજી આળ-પંપાળ,
રાખે છે નિજ ભકતની સદાય સંભાળ.'' ૨૨૧

એમ કહી અવધૂતજીએ ધરી ભાવ-અત્યંત,
છાસ પીધી એ ભકતની, આપ્યું સુખ અનંત. ૨૨૨

સ્ટેશન માસ્તર વિપ્રની કરી ભાવના પૂર્ણ,
છાસ પીને પોતે પ્રભુ ! કરે તોષ સમ્પૂર્ણ. ૨૨૩

એક ભકતે ડહાપણ કર્યું વહેલો વહેલો એમ,
માસ્તરને દૂર લઇ જઇ પૂછવા લાગ્યો તેમઃ ૨૨૪

''કહો કહો માસ્તરજી હે ! આપે આણીવાર
છાસ લઇને આવવા, કેમ કર્યો વિચાર ? ૨૨૫

સહજ રીતે સંતનાં, દર્શન કરવા જાય,
ત્યારે ભકતો પુષ્પ કે ફળફળાદિ લઇ જાય. ૨૨૬

ત્યારે આપે છાસ લઇ આવવાનો વિચાર
શાથી કર્યો ? ભકત હે ! કારણ કહો લગાર.'' ૨૨૭

સ્ટેશન માસ્તર કહે ''અરે ! સાંભળ્યું આજ સવાર
સમર્થ સંત ગુજરાતના રેવાતટ વસનાર ૨૨૮

આ ગાડીથી અહીં થઇ રહ્યા છે પાસર,
માટે મારે એમનો કરવો કંઇ સત્કાર. ૨૨૯

સમય છે બપોરનો માટે મારે ખાસ,
એમને માટે લઇ જવી જોઇએ ઠંડી છાસ. ૨૩૦

એટલે એમને કાજ હું લઇને આવ્યો છાસ,
સ્વીકારી પ્રભુએ અહો ! પૂર્ણ કરી મુજ આશ''. ૨૩૧

શિષ્યો સહુ આનંદથી કરી રહ્યા જયકાર,
ઇચ્છાશકિત રંગની સરજે ચમત્કાર, ૨૩૨

એમ કહેતા અલખજી કરી નયન નિજ બંધ,
સ્વરૂપાનુસંધાનમાં મસ્ત બન્યા નિર્બંધ. ૨૩૩

કામધેનુ પ્રતીક છે, ઇચ્છાશકિતનું જાણ,
આ અધ્યાયે રંગની 'બાલક' બોલે વાણ. ૨૩૪

આગળ અનુપમ રંગ જો, કેવળ રસની ખાણ,
અલખ નિરંજનને કહે, પડે સુપુણ્યે કાન ! ૨૩૫

ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતેઅલખનિરંજનસંવાદે દિનચર્યાસહપ્રબલેચ્છાશક્તિસસામર્થ્યવર્ણનં નામ અષ્ટચત્ત્વારિંશોઽધ્યાયઃ ।।૪૮।। દોહરા ૨૩૫ ।।

## અધ્યાય : ૪૯

સદ્‌ગુરુસ્વરસંધાનમાં, રહ્યા અલખજી મસ્ત,
કંઈક સમય જાગ્યા પછી, થયા ભાવથી ગ્રસ્ત. ૧

મેઘગભીર નાદે પછી, બોલ્યા મધુરી વાણ,
ગાથા આ અવધૂતની, જાણ સૌખ્યની ખાણ. ૨

જ્યમ જ્યમ ગાતા જાઇએ, ત્યમ ત્યમ નવીન પ્રસંગ,
ઉપસી આવે મગજમાં, જામે અનુપમ રંગ. ૩

કોટિક પુણ્યે પૂર્વના, સંત સમાગમ થાય,
પૂર્વપુણ્યથી ભકત હા ! સંત તરફ ખેંચાય. ૪

પૂર્વજન્મના પુણ્યનો, ઉદય જ્યારે થાય,
ત્યારે સદ્‌ગુરુસ્વરૂપમાં, મનડું આકર્ષાય. ૫

કિશોર પાંડુરંગને, સદ્‌ગુરુદર્શન થાય,
વહેલો વહેલો સ્વામીના, અંકે બેસવા જાય. ૬

માતઅંક છોડી અહા ! સ્વામીઅંકે ધાય,
પૂર્વજન્મની પ્રીતનાં, અહીંયા દર્શન થાય. ૭

તેમ સદ્‌ગુરુ રંગના, પ્રાગટ્યથી આંહ્ય,
પુણ્યશાળી કંઇક જો, જીવો આકર્ષાય. ૮

પદ્માકર અવધૂતનો, પડતાં પુનિત પ્રકાશ,
કંઇક હૃદય-પદ્મો અહા ! ખીલી પામ્યાં વિકાસ. ૯

એક સમે અવધૂતજી, ગયા વલસાડ ગામ,
ગીતાસદને ભાવથી, રાખ્યો હતો મુકામ. ૧૦

વિપ્ર અનાવિલ જ્ઞાતિના, ઠાકોરભાઇ દેસાઇ,
વસતા આ વલસાડમાં પુનિત સજ્જન ભાઇ. ૧૧

પત્ની શાંતાબેન જે, શીલવંત ને ભકત,
સદ્‌ગુરુ ચરણ-સરોજની, ભક્તિમાં નિત રકત. ૧૨

કન્યા એમની નાનડી, વાસંતી છે નામ,
હસતી, ભણતી ને વળી કરતી ઘરનું કામ. ૧૩

વાત સૂણતી ખેલતાં સાહેલીની સાથ,
પધાર્યા, વલસાડમાં, નારેશ્વરના નાથ. ૧૪

રંગ અવધૂત નામ છે, ગીતાસદન મુકામ,
સંતમુકુટમણિ એ નકી, ચમત્કારિક નામ ! ૧૫

નામ સૂણતાં રંગનું, વાસંતીહૃદય માંહ્ય,
અગમ અકળ આનંદ કંઇ, છલોછલ છલકાય. ૧૬

તન ને મન ઝૂમી રહ્યાં, સ્પંદન તનમાં થાય,
દર્શન કાજે રંગના, મનડું વ્યાકુળ થાય. ૧૭
પૂર્વજન્મનાં પુણ્યનું, થયું ગજબ ખેંચાણ,
દર્શન કરવા રંગનાં, તડપે કન્યાપ્રાણ. ૧૮
વાસંતીએ તે પછી, કહ્યું સખીને એમ,
ચાલ જઈએ આપણે, દર્શન કાજ સપ્રેમ. ૧૯
જાણે મારું મન હવે, કરવા ગુરુદર્શન,
લલચાયે છે ખૂબ અલી ! ચાલ ગીતાસદન. ૨૦
અવધૂતનાં દર્શન વિના, નહિ પડે કંઈ ચેન,
માટે મારી સાથે તું, ચાલ જરા ઓ બહેન ! ૨૧
એમ કહી એ કન્યકા, નિજ સાહેલી સાથ,
આવી ગીતાસદનમાં, જયાં બેઠા ગુરુનાથ. ૨૨
તે સમે અવધૂતજી, કરતા'તા આરામ,
બહાર ખડા સેવક, ન દે જવા કોઈને આમ. ૨૩
બાળાઓ બે નાનડી ખડી રંગને દ્વાર,
અટકાવી અટકે નહિ, સૂણે ન કાંઈ લગાર. ૨૪
ખાળ્યું કો'દિ ખળે નહીં, પૂર્વજન્મનું હેત,
શી રીતે અટકે ? અરે ! પૂર્વજન્મ-સંકેત ! ૨૫
અવધૂતના ખેંચાણથી, ખેંચાઈને એહ,
ઘૂસી બળજબરી કરી, રાખ્યા વિણ સંદેહ. ૨૬
બન્ને બાળાઓ અહા ! દર્શન કરવા દક્ષ,
આવી ઊભી રહી, અવધૂતજી સમક્ષ. ૨૭
નયન મનોહર રંગનું, તેજપૂંજ સ્વરૂપ,
જોતાં વાસંતી અહા ! પામી સુખ અનુપ. ૨૮
નયન ભરી નીરખતાં, અવધૂતને તે વાર,
વાસંતીની આંખથી, અશ્રુ વહ્યાં ચોધાર. ૨૯
નયનોથી આંસુ વહે, મુખડું પણ મલકાય,
ગુરુદર્શનસુખ હા ! વર્ણ્યું શેં વર્ણાય ? ૩૦
અંતરમાં ફૂટી રહ્યાં, ભાવ-ઝરણ જબ્બર,
નયન-દ્વારથી તે અહા ! સરી રહ્યાં સર સર. ૩૧
નાનકડી બાળા અરે ! રડતી જોઈ એમ,
અવધૂતજી પ્રેમે પૂછે, રડતી બેટા કેમ ? ૩૨
દર્શનથી અવધૂતનાં, વાસંતી-ઉર માંહ્ય,
ધોધ વહે આનંદનો, બોલી શકે ના ત્યાંય ! ૩૩
અવધૂતજીએ ફરી ફરી, પૂછયું બે ત્રણ વાર,
તોયે એના મુખ થકી, થયો ન શબ્દોચ્ચાર. ૩૪

અલખ કહે સુણ શિષ્ય હે ! જાગે પૂર્વજન્મપ્રેમ,
ત્યારે રે'તો અગમ્ય એ, ભાવ અવ્યકત એમ. ૩૫
બને નિષ્ક્રિય ઈન્દ્રિયો, વૈખરી કુંઠિત થાય,
આનંદાર્ણવ હૃદયમાં, છલક છલક છલકાય. ૩૬
મેધાવી પણ આ સમે, ભાવ-સભર થઈ જાય,
આ તો બિચારી બાળકી, એને શું સમજાય ! ૩૭
આંખતણી અટારીથી, અશ્રુ અનરાધાર,
વહેતાં ને હૃદ્-ભાવને, કરતાં આવિષ્કાર. ૩૮
પૂર્વપુણ્ય સંજોગને, પામી ગયા અવધૂત,
તુર્ત બેઠા થઈ પછી, બોલ્યા રુકુમાસુતઃ ૩૯
અરે બાલિકા ! કહું તે, વાત મારી માનીશ ?
શું ત્રણ દિવસ નકોરડા, ઉપવાસ તું કરીશ? ૪૦
તરસ છીપાવવા માત્ર હા ! કવચિત્ થોડું જલ,
લેવાનું તે પણ કહું, કેવું તે સાંભળ. ૪૧
તારે એ જલપાત્રને, અજવાળી સુપેર,
કૂવે જઈને જાતથી, ખેંચી લાવવું ઘેર. ૪૨
પાણી તારે એ જ અહા ! પીવાનું ત્રણ દન,
ને મનને એ ત્રણ દિવસ, રાખવું ખૂબ પ્રસન્ન. ૪૩
તુજથી થાશે કે નહિ ? કહે મુજને સત્વર.''
એમ કહી મીઠું હસી, બેઠા સદ્ગુરુવર. ૪૪
દિવ્ય સ્વરૂપ અવધૂતનું, નીરખીને પલભર,
વાસંતીએ એક નજર, કરી સાહેલી પર. ૪૫
પછી મક્કમ મનને કરી, કરી સ્થિર નિજ નજર,
સ્મરણ કરી ગુરુદેવનું, બોલી મક્કમ સ્વરઃ ૪૬
'જરૂર કરીશ હું હે ગુરો ! ત્રણ દિવસ ઉપવાસ,
આપે કહેલા નિયમને, ચીવટે પાળી ખાસ, ૪૭
સુણી વચન કન્યાતણાં, અવધૂત થયા પ્રસન્ન,
આપી પ્રસાદ બેઉને, મોકલી નિજ સદન. ૪૮
વાસંતી જાતાં ઘરે, માર્ગે કરે વિચાર,
કયા પાપની આ મને, અવધૂતજી અઘહાર ! ૪૯
શિક્ષા જો દેતા હશે ? આપીને આદેશ,
ત્રણ દિનના ઉપવાસનો ? સમજ પડે ના લેશ. ૫૦
પાપોનું મારા અરે ! કરવા પ્રાયશ્ચિત,
ઉપવાસનો આદેશ આ, એણે કર્યો પ્રદત્ત. ૫૧
વિચાર ને વિચારમાં, આવી એ નિજ સદન,
માત-પિતાને જોઈને, કરવા લાગી રુદન. ૫૨

રડતી જોઈ નિજ કન્યકા, ચમકયાં માત ને તાત,
ધીમેથી પૂછી રહ્યાં, કહે બની શી વાત ? ૫૩
વાસંતી બોલી પછી, જ્યમ-ત્યમ ખાળી રુદનઃ
સાથ સખીની ગઈ હતી, અવધૂતનાં દર્શન. ૫૪
આદેશ વળી અવધૂતનો, કરવા ત્રણ ઉપવાસ,
વાત વિગતેકરી બધી, માત-પિતાને ખાસ. ૫૫
વાત સુણી વાસંતીની, ચમકયાં માત ને તાત,
ઉપવાસ ત્રિદિન જલ લઈ, કેવળ અશક્ય વાત. ૫૬
બાર વરસની બાળકી, પીને પાણી માત્ર,
ત્રણ દિવસ ના રહી શકે, થાયે ઢીલાં ગાત્ર. ૫૭
માની ગુરુનું બાળકી, ઉપવાસ કરવા જાય,
બગડે એનું સ્વાસ્થ્ય ને, લોકમાં હાંસી થાય. ૫૮
એમ વિચારી દંપતી, મનમાં કંઈક મૂંઝાય,
કરુણાશંકર દ્વિજ ત્યાં તો, આવતાં જો જણાય. ૫૯
કરુણાશંકરજી હતા, અવધૂતજીના ભકત,
તેથી આ પતિપત્નીએ, કરી વાત નિજ વ્યકત. ૬૦
સુણી વાત એ વિપ્રને, થયો અતિ આનંદ,
આ તો શ્રીઅવધૂતની, જાણો દયા અનંત. ૬૧
છતાંય ચાલો આપણે, અવધૂતજીની પાસ,
જઈને આજ નિવેદીએ, ચરણે મૂંઝવણ ખાસ. ૬૨
વિચારીને એમ બધાં, વાંસતીની સાથ,
ગીતાસદન ગયા તિહાં, બેઠા જયાં ગુરુનાથ. ૬૩
શ્રીચરણે વંદન કરી, ફળ-ફૂલ મૂકી એમ,
સદ્‌ગુરુને વીંટાઈને, બેઠાં સઘળાં તેમ. ૬૪
અવધૂત કેરાં દર્શને, વાસંતી હૃદ્ માંહ્ય,
આનંદ જે ઉભરાય તે, નયન-દ્વાર વહી જાય. ૬૫
કરુણાશંકર વિપ્ર ત્યાં, બોલ્યા જોડી હાથઃ
આ છે પ્રભુ ! વાસંતીનાં, આવ્યાં માત ને તાત. ૬૬
આપે આજ કૃપા કરી, વાસંતી પર ખાસ,
આપ્યો જે આદેશ કે, ત્રણ દિનના ઉપવાસ ૬૭
માત્ર એકલું જલ લઈ, કરવાના છે જેહ,
તે માટે આ દંપતી, રાખે મનસંદેહ. ૬૮
તત્ક્ષણ પતિ-પત્ની અને વાંસતી ઉપર,
દિવ્ય નજર અવધૂતની, ફરી વળી ક્ષણભર. ૬૯
ક્ષણભરની એ દૃષ્ટિએ, ત્રણેવની ઉપર,
જાદુ કીધો ગજબનો, થાતાં હા ! ભાવ-સભર. ૭૦
જાણે પુષ્પો ખરી રહ્યાં, એવાં મધુર વચન,
નીકળ્યાં અવધૂતમુખ થકી, જગાડતાં સ્પંદનઃ- ૭૧
‘શાની શંકા છે ? અરે ! કહો ઝટ મને એહ !
જેથી તમારા મનતણો, દૂર થાય સંદેહ.’ ૭૨
અવધૂત-વચનામૃત થકી, ઠાકોરભાઈમાં એમ,
હિંમત આવી ને વદ્યા, નમ્ર ભાવથી તેમઃ ૭૩
દયાળુ ! મારી દીકરી, નાની સાવ કોમળ,
કેવી રીતે રહી શકે, લઈને કેવળ જળ ? ૭૪
કદાચ ભૂખના દુઃખથી કંટાળીને આમ,
છોડી દે ઉપવાસ તો, બગડે અધવચ કામ. ૭૫
માટે હે સદ્‌ગુરુવરા ! મુજને છે સંદેહ,
નહિ ઉપવાસ કરી શકે, કન્યા નાજુક દેહ. ૭૬
ત્યાં તો સમર્થ સદ્‌ગુરુ, સહજ કરી વિચાર,
બોલ્યા ‘જુઓ તો ખરા, તમે જરા એકવાર. ૭૭
નહિ કરે તો કંઈ નહિ, ધરો ન ચિંતા મન.’
એમ કહી અવધૂતજી, કરી બંધ નયન ૭૮
ક્ષણ બે ક્ષણ બેઠા તહીં, ઠાકોરભાઈ તત્ક્ષણ,
બે કર જોડી ભાવથી, બોલ્યા વિનીત વચનઃ ૭૯
‘પ્રભુ ! કૃપા છે આપની, વાસંતી પર ખાસ,
તેથી તેના જરૂર હા ! સફળ થશે ઉપવાસ. ૮૦
પણ ઉપવાસ કર્યા પછી, શું કરવાનું એમ ?
કહો પારણાં એહનાં, કરવાં શી રીતે તેમ ? ૮૧
કહે અવધૂતજી અહા ! ઠાકોરભાઈને એમ,
‘ત્રણ ઉપવાસ કર્યા પછી, ચોથા દિવસે તેમ ૮૨
ચાર સૌભાગ્યવંતીને, કુમારિકાઓ ત્રણ,
ત્રણ બ્રાહ્મણને પછી, દો ભોજનનિમંત્રણ.’ ૮૩
વચન સૂણી અવધૂતનાં, ઠાકોરભાઈનું મન,
આનંદથી નાચી રહ્યું, થઈને ખૂબ પ્રસન્ન. ૮૪
વાસંતીએ ભાવથી, કર્યા ત્રણ ઉપવાસ,
અવધૂતજીના કહ્યા મુજબ, નિયમો પાળ્યા ખાસ. ૮૫
પૂર્ણ કરી ઉપવાસ પછી, કરવા પારણાં એમ,
દરિયાના તટ પર ગયાં, તીથલ ગામે તેમ. ૮૬
બાપજીએ સ્વહસ્તથી, પેંડો આપ્યો ત્યાંય,
પારણાપ્રસાદે થયો, હર્ષ હૃદયની માંહ્ય. ૮૭
ત્યારપછી અવધૂતજીએ, માગી કાગળ-પેન,
લખ્યો એક કાગળ ઉપર, મંત્ર ધરી ઉર પ્રેમ. ૮૮

બોલાવી વાસંતીને, ડાબે પડખે જાણ,
ઊભી રાખીને પછી, સમજાવ્યો પણ માન. ૮૯
ત્યાર પછી અવધૂતજી, બોલ્યા ધારી પ્રેમઃ
'દીકરી ! સાંભળ ભાવથી, કર કહું હું તેમ. ૯૦
પ્રતિદિન પ્રાતઃકાળમાં, થઈ સ્નાનથી શુદ્ધ,
શુદ્ધ વસ્ત્ર ધારણ કરી, કરી ચિત્ત અક્ષુબ્ધ. ૯૧
એકસો ને આઠ આ મંત્રતણા કર જાપ,
ચિત્ત શુદ્ધ થાશે અને, મળશે શાંતિ અમાપ. ૯૨
સંસાર આ અસાર છે, હર પલ આવે દુઃખ,
જપતાં નિયમિત મંત્ર આ, સદાયે પામીશ સુખ.' ૯૩
કહી એમ અવધૂતજીએ, પોતાનો ત્યાં એક,
મંગાવ્યો ફોટો અને, કર્યો ભાવ-અભિષેક. ૯૪
સ્વહસ્તે વાસંતીને, આપ્યો ફોટો હાથ,
નયન મીંચી જો પછી, અંતર-આશીર્વાદ. ૯૫
વાસંતીના દિલમહીં, દિવ્યાનંદ છલકાય,
મંત્ર-જપ ને પૂજનમહીં, સમય વીતતો જાય. ૯૬
વાસંતી ભણતી હતી, એસ.એસ.સી.ની માંહ્ય,
મંત્રજપને કારણે, તીવ્ર બુદ્ધિ થાય. ૯૭
તે સમે વાસંતીને, છાતી ઉપર જાણ,
ગાંઠ એક નીકળી અરે ! આપે પીડા માન. ૯૮
દાક્તર પાસે લઈ ગયા, દાક્તર તપાસી ત્યાંય,
બોલ્યા ઓપરેશન વિના, નથી બીજો ઉપાય. ૯૯
ઓપરેશનનું સાંભળી, વાસંતી ગભરાય,
વાઢ-કાપની પીડા અરે ! શી રીતે સહેવાય ? ૧૦૦
દુઃખ ઉભરે અંતરે, નયને ઉભરે નીર,
કરે પ્રાર્થના ગુરુતણી, ધારી હૈયે ધીરઃ ૧૦૧
'હે અવધૂત દયાળ હે ! અનાથના હે નાથ !
તારે ચરણે બાળકી ! બેઠી જોડી હાથ. ૧૦૨
ઓપરેશનની વાતથી, અંતર અતિ ગભરાય,
પીડા ઓપરેશનની, મુજથી નહિ સહેવાય. ૧૦૩
તારે શરણે આવીને, ચરણે નમવું માથ,
માગું છું હું ફરી, હે નારેશ્વરના નાથ ! ૧૦૪
ઓપરેશન મુજ ગાંઠનું, બંધ રહો ઓ નાથ !
મારી આટલી માગણી, પૂર્ણ કરો ગુરુનાથ ! ૧૦૫
નતજનતારક ગુરુવરા ! છે મુજને વિશ્વાસ,
તુજ દીકરીને નહિ કરે, કદી પણ તું નિરાશ,' ૧૦૬
નાનકડી આ કન્યકા, કરતી આર્તપુકાર,
નારેશ્વરના નાથને, વિનવે વારંવાર. ૧૦૭
ઓપરેશનનો આવિયો, નક્કી કરેલો દિન,
કરવા લાગી ખૂબ ત્યાં, વાસંતી હા ! રુદન. ૧૦૮
ઓપરેશનના દિનની, આગલી રાતે એમ,
વાસંતી અવધૂતને, પ્રાર્થે હે પ્રભુ કેમ ? ૧૦૯
ભૂલ્યા તમારી દીકરી, વળી ભૂલ્યા વચન ?
મંત્ર દેતાં જે કહ્યુંઃ થાશે દૂર વિઘ્ન. ૧૧૦
આજે મારા જીવનમાં, આવ્યું ઘોર વિઘ્ન.
ભકતસખા દોડો હવે, રાખો નિજ વચન. ૧૧૧
વાસંતી નિજ હૃદયથી, કરી રહી આર્તનાદ,
ભકતસખા અવધૂતજીએ, સુણ્યો એનો સાદ. ૧૧૨
એકાએક તિમિરમાં, દેખાયું અદ્ભુત,
તેજ-વર્તુળ એક ને, એમાં શ્રીઅવધૂત. ૧૧૩
મંદ હાસ્ય મુખ પર લસે, વદન તેજ અંબાર,
નયનોથી વરસી રહી, દિવ્ય આશિષધાર. ૧૧૪
ક્ષણબેક્ષણ અવધૂતનું, નીરખ્યું દિવ્ય સ્વરૂપ,
વાસંતીના હૃદયમાં, થઈ શાંતિ અનુપ. ૧૧૫
તત્ક્ષણ તે ભૂલી ગઈ, ઓપરેશનની વાત,
આનંદ લહેરાયો અને, ત્યાં તો ઊગ્યું પ્રભાત. ૧૧૬
સૂર્યોદય થાતાં અરે ! વાસંતીના એમ,
ઓપરેશનની થઈ બધી, પૂર્ણ તૈયારી તેમ. ૧૧૭
માત-પિતા આવી ગયાં, સગા-સ્નેહીઓ પણ,
દાક્તર સહ પરિચારિકા, આવી ગયાં તત્ક્ષણ. ૧૧૮
ઓપરેશનના ઓરડે, લઈ ગયા તત્કાળ,
ઓપરેશનના મેજ પર, સુવડાવી તે વાર. ૧૧૯
સજ્જ દાકતર જો થયા, લઈ તીક્ષ્ણ હથિયાર,
ત્યાં તો જોતાં ગાંઠ એ, કરી રહ્યા વિચાર. ૧૨૦
પ્રેરે શ્રીઅવધૂતજી, દાકતરને વિચાર,
જેણે જુઓ તે સમે, સરજયો ચમત્કાર. ૧૨૧
આવી વરવી ગાંઠને, કાપીને રે ! એમ
બાળાને શેં પીડવી, દાક્તર વિચારે તેમ. ૧૨૨
વાઢ-કાપની નથી હવે, એને જરૂર લગાર,
દૂર એ તો થઈ જશે, કરતાં બાહ્યોપચાર. ૧૨૩
એમ વિચારી દાક્તરે, ઠાકોરભાઈને તુર્ત,
બોલાવી નિજ પાસ હા ! વાત કરી અદ્ભુત. ૧૨૪

ઠાકોરભાઈ રે સાંભળો ! આ બાળાને **અદ્ય**,
વાઢ-કાપ કરવી નથી, લઈ જાઓ ઘર **સદ્ય**. ૧૨૫
વિલાયતી મીઠાતણો, દિનમાં બે-ત્રણ વાર,
શેક કરવા થકી નહીં ચિંતા રહે લગાર. ૧૨૬
ઓગળી જશે ગાંઠ આ, વાઢ-કાપ વગર,
દીકરી સાથે જાવ તમે, ઘેર હવે સત્વર. ૧૨૭
વચન સુણી દાકતરતણા, ઠાકોરભાઈ હરખાય,
વાઢ-કાપના દુઃખથી, બચી ગઈ કન્યાય. ૧૨૮
વાસંતી આ સુણતાં, હૈયે અતિ હરખાય,
ભલી સુણી તેં પ્રાર્થના, ધન્ય ધન્ય ગુરુરાય ! ૧૨૯
અલખ કહે સુણ શિષ્ય હે ! શ્રદ્ધાથી શું અશક્ય ?
શ્રદ્ધાના સહારાતણી, કથની સાવ અકથ્ય. ૧૩૦
વાઢ-કાપના મેજથી, મૂકાવ્યા વિણ કાપ,
વાસંતી પાછી ફરી, ઘેર ગઈ નિજ આપ. ૧૩૧
વિલાયતી મીઠાતણો, શેક કર્યો દિન ચાર,
ગાંઠ બધી ગઈ ઓગળી, રહ્યું ન દુઃખ લગાર. ૧૩૨
જેના પર અવધૂતની, વરસે અમૃત-મહેર,
વાઢ-કાપના મેજથી, પરત જાય જો ઘેર. ૧૩૩
શ્રદ્ધા કેરી સાંકળે, બંધાયો અવધૂત,
શક્ય કરે અશક્યનું, વિષ બને અમૃત. ૧૩૪
માટે શ્રદ્ધા રાખીને, સદા ભજો ગુરુદેવ,
ભયની ભોગળ ભાંગશે, સ્વયં આવી તતખેવ. ૧૩૫
વાસંતી ગુરુમંત્રનો, કરતી જ્યમ જ્યમ જાપ,
ત્યમ ત્યમ શાંતિ હૃદય મહીં, થાતી દિવ્ય અમાપ. ૧૩૬
મંત્ર-જાપપ્રતાપથી, વાસંતીને આમ,
સ્વામી સંસ્કારી મળ્યા, થયા સફળ સહુ કામ. ૧૩૭
ઉચ્ચ કુટુંબના દીકરા, જયંતભાઈ અભિધાન,
સહૃદયી ને સોહામણા, સદ્‌ગુણયુક્ત યુવાન. ૧૩૮
સમાન રુચિ બંનેવની, સમાન વળી વિચાર,
દંપતીતણો તે થકી, મહેંકી રહ્યો સંસાર. ૧૩૯
લગ્નજીવન સફળ થતાં, આવ્યું શુભ પરિણામ,
દીકરા-દીકરી સુશીલ થતાં, આવ્યું શુભ પરિણામ, ૧૪૦
ભણી-ગણી પરદેશમાં, સર્વ કરે વસવાટ,
સદ્‌ગુરુ પર શ્રદ્ધાતણો, મૂર્ત એ મઘમઘાટ. ૧૪૧
મુંબઈ છોડી દંપતી, આવ્યાં અમદાવાદ,
વૃદ્ધિ થઈ વહેપારની, દૂર થયો વિષાદ. ૧૪૨
અમદાવાદમાં આવતાં, નજીક સરખેજ ગામ,
પિયર સદ્‌ગુરુ રંગનું, પરમ પવિત્ર ધામ. ૧૪૩
દર્શન કરતાં ધામનું, થાતું અંતર તૃપ્ત,
જાગૃત થઈ ગુરુભક્તિ જે, પડી હતી સુષુપ્ત. ૧૪૪
વાસંતીને તક મળી, ગુરુભક્તિની આંહ્ય,
સરખેજ જઈને ભાવ જો, વિધવિધ અહીંયાં થાય. ૧૪૫
દર્શન પૂજન ભજન ને, પારાયણ અનુષ્ઠાન,
ભક્તિ-ભાવથી અહીં કરી, રીઝવે ગુરુ-ભગવાન. ૧૪૬
મંત્રજપનો જીવન મહીં, વાસંતીને આંહ્ય,
પ્રતિપળ અનુભવ થાય ને શ્રદ્ધા દૃઢ જો થાય. ૧૪૭
એ વાંસતી આજ હા ! ગુરુચરણે આસક્ત,
સદ્‌ગુરુ કેરા સ્મરણમાં, સદાય રહે છે રત. ૧૪૮
આળોટે સમૃદ્ધિમાં, તોયે નહિ અભિમાન,
ભલભલા અભિમાનમાં ડૂબ્યા શિષ્ય ! તું જાણ ! ૧૪૯
ગુરુકૃપા જો હોય તો જ, બચે ગર્વ થકી જન,
થાય નિત્ય ગુરુસ્મરણ ને, થાયે નિર્મલ મન. ૧૫૦
છોડી માટે જગતની, સર્વ આળ-પંપાળ,
શરણ ગ્રહો સદ્‌ગુરુતણું, એ જ એક પ્રતિપાળ. ૧૫૧
સ્વભાવ એ સંસારનો, પલટાયે પ્રતિપલ,
કદી તડકો કદી છાંયડો, નિયમ એજ અવિચલ. ૧૫૨
અસાર આ સંસારમાં, ડગલે-પગલે દુઃખ,
જેણે સદ્‌ગુરુ સેવિયા, તેને સદાય સુખ. ૧૫૩
સુણ ! સોખડા ગામમાં, હતા સન્નિષ્ઠ ભક્ત,
મગનલાલ પંડયા અહા ! શિક્ષક ગુરુપદરત. ૧૫૪
મૂળે સાત્ત્વિક વિપ્ર એ, કર્મનિષ્ઠ શિક્ષક,
સંધ્યા-પૂજા નિત કરે, સરળ-હૃદય નિષ્પંક. ૧૫૫
વરણામા ગામે કરે, શિક્ષણ કેરું કામ,
બ્રાહ્મણ તેજસ્વી અહા ! સદા સ્મરે ગુરુનામ. ૧૫૬
મગનલાલને એક દિને, એક જોશીએ એમ,
જન્મકુંડલી જોઈને, ઘાલ્યો ખોટો વહેમ. ૧૫૭
પાડી કપાલે કરચલી, મુખ પર લાવી વિષાદ,
ઝીણી આંખ કરી **વદ્યા**, જોશી ધીમે સાદઃ ૧૫૮
'અરે ! માસ્તરજી ખરે ! છે બુરા સંજોગ,
જોતાં તમારી કુંડલી, છે મૃત્યુનો યોગ. ૧૫૯
ગ્રહ બધા નબળા બની, આવ્યા એક જ સ્થાન,
તમે હવે આ જગ મહીં, થોડા દિન મહેમાન. ૧૬૦

જોતાં ગ્રહ હું તો કહું, એક વાત ખચિત,
આવતા શ્રાવણ માસમાં, આપનું મરણ નિશ્ચિત.' ૧૬૧
એમ કહીને જોશી એ, કરી મર્મ-પ્રહાર,
લઈ દક્ષિણા વેગથી, નીકળ્યા ઘરની બહાર. ૧૬૨
સુણતાં વચન જોશીનાં, મગનલાલ તત્કાલ,
ઢીલા એવા થઈ ગયા, સામે જાણે કાળ. ૧૬૩
હૃદય વલોવાય પણ વાત ન કોઈને થાય,
મૃત્યુ કેરો વિચાર હા ! કાળજું કોરી ખાય. ૧૬૪
અન્ન ઉદક ભાવે નહિ, નિદ્રા ન આવે નેણ,
હાસ્ય વિલાયું મુખ થકી, સદા રહે બેચેન. ૧૬૫
કુંટુબના જન વા કદી, સ્નેહીજનની સાથ,
વાત કરતા હોય ત્યાં, આવે મૃત્યુ યાદ. ૧૬૬
નયને નીર ભરાય ત્યાં, વાત બંધ થઈ જાય,
મૃત્યુ કોરે કાળજું, કોઈને ના કહેવાય. ૧૬૭
કુટુંબીઓ ને સ્નેહીઓ, એવું જોઈને વર્તન,
વિસ્મય પામે અતિ વળી, દુઃખી થાયે મન. ૧૬૮
પૂછે કોઈ એમને, એનું શું કારણ ?
વાત તરત ટાળી દઈ, ભાગે દૂર તત્ક્ષણ. ૧૬૯
એકલ દુઃખી થાય ને, એકલ મન મૂંઝાય,
નિજ મૃત્યુની વાત અરે ! કોઈને શેં કહેવાય ? ૧૭૦
નયન ઊંડા ઊતરી ગયાં, સૂકાઈ ગયું જો તન,
અંતર આખો દિ' બળે, દુઃખમાં અતિ ગહન. ૧૭૧
એક દિ' પ્રાતઃકાળમાં માસ્તર મગનલાલ,
પૂજા કરવા દેવની, બેઠા'તા તત્કાલ. ૧૭૨
પૂજા કેરા સ્થાનમાં, અવધૂતજીનો એક,
સુંદર ફોટો માસ્તરે, રાખ્યો'તો હા ! છેક. ૧૭૩
પૂજા કરતાં સહજ કંઈ, માસ્તર કેરી નજર,
પડી એકાએક અહા ! અવધૂત-ફોટા પર. ૧૭૪
અવધૂત-નયનથી વરસતી, જાણે આશિષ-ધાર,
માસ્તર હૈયે ત્યાં અહા ! વ્યાપી શાંતિ અપાર. ૧૭૫
મૃત્યુ કેરા દુઃખને, ભૂલ્યા એ પલભર,
શાંતિ-સૌખ્યનું હૃદયમાં, વહી રહ્યું નિર્ઝર. ૧૭૬
ભળભળ બળતું કાળજું, થયું શાંત તત્કાળ,
ઊભી પૂંછડીએ મૃત્યુની, ભીતિ નાઠી બાળ ! ૧૭૭
માસ્તરના હૈયા વિષે, ચમકયો એક વિચારઃ
'હું પણ કેવો વ્યર્થ આ, થાઉં દુઃખી અપાર ! ૧૭૮
મારે માથે સમર્થ છે, સદ્‌ગુરુ દીનાનાથ,
શા માટે પછી વ્યર્થ હું, વેઠું આ આઘાત ? ૧૭૯
સમર્થ સદ્‌ગુરુ માહરા, યમને કરે પડકાર,
છોડી એમને હું વૃથા, થાઉં શેં લાચાર ? ૧૮૦
દોડી આજે જાઉં છું, ગ્રહું અવધૂત-શરણ,
મૂકી શિર ચરણે તિહાં, વ્યક્ત કરું મૂંઝવણ.' ૧૮૧
આનંદ આનંદ થઈ ગયો, કરતાં એમ વિચાર,
જાવા અવધૂત પાસ એ, થઈ ગયા તૈયાર. ૧૮૨
તે સમે અવધૂતજી, કરવાને આરામ,
વાસ કરે મુકામ કરી, વ્યાસેશ્વર શુભ ધામ. ૧૮૩
ભકત પરમ અવધૂતનાં, પંડિત ને વિદ્વાન,
ભવાનીશંકર શાસ્ત્રીજી, સાથ હતા તે સ્થાન; ૧૮૪
મગનલાલ આવી ગયા, વ્યાસેશ્વર મોઝાર,
ફળ-ફૂલ શ્રી અવધૂતનાં, ચરણ મૂકી તે વાર. ૧૮૫
સાથે મસ્તક મુકિયું, આંસુ વહે ચોધાર,
નતવદને અવધૂતને, વંદે વારંવાર. ૧૮૬
જોઈ આંસુ ભકતનાં, દ્રવિયા દીનદયાળ,
કરીને કૃપા ભકત પર, પૂછે પરમ કૃપાળઃ ૧૮૭
''માસ્તર કેમ રડો છો ? બોલો શી છે વાત ?
મનની મૂંઝવણ કહો મને, છોડી સર્વ વિષાદ.'' ૧૮૮
સદ્‌ગુરુના શબ્દો સૂણી, માસ્તરના હૃદ્ માંહ્ય,
હિંમત આવી ને વદ્યા, જોડી બન્ને બાંહ્યઃ ૧૮૯
'જોશી ઘર કો આવીયો જોઈ કુંડળી તેમ,
કરી ગણતરી ને તિહાં, ભવિષ્ય ભાખ્યું એમ. ૧૯૦
આવતા શ્રાવણ માસમાં, મારો મૃત્યુયોગ,
મોત મારું જરૂર થશે નહિ બચવા સંજોગ. ૧૯૧
તે દિનથી પ્રભુ ! માહરા, મનમાં પેઠો ભય,
અન્નોદક ભાવે નહિ, પામે તનડું ક્ષય. ૧૯૨
ઊંઘ ન આવે રાતરે, જોઉં દિવસ વેરાન,
મૃત્યુના ભયથી પ્રભુ ! થાઉં બહુ હેરાન.' ૧૯૩
એમ વદીને માસ્તરે, મૂકી મોટી પોકઃ
'હે અવધૂત ! બચાવ તું હું તારો તોક.' ૧૯૪
વાત સુણી માસ્તરતણી, અવધૂતજી તે વાર,
ખડખડાટ હસી પડયા, વદે પછી દુઃખહારઃ ૧૯૫
'અરે ! મગનલાલ તમે, કરો છો કેવી વાત ?
હું બેઠો છું તિહાં, કહો, કોની છે તાકાત ? ૧૯૬

મારી શકવાની અહા ! આવે યમનો બાપ,
તો પણ એ વંદન કરી, પાછો જાયે આપ. ૧૯૭
માટે ચિંતા છોડીને, ભાવે કરવું ભજન,
હરદમ હું તમ સાથ છું. મારું અભય વચન.' ૧૯૮
કહી એમ અવધૂતજીએ, જાતે દીધો પ્રસાદ,
મળતાં એ મગનલાલને, હૃદયે વ્યાપ્યો આહ્લાદ. ૧૯૯
મગનલાલ આનંદથી, આવી ગયા નિજ ઘેર,
શ્રદ્ધાથી સદ્ગુરુતણું, ભજન કરે સુપેર. ૨૦૦
વ્હેતો રહ્યો સમય તિહાં, આવ્યો શ્રાવણ માસ,
મગનલાલ મન વિષે, ચિંતા જાગી ખાસ. ૨૦૧
કદાચ શ્રાવણ માસમાં, આવે તનમાં રોગ,
સમજી લેવું જરૂર આ, આવ્યો મૃત્યુયોગ. ૨૦૨
કંપી ઊઠયું કાળજું, કરતાં એમ વિચાર,
મગનલાલના હૃદયમાં, થાતો ભયસંચાર. ૨૦૩
ત્યાં તો શ્રાવણ માસ હા ! આવી ગયો તે વાર,
મગનલાલને શરદીનો, આવ્યો તાવ લગાર. ૨૦૪
લીધું ઔષધ વૈદ્યનું, ઘર-ગથ્થુ ઉપચાર,
કંઈક કર્યા હા ! તોય પણ, ફેર ન પડે લગાર. ૨૦૫
મન વિષે મગનલાલના, ઊઠે કંઈક વિચાર,
આવી ગયો જરૂર આ, મૃત્યુનો અણસાર. ૨૦૬
મન નબળું તેથી થયું, કરતાં આમ વિચાર,
મગનલાલના દેહમાં, વ્યાપ્યો તાપ અપાર. ૨૦૭
અન્નાદિક પચતાં નહિ, થયું ક્ષીણ તન-મન,
મૃત્યુ ચોક્કસ છે હવે, માની કરે રુદન. ૨૦૮
સગા-સ્નેહીઓ એમનાં, ભેગા મળીને ત્યાંય,
દાખલ કરતા લઈ જઈ, ઈસ્પિતાલની માંહ્ય. ૨૦૯
ઈસ્પિતાલમાંથી અહા ! મગનભાઈએ એક,
લખ્યો પત્ર ગુરુદેવને, મૃત્યુભયથી છેક. ૨૧૦
'હે અવધૂત ! દિગંબરા ! અનાથના હે નાથ !
મૃત્યુબિછાને હું પડયો, ઈસ્પિતાલમાં તાત ! ૨૧૧
ચાલે શ્રાવણ માસ ને, જોશીભાખ્યું વચન,
થાશે જરૂર સત્ય ને, થાશે મારું મરણ.' ૨૧૨
વાંચી પત્ર માસ્તરતણો, ખૂબ હસ્યા અવધૂત,
માસ્તર કેરા મસ્તકે, આવ્યું કયાંથી તૂત ? ૨૧૩
તાવ મટાડવા બહારની, ગરમ ગોળિયો ખૂબ,
ખાધી ને ઉપર પીધું, ના જરાયે દૂધ. ૨૧૪
તેથી એના શરીરમાં, ગરમી વ્યાપી ગઈ,
પાચનશકિત મંદ જો, એ જ કારણ થઈ. ૨૧૫
તુર્ત પછી અવધૂતજીએ, મોદીજીને તત્ર,
બોલાવી માસ્તર ઉપર, એક લખાવ્યો પત્ર. ૨૧૬
આશ્વાસન આપ્યું ને, વળી લખાવ્યું એમ,
'હું હર-પળ તમ સાથ છું, પછી ડરો છો કેમ ? ૨૧૭
શ્રદ્ધા રાખી હરિ સ્મરો, જમડાના શા ભાર ?
મારી આજ્ઞા વિણ કદી, નહિ આવે તમ દ્વાર.' ૨૧૮
એવું લખાવી પત્રમાં, સદ્ગુરુ દેવ દયાળ,
લીલા પછી કેવી કરે, સાંભળ તે તું બાળ ! ૨૧૯
વિશ્વનાથને લીલોડથી, સાયરથી વળી તેમ,
બોલાવી મનુભાઈને, કહે સદ્ગુરુ એમઃ ૨૨૦
'બેઉ તમે વિપ્રો અરે ! આવતીકાલથી જાણ,
દત્તનાસંકીર્તન, ગાઈ મુખથી માન. ૨૨૧
અહિયાં શ્રીગુરુપાદુકા ઉપર ધારી પ્રીત્ય,
અભિષેક દૂધનો કરો, સોળ દિવસ જો નિત્ય. ૨૨૨
રેવાસ્નાન કર્યા પછી, પહેરી વસ્ત્ર સુધૌત,
વારા-ફરતી બોલીને, ઊંચે સાદે સ્પષ્ટ. ૨૨૩
ભાવથી સંકીર્તનના, સોળ પૂર્ણ આવર્તન,
નિત્યે કરવાં ને પછી, કરી ઉત્તરપૂજન.' ૨૨૪
ઘેર જવાનું, ને પછી, રાખી મન પ્રસન્ન,
ષોડશ દિન કરજો તમે, એકટાણું ભોજન. ૨૨૫
જેવી આજ્ઞા આપની, એમ કહી બે વિપ્ર,
વંદન શ્રીચરણે કરી, ગયા ગામ નિજ ક્ષિપ્ર. ૨૨૬
બીજે દિવસે વિપ્ર બે, શ્રીઆજ્ઞાનુસાર,
શુદ્ધ થઈ આવી ગયા, નારેશ્વર મોઝાર. ૨૨૭
ગુર્વાજ્ઞાનું ખમીર ને, હૃદ્-શ્રદ્ધા ધબકાર,
સંકીર્તનના પાઠ હા ! દિનમાં ષોડશ વાર. ૨૨૮
થાય પાદુકાજી ઉપર, અખંડ પયની ધાર,
આમ આ અભિષેકને, થયા માંડ દિન ચાર; ૨૨૯
ત્યાં તો ઈસ્પિતાલમાં, માસ્તરના તન માંહ્ય,
નૂતન શકિતના ઝરા ફૂટવા લાગ્યા ત્યાંય. ૨૩૦
પાંચ દિવસમાં તો અહા ! માસ્તર કેરી કાય,
તદ્દન સ્વસ્થ થઈ ગઈ, રોગ રહ્યો ના કયાંય! ૨૩૧
ઈસ્પિતાલથી માસ્તરે, લીધી જયારે વિદાય,
કૃતજ્ઞતાના ભાવથી, નયનો બહુ છલકાય. ૨૩૨

અંતરથી અવધૂતને, વંદે વારંવાર,
સમર્થ સદ્‌ગુરુ તાહરો, શેં ભૂલું આભાર ? ૨૩૩
મુજને યમના દ્વારથી, હે મારા સદ્‌ગુરુવર !
હાથ ગ્રહીને આજ તું, લઈ આવ્યો મુજ ઘર. ૨૩૪
ઘેર આવ્યા ને પછી, મગનલાલ માસ્તર.
તૈયારી જલદી કરી, જાતા નારેશ્વર. ૨૩૫
નયને નીર વહે છતાં, મરક-મરક મુખ થાય,
ગુરુદર્શનથી ભકતહૃદય, ભાવ-સભર થઈ જાય. ૨૩૬
મગનલાલને જોઈને, હસતાં મુખડે એમ,
પૂછી રહ્યા અવધૂતજી, અરે ! માસ્તર કેમ ? ૨૩૭
તબિયત કેવી છે કહો, કયાં ગયો મૃત્યુયોગ ?
શ્રાવણ તો ચાલ્યો ગયો, ભલો રચ્યો સંજોગ ! ૨૩૮
કૃતજ્ઞતાના ભારથી, ભાવવિભોર માસ્તર,
શું બોલે ? હૈયે વહે, ભાવ-ઝરા સત્વર. ૨૩૯
કુંઠિત વાણી થઈ ગઈ, નયન વહાવે નીર,
ધન્ય ધન્ય અવધૂત તેં, ભલી મિટાવી પીર. ૨૪૦
મગનલાલ માસ્તરને, યમના દ્વારથી એમ,
લઈ નિજ ઘર અવધૂતજી, આવ્યા કુશળક્ષેમ. ૨૪૧
ત્યાં નિરંજન શિષ્ય એ, બોલ્યો જોડી હાથઃ
એક વાત મુજને જરા, સમજાવો ગુરુનાથ ! ૨૪૨
સદ્‌ગુરુએ બે વિપ્રને, સંકીર્તનના એમ,
કરવાના પ્રેમે કહ્યા કહો પાઠ એ કેમ ? ૨૪૩
સોળ સોળ દિન સોળ સુધી, એનો શો છે અર્થ ?
સમજાવો એ સોળનો, મુજને અંક સમર્થ ! ૨૪૪
અલખ કહે સૂણ શિષ્ય હે ! દત્તતણા અવતાર,
સોળ થયા છે, ભૂ વિષે, તેથી ષોડશ વાર. ૨૪૫
પાઠ સંકીર્તનતણા, કરવાને તે વાર,
કહ્યું હતું અવધૂતજીએ, સમજી લે તું બાળ. ૨૪૬
સંકીર્તનના પાઠથી, દત્તપાદુકા ઉપર,
અભિષેકથી દૂર થયું, અપમૃત્યુ દુષ્કર. ૨૪૭
તે દિનથી ગુરુપાદુકા ઉપર ભકતો એમ,
દત્તનામસંકીર્તને, કરે અભિષેક તેમ. ૨૪૮
દત્તનામસંકીર્તનનો, મહિમા અપરંપાર,
દુઃખ-શોક-અપમૃત્યુ ને આધિ-વ્યાધિ હરનાર. ૨૪૯
સદા સ્મરો ગુરુદેવને, એ છે તારણહાર,
ગુરુ વિણ ન કો કરી શકે, શિષ્યતણો ઉદ્ધાર. ૨૫૦
જેણે સેવ્યા સદ્‌ગુરુ, તેનો બેડો પાર,
સાચું શરણ શ્રીસદ્‌ગુરુ, સત્ય સત્ય ત્રિવાર. ૨૫૧
'બાળક' બેઠો શરણમાં, રંગ ગુરુને દ્વાર,
અલખ નિરંજનને કહે, કથ્યો તેહનો સાર. ૨૫૨

શ્રદ્ધા સેવી બાળકી, પામી સૌખ્ય અપાર,
માસ્તર પણ તરી ગયા, ગુરુચરણઆધાર. ૨૫૩

ઈતિશ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનીલાલબાલગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે પૂર્વજન્મપુણ્યોદયવર્ણને વાસંતીનાયકાદિકથનં નામ એકોનપંચાશત્તમોऽધ્યાયઃ ।।૪૯।। દોહરા ૨૫૩ ।।

## અધ્યાય : ૫૦

અલખ નિરંજનને કહે, સદ્‌ગુરુલીલા અપાર,
શેષ, સરસ્વતી વર્ણવે, તો યે ન આવે પાર ! ૧
વડોદરા જિલ્લા મહીં, તાલુકાનું ગામ,
નાનું પણ નમણું અહા ! છે પાદરા શુભ નામ. ૨
વસે વિપ્ર ઉત્તમ તિહાં, ગુણવંત પાઠક નામ.
સાત્ત્વિક, સદ્‌ગુરુભકત એ, સદા સ્મરે ગુરુનામ. ૩
પરમ ભકત અવધૂતના, સદ્‌ગુરુ પર વિશ્વાસ,
રાખીને સંસારનું, હાંકે ગાડું ખાસ. ૪
આ સંસારસમુદ્રમાં, કદી ભરતી કદી ઓટ,
નિયતિ કેરો નિયમ એ, કદી નફો, કદી ખોટ ! ૫
કિન્તુ જેણે સદ્‌ગુરુનું, શરણ ગ્રહ્યું છે જાણ,
મન તેનું ચળે નહિ, થાય લાભ કે હાણ. ૬
વિપ્ર ગુણવંતલાલના, જીવનમાં કંઈ વાર,
સુખ-દુઃખનાં દ્વંદ્વોતણી, ચાલી રહે ઘટમાળ. ૭
ત્યારે શ્રદ્ધાથી સ્મરે, સદ્‌ગુરુ દેવ દયાળ,
દયાવંત અવધૂતજી, તુર્ત થાય પ્રતિપાળ. ૮
જયારે જયારે જીવનમાં, કંઈ પણ દુષ્કર થાય,
સ્મરતાં ત્યારે સદ્‌ગુરુ, ચમત્કાર સર્જાય. ૯
દૂર થઈ દુષ્કર બધું, આનંદ મંગલ થાય;
ગુણવંત કેરા જીવનમાં, દુઃખ રહે ના કયાંય ! ૧૦

વિશેષ પોતાની ઉપર છે, ગુરુકૃપા અપાર,
માની એમ ગુણવંતજી, કરે નિજ મન વિચારઃ ૧૧
'મુજ ઘર ને મુજ ગામમાં, અવધૂતજીને એમ,
લાવું ખૂબ ધૂમધામથી, ધારી એવી નેમ.' ૧૨
જઈને નારેશ્વર ધામમાં, જોડી બન્ને હાથ,
ગુણવંતલાલે વિનવિયા, નારેશ્વરના નાથઃ ૧૩
'પ્રભુ ! વિનંતી માહરી, સૂણી કરો સ્વીકાર,
રંગજ્યંતી આવતી, મુજ ગામે અઘહાર ! ૧૪
ઉજવવાની દો મને, આજ્ઞા રંગદયાળ !
સ્વયં પધારી પાદરા, બનો ભકતપ્રતિપાળ ! ૧૫
મુજ ઘર ને મુજ ગામની, ધરતી ધન થઈ જાય,
પતિત પાવન રંગનાં ચરણો જો ચંપાય' ૧૬
વિનંતીને વશ થઈ ગયા, ભકત-ભાર હરનાર,
ગુણવંત કેરી પ્રાર્થના, તુર્ત કરી સ્વીકાર. ૧૭
આપ્યું અનુમોદન વળી, આપ્યા આશીર્વાદ,
સફળ થશે તુજ કામના, નહીં રહે વિષાદ. ૧૮
આજ્ઞા મળી અવધૂતની, વળી મળી આશિષ,
ગુણવંત સદ્ગુરુચરણમાં, નમવે ફરી ફરી શીષ. ૧૯
પુણ્ય ફળ્યાં કંઈ જન્મનાં, ગુણવંત કેરાં ધન્ય !
એને ઘેર પધારશે, વ્હાલા ગુરુવદાન્ય ! ૨૦
ગુણવંતના હૈયા વિષે, હર્ષ અતિ ઉભરાય,
મારે ઘેર પધારશે, મારા સદ્ગુરુરાય. ૨૧
સ્વાગતમાં અવધૂતના મારું તન, મન, ધન,
ઓવારી દઉં તોય, અરે ! ઓછું છે મુજ મન. ૨૨
નગરજનોને પાદરા, આવીને કરી વાત,
ધન્ય ! પધારે ગામમાં, નારેશ્વરના નાથ, ૨૩
નામ સૂણી અવધૂતનું, નગરતણાં નર-નાર
હિંડોળે આનંદના, ઝૂલી રહ્યા તે વાર. ૨૪
ભેદી નાખ્યા પલકમાં, નાત-જાતના ભેદ,
ઊંચ-નીચના દ્વંદ્વનો, દીધો ઊડાડી છેદ. ૨૫
રાય-રંક કો ના રહ્યા, રહ્યા ન રાગદ્વેષ,
વેર-ઝેર અંગત બધાં, આજ થયાં નિઃશેષ. ૨૬
હિન્દુ, મુસ્લિમ, પારસી, શીખ ઈસાઈ એમ,
સ્વાગત કરવા રંગનું, થયા એકઠા તેમ. ૨૭
રસ્તા સાફ કર્યા બધા, કરી ગંદકી દૂર,
પૂર્યા ખાડા-ટેકરા, છાંટયા વારિ પ્રચુર. ૨૮
રંગ-બિરંગી પતાકડાં, તોરણ વિધ-વિધ રંગ,
આખા માર્ગે બાંધીને, ભલો જમાવ્યો રંગ. ૨૯
આકર્ષક કળા કરી, શણગાર્યા મંડપ,
ઠેર ઠેર કમાન ને વળી, રહે ન કયાંયે ઊણપ. ૩૦
ગલી ગલી એ નગરની, શણગારી છે આજ,
એવી જાણે ત્યાં જ જો, પધારશે રંગરાજ ! ૩૧
વચ્ચે વચ્ચે ધૂપ ને, અગરબત્તી-ઝૂંડ,
દિવ્ય ગંધ પ્રસરાવતાં, શરદી ભલે પ્રચંડ. ૩૨
નગર આજ હેલે ચઢયું, વ્યાપ્યો દિવ્યાનંદ,
નાચે ધૂન મચાવતાં, નરનારીનાં વૃંદ. ૩૩
સંવત બે હજાર ને, દસતણી એ સાલ,
કારતક સુદી આઠમે, સદ્ગુરુ દીન-દયાળ ૩૪
ઉતર્યા સ્ટેશન પાદરે, ચરણ-કમળ નિજ એમ
ચાંપીને એ ભૂમિને, કરી ધન્ય હા ! તેમ. ૩૫
લીધી વિશ્રાંતિ તિહાં, શ્રીએ સ્ટેશન પર,
શોભાયાત્રામાં પછી પધાર્યા સદ્ગુરુવર. ૩૬
સફેદ દૂધ સમ અશ્વ બે ઉચ્ચૈઃશ્રવા સમાન,
ઝરિયન શણગારે અહા ! શોભે સ્વરૂપવાન. ૩૭
વિધ-વિધ રંગી પુષ્પ ને મંગલ પલ્લવ-પાન,
ખૂબ કળામય રીતથી, શણગારી'તી યાન. ૩૮
હેમ-રજત-ધાગે ભર્યા તડકે ચક-ચક થાય,
હતા બિછાવ્યા ગાલીચા દિવ્ય બગીમાં ત્યાંય. ૩૯
અવધૂતજી બિરાજતા એવી બગીમાં વાહ !
જાણે નીકળ્યા સવારીમાં સાત શાહના શાહ ! ૪૦
ચોગરદમ ઉછળી રહ્યો માનવમહેરામણ,
દત્ત દત્તની ધૂનમાં નાચે સઘળાં મગન. ૪૧
સૌથી આગળ વાગતાં ઢોલક ને શહનાઇ,
વાદ્યો મંગલ આપતાં, મંગલની વધાઈ. ૪૨
બેન્ડ વાજાં પછી અહા ! વિધ-વિધ વાદ્યો સાથ,
પડઘમ ઢોલક સહ અહા ! 'દિગંબરા'નો નાદ. ૪૩
ગજાવતા ખૂબ ભાવથી ધૂન અહા ! લયબદ્ધ,
નવરંગી પોષાકથી થઈને સઘળા સજ્જ. ૪૪
વિવિધ ગામની તે પછી ભજનમંડળી આમ,
મંજીરાના તાલ સહ ગાતી હરિનું નામ. ૪૫
નાચે કૂદે મોદથી, દઈને તાલી તાલ,
અવધૂત પ્રત્યે ધન્ય એ વહાવે ભકિત-વહાલ. ૪૬

ભાવિક જન એ તે પછી નગર જનોની હાર,
મોદે સ્મરતા સદ્‌ગુરુ ચાલે હારો-હાર. ૪૭
પાછળ જુઓ અવધૂતની ગાડી ચાલે, વાહ !
વર્ષે પુષ્પો વ્યોમથી, છવાઈ ગયો રાહ ! ૪૮
ગાડી પાછળ રંગની કન્યા કેરી કતાર,
શ્રીફળ સાથ કલશ લઈ ચાલે સજી શણગાર. ૪૯
સૌભાગ્યવંતી ચાલતી, સજી સોળ શણગાર;
પ્રૌઢાઓ ચાલે વળી કરતી જયજયકાર. ૫૦
હલકે કંઠે હલકથી, મંગલ ગીત ગવાય;
અબીલ ગુલાલ ઊડે અને આતશબાજી થાય. ૫૧
રજત છત્ર ચામર અને રજત છડી લઈ હાથ,
છડી રંગની બોલતા ભકતો ઊંચે સાદ. ૫૨
ઠેર ઠેર રસ્તામહીં ઊડે અખંડ ગુલાલ,
પુષ્પ-વૃષ્ટિ આકાશથી, થાએ વારંવાર. ૫૩
માર્ગે પારસી ભાઈઓ પુષ્પ-હારથી એમ,
સ્વાગત કરતા સંતનું હૈયે ધારી પ્રેમ. ૫૪
વળી નગરહાકેમ જે મુખ્ય મામલતદાર,
સત્કારે અવધૂતને, અરપી ફૂલનો હાર. ૫૫
નગર-ન્યાયાધીશ જે મુનસફશ્રીએ એમ,
એ જ રીતથી રંગને સત્કાર્યા સપ્રેમ. ૫૬
ગાડી આવી નગરના મુસ્લીમ ફળિયા માંહ્ય,
મુસ્લીમોએ ભાવથી સત્કાર્યા ગુરુરાય. ૫૭
પીંજારાઓએ અહા ! રૂ-પુણિયોની કમાન
કળામય રચના કરી, સત્કાર્યા ભગવાન. ૫૮
સાયકલના વેપારીએ સાયકલ કેરી એમ,
સુંદર કમાન રચી અહા ! વ્યક્ત કર્યો નિજ પ્રેમ. ૫૯
માળી-ફળિયું આવતાં, ફૂલના વેચણહાર,
સત્કારે જો પુષ્પના બનાવી મોટા હાર. ૬૦
આસોપાલવના અહા ! મંગલ પલ્લવ માંહ્ય,
ગૂંથી પુષ્પો રચી હતી કમાન મોટી ત્યાંય. ૬૧
ફૂલ પાંદડીઓ ગુલાબની વરસે ઠામે-ઠામ,
પુષ્પોના શણગારથી શોભી રહ્યું એ ઠામ. ૬૨
ધજા-પતાકા શોભતું, આવ્યું ઝંડા બજાર;
વિશાળ કળામય શોભતા, દરવાજા ત્યાં ચાર. ૬૩
વિધ-વિધ રંગી પતાકડાં 'દત્ત' શબ્દથી એમ,
અંકિત એ ફરકી રહ્યાં, નામ પ્રમાણે તેમ. ૬૪
ગાડી જતાં છીપવાડમાં, શ્વેત વસ્ત્ર સુહાય;
પ્હેરી એ શું છીપવાડ સ્વાગત કરવા ધાય ! ૬૫
રંગ-વિરંગી વસ્ત્રના, દશ દરવાજા જાણ,
કલાનિપુણતાથી રચ્યા, શોભા દેતા માન ! ૬૬
શોભાયાત્રા રંગની ફરતી-ફરતી એમ,
આવી પહોંચી નગરના શાકબજારે તેમ. ૬૭
ગુજરાતે વિખ્યાત, આ શાક કેરું બજાર,
હજાર હજાર મણતણો થાય રોજ વેપાર. ૬૮
વેપારી એ શાકના, ઉમદા એમની જાત;
કાછીઆ-પટેલ નામથી વિશ્વમહીં વિખ્યાત. ૬૯
ધંધા-ધારી કુનેહ સહ ખમીરવંત સાહસિક,
પરઉપકારી સર્વદા, ઉદારદિલ ધાર્મિક. ૭૦
એમણે શ્રીઅવધૂતનું સ્વાગત કરવા વાહ !
વિશાળ, કદળી ફળતણો રચ્યો દરવાજો, રાહ. ૭૧
દશ કલશી કેળાં વળી શાક-ભાજી કંઈ એમ,
ગૂંથી કલામય દ્વાર હા ! ખડું કર્યું'તું તેમ. ૭૨
ખરાદીવાડે કાષ્ટની વિધવિધ રંગની એમ,
આકૃતિઓને ગોઠવી ભવ્ય-દ્વાર સપ્રેમ ૭૩
હતું બનાવ્યું ધન્ય હા ! ગાંધી ચોકે તેમ,
શ્રીફળનો ગોપુર અહા, ભવ્ય બનાવ્યો એમ. ૭૪
ત્યાંથી આગળ ચાલતાં, આવ્યું ચોકસી બજાર;
ધીખતો સોના-ચાંદીનો થાયે જયાં વેપાર. ૭૫
અમૂલ્ય સોના-ચાંદીના હીરા-મોતીના તેમ,
ગૂંથી દાગીના બધા વિશાળ ગોપુર એમ ૭૬
રચ્યો હતો બહુ ભાવથી; અવધૂતસ્વાગત કાજ,
''ધન્ય ! પધાર્યા આંગણે યોગીના શિરતાજ'' ૭૭
કુંભારવાડામાં આવી ત્યાં સ્વારી સુણ હે બાળ !
માટીનાં વાસણતણો દરવાજો વિશાળ ૭૮
હતો બનાવ્યો પ્રેમથી ; થયા પ્રજાપતિ ધન્ય !
''ભલે પધાર્યા આંગણે યોગીરાજ વરેણ્ય !'' ૭૯
અલખ કહે સુણ શિષ્ય હે ! કેવો વિપરીત યોગ !
સોના ને માટીતણો ભલો થયો સંજોગ. ૮૦
સ્થિતપ્રજ્ઞ અવધૂતને માટી-સોનાતાર,
છે સરખાં તેનો અહીં થાતો'તો અણસાર. ૮૧
કંસારાના મહોલ્લે આવી સ્વારી જયાંય,
ત્રાંબા-પિત્તળ પાત્રનો ભવ્ય ગોપુર ત્યાંય; ૮૨

દરવાજે બધું ગોઠવી, અવધૂતસ્વાગત કાજ,
કંસારાઓએ તિહાં હતો બનાવ્યો આજ. ૮૩
ત્યાંથી આગળ ચાલતાં મંગલસૂચક માન
નાગરવેલનાં પાનની મોટી રચી કમાન; ૮૪
નોંદેરા શેરીમહી, ત્યાંથી આવ્યા જાણ;
હતું ગુણવંતભાઈનું ત્યાં જ શુભ રહેઠાણ. ૮૫
નાની સરખી મેડીપર અવધૂતનો મુકામ;
ધજા-પતાકા-તોરણો શોભે ઠામેઠામ. ૮૬
રંગ-વિરંગી રેશમી મખમલ વસ્ત્રો એમ,
અવધૂતજીના માર્ગમાં હતાં પાથર્યાં તેમ. ૮૭
'અવધૂત ચિંતન'નું અહા ! થયું દિવ્ય ગર્જન,
ગાડીમાંથી સદ્‌ગુરુ ઉતર્યા પ્રસન્ન-મન. ૮૮
પુનિત ચરણને ચાંપતા, મખમલપર અઘહાર;
આવી ઊભા રહ્યા ગુણવંત કેરે દ્વાર. ૮૯
હર્ષાશ્રુ નયને વહે, મલક-મલક મુખ થાય,
પાગલ સમ ગુણવંતજી જ્યમ-ત્યમ દોડ્યે જાય. ૯૦
''શું કરું ? શું ના કરું ? આજે મારે દ્વાર
ધન્ય પધાર્યા સદ્‌ગુરુ મુજ હૈયાના હાર !'' ૯૧
પત્ની જમનાબેનકેરા હૈયે હરખ ન માય,
સાચાં મોતી થાળમાં લઈને આવ્યાં ત્યાંય ! ૯૨
અમૂલ્ય એ મોતી વડે વધાવિયા ગુરુનાથ,
ઘરમાં જઈ બેસી ગયા નારેશ્વરના નાથ. ૯૩
''આ બેઠો અવધૂત અહીં, રહેશે હવે સદાય''
સુણી વચન અવધૂતનાં ભક્તો મન હરખાય. ૯૪
અલખ કહે આજેય પણ ગુણવંતના ઘર માંહ્ય,
અવધૂતના અસ્તિત્વની ઝાંખી ઘણાને થાય, ૯૫
શ્રદ્ધા કેરી આંખથી, અવધૂતદર્શન થાય;
અશ્રદ્ધાળુ અંધ હા ! પડે ગર્તમાં હાય ! ૯૬
બીજે દિન શ્રીરંગની પંચાવનમી એમ,
જન્મજયંતી પાદરા ઉજવાઈ સપ્રેમ. ૯૭
સુંદર કોતરકામથી કોતરી કદલી સ્તંભ,
રચ્યું સિંહાસન ભવ્ય હા ! કલાકાર નિર્દંભ. ૯૮
શોભે એ જાણે રચ્યું વાપરી આરસપહાણ,
શિલ્પ કુશળ શિલ્પીનું, લોકો કરે વખાણ. ૯૯
બિરાજ્યા અવધૂતજી, કરી પુષ્પપરિધાન,
જાણે બિરાજ્યા વિશ્વના ચાલક વિષ્ણુ ભગવાન. ૧૦૦
જન્મજયંતી રંગની પંચાવનમી વાહ !
ઉજવાઈ'તી પાદરે ધન્ય ભાવ ઉત્સાહ ! ૧૦૧
બીજે દિને અવધૂતજીએ કવાંટના એક વિપ્ર
પંડ્યા મગનલાલને બોલાવ્યા ત્યાં ક્ષિપ્ર. ૧૦૨
યાદ કરે અવધૂતજી સૂણતાં એવી વાણ,
મગનલાલ આવી ઊભા જોડી બન્ને પાણ : ૧૦૩
''ધન્ય ! પ્રભુ ! આ દાસને યાદ કર્યો આ વાર,
આજ્ઞા ફરમાવો, પ્રભુ ! સેવક છે તૈયાર !'' ૧૦૪
મગનલાલને જોઈને બોલ્યા સદ્‌ગુરુવર,
''અરે ! મગનલાલ ! માહરે જાવું હાંફેશ્વર. ૧૦૫
રેવા-તટ પર મંદિરે રે'વા ઈચ્છું આમ,
રાખો નિવાસ ગુપ્ત જો, કરવો છે આરામ.'' ૧૦૬
સુણી વચન અવધૂતનાં મગનલાલનું મન,
નાચી ઊઠ્યું હર્ષથી પુલકિત થાતું તન. ૧૦૭
આવેશે આનંદના બોલ્યા જોડી હાથઃ
''ક્યારે જાવું છે ? પ્રભો ! કહો સદ્‌ગુરુનાથ !'' ૧૦૮
બોલ્યા અવધૂતજીઃ ''હવે શાને કરવી વાર ?
પરમ દિને સવારમાં થઈ જાઓ તૈયાર.'' ૧૦૯
''જેવી આજ્ઞા આપની !'' મગનલાલ ત્યાં જાય,
નિજ નિવાસમાં ભક્ત જ્યાં, હતા કવાંટના ત્યાંય. ૧૧૦
શુભ ખબર સાથ તેમને, આપી સૂચના એમ,
જાઓ છોટાઉદેપુરે, કરજો કહું છું તેમ. ૧૧૧
પરમ દિવસે જો બાપજી, જાતા હાંફેશ્વર,
તેથી પ્રથમ પધારશે, છોટાઉદેપુર. ૧૧૨
ત્યાંથી પ્રભુ પધારશે, આપણા કવાંટ ગામ,
મહાદેવજીના મંદિરે, કરાવશું મુકામ. ૧૧૩
પ્હોંચી જાવ ગામ મહીં, રે'શો વધુ ના અત્ર,
વ્યવસ્થા મુકામની, કરજો સુંદર તત્ર. ૧૧૪
બળદ ગાડી ને વળી, ઘોડાગાડી સાથ,
એકાદ ટેક્ષી રાખજો, તૈયાર જો ભલી ભાત. ૧૧૫
પરમ દિ' હું આવું છું, અવધૂતજીની સાથ,
માટે જાઓ ઝટ તમે, વંદી સદ્‌ગુરુનાથ. ૧૧૬
આપણા કવાંટ ગામમાં, પધારશે ગુરુરાય !
સુણતાં એ ભક્તોતણાં, હૈયાં અતિ હરખાય. ૧૧૭
વંદી સદ્‌ગુરુચરણમાં, ભક્તો થાય વિદાય,
અહીં નિરંજન હૃદયમાં, કૈંક પ્રશ્ન ઘોળાય. ૧૧૮

આંખડિઓના દ્વારથી, હૈયું જો દેખાય,
જોઈ આંખડી શિષ્યની, અલખજી મલકાય. ૧૧૯
મલકત મુખડે અલખજી, પૂછે શિષ્યને એમ,
પૂછ કંઈ શંકા હોય તો, મન મૂઝાયે કેમ ? ૧૨૦
શંકાનું છેદન થતાં, મનમાં થાય વિવેક;
તેથી શંકા ટાળવા, પૂછવા પ્રશ્ન અનેક. ૧૨૧
પ્રેરાઈ અલખવાકયથી, શિષ્ય નિરંજન જાણ,
ફરી ફરી વંદન કરી, પૂછે જોડી પાણઃ ૧૨૨
'ધન્ય ધન્ય હે સદ્ગુરો ! સદ્બુદ્ધિદાતાર,
તું જ એક છે માહરો, વિશ્વે તારણહાર. ૧૨૩
આપે પ્રભુ ! હમણાં કહ્યું, અવધૂતજીએ એમ,
હાંફેશ્વર જાવાતણો, કીધો નિર્ણય તેમ. ૧૨૪
હાંફેશ્વરનું સ્થાન કયાં ? શી છે એની વાત ?
હાંફેશ્વર અભિધાનથી, થયું કેમ વિખ્યાત ? ૧૨૫
પ્રશ્ન સૂણી એ શિષ્યનો, બોલ્યા અલખ દયાળ,
સાંભળ હાંફેશ્વરતણી, કથા કહું રસાળ. ૧૨૬
માર્કંડજીએ આ કથા, સ્કંદપુરાણે એમ,
રેવાખંડ વિષે કહી, કહું તને એ તેમ. ૧૨૭
પૂર્વે ઋષિવર કો હતા, હતું કલહંસ નામ,
જ્ઞાની, ત્યાગી તપસ્વી ને, સદા રટે હરિનામ. ૧૨૮
જોઈ આ સંસારમાં, જ્યાં ત્યાં સઘળે દુઃખ,
મુનિ-દિલડું દ્રવી ઊઠ્યું, થાતાં અંતર્મુખ. ૧૨૯
શી રીતે સંસારનાં, દૂર દુઃખડાં થાય,
તે માટે મારે હવે, કરવો કંઈ ઉપાય. ૧૩૦
મારી મન, તનતપ થકી, બાળી પાપો એમઃ
રીઝવું ભોળાનાથને, કરવા સૌનું ક્ષેમ. ૧૩૧
રેવા ભોળાનાથની, વહાલી કન્યા જાણ,
કંકર એટલા શંકર, એના તટ પર માન. ૧૩૨
રેવાતીરે તપતણો, મહિમા જાણ અપાર,
આશુતોષ રેવાતટે, પ્રગટે વારંવાર. ૧૩૩
ભોળા શંભુ એ તટે, થાયે શીઘ્ર પ્રસન્ન,
માટે રેવાકાંઠડે, કરું તપસ્યા ગહન. ૧૩૪
ઋષિવર કલહંસ અહા ! કરી એમ વિચાર,
આવ્યા રેવાકાંઠડે, તપ કરવા તે વાર. ૧૩૫
છાતી સમ રેવાતણાં, જલમાં જઈને સ્થિત,
ધ્યાન ધરે ભોળાતણું, રાખી પ્રસન્ન ચિત્ત. ૧૩૬
ઈન્દ્રિયનો નિગ્રહ કરી, છોડી ખાન ને પાન,
એકચિત્ત ૐકારમાં, રહે ન તનનું ભાન. ૧૩૭
ઉનાળાના સૂર્યના, તેજ-રશ્મિ અતિ પ્રખર,
બાળી દેતા કાયને, તોયે ન પડતી ખબર. ૧૩૮
ચીરી નાખે ચામડી, શિયાળાનો વા શીત,
તોયે ઋષિવરનું અહા ! ધન્ય ! ચળે ના ચિત્ત. ૧૩૯
ઝડિયોથી વરસાદની, ખડકો તૂટી જાય,
તો યે અચળ-અડગ રહે, ધન્ય ! ધન્ય ! ઋષિરાય ! ૧૪૦
ઉગ્ર તપ એ જોઈને, ઈન્દ્રરાજ ગભરાય,
મારું ઋષિવર આ રખે, ઈન્દ્રાસન લઈ જાય. ૧૪૧
આ ચિંતામાં ઈન્દ્રની, થઈ ગઈ નિંદ હરામ,
ખાન-પાન ભાવે નહિ, તન-મન ના આરામ. ૧૪૨
શી રીતે આ ઋષિતણી, કરું તપસ્યા ભંગ ?
એ ચિંતામાં ઈન્દ્રને, કશોય ન ભાવે રંગ ! ૧૪૩
રંભા, ઉર્વશી, મેનકા, અપ્સરાગણ રૂપવાન,
ઈન્દ્ર મોકલે તપસ્વીને કરવાને હેરાન !! ૧૪૪
અલખ કહે સુણ શિષ્ય હે ! જેણે અમૃતપાન,
હોય કર્યું આકંઠ તો, કાંજી ગમે ન જાણ. ૧૪૫
સાધી વિભુસંધાન જે, ભોગવે દિવ્યાનંદ,
તેને ક્ષુલ્લક વિષય આ ! શું આપે આનંદ ? ૧૪૬
થાકી હારી શરમથી, અબળઓ નતમુખ,
ઈન્દ્ર કને આવી ખડી, રડવા લાગી દુઃખ. ૧૪૭
સ્વર્વેશ્યાની વાતથી, ચઢચો ઈન્દ્રને કોપ,
શી રીતે આ ઋષિતણા, થાએ તપનો લોપ ? ૧૪૮
વિચાર થોડો કર્યા પછી, લીધું વામનરૂપ,
રેવાકાંઠે આવિયો, સ્વયં સ્વર્ગનો ભૂપ. ૧૪૯
આવી ઋષિ સામે ખડો, કર્યો દિવ્ય નિનાદ,
કમલનેત્ર ઋષિવરતણા, ખુલ્યાં સુણતાં સાદ. ૧૫૦
દિવ્ય દૃષ્ટિ ઋષિવરતણી, પડી ઈન્દ્ર પર જ્યાંય,
શંભુ નથી આ અન્ય કોઈ, જાણ્યું ઋષિએ ત્યાંય. ૧૫૧
વેષ ધારી ચળાવવા, આવ્યો કોઈ મુજ મન,
પૂછ્યું ઋષિએ એટલે, 'અરે ! કહો ભગવન્ ! ૧૫૨
આપ કોણ ? ક્યાંથી વળી, અહીં આવવા કાજ,
કષ્ટ શાને આપે ગ્રહ્યું ? કહો જરા મહારાજ !'' ૧૫૩
મર્મ હાસ્ય કરી વદ્યા, ઈન્દ્ર વામનવેષ,
દેવા વરદાન મને, દેવ મોકલે મહેશ. ૧૫૪

દેખી તપસ્યા આપની, શિવજી થાય પ્રસન્ન,
ધન્ય ઋષિ તપ આપનું માતપિતા વળી ધન ! ૧૫૫
માગો ઈચ્છા હોય તે, સુવર્ણ ધન ભંડર,
સાર્વભૌમ-સુરાજ્ય વા, આયુ વર્ષ હજાર. ૧૫૬
રૂપાળી સ્ત્રી સદ્‌ગુણી, પુત્ર-પૌત્ર ગુણવાન,
ઈચ્છિત માગો હે મુનિ ! શંકર દે વરદાન. ૧૫૭
ખુલ્લું છે તમ કાજ હા ! સદા સ્વર્ગનું દ્વાર,
સમર્થ છું હું આપવા, જે માગો આ વાર''. ૧૫૮
સુણી વચન વામનતણાં, મર્મ હાસ્ય કરી એમ,
કલહંસ મુનિવર બોલતા, મક્કમ સ્વરથી તેમઃ ૧૫૯
'શાને વ્યર્થ વદો તમે ? વિશ્વનાથ વિણ અન્ય,
વિશ્વે તારણહાર કો, શુભદ સૂર અગ્રગણ્ય ? ૧૬૦
શંકર વિણ ત્રિલોકમાં, નથી કોઈ સમર્થ,
વિરાટ આગળ વામણા, બોલો તે સહુ વ્યર્થ !! ૧૬૧
શિવ-શંકર ભોળા વિના, બીજા કોઈની પાસ,
યાચના કરવી જ નહીં, છે મુજ નિશ્ચય ખાસ. ૧૬૨
જાઓ માટે આપશ્રી, સુખે આપને ધામ,
શિવ-શંકર વિણ અન્યનું, મારે કંઈ ન કામ. ૧૬૩
સ્વયં શિવ અહીં આવીને, પુછશે તો માગીશ,
નહિ તો રેવાજલ વિષે, તનુનો ત્યાગ કરીશ. ૧૬૪
વચન સુણી કલહંસનાં, થયો ઈન્દ્ર નિરાશ,
અધોમુખ કરી શરમથી, ભાગ્યો છોડી આશ. ૧૬૫
જોતા સુણતા આ બધું, શિવ-શંકર સાક્ષાત્,
રહી અંતરીક્ષે અહો ! સ્વયં પાર્વતીનાથ. ૧૬૬
ઋષિ-સુરેન્દ્ર-સંવાદ આ, સુણીને ભોળાનાથ,
પ્રસન્ન થઈ પ્રગટ થયા, ત્રિલોક કેરા નાથ. ૧૬૭
જટાતાજ શિર પર ધર્યો, ભસ્મવિભૂષિત અંગ,
ચંદ્ર ચમકતો ભાલ પર, કંઠે માળ ભુજંગ. ૧૬૮
દિવ્ય તેજરશ્મિ ફૂટે, અંગ-અંગથી વાહ !
ચંદ્રર્કાનલ નેત્રથી, વહેતો જ્યોતિપ્રવાહ. ૧૬૯
કર્પૂરગૌરવર્ણ ને, નીલકંઠ વરકાય,
કંજસમ રક્ત કર વિષે, ડમરુ-ત્રિશૂલ સોહાય. ૧૭૦
વ્યાઘ્રાંબર કટિ પર લસે, સર્પમેખલા તેમ,
ડમરુનાદે ભકતનો, ભગાડતા ભય એમ. ૧૭૧
ડિમડિમ ડિમ ડમરું તણો, કર્યો દિવ્ય નિનાદ,
જાગ્યા ઋષિ નિજ ધ્યાનથી, સુણતાં બ્રહ્મનો નાદ. ૧૭૨

ખોલી નયન દૃષ્ટિ કરી, સામે શિવ-શંકર,
આશુતોષ ખડા અહા ! ભકતનભવ-ભયહર. ૧૭૩
જોતાં ભોળાનાથને, ઋષિ થયા પ્રસન્ન,
કર જોડી પ્રાર્થી રહ્યા, નીર વહે નયનઃ ૧૭૪
''જય શિવ-શંકર સાંબ હે ! હર હર હર મહાદેવ,
જય ભોળા જય શંભુ હે ! જય દેવાધિદેવ ! ૧૭૫
જય ત્રિપુરારિ, જય નમું, જય જય જય સ્મરહર !
જય ત્રિલોચન દેવ હે ! જય જય અભયંકર !'' ૧૭૬
એમ વદી શિવ-સાંબના, ચરણે વારંવાર,
શિષ મૂકી વંદી રહ્યા, કલહંસ મુનિ તે વાર. ૧૭૭
ભોળાએ નિજ ભકતને, ભેટી હૈયા સાથ,
વરદ હસ્ત શિર પર મૂકી, બોલ્યા ઉમિયાનાથઃ ૧૭૮
'ધન્ય તપસ્યા આપની ! ધન્ય ધન્ય ઋષિરાજ !
ભાવભક્તિ તમ ધન્ય છે, થયો પ્રસન્ન હું આજ. ૧૭૯
માગો ઈપ્સિત વર હવે, પ્રસન્ન છે મુજ મન,
પરહિતકારી સંત હે ! માગો ખુલ્લે મન.' ૧૮૦
વચન સૂણી શિવજીતણાં, જોડી બન્ને પાણ,
બોલ્યા ઋષિવર 'હે પ્રભો, કરવા નતજન ત્રાણ. ૧૮૧
યુગોના યુગો સુધી, રેવાતીરે આંહ્ય,
બાણસ્વરૂપે હે પ્રભો ! બિરાજી સિતકાય. ૧૮૨
ભકતોની રક્ષા કરો, નતજનતારણહાર,
શરણાગતનાં પાપ ને તાપ હરો અઘહાર. ૧૮૩
સંસારાનલમાં બળે, સ્વકર્મોથી આમ,
બંધાઈ સંસારીઓ, દુઃખી થાય બેફામ. ૧૮૪
હરવા દુઃખડાં એમનાં, દેવા શાંતિ અમાપ,
અનંતકાળ પર્યંત હા ! અહીં બિરાજો આપ'. ૧૮૫
સુણી ઋષિની માગણી, આસુતોષ અવિનાશ,
થયા અતિ પ્રસન્ન ને, બોલ્યા ભકતની પાસ. ૧૮૬
'ધન્ય ! ધન્ય ! ઋષિવર અહા ! ધન્ય ! તપસ્યા ! ધન્ય !
પરહિતકાજે ધન્ય હા ! વર માગ્યો વરેણ્ય. ૧૮૭
ધન-સંપત્તિ માગ્યાં નહિ પુત્ર-પૌત્ર ના તેમ,
ના માંગ્યા સંસારનાં, ભૌતિક સુખ હા ! એમ. ૧૮૮
અવિચલપદ માગ્યું નહિ, મોક્ષ ન માગ્યો તેમ,
નિજ તન-મન-સુખ કારણે, માગ્યું કશું ન એમ. ૧૮૯
કઠણ તપસ્યા આદરી, કેવલ પરહિતકાજ,
તેથી તમ પર હું ખરે ! પ્રસન્ન થયો છું આજ. ૧૯૦

તથાસ્તુ વરદાન તવ, રેવાતીરે આંહ્ય,
બાણ સ્વરૂપે હું સ્વયં, વાસ કરીશ સદાય. ૧૯૧
કઠણ તપ વળી આપનું, યાદ રહે સદાય,
યુગોના યુગો જાય પણ, તમ જશ જગે ગવાય. ૧૯૨
તે કારણ મુજ બાણનું નામ શ્રી હંસેશ્વર,
રાખું છું હું પ્રેમથી, આજે હે ઋષિવર ! ૧૯૩
હંસમુનિ તમ તપ થકી, થઈને હંસેશ્વર,
યુગોના યુગ સુધી અહીં, વાસ કરીશ અચલ. ૧૯૪
એમ અતિશય ભાવથી, દઈ ઋષિને વરદાન,
ભોલાનાથ થાય તિહાં, સ્વયં અંતર્ધ્યાન. ૧૯૫
ત્યાં તો સ્વયં પ્રગટ થયું, ભૂમિમાંથી બાણ,
તેજસ્વી ભાસ્કર સમું, સુંદર દેદીપ્યમાન. ૧૯૬
ઋષિજીએ બહુ ભાવથી, આણી ઊલટ અપાર,
કરી સ્થાપના બાણની, વર્ત્યો જય જયકાર. ૧૯૭
તે દિનથી રેવા-તીરે, હંસેશ્વર ભગવાન,
બિરાજીને વિશ્વનું કરી રહ્યા કલ્યાણ. ૧૯૮
હંસઋષિના ભાવથી, રીઝીને ભગવાન,
બિરાજે પોતે ધરી, હંસેશ્વર અભિધાન. ૧૯૯
આમ અહીં રેવાતટે, હંસેશ્વર ભગવાન,
ભાંગે દુઃખડાં ભકતનાં, આપીને વરદાન. ૨૦૦
શિવજી અંતર્ધ્યાન થયા, પછી હંસ ઋષિ એમ,
વિચારે નિજ મન વિષે, હવે કરું હું કેમ ? ૨૦૧
મારી અંતરમાં ભાવના, ભોળાનાથે આમ,
અહીં બિરાજી પૂર્ણ કરી, સફળ કર્યું મુજ કામ. ૨૦૨
તન તપવીને રીઝવ્યા, આશુતોષ મહાદેવ,
સાધ્યું જગકલ્યાણ હા ! આ તનથી તતખેવ. ૨૦૩
હાવે આ કૃશ તનતણું, નથી અહીં કંઈ કામ,
માટે રેવાવારિમાં, પામી જાઉં વિરામ. ૨૦૪
જલચર પ્રાણી જે બધાં, રેવામાનાં જેહ,
તેમનાં ભોજન કારણે, અરપી દઉં મુજ દેહ. ૨૦૫
મારા માંસ-રુધિર ને હાડ-ચામ વળી આન,
જલચર પ્રાણી કાજ એ, ભલે બનો મિષ્ટાન્ન. ૨૦૬
એમ વિચારી ઋષિવરે, કરી શ્વાસ નિજ બંધ,
નિરોધ કર્યો પ્રાણતણો, રાખી તન અકબંધ. ૨૦૭
ૐ ૐનો મુખ થકી, કરી સાદ ત્રણ વાર,
બ્રહ્મલીન થઈ સૂતા, રેવાજલ મોઝાર. ૨૦૮
અલખ કહે ઋષિવરતણા, દિવ્ય દેહને ત્યાંય,
આરોગી જલચર બધાં, થયાં તુષ્ટ હૃદ્-માંહ્ય. ૨૦૯
પરોપકારી સંત એ, નિજ મન-તપ-શરીર,
પરોપકારે વાપર્યાં, ધન્ય ધન્ય ઋષિ ધીર ! ૨૧૦
યુગ યુગથી રેવાતીરે, હંસેશ્વર ત્યાં એમ,
બિરાજી સાધી રહ્યા, નત-જન કેરું ક્ષેમ. ૨૧૧
હંસેશ્વર જાવાતણો, માર્ગ છે અતિ કઠણ;
ખાડા કોતર પહાડ ને કંટક કંકર પણ. ૨૧૨
સશકત પણ જ્યાં ચાલતાં, માર્ગે હાંફી જાય,
હંસેશ્વર તે કાજ જો, હાંફેશ્વર કહેવાય. ૨૧૩
આવા હાંફેશ્વર વિષે, જાવા માટે તુર્ત,
બીજે દિવસે નીકળ્યા, પાદરાથી અવધૂત. ૨૧૪
આગળ રસમય એ કથા પ્રેમે અલખ દયાળ,
સુણાવશે નિજ શિષ્યને, સુણતાં ભાગે કાળ. ૨૧૫
'બાલક' બિચારો રાંકડો, સમર્થ રંગ અવધૂત,
લખું લખાવે તેમ હું, જાશે ભવનાં ભૂત ! ૨૧૬

ઈતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દયુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજન સંવાદે પાદરાગ્રામરંગજયંત્યુત્સવવર્ણનાન્તર્ગતશ્રીહાંફેશ્વરોત્પત્તિકથનં નામ પંચાશત્તમોડધ્યાયઃ ॥ ૫૦ ॥ દોહરા ૨૧૬ ॥

## અધ્યાય : ૫૧

આમ ઉજવી પાદરે રંગજયંતી ભવ્ય,
મગનલાલ સહ નીકળ્યા સમર્થ સદ્‌ગુરુવર્ય. ૧
બેઠા નાની રેલમાં અવધૂતજી તે વાર,
ડભોઈ સુધી જો ભકતની જામી ભીડ અપાર. ૨
સ્ટેશન ડભોઈ આવતાં, સ્ટેશન પર તે વાર;
દર્શન કરતાં સર્વ હા ! કરી રહ્યા જયકાર. ૩
થોભી ગાડી ત્યાં સુધી હજારો ભાવિક જન,
એકીટસ કરતા રહ્યા, અવધૂતનાં દર્શન. ૪
નયન-મનોહર મૂર્તિનાં ફરી ફરી લઈ દર્શન,
ભકતનયન ભીનાં થયાં, થાતાં ચિત્ત પ્રસન્ન. ૫
ત્યાં તો ગાડી ઉપડી ગાજ્યો નાદ ગહન,
'અવધૂત ચિંતન' નો અહા ! ભેદી પહોંચ્યો ગગન ! ૬

ગાડી ગતિમાં આવતાં, મગનલાલને એમ,
શ્રી અવધૂતજીએ કહ્યું : ''કરો કહું હું તેમ. ૭
આ ડબ્બાનાં બારણાં, બધી બારીઓ તેમ,
બંધ કરીને પછી તમે, બેસો અહિયાં એમ. ૮
સ્ટેશન આવે તોય પણ ઉઘાડશો ના દ્વાર,
નહિ તો લોકો આપશે, નાહક દુઃખ અપાર''. ૯
'જેવી આજ્ઞા આપની' એમ કહી તે વાર,
મગનલાલે ખંતથી બંધ કર્યાં સહુ દ્વાર. ૧૦
દ્વાર બંધ કર્યા પછી, મગનલાલ તે વાર;
અવધૂતચરણે બેસીને કરી રહ્યા વિચારઃ ૧૧
''ગજબ ગતિ અવધૂતની, કેમ કરી કળાય ?
પળમાં સૂર્યપ્રકાશ ને પળમાં વાદળછાંય. ૧૨
ગઈ કાલે બસ આ સમે, નગર પાદરા માંહ્ય,
માનવમહેરામણમહીં ડૂબ્યા'તા ગુરુરાય. ૧૩
ભક્તો અનેક ગજાવતા, અવધૂતનો જયકાર;
દર્શન માટે જામતી, લાંબી લાંબી કતાર. ૧૪
તનથી તન ભીડાય ને હૈયે હૈયું ભીંસાય,
ત્યારે ભક્તને રંગનાં, પલભર દર્શન થાય ! ૧૫
તે જ રંગ અહીં એકલા, ગાડીડબ્બા માંહ્ય;
તદ્રૂપ નિજ મસ્તીમાં બેઠા, રંજ ન કયાંય ! ૧૬
ડભોઈ, પાદરા સ્ટેશને દેતા હતા વિદાય,
વિરહી જનની તે ઘડી આંખડીઓ છલકાય; ૧૭
તોયે એ અવધૂતનું, અંતર ના લેપાય;
હર્ષશોક સ્પર્શે નહિ એ નિર્લેપ સદાય ! ૧૮
કયાં ભીડ ગઈ કાલની ? આજનું કયાં એકાંત ?
તોયે અવધૂત મુખપર પડે ન ફેર નિતાંત. ૧૯
ખંખેરી માયા બધી, રાખી ત્યાંની ત્યાંય,
ધન્ય ધન્ય અવધૂતજી ! લળી લળી લાગું પાય !'' ૨૦
એમ કહી વંદી રહ્યા, અવધૂતજીને જયાંય;
સ્ટેશન 'બહાદરપુર'નું આવી પહોચ્યું ત્યાંય. ૨૧
બહાદરપુરના સ્ટેશને, મગનલાલના મિત્ર;
દર્શન કરવા મન ધરી આવી ઊભા તત્ર. ૨૨
મગનલાલે તે સમે કરી મન વિચાર,
દર્શન કરાવવા મિત્રને, ખોલ્યાં ગાડી-દ્વાર. ૨૩
દ્વાર ઉઘડતાં એકદમ, અવધૂત-દર્શન કાજ;
થયો ધસારો ભક્તનો, થાતો જયજયનાદ. ૨૪
મગનલાલ એ ખાળવા કરવા લાગ્યા યત્ન,
પણ રોકયા રોકયા ના, ભક્તો દર્શનમગ્ન. ૨૫
ખૂબ થતી પડાપડી, ખૂબ થયો ઘોંઘાટ;
મગનલાલ બાઘા બની, કરી રહ્યા ઉચાટ. ૨૬
પોતે અહીંયા એકલા, સામે સેંકડો જન;
રોકી શી રીતે શકે, માનવ-મહેરામણ ! ? ૨૭
અવ્યવસ્થા વધી ગઈ, ધક્કા-ધક્કી પ્રચુર;
મગનલાલ ગભરાઈને ઊભા જઈને દૂર. ૨૮
શિસ્તવિહોણા જનતણી ભક્તિની વેવલાઈ,
જોઈ અંતર રંગનું, આજ રહ્યું વલોવાઈ. ૨૯
ત્યાં તો ગાડી ઉપડી એટલે સર્વે જન,
કૂદી-કૂદી નીચે પડચા, કરતા શોર ગહન. ૩૦
ગાડી ગતિમાં આવીને, બંધ થયો સૌ શોર,
મગનલાલને અવધૂતે, મીઠી કરી ટકોરઃ ૩૧
''જોયુંને હમણાં તમે મગનલાલ ! આ વાર
પરેશાન કેવા થયા ખોલી ગાડી-દ્વાર ! ૩૨
પહેલેથી જ કહ્યું હતું, નહિ ખોલવાં દ્વાર,
તોય તમે ખોલ્યું અને થયા દુઃખી અપાર''. ૩૩
મગનલાલ ચૂપ થઈ ગયા, નયન વહે જલધાર;
''આવી ભૂલ કદી પ્રભુ ! કરું નહિ ફરીવાર''. ૩૪
આજ્ઞા ઉલ્લંઘન કરી અવધૂતજીની આમ,
તેનું પોતે ભોગવ્યું, તુર્ત જ આ પરિણામ. ૩૫
અલખ કહે સુણ શિષ્ય હે ! મારું એક વચનઃ
''ગુરુની આજ્ઞા લોપતાં આવે દુઃખ ગહન. ૩૬
આર્ષ-દૃષ્ટિ શ્રીગુરુતણી શિષ્ય-હિત કરે જાણ,
ગુર્વાજ્ઞા ના લોપીએ ભલે જાય આ પ્રાણ'' ૩૭
સુણી વચન એ અલખનાં થયો નિરંજન તુષ્ટ,
આગળ પ્રશ્ન પૂછી રહ્યો, હતો જે અસંતુષ્ટઃ ૩૮
''બહાદુરપુરના સ્ટેશને ધક્કા-મુક્કી થાય,
તે જોઈને રંગનું અંતર દુઃખી થાય'' ૩૯
એમ કહ્યું આપે પ્રભુ ! મુજથી ના સમજાય,
ભક્ત-ભીડ જોઈ, પ્રભુ શાને દુઃખી થાય ? ૪૦
સુણી પ્રશ્ન એ શિષ્યનો બોલ્યા અલખ દયાળ,
અવધૂત કયમ દુઃખી થાય સુણ કહું હે બાળ ! ૪૧
ભકિતમાં જો હોય ના હૃદય-ભાવ ને શિસ્ત,
તો એ ભક્તિ ભક્તનું કરે સદા અનિષ્ટ. ૪૨

વણ-વિવેકની ભક્તિ હા ! હાસ્યાસ્પદ થઈ જાય,
થઈ વેવલો ભક્ત એ પલ પલ ઠોકર ખાય. ૪૩

શિસ્તવિહોણા ભક્તને, ભક્ત કેમ કહેવાય ?
થયો ભ્રષ્ટ વિવેકથી જગમાં હાંસી થાય. ૪૪

બીજાને ધક્કો દઈ, પાડી નાખે ભોંય;
દોડે દર્શન કાજ એ સાચો ભક્ત ન હોય ! ૪૫

શિસ્તવિહોણા ભક્ત એ થઈ વિવેકે ભ્રષ્ટ,
છાતી ને માથું કૂટી, વૃથા વધારે કષ્ટ. ૪૬

આવા ભક્તો જોઈને અવધૂત-મન દુભાય,
દંભ નર્યો જ્યાં નીતરે, ત્યાં શું કાર્ય સધાય ? ૪૭

સાંભળ શિષ્ય કહું તને ધારા અવધૂત-વિચારઃ
''કડક શિસ્ત પાલન અને સદા પરસ્પર પ્યાર. ૪૮

સરલ શિશુસમ, સ્વસ્થ ને વહે નયનથી નેહ,
નિર્માની, નિર્દંભી ને નિશ્ચલ મનથી જેહ ૪૯

સેવામાં તત્પર સદા; વિષયે ના લેપાય,
એવા ભક્તો જોઈને રંગ-હૃદ્ હરખાય.'' ૫૦

અલખ કહે આગળ સુણો, મગનલાલની સાથ,
છોટાઉદેપુર સ્ટેશને, ઉતર્યા સદ્ગુરુનાથ. ૫૧

મોટી મોટર બે વળી, ડમણિયાં ત્રણ-ચાર;
અવધૂત કાજે સ્ટેશને ખડાં હતાં તૈયાર. ૫૨

બિરાજવા મોટરમહીં ભક્તો વિનવે ખાસ,
અવધૂતજી ત્યારે કહે, કરતાં મધરું હાસ્યઃ ૫૩

''નરસી મહેતાની વ્હેલ જો, ફાવશે મુજને આમ;
ધીમે ધીમે હાલશું, સ્મરતાં હરિનું નામ.'' ૫૪

એમ કહી અવધૂતજી, ચઢ્યા ડમણિયે ઝટ;
ડમણું હાંક્યું ગજાવીને, 'અવધૂત-ચિંતન-દત્ત.' ૫૫

ધીમે ધીમે ચાલતાં પડી ગઈ મધરાત,
પાનવડ ગામને પાદરે, આવી ગયા સાક્ષાત્. ૫૬

મહાદેવજીના મંદિરે, ત્યાં તો કર્યો મુકામ,
પરોઢિયાના ચાર સુધી, લીધો ત્યાં આરામ. ૫૭

જોડ્યાં પાછાં ડમણિયાં; ચાલ્યા આગળ રંગ,
કવાંટ ગામે પહોંચિયા કરતાં જો સત્સંગ. ૫૮

મગનલાલનું ગામ આ ભાવિક ભક્ત અપાર,
સ્વાગત કરવા રંગનું ખડે પગે તૈયાર. ૫૯

કુમારિકાઓ ને વળી સુહાસિની સૌ નાર,
શિર પર મંગલ-કલશ ને હૈયે હરખ અપાર. ૬૦

લે ઓવરણાં રંગનાં, શુભ-શકુન-સત્કાર;
ગ્રામજનો ગાંડાં બની, નાચે થૈ થૈકાર. ૬૧

ભક્તો ધૂન મચાવતા, વાગે ઢોલ-કિરતાલ;
જય જયકાર ગજાવતા, ઉડાડતા ગુલાલ. ૬૨

ગામ બધું હેલે ચઢ્યું, હૈયે હર્ષ ન માય;
આખું ગામ ડૂબી ગયું, આનંદાર્ણવની માંહ્ય. ૬૩

મગનલાલ આ જોઈને ગાંડા-ઘેલા થાય,
નાચે-કૂદે હર્ષથી, નયને જલ છલકાય. ૬૪

''મારા ગુરુ મહારાજ હા ! મુજ હૈયાના હાર,
ગ્રામ મારે પધારિયા, મુજ જીવનદાતાર !'' ૬૫

બોલતાં એવું જાય ને નાચે થૈ થૈકાર,
પાગલસમ થઈ બાવરા તન-ભાન નહીં લગાર. ૬૬

'દિગંબરા'...ના નાદથી ગગનગોખ ભેદાય,
શોભાયાત્રા રંગની ફરી ગામની માંહ્ય. ૬૭

ગામને પાદર શિવાલયે, રાખ્યો હતો મુકામ;
લઈ આવ્યા અવધૂતને, કરવા ત્યાં વિશ્રામ. ૬૮

ડમણિયેથી ઊતરી, કરી શિવદર્શન,
કાષ્ઠ-પાટે બિરાજિયા, અવધૂત નિર્મલ મન. ૬૯

નયન ભરી-ભરી નીરખી, કરી પુણ્ય દર્શન;
ગામલોક નિજ ઘર ગયા, હર્ષિત થાતા મન. ૭૦

ત્યાર પછી અવધૂતજી, કરી શૌચ ને સ્નાન;
ભિક્ષા પૂર્વે દત્તનું, કરી રહ્યા જો ધ્યાન. ૭૧

પરવારી નિજ કાયને દેવાને આરામ,
પાટ ઉપર લંબાવતા શ્રમ નિવારવા આમ. ૭૨

બરાબર ત્રણ વાગતાં પ્રભુએ કર્યું ઉત્થાન,
શૌચ-સ્નાન પરવારીને, બિરાજ્યા બળદ-યાન. ૭૩

આગળ પ્રયાણ કાજ જ્યાં, નીકળ્યા શ્રીગુરુરાય;
ગામ આખું નીકળી પડ્યું, આપવાને વિદાય. ૭૪

વસમી ઘડી વિદાયની, કેમ કરી સહેવાય ?
ભક્ત-હૃદયનો ભાવ હા ! નયનોથી છલકાય !! ૭૫

ભક્તો કવાંટ ગામના, લઈ સીધું-સામાન;
વાસણ-કુસણ ને વળી સામગ્રી કંઈ આન. ૭૬

સાથે લઈને નીકળ્યા હૈયે હર્ષ ન માય;
મળ્યું સાન્નિધ્ય રંગનું ધન્ય બની નિજ કાય. ૭૭

માર્ગ હતો ડુંગરાળ ને ખાડા-ટેકરા આમ,
ચીલા વણખેડાએલા, પથરા ઠામે ઠામ. ૭૮

એ પ્રદેશના તે સમયના ધારાસભ્ય સુધન્ય,
શ્રીભાઈજીભાઈ તડવી હતા જો અગ્રગણ્ય. ૭૯
ખબર પડી કંઈ એમને, નારેશ્વરના સંત
આવી રહ્યા હાંફેશ્વરને, રહેવાને એકાંત. ૮૦
હરખ્યા ભાઈજીભાઈ ને લઈ મજૂરો તત્ર,
ખોદી-પૂરી માર્ગ એ ઝટ કરાવ્યો દુરસ્ત. ૮૧
માર્ગે બાંધ્યાં તોરણો, કમાનો ઠામે-ઠામ;
સ્વાગત કરવા રંગનું, ખૂબ કરી ધૂમ-ધામ. ૮૨
વચ્ચે વચ્ચે બાંધિયા, વાંસતણા આવાસ,
લેવાને વિશ્રામ હા ! અવધૂતજીને ખાસ. ૮૩
અવધૂત આવી પહોંચતાં, ગજવી જયજયકાર,
ભાઈજીભાઈએ રંગને, પહેરાવ્યા ફૂલહાર. ૮૪
ત્યાર પછી અવધૂતને, ભાઈજીભાઈની એમ;
આપી ઓળખ ભાવથી મગનલાલે તેમ. ૮૫
ભાઈજીભાઈના ભાવથી અવધૂત થયા પ્રસન્ન,
રાત્રી રોકાયા પ્રભુ વાંસ કેરે સદન. ૮૬
અન્ય દિને પ્રાતઃસમે, થઈ બધા તૈયાર;
આગળના પ્રયાણતણો કરી રહ્યા વિચાર. ૮૭
માર્ગ અતિ વિકટ હતો, ડુંગરનું ઉતરાણ;
ગાડી ડમણું કોઈ પણ, કામ ન લાગે આન. ૮૮
પાદુકા પહેરાય ના; અડવે ચરણે એમ,
ચાલે તો પથ્થરતણી તીક્ષ્ણ ફાચરો તેમ ૮૯
ભચોભચ ભોંકાય ને આપે ત્રાસ અપાર,
કેમ કરી આગળ જવું ? સૂઝે ના કો વિચાર. ૯૦
ત્યાં તો એ પ્રદેશતણો આદિવાસી ભક્ત,
લઈ ઘોડી પોતાતણી આવી પહોંચ્યો ઝટ. ૯૧
કરદ્વય જોડી રંગને વિનવી રહ્યો એ વાર,
''પ્રભુ ! આપ આ ઘોડીપર થાઓ અસવાર; ૯૨
ધીમે ધીમે આપણે, કરશું કેડી પાર.
આંચ-ઈજા નહિ આપને, આવશે પ્રભુ ! લગાર.'' ૯૩
જોઈ ભાવ એ ભક્તનો અવધૂત થયા પ્રસન્ન,
''ચાલો ત્યારે એમ કરો'' બોલ્યા મધુર વચન. ૯૪
કમર કસી અવધૂતજી થઈ ગયા તૈયાર,
ધીમેથી એ ઘોડીએ થઈ ગયા અસવાર. ૯૫
અલખ કહે ''એ ઘોડીના હશે કેટલાં પુણ્ય !
પરબ્રહ્મ બેઠા પીઠ પર, યોગીમાન્ય વરેણ્ય !! ૯૬

પૂર્વપુણ્ય એ ઘોડીનાં, પ્રગટ થયાં તે વાર;
પરબ્રહ્મના સ્પર્શથી, થઈ ગયો ઉદ્ધાર. ૯૭
ડગ બે ડગ ચાલ્યા હશે, દયાવંત અવધૂત,
થોભાવી એ ઘોડીને, ઊતર્યા નીચે તુર્ત. ૯૮
અવધૂત કહેઃ ''આ રીતથી ફાવે નહિ લગાર,
ચાલો આપણે ચાલીને કરશું કેડી પાર.'' ૯૯
હતાશ ભક્તો થઈ ગયા પડ્યા વિમાસણ માંહ્ય,
''પ્રભુ કેમ કરીને ચાલશે વિકટ માર્ગ પર આંહ્ય ?'' ૧૦૦
ત્યાં તો મગનલાલને જાગ્યો ચિત્તવિવેકઃ
''પ્રભુ કસોટી કરી રહ્યા, આજ આપણી છેક !'' ૧૦૧
એમ વિચારીને કંઈ, શોધી રહ્યા ઉપાય;
ત્યાં તો સામે ટેકરે ઝૂંપડી કો દેખાય. ૧૦૨
દોડી મગનલાલ તિહાં, ઝૂંપડી પહોંચ્યા દેખ;
બેઠો આદિવાસી ત્યાં, ચલમ ફૂંકતો એક. ૧૦૩
પડ્યો હતો પાસે તિહાં, માંચડો નાનો એક;
ભાંગ્યો-તૂટ્યો ને વળી જીર્ણ થયેલો છેક. ૧૦૪
જોઈ માંચો મગનલાલ ચિત્તે થાય પ્રસન્ન,
ભીલોરી ભાષા મહીં બોલ્યા વિનીત વચનઃ ૧૦૫
''ભાઈ ! તારો માંચડો આપ મુજને લગાર,
એની નાનડી પાલખી કરું એક તૈયાર. ૧૦૬
તેના પર બેસાડીને મુજ હૈયાના હાર,
ઊંચકીને હું ભાવથી, કરાવું કેડી પાર''. ૧૦૭
સુણી વચન એ ભક્તનાં આદિવાસી તે વાર,
હર્ષે માંચડો ઊંચકી નીકળ્યો ઝૂંપડી બહાર. ૧૦૮
છોલીછાલી માંચડો વાંસડા બાંધી એમ,
નાની બનાવી પાલખી, મગનલાલે તેમ. ૧૦૯
કામળ-ગાદી પાથરી, બેસવા કરી તૈયાર;
અવધૂતજીને વિનવતા બેસવા એ તે વાર. ૧૧૦
પાલખી નાની જોઈને, અવધૂત થયા પ્રસન્ન;
બિરાજ્યા બહુ ભાવથી, સ્મરતાં સદ્‌ગુરુ મન. ૧૧૧
છ છ ભક્તોએ ઊંચકી, સદ્‌ગુરુપાલખી એમ,
દત્તધૂનો મચાવતા, ચાલ્યા વેગે તેમ. ૧૧૨
જોતજોતામાં રંગની, ઊંચકી શિબિકા ત્યાંય,
મધ્યાહ્ને આવી ગયા, હાંફેશ્વરની માંહ્ય. ૧૧૩
''અવધૂતચિંતન ને વળી હર હર હર મહાદેવ,
જય જય ગર્જી પાલખી, મૂકી ત્યાં તતખેવ. ૧૧૪

પૂજારી તે સ્થાનના, ભક્તો વળી જે તત્ર;
સ્વાગત સદ્‌ગુરુનું કરે, થાય હર્ષ સર્વત્ર. ૧૧૫

પૂજારીએ અહા ! અવધૂતજીને માટ,
સરસ સજાવ્યો ઓરડો, મૂકી ખુરશી,પાટ. ૧૧૬

અવધૂતજીએ ભાવથી, કર્યાં શંકરદર્શન;
પછી પધાર્યા ઓરડે, જે છે નિત્ય પ્રસન્ન! ૧૧૭

બે દિવસનો શ્રમ હતો, અવધૂત થાકયા અંગ;
તેથી મગનભાઈ ત્યાં, હૈયે ધરી ઉમંગ ૧૧૮

ચોખ્ખું તલનું તેલ લઈ, કરે ખૂબ મર્દન
અવધૂતજીના અંગપર, મનમાં થઈ પ્રસન્ન. ૧૧૯

ઉષ્ણોદકની ધારથી ખૂબ કરાવ્યું સ્નાન,
તાજા ખીલેલા ફૂલ શા, શોભી રહ્યા ભગવાન ! ૧૨૦

ભિક્ષામાં બસ આજથી, અવધૂતજીએ એમ;
અન્ન બંધ કર્યું હતું લેવાનું કંઈ તેમ. ૧૨૧

તેથી થોડું ગાયનું દૂધ લઈને આમ,
અવધૂતજી પાટે સૂતા, લેવાને આરામ. ૧૨૨

સૂતા પહેલાં ભક્તને કર્યું હતું સૂચનઃ
''બરાબર ચાર વાગતાં, ફરવા કરવું ગમન. ૧૨૩

રેવાજીને કાંઠડે કરવા જાવું વિહાર,
માટે તમ સૌ આવવા, થાજો ઝટ તૈયાર.'' ૧૨૪

''ભલેપ્રભુ!''કહી ભક્ત સૌ,લાગ્યા નિજ નિજ કામ;
સ્નાનાદિક, ભોજન કર્યું, કંઈક કર્યો આરામ. ૧૨૫

ચાર વાગતાં ભક્ત સૌ, ખડા પ્રભુને દ્વાર;
જોઈ એ સૌ ભક્તને, ઊઠયા પ્રભુ તે વાર. ૧૨૬

દંડ-કમંડલ કર ધર્યાં આસન લીધું સાથ,
ભક્તો સહ નીકળી પડ્યા નારેશ્વરના નાથ. ૧૨૭

દૂરથી જ દર્શન થયાં, રેવાનીર ગહન,
અવધૂત ભાવ-વિભોર થઈ કરી રહ્યા વંદન. ૧૨૮

પતિત-પાવની માતનાં દર્શન થાતાં વાર,
અવધૂતનો મન-મોરલો નાચી ઊઠ્યો થૈકાર. ૧૨૯

રેવાતટ પર ત્યાં હતી સરસ મઝાની એક,
કરાડ બે પથ્થરતણી શ્વેત શશીસમ છેક. ૧૩૦

સુંવાળી મખમલ સમી, રેતીકેરો ઢેર
કરી, તે પર પાથર્યું આસન સારી પેર. ૧૩૧

આસન પર બિરાજિયા, અવધૂત પોતે વાહ !
શોભે જાણે બિરાજિયો સાત શાહનો શાહ ! ૧૩૨

સામે વર્તુલમાં અહા ! બેઠું ભક્તનું વૃંદ,
હસી-હસી વાતો કરી ખૂબ દીધો આનંદ. ૧૩૩

સામે મા રેવાતણો ખળખળ વહે પ્રવાહ,
હર હર ૐ ૐ નાદથી, દે અનુપમ ઉત્સાહ. ૧૩૪

દૂર દૂર પહાડોતણી પાછળ ધરી ઉમંગ,
ધારતી, ઉષા-સંધ્યા નિત નિત નૂતન રંગ. ૧૩૫

જ્યાં જ્યાં નાખો નજર હા ! ત્યાં ત્યાં નૂતન રૂપ,
રેવામાના કાંઠડે, ખીલી પ્રકૃતિ અનુપ. ૧૩૬

નયન ભરી ભરી નીરખ્યું, અનુપમ પ્રકૃતિ દૃશ્ય;
અવધૂત કહેતા ભક્તને મુખ પર લાવી હાસ્યઃ ૧૩૭

''અરે ! મગનલાલ આ જગા રહેવા જો મળી જાય,
કેવા બધા આનંદમાં દિવસ આપણા જાય ?'' ૧૩૮

મગનલાલ કહે, ''પ્રભુ જાઉં હમણાં ત્યાંય,
મંદિરથી લાવી દઉં, સામાન બધો આંહ્ય.'' ૧૩૯

પ્રભુ કહે, ''એથી બીજું રૂડું શું કહેવાય ?
એમ કરો તો ભલું કરે, પ્રભુ તમારું સદાય.'' ૧૪૦

વચન સુણી અવધૂતનાં, મગનલાલ હરખાય;
બે-ત્રણ ભક્તો સાથ એ, વેગે દોડચા જાય. ૧૪૧

સામાન લઈ ત્યાં બધો, આવ્યા પાછા ઝટ;
કુટિર બાંધવા લાગીયા, હરખ ધરી સહુ ભક્ત. ૧૪૨

બે મોટા પથ્થરતણી, ઓથે બાંધી વાંસ,
ઘાસ-પર્ણ નાખી અહા ! કુટિર બનાવી ખાસ. ૧૪૩

પાટ-ખુરશી સાથ બધું ગોઠવ્યું વ્યવસ્થિત,
જોઈ કુટિર અવધૂતનું, પ્રસન્ન થાતું ચિત્ત. ૧૪૪

પ્રભુએ એ કુટિરમાં, રાતે કર્યો આરામ;
ભક્તો બહાર સુતા બધા, ચિંતા ત્યજી તમામ. ૧૪૫

મધ્યાહ્નને રવિ-રશ્મિનાં પ્રખર તેજથી આહ !
તપ્ત થાય રેતી અતિ, આપે અતિશય દાહ. ૧૪૬

યોગાગ્નિ જલતો રહે, અવધૂતતન સદાય;
તેથી ગરમી સૂર્યની, પ્રભુથી ના સહેવાય. ૧૪૭

ભક્તો ભેગા થઈ બધા, શોધી રહ્યા ઉપાય;
જેથી પ્રભુને દિવસમાં, ઠંડક-ઠંડક થાય. ૧૪૮

કુટિરની નજદિક તિહાં, હતી ખીણ સુગહન;
મધ્યાહ્નને પણ સૂર્યનું, જ્યાં ન પડતું કિરણ. ૧૪૯

ભક્તોએ મહેનત કરી, કર્યો માર્ગ તૈયાર;
ખીણમાં જાવાનો અહા ! ક્ષણે ન લાગી વાર. ૧૫૦

અંદર સ્વચ્છ કરી બધું, પાથરી ઝીણી રેત;
શય્યા બનાવી અવધૂતની, ધારી હૈયે હેત. **૧૫૧**
મધ્યાહ્‌ને અવધૂતજી ખીણમાં ચાલ્યા જાય,
સૂવે રેતપથારીએ મસ્તીથી વરકાય. **૧૫૨**
ઘણીવાર અવધૂતજી, રેતશૈયાને એમ;
'બાણશૈયા' કહી અહા ! રમૂજ કરતા તેમ. **૧૫૩**
બે દિવસો આનંદમાં ખૂબ થયા પસાર,
ત્રીજે દિને સદ્‌ગુરુવરે કરી મન વિચાર. **૧૫૪**
મગનલાલ સહ ભકત સૌ સેવામાં રત જેહ,
નિજ પાસે બોલાવીને વદ્યા પછી વરદેહઃ **૧૫૫**
''સહુ તમ ભકતોએ, કરી સેવા મારી અપાર;
અહીં મને આનંદ છે, અડચણ નથી લગાર. **૧૫૬**
ખાવા-પીવાની નથી, મારે ચિંતા કયાંય;
દૂધ સમયસર આવે છે, મંદિરેથી આંહ્ય. **૧૫૭**
નથી માહરે કોઈનું, હવે, અહીં કંઈ કામ;
જાઓ તમે માટે હવે તમ તમારે ગામ. **૧૫૮**
હશે કામ તો જરૂર, હું કહાવીશ સંદેશ;
માટે મારી ફિકર હા ! કરશો ના કોઈ લેશ.'' **૧૫૯**
સુણી વચન અવધૂતનાં, ભકતો મન દુભાય;
''અરે હવે અવધૂતની પડશે લેવી વિદાય ?'' **૧૬૦**
એ વિચારે સર્વનાં કાળજડાં કોરાય,
પ્રભુને અહીંયા એકલા મૂકી કેમ જવાય ? **૧૬૧**
આજ્ઞા વળી ગુરુદેવની કેમ કરી લોપાય ?
વિરહ વળી અવધૂતનો, કેમ કરી સહેવાય ? **૧૬૨**
મૂગા થઈ ભકતો બધા, જોડી ઊભા પાણ;
નયને જલધારા વહે, બોલી ન શકે વાણ. **૧૬૩**
ભકતહૃદયનો ભાવ એ, અંતર્યામી રંગ;
જાણી ગયા ને હસી વદ્યા પોતે ભવ-ભવભંગઃ **૧૬૪**
''તમ સેવા ને ભાવથી થયો ખૂબ પ્રસન્ન,
હવે મને એકાંતમાં, કરવા દોને ભજન !'' **૧૬૫**
કહી એમ સદ્‌ગુરુવરે આપ્યા આશીર્વાદ
અંતરથી, વળી આપતા સ્વહસ્તે પ્રભુ પ્રસાદ. **૧૬૬**
પ્રસાદ લઈ સૌ ભકત અન્ય, થયા પ્રસન્ન !!
પણ મન મગનલાલનું થયું ખિન્ન, અતિ ખિન્ન. **૧૬૭**
ગદ્‌ગદ્ કંઠ થઈ ગયો, વહે નયન જલધાર;
ભાવોદ્રેકે કંઠથી, થયો તૂટક ઉચ્ચારઃ **૧૬૮**
''જાઉં નહિ હું તો પ્રભુ ! છોડી આપને આમ,
એકલડા નિર્જન-વને, ના ચાલે મુજ હામ. **૧૬૯**
જાય ભલે બીજા બધા, હું નહિ જરી ખસીશ;
પ્રાણ જાય તો ભલે પણ અહીંથી હું નહિ જઈશ. **૧૭૦**
મુજ હૈયાના હારને મૂકી નિર્જન-વન,
જાતાં પહેલાં ભલે પડે, મારું અહિયાં તન. **૧૭૧**
આપની આજ્ઞા શિર ધરી, અહીંથી નીકળી જઈશ;
સામેના પથ્થર ઉપર જઈને પડ્યો રહીશ. **૧૭૨**
અન્ન-ઉદક ખાવું પીવું સઘળું છોડી દઈશ,
અશ્રુભીની આંખથી, આપને નીરખી રહીશ. **૧૭૩**
મારી નાખો ભલે મને, નહીં ખચિત જાનાર;
મૂકી વનમાં એકલા મારા તારણહાર.'' **૧૭૪**
એમ કહી અવધૂતને ચરણે વારંવાર,
મગનલાલ વંદી રહ્યા, નયને વહેતી ધાર !! **૧૭૫**
જોઈ ભકતનો ભાવ એ, ભીંજયા દીનદયાળ;
બોલ્યા મુજ સાથે તમે, ભલે રહો મગનલાલ. **૧૭૬**
સુણતાં શબ્દો ભકત એ, હરખ્યા અપરંપાર,
અવધૂત-ચરણે શિર મૂકી વંદે વારંવાર. **૧૭૭**
બીજા ભકતોને પછી, આપી ત્યાંથી વિદાય;
મગનલાલ ત્યાં રહી ગયા અવધૂત-સેવા માંહ્ય. **૧૭૮**
રેવામાને કાંઠડે નિર્જન-વન વેરાન,
મખમલસમ રેતી અને ચોગમ છે પાષાણ. **૧૭૯**
એની વચ્ચે એકલા અવધૂત યોગીરાજ,
મસ્તીથી બિરાજતા, વિશ્વતણા અધિરાજ. **૧૮૦**
છોડી પરવા જગતની, થઈને બેપરવાહ;
પથ્થર પર પોઢી રહ્યા, શાહો કેરા શાહ. **૧૮૧**
અલખ કહે સૂણ શિષ્ય ! આ કેવો વિરોધાભાસ !
ગીર્દી કયાં પાદરાતણી ? કયાં આ નિર્જનવાસ ? **૧૮૨**
પણ આ તો અવધૂત છે; ભલે નગર કે વન,
એ તો એની મસ્તીમાં, સદા પ્રસન્ન પ્રસન્ન. **૧૮૩**
સામે આ રેવાતણો પ્રવાહ વહેતો જાય,
તેમ અહીં અવધૂતનો સમય સરતો જાય. **૧૮૪**
નિત નવો આનંદ ને નિત નવો ઉત્સાહ,
અવધૂતના સાન્નિધ્યમાં, નહીં દાહ, નહીં આહ ! **૧૮૫**
શિષ્ય નિરંજન ! સુણ તું, પ્રભુનો હતો મુકામ;
સામે તીર જો હતું, નાનકડું એક ગામ. **૧૮૬**

ગરીબ આદિવાસીઓ, માત્ર વસે એ ગામ,
પચાસ સાઠ છે ઝૂંપડાં, પંઢરિયા છે નામ. ૧૮૭
ત્યાંનો એક પટેલ હા, ગામનો મુખી જેહ,
તેને પહોંચી ખબર કે 'અવધૂતજી વરદેહ. ૧૮૮
સામે તટપર અહો ! બિરાજે છે જે હાલ,
કંઈક દિવસ એકાંતમાં, રહેશે ત્યાંજ દયાળ.'' ૧૮૯
તેથી દર્શન કાજ એ, લઈ કોટયિું એક;
આવી પહોંચ્યો આ તીરે, સદ્ગુરુ પાસે છેક. ૧૯૦
સદ્ગુરુચરણે શિર મૂકી, વંદી વારંવાર;
વદ્યો ''ધન્ય દિન આજનો સફળ થયો અવતાર.'' ૧૯૧
આશિષ દીધા અવધૂતે, કરી 'ૐ'નો નાદ;
પ્રસન્ન ચિત્તે પટેલને દીધો પછી પ્રસાદ. ૧૯૨
પ્રસાદ લઈ અવધૂતને વંદી ફરી ફરી વાર,
પટેલ નિજ ગામે ગયો, પામી હર્ષ અપાર. ૧૯૩
અન્ય દિને પ્રાતઃ સમે પટેલ ભગત સપ્રેમ,
દૂધ ભરીને તામડી લઈને આવ્યા તેમ. ૧૯૪
'શ્રી'ચરણે વંદન કરી, બોલ્યા પટેલ એમઃ-
''પ્રભુજી આટલી માહરી, સેવા સ્વીકારો તેમ.'' ૧૯૫
અવધૂતજી રાજી થયા, જોઈ એમનો ભાવ;
અને વદ્યા જાણે થયો, અમૃતતણો વરસાવ. ૧૯૬
''જુઓ પટેલ મુજ કાજ હા ! મંદિરેથી માન,
દૂધ ગાયનું લાવવા, કરી વ્યવસ્થા જાણ. ૧૯૭
લઈ શકું ના હું એટલે, ઈચ્છો પણ જો આંહ્ય
તો જે ભકત છે અહીં, મુજ સેવાની માંહ્ય; ૧૯૮
આપી દો બસ એમને, ચા-પાણીને કાજ;
તમેય ચા પીધા પછી, જાજો અહીંથી આજ.'' ૧૯૯
વચન સૂણી અવધૂતનાં, પટેલ રાજી થાય;
દૂધ આપીને ચા પીધી પછી લીધી વિદાય. ૨૦૦
અલખ કહે સુણ શિષ્ય તું પટેલ પછી એ એમ,
નિત્યે પ્રાતઃકાળમાં દૂધ લાવતો તેમ. ૨૦૧
મગનલાલને દૂધની, તામડી આપી એહ;
પાસે બેસે અવધૂતની, અહા ! નમાવી દેહ. ૨૦૨
અવધૂતજી પણ એમની, સાથે ખાસ્સી વાર;
વાતો કંઈ કંઈ કરે અને હસે હસાવે અપાર. ૨૦૩
ગ્રામીણ આદિવાસી આ, અભણ,અજ્ઞ, ગમાર;
તેની સાથે હસી-હસી, વાત કરે નતતાર ! ૨૦૪
અલખ કહે સુણ શિષ્ય આ કેવડો વિસંવાદ !
જ્ઞાનશિરોમણિ સંતનો શબર સાથ સંવાદ ! ૨૦૫
કયાં આ સંતશિરોમણિ જ્ઞાનમૂર્તિ સાક્ષાત્ ?
ને કયાં પેલો અજ્ઞ ને આદિવાસી પછાત ? ૨૦૬
મોટા મોટા પંડિતો, અવધૂતજીની સાથ
વાતો કરવા તલવલે, તોય ન પડતો ઘાટ. ૨૦૭
અને કદી એકાદ-બે શબ્દો આપ-લે-થાય,
ગૌરવ માની પંડિતો ધન્ય ગણે નિજ કાય. ૨૦૮
એ અવધૂત આ અભણ પણ ભોળા ગ્રામીણ સાથ,
ખાસ્સી વાર કરે અહા ! હસી હસીને વાત. ૨૦૯
અવધૂત ભૂખ્યો ભાવનો, ભાવે વશ થઈ જાય;
પંડિત કે શ્રીમંતનું, કશું ન ચાલે ત્યાંય. ૨૧૦
માટે રાગ-દ્વેષના, દ્વંદ્વો તોડી નાખ,
સરળ શિશુસમ હ્રદ્ કરી, સહુ પર પ્રીતિ રાખ. ૨૧૧
અવધૂતના સાન્નિધ્યની, આ છે મોટી દેણ;
જેણે સેવ્યાં તેહનાં, સુધરે નેણ ને વેણ. ૨૧૨
આદિવાસી પટેલને ધન્યવાદ હજાર,
અવધૂતશું વાતો કરી, સફળ કર્યો અવતાર. ૨૧૩
આદિવાસી પટેલના, સુભાગ્યને તત્કાળ;
ધન્યવાદ આપ્યા પછી બોલ્યા અલખ દયાળઃ ૨૧૪
સુણ શિષ્ય આગળ કહું એક દિવસની વાત,
રેવામાને કાંઠડે અવધૂતજી સાક્ષાત્. ૨૧૫
મખમલસમ રેતીતણા ઢગલાપર આસન,
બિછાવી બેઠા હતા, દિસતા પ્રસન્ન મન. ૨૧૬
ઉષાસમય બાલાર્કનાં તેજરશ્મિઓ એમ,
વરસાવે અવધૂતના તન પર જાણે હેમ ! ૨૧૭
ન્હાતું રહ્યું પ્રવાહમાં અવધૂતજીનું તન,
દિવ્ય સુવર્ણસમ શોભતું, જોતાં ખસે ના મન. ૨૧૮
ધન્ય ભકત એ જેમણે, નીરખ્યું દિવ્ય સ્વરૂપ;
સફળ કર્યો અવતાર ને તરી ગયા ભવકૂપ. ૨૧૯
દિવ્યાનંદની છોળ ત્યાં છલકી રહી હર પલ,
ત્યારે સામે તીરથી પટેલ પેલો ભિલ્લ ૨૨૦
દૂધ લઈને આવિયો, નિત્ય નિયમ અનુસાર;
વંદન કરી અવધૂતને, બેઠો ત્યાં તે વાર. ૨૨૧
નિત્ય નિયમ અનુસાર હા ! સહજ રીતથી એમ,
અવધૂતજીએ પટેલને પૂછ્યું ચાલે કેમ ? ૨૨૨

ઉત્તરમાં પટેલ તિહાં વદ્યા થઈને ઉદાસ;
''પ્રભુ ! અમારા ગામમાં, મધ્યરાત્રીએ તેમ. ૨૨૩
ડાકણ બેએક દિવસથી, અદ્દશ્ય રીતે એમ;
આવે છે અમ ગામમાં, મધ્યરાત્રીએ તેમ. ૨૨૪
ઢોરાં કંઈ મારે અને માણસ પણ બે-ચાર
મારી નાખે નિત્ય એ, ક્ષણે ન લાગે વાર !! ૨૨૫
નિત્યે બે-ત્રણ ઢોર ને બે-ત્રણ માનવ એમ,
મારી નાખે એ પ્રભુ ! ડાકણ-કુલટા તેમ. ૨૨૬
આવ્યો શરણે આપને, સમર્થ છો ગુરુરાય,
બચાવો મારા ગામને યોજી કંઈક ઉપાય.'' ૨૨૭
એમ કહી ગ્રામીણ એ જોડી બન્ને હાથ,
સજલનેન વિનવી રહ્યો ''બચાવ હે ગુરુનાથ ?'' ૨૨૮
આંખ ભીની જોઈને, ભીંજયા ભવ-ભયહાર;
પદ્મ સમાં નેત્રો મીંચી, કંઈક કર્યો વિચાર. ૨૨૯
પછી કહે એ પટેલને ''પટેલ તમે આ વાર,
આંબલી કેરા વૃક્ષના ખીલા લાવો ચાર.'' ૨૩૦
અમૃતસમ અવધૂતનાં વચન સૂણી તે વાર,
લઈ કુહાડી ને પટેલ એ દોડ્યા વન મોઝાર. ૨૩૧
જોત-જોતામાં તો અહા ! ખીલા લઈને ચાર,
આવી પહોંચ્યા પટેલ એ દોડ્યા વન મોઝાર. ૨૩૨
જોત-જોતામાં તો અહા ! ખીલા મૂકી આમ,
શ્રદ્ધા-સભર પટેલ એ બેઠો કરી પ્રણામ. ૨૩૩
ખીલા જોઈને સદ્દગુરુ, થાતા ખૂબ પ્રસન્ન;
મગનલાલને પ્રેમથી ગુરુ કહે નિજ વચનઃ ૨૩૪
''મગનલાલ ! હવે તમે, કરો કહું હું તેમ;
જેથી આ પટેલનું, થાયે સઘળું ક્ષેમ. ૨૩૫
ચારે ખીલા લઈ હાથમાં, એક પછીથી એક;
ફૂંક મારી પટેલને, આપો ધરી વિવેક.'' ૨૩૬
મગનલાલ આશ્ચર્યથી, બોલ્યા ''હે ગુરુરાય !
મુજ પાપીની ફૂંકથી, કાર્ય કશું ન સધાય'' ૨૩૭
ત્યાં તો વદ્યા હસી પ્રભુ, આવું કૈં તે થાય ?
દૂધ ખાવું પટેલનું ! ફૂંક ન કેમ મરાય ? ૨૩૮
આજ સુધી આ પટેલનું, પીધું મફતિયા પય,
ફૂંક મારતાં આજ તમે, શાને પામો ભય ? ૨૩૯
ડાકણ એ અહીં આવીને તમને નહિ ખાઈ જાય,
હું બેઠો છું ને પછી શાને જીવ ગભરાય ? ૨૪૦
મગનલાલ કહે ''આપ પ્રભુ બેઠા અહીં સમર્થ,
પછી શેનો ભય મને ? શાને ચિંતા વ્યર્થ ? ૨૪૧
મૃત્યુ થાએ જો કદી, આપની છાયા માંહ્ય;
તેથી સુંદર શું બીજું, સૃષ્ટિમાં છે આંહ્ય ? ૨૪૨
નથી પ્રભુ ! ભય મૃત્યુનો, પણ હું છું પામર જન,
મારી ફૂંકથી શી રીતે, જાયે દુઃખ ગહન ? ૨૪૩
તો પણ આજ્ઞા આપની, ના લોપું ગુરુરાય !
ફૂંક લોને મારી દઉં, થનાર હોય તે થાય !'' ૨૪૪
એમ કહી શ્રદ્ધા થકી મગનલાલે એમ,
ચારે ખીલાઓ ઉપર ફૂંકો મારી તેમ. ૨૪૫
પછી પટેલના હાથમાં ખીલા મૂકતાં એમ,
અવધૂતજી કહે પટેલને, કરજો હું તેમ. ૨૪૬
''નર-નારી સહુ ગામના કાઢી ગામની બહાર,
ગામને ચાર કોર આ ખીલા જે છે ચાર ૨૪૭
રોપી દેજો ને તમે કરજો પછી પ્રવેશ,
દુઃખ જરા રહેશે નહીં, ધરો ન ચિંતા લેશ.'' ૨૪૮
એમ કહી અવધૂતજીએ પટેલ કેરે હસ્ત
ખીલા મૂકીને કહ્યું ''મોજ કર જા મસ્ત.'' ૨૪૯
ખીલા લઈ પટેલ એ હરખ્યા અપરંપાર,
અવધૂતજીના ચરણમાં વંદી વારંવાર. ૨૫૦
કોટિયું નિજનું લઈ તિહાં ઉતર્યા સામી પાર;
ગામલોક ભેગા કરી, કરી વાત વિસ્તાર. ૨૫૧
ગામલોક રાજી થયા, નીકળ્યા ગામની બહાર;
પટેલે ચારેકોર હા ! રોપ્યા ખીલા ચાર. ૨૫૨
ચમત્કાર એવો થયો, સુણ શિષ્ય વરજાત;
તે દિનથી એ ગામમાં, થયો ન કોઈનો ઘાત. ૨૫૩
માનવ ઢોર તો ના મર્યું, મર્યું ન પણ ખગ-તિર્યંચ્,
ભાગ્યો ભય ડાકણતણો ભાગ્યાં પાપ-પ્રચંડ. ૨૫૪
તે દિનથી એ ગામમાં, વ્યાપ્યો મોદ અપાર;
ગ્રામીણ ભકતોએ કર્યો અવધૂતનો જયકાર. ૨૫૫
પટેલ સાથે ગામના મુખ્ય જે જન,
અવધૂતચરણે આવીને કરી રહ્યા વંદન. ૨૫૬
પટેલ બોલ્યા ભાવથી પાણી ટપકે નયન,
''પ્રભુ ! અમારા ગામનું ટાળ્યું વિઘ્ન ગહન. ૨૫૭
ડાકણ કેરા ત્રાસથી બચાવ્યું આખું ગામ,
ગરીબની વારે ચઢ્યા ગરીબ-બેલી આમ. ૨૫૮

શો બદલો દઈએ પ્રભુ ! અમ ગરીબ અજ્ઞાન,
કેવળ વંદી બોલીએ ''જય અવધૂત ભગવાન !'' ૨૫૯
એમ કહી ગ્રામીણ બધા જોડી બન્ને હાથ,
અવધૂતજીનાં ચરણમાં ફરી ફરી મૂકે માથ. ૨૬૦
ભાવ જોઈ એ ભક્તનો બોલ્યા સદ્ગુરુનાથઃ-
''અરે ! પટેલ તમે આ વળી, ક્યાંથી લાવ્યા વાત? ૨૬૧
ખીલા ઉપર ફૂંક તો મગનલાલે એમ,
મારી હતી તમ દેખતાં, પછી ભૂલો છો કેમ ? ૨૬૨
માટે જે કંઈ ચમત્કાર, થયો હોય તમ ગામ,
તે તો ફૂંક મારી કર્યો, મગનલાલે આમ ! ૨૬૩
માટે તમારે માનવો હોય જો આભાર,
માનો તો મગનલાલનો, સૌ કરી નમસ્કાર'' ૨૬૪
વચન સૂણી અવધૂતનાં, મગનલાલ તત્ક્ષણ
આવી ભાવાવેશમાં, પડ્યા શ્રીરંગચરણ. ૨૬૫
ગદ્ગદ્ કંઠે થઈ ગયો, બોલ્યા ભાવે વાણઃ-
''ધન્ય ! પ્રભુ ! નિજ ભક્તનું, કેવું કરો છો ત્રાણ ! ૨૬૬
ભક્ત-કીર્તિ વધારવા, દેવા મહત્ત્વ આમ;
લીલા નિત નૂતન કરો કરું કોટિ પ્રણામ ! ૨૬૭
અલખ આ અધ્યાયમાં કથે હાંફેશ્વર વાત,
રંગ આગળ શું કરે ? 'બાલક' જોડે હાથ ! ૨૬૮

ઈતિ શ્રીરંગપાદારવિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક)રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે શ્રીહાંફેશ્વરમાહાત્મ્યકથનં નામ એકપંચાશત્તમોઽધ્યાયઃ ।। ૫૧ ।। દોહરા ૨૬૮ ।।

## અધ્યાય : ૫૨

અલખ કહે અવધૂતની, લીલા અતિ અદ્ભુત;
માન વધારે ભક્તનું, છોડાવે સહુ તૂત. ૧
મગનલાલની પાસ હા ! ફૂંક મરાવી આમ,
ઋણ ફેડાવ્યું પટેલનું, સાધ્યું કામ તમામ. ૨
ભિલ્લ પટેલે ના લીધાં, એનાં દૂધમાં દામ,
મગનલાલ ઋણી હતા, પટેલ કેરા આમ. ૩
ઋણ ન કોઈનું રાખતા, વ્યવહારુ અવધૂત,
ફૂંક મરાવી છોડવ્યા, મગનલાલને તુર્ત. ૪
કામ થયું પટેલતણું, મગનલાલ ઋણમુક્તઃ
વહ્યું ક્ષેમ ઉભય પક્ષનું, રહીને અનાસક્ત. ૫
આમ અહીં હાંફેશ્વરે, રેવાજીને તીર,
પ્રકૃતિ માની ગોદમાં, અવધૂત યોગીરાજ. ૬
નિત નૂતન લીલા કરે, સ્વયં આનંદ-કંદ,
હસી-હસાવી ભક્તને, દે નવલો આનંદ. ૭
નિર્મલ જલ રેવાજીમાં, કરે ત્રિકાલ સ્નાન,
મનગમતું એકાંત હા ! થાય મસ્તીથી ધ્યાન. ૮
જગ-ઝંઝટથી દૂર અહા ! રેવાઅંકે ત્યાંય,
પ્રસન્ન ચિત્તે મોદથી, દિવસો વીતતા જાય. ૯
ત્યાં તો એક દિ'રાતરે, સદ્ગુરુના તન માંહ્ય,
તાવ અતિશય આવિયો, થર-થર ધ્રૂજે કાય. ૧૦
તનમાં કળતર થાય ને બેઠું ના રહેવાય,
તપ્ત લોખંડ સમ અરે ! તપી રહી છે કાય. ૧૧
અતિશય જ્વરને કારણે, ધ્રૂજી રહ્યું છે તનઃ
તોયે મુખ અવધૂતનું, દીપી રહ્યું પ્રસન્ન. ૧૨
મગનલાલ આ જોઈને, અંતર અતિ ગભરાય,
શી રીતે અવધૂતના, જ્વરને શાંત કરાય ? ૧૩
મન થયું બેચેન ને, આઘા-પાછા થાય,
અવધૂત કેરા તાવનો, શોધી રહ્યા ઉપાય. ૧૪
ઔષધ ના લે કદી પ્રભુ, તેમજ બાહ્યોપચાર,
ના કરવા દે કશો કદી, કેમ ટળે બુખાર ? ૧૫
મગનલાલ દુઃખી થઈ, કરી રહ્યા વિચાર,
ત્યાં તો મરકત મુખડે, બોલ્યા નતજનતારઃ ૧૬
''અરે ! મગનલાલ તમે, શા માટે મૂંઝાવ ?
તમે હજુ જોયો નથી, મારો પૂરો તાવ. ૧૭
મારા આ મહેમાનનો, મારા પરનો ભાવઃ
જોવાનો લીધો નથી, તમે હજુ કંઈ લ્હાવ. ૧૮
આ તો જાણે કંઈ નથી, ધરો ન માટે દુઃખઃ
મુજને મુજ મહેમાનથી, છે અતિશય સુખ. ૧૯
લાવો પેલો કામળો, ઓઢાડી દો એમ,
નચિંત થઈ તમે પછી, જાઓ ફાવે તેમ.'' ૨૦
આજ્ઞા સુણી અવધૂતની, મગનલાલે સત્વર,
કંબલ ઓઢાડી દીધો,સદ્ગુરુના તન પર. ૨૧
કંબલ ઓઢાડયા પછી, નીકળી કુટિર બહાર,
મગનલાલે તે પછી, મનમાં કર્યો વિચાર. ૨૨

પ્રભુના તનમાં તાવ છે, રાત્રે પડે કંઈ કામ,
સાદ પાડે બોલાવવા, હોઉં ના જો ઠામ !! ૨૩
પડશે પ્રભુને કષ્ટ અરે ! માટે આજની રાત,
બેસી રહું અહીં જાગતો, થાતાં સુધી પ્રભાત. ૨૪
એમ વિચારી ભકત એ, કુટિર કેરે દ્વાર,
બેઠા નાખી કોથળો, સ્મરતાં રંગ દયાળ. ૨૫
રાત હજુ કંઈ ગઈ હશે,ત્યાં તો એકાએક,
શબ્દો સૂણ્યા આવતા, કુટિરમાંથી છેક. ૨૬
મગનલાલ ચમકયા અને થઈ ગયા સાવધાન,
આજ્ઞા પ્રભુની સુણવા, સરવા કરિયા કાન. ૨૭
મગનલાલે શું સુણ્યું ! સાંભળ શિષ્ય સુજાત !
અવધૂતજી ઊંચે સ્વરે, કરતા કોઈથી વાતઃ ૨૮
''બડો નટખટ તું દિસે, રહેવા દેને એમ,
મારી શાંતિની તને, ઈર્ષ્યા આવી કેમ ? ૨૯
અવધૂત અહીં એકાંતમાં, ધરે શાંતિથી ધ્યાન,
તે શું તારા પેટમાં, ખૂંચ્યું ભલા ભગવાન ? ૩૦
અવધૂતના આનંદમાં, દિવસો નિર્ગમ થાય,
તેથી તારા પેટમાં, શાને લાગે લ્હાય ? ૩૧
મારે શું ? પ્યાદું હું તો, તારા હાથનું આમ,
ફેંકે તું ફેંકાઈશ ત્યાં, એ વિણ ઉર ન કામ. ૩૨
તારી મરજીમાં પ્રભુ ! મુજને છે આનંદ,
રાખે જયમ તું રહીશ હું, છોડી સઘળા ફંદ.'' ૩૩
સુણી શબ્દો કુટિરથી, આવતા અગમ્ય આમ,
મગનલાલ થઈ બાવરા, આશ્ચર્યે બેફામ. ૩૪
મન વિચાર કરી રહ્યા, આ તે શું કહેવાય ?
શું પ્રભુને સંકેત થયો, જાવા બીજે કયાંય ? ૩૫
બ્રાહ્મમુહૂર્ત થાતાં અહા ! અવધૂતજી સમર્થ
કુટિર બહાર પધારિયા, બોલી ગુરુદેવદત્ત. ૩૬
સ્નાન-ધ્યાન પરવારીને, તન-મનથી થઈ સ્વસ્થ,
બિરાજયા ખુરશી ઉપર, નિજ મસ્તીમાં મસ્ત. ૩૭
ત્યાં તો ભિલોડ ગામના, નગીનલાલ ભકત,
સારોદના દરબાર સહ, આવ્યા શ્રદ્ધાયુકત. ૩૮
અવધૂતચરણે દંડવત્, પ્રણામ કરીને એમ,
બાજુ પર બેઠા પછી, બન્ને ભકતો તેમ. ૩૯
ઠાકોર સાહેબે પછી, વંદન કરી તે વાર,
પૂછ્યા શ્રીઅવધૂતને, સ્વાસ્થ્યના સમાચાર. ૪૦
મંદ હાસ્યથી વિલસતું, મુખડું થયું પ્રસન્ન,
અવધૂત બોલ્યાઃ અહીં મને, છે પરમ આનંદ. ૪૧
રેવામાની ગોદમાં, મનગમતું એકાંત,
પ્રકૃતિ-પરિચારિકા, સેવામાં નિતાંત ૪૨
ખડી રહી આઠે પ્રહર, મન રાખે પ્રસન્નઃ
નિત નૂતન આનંદથી, વહી રહ્યો છે દન. ૪૩
કિન્તુ કાલે રાતના, લેવા માહરી ખબર,
મોઘેરા મહેમાન એ, આવી ગયા'તા જવર. ૪૪
મારા એ આનંદમાં, પડાવવાને ભાગ,
જવર-મહેમાન સદાય હા ! શોધી રહે છે લાગ. ૪૫
એમ કહી મુકતમને, હસ્યા એ ખડખડાટ,
ઠાકોર તો જોઈ રહ્યા, સ્વાનંદી સમ્રાટ. ૪૬
અલખ કહે સુણ શિષ્ય જે, અટ્ટહાસ્યથી એમ,
ખંખેરી દે દુઃખને નિજ મસ્તીમાં તેમ ! ૪૭
તેના આત્માનંદના, સુખને શેં વરણાય ?
સમૃદ્ધિ ચૌદે લોકની, ચરણોમાં રોળાય. ૪૮
સ્વાનંદી સમ્રાટની, મસ્તીને તે વાર,
ઠાકોર સાહેબ ભાવથી , વંદી રહ્યા બહુ વાર. ૪૯
નગીનલાલ બોલ્યા પછી, રાખી ચિત્ત વિવેક,
અહીં આવ્યા પ્રભુ ! અમે, કરવા વિનંતી એક. ૫૦
દત્તજયંતી આવતી, શ્રીસાંનિધ્યે એમ,
ઉજવવાનું મન થયું, આજ્ઞા દો સપ્રેમ. ૫૧
આશિષ આપની જો પ્રભુ ! કરી ખૂબ ધૂમધામ,
દત્તજયંતી ઉજવીએ, હાંફેશ્વરને ધામ. ૫૨
સુણી વાત એ ભકતની, ક્ષણ-ભર કરી વિચાર,
સારું છે કહીને વદ્યા, નતજનતારણહારઃ ૫૩
જુઓ હવે આ વાતનો, કરશો નહિ પ્રચાર,
કારતક વદ અમાસ પછી, કરશું એ નિર્ધાર. ૫૪
એમ કહી અવધૂતજીએ, એ ભકતોને એમ,
પ્રસાદ આપ્યો ને પછી, વિદાય આપી તેમ. ૫૫
ત્યાર પછી અવધૂતજી, કરી અલ્પ-પય પાન,
સૂતા 'બાણશૈયા' પરે, લેવાને આરામ. ૫૬
બપોરે બે વાગતાં, કરી નર્મદાસ્નાન,
કુટિરમાં ખુરશી પરે, બિરાજતા ભગવાન. ૫૭
ભીનો થયો લંગોટ જે, ભીનો વળી રૂમાલ,
ધોઈ નીચોવી રહ્યા, ચીવટે મગનલાલ. ૫૮

ત્યાં તો મગનલાલની, તીક્ષ્ણ બાજ-નજર,
એકાએક પડી અરે ! હાંફેશ્વર-પથ પર. ૫૯
દીઠા દૂરથી આવતા, માસ્તર જગજીવનઃ
ઝડપી ચાલે ચાલતા, જણાતું ખિન્ન વદન. ૬૦
એવું જોતાં વિચારતા, મગનલાલ નિજ મન,
સાથે ફાળ પડી વળી, માસ્તર શાને ખિન્ન ? ૬૧
નજીક માસ્તર આવતાં, બોલ્યા જયગુરુદત્ત,
પૂછ્યું મગનલાલને, બાપજી ક્યાં ? હે ભક્ત ! ૬૨
અંગુલિનિર્દેશથી, કુટિર બતાવી એમ.
માસ્તર સાથે એ ગયા, રંગકુટિરમાં તેમ. ૬૩
જ્યાં માસ્તર અવધૂતનાં ચરણે નમવા જાય,
ત્યાં તો અતિ ઉતાવળે, પૂછી રહ્યા ગુરુરાય. ૬૪
'કેમ માસ્તર ! આવ્યો તમે ? કેવી છે તબિયત ?
માજીની કેવી વળી, કહી દો પહેલાં ઝટ ?' ૬૫
અલખ કહે અવધૂતના, હૈયામાંહે એમ,
અનહદ છલકાતો હતો, માજી પ્રત્યે પ્રેમ. ૬૬
જ્યારે પણ અવધૂતજી, જાય સ્થાનની બહાર,
દેખે સ્થાનથી આવતા, પરિચિત કો તે વાર. ૬૭
અવધૂત પાસે પહોંચતાં, માતૃભક્ત અવધૂત
માજી કેરા સ્વાસ્થ્યની, પૂછે ખબર તુર્ત. ૬૮
સૂણી પ્રશ્ન અવધૂતનો, માસ્તર જગજીવન
વંદન કરી વિવેકથી, બોલ્યા નમ્ર વચનઃ ૬૯
''પ્રભુ ! તબિયત માજીની, બગડી અતિ ગંભીર,
ગભરામણ બહુ થાય ને, તૂટી રહ્યું શરીર. ૭૦
બે દિનથી લીધાં નથી, ઊંઘ ઉદક કે અન્ન,
તનમાં તાવ તપી રહ્યો, ઉઘડે નહીં નયન. ૭૧
મોકલતા દાકતર મને કહીને અબઘડી અદ્ય,
તેડી લાવો બાપજી, બને એટલા સદ્ય. ૭૨
દોડી આવ્યો છું પ્રભુ ! બોલાવવાને કાજ,
વિલંબ કર્યા વિણ હવે, જાવું પડશે આજ'' ૭૩
વચન સૂણી માસ્તરતણાં, બોલ્યા રંગ દયાળ,
''મગનલાલ મારે હવે, જવું હાલ ને હાલ. ૭૪
માસ્તર આવ્યા તેડવા, વિલંબ ના પોષાય,
આજ ઘડી નીકળીએ, થવાનું હોય તે થાય. ૭૫
અહીં આવતાં પૂર્વ મેં, જઈને માજી પાસ;
આજ્ઞા-આશીર્વાદ લઈ, વચન દીધું'તું ખાસ. ૭૬

માજી ! હું ભલે આપથી, જઈશ ગમે ત્યાં દૂર,
સુણી તો પણ આપનો, સ્નેહ થકી ભરપૂર ૭૭
સંદેશો કો પાસથી, તુર્ત ઊભો થઈશ;
પવનવેગથી આપની, પાસે આવી જઈશ. ૭૮
મુજથી માટે અહીં હવે, ક્ષણ પણ નહિ થોભાય,
માજીની ચિંતા થકી, કાળજ મુજ કોરાય.'' ૭૯
એમ કહી ઊભા થયા, બોલી જયગુરુદત્ત;
ચરણે ધારી પાદુકા, લીધો દંડ નિજ હસ્ત. ૮૦
મગનલાલે પણ અહા ! અવધૂતજીનાં વસ્ત્ર,
ચાદર, લંગોટ, કામળો, બાંધી લીધાં તત્ર. ૮૧
અવધૂતજીએ તે પછી, કર દ્વય જોડી એમ,
નયન મીંચી રેવાજીની, કરી પ્રાર્થના તેમ. ૮૨
ભાવ-સભર હૈયે કરી, રેવાજીને નમન;
અવધૂતજીએ તે પછી, કર્યું ત્યાં થકી ગમન. ૮૩
હાંફેશ્વરના મંદિરે, કરી શિવને વંદન,
પાલખી હતી પૂર્વની, બેઠા તત્ર ભગવન્. ૮૪
સવારની જે ગાડી તે, છ વાગ્યાની એમ,
છોટાઉદેપુરથી, હતી પકડવી તેમ. ૮૫
તેથી છ જણ પાલખી, ઊંચકી વેગે જાણ,
ચાલવા લાગ્યા ઝડપથી, કઠિન માર્ગ પર માન. ૮૬
વાંકોચૂકો માર્ગ એ, કંકરછાયો છેક,
આવી પહોંચ્યા કવાંટ ત્યાં, થયો રાતનો એક. ૮૭
કામનાથ કેરા મંદિરે, વિચારતા મુકામ,
ત્યાં તો સદ્‌ગુરુ બોલિયાઃ 'નથી લેવો આરામ. ૮૮
છોટાઉદેપુરનું, સ્ટેશન અહીંથી એમ,
સોળ માઈલ તો દૂર છે, પહોંચી શકીશું કેમ ? ૮૯
માટે ચાલો અબઘડી, વખત કરો ના વ્યય,
ગાડી ત્યાંથી સવારની છે, મેળવવી નિશ્ચય'. ૯૦
મગનલાલ કહે હે પ્રભુ ! ડમણું છે તૈયાર,
આપ બિરાજો ડમણિયે, લાગે એટલી વાર. ૯૧
કમર કસી અવધૂતજી, બેસવા જયાં તૈયાર,
ત્યાં તો બંધબોડીની, આવી મોટરકાર. ૯૨
છોટાઉદેપુરના, રાજા કેરી એહ,
લેન્ડો મોટરગાડી હા ! ફૂલ-શણગારી જેહ. ૯૩
શુદ્ધ જલથી ધોઈને, કીધી પવિત્ર એમ,
નૂતન બિછાનાં બધાં, બિછાવીને તેમ. ૯૪

પુષ્પ સુગંધિત પાથરી, અત્તર છાંટી ખાસ,
જેથી પ્રભુને તેલની, તીવ્ર ન આવે વાસ. ૯૫
જોશી રામપ્રસાદજી, રાજયતણા દીવાન,
એમણે રાખી કાળજી, શણગારાવ્યું યાન. ૯૬
મોકલતા એ કારને, અવધૂતજીને કાજ,
પ્હોંચે જેથી સમયસર, સ્ટેશન પર મહારાજ. ૯૭
મગનલાલે વિનવ્યા, પ્રભુ ! બિરાજો આપ,
દીવાન કેરા ભાવને, પૂર્ણ કરો હે બાપ ! ૯૮
પ્રભુ કહે પેટ્રોલતણી, ગંધ ના સહેવાય,
જો બેસું તો વાસથી, તુર્ત વાન્તિ થાય. ૯૯
કહે મગનલાલ કારની, બોડી છે આ બંધ,
ફૂલ-અત્તર છાંટેલ છે, આવે નહિ પ્રભુ ! ગંધ ! ૧૦૦
પ્રભુ કહે ભલે ભલે હું, બેસી જાઉં એકવાર,
વાન્તિઓ જો થાય ના, થાએ બેડો પાર. ૧૦૧
એમ કહી મોટર વિષે, બેસી ગયા એ તુર્ત,
ભકતભાવને વશ થયા, માતૃકાજ અવધૂત. ૧૦૨
મગનલાલને તે સમે, લીધા પ્રભુએ સાથ;
અને કહ્યું મુજ શરીરને, તમે ભીડી દો બાથ. ૧૦૩
લમ્બોદર આ માહરું હાલે જરી ના એમ,
બાથ ભીડી બેસો તમે, વિના ક્ષોભ અહીં તેમ. ૧૦૪
મગનલાલ બેઠા પછી, ભીડી પ્રભુને બાથ,
માસ્તર પણ બેઠા તિહાં, ઝાલી પ્રભુના હાથ. ૧૦૫
મોટર ઉપડી વેગથી, પવનવેગે જાય,
ત્રણેક માઇલ ગયા હશે, ત્યાં તો પ્રભુને હાય ! ૧૦૬
વાન્તિઓ ચાલુ થઇ, ખૂબ અમૂંઝણ થાય,
શિરોવેદના શરૂ થઇ, બેઠું ના રહેવાય. ૧૦૭
ચક્કર ખૂબ ચઢે અને, ગભરામણ અતિ થાય,
મોટર થોભાવી અને, ઉતાર્યા ગુરુરાય. ૧૦૮
ટીડોડ નામે ગામની, પાદરમાં ત્યાં એમ;
એક વૃક્ષ નીચે પછી, બિછાવી આસન તેમ; ૧૦૯
બેસાડયા ગુરુદેવને, લેવાને આરામ;
ત્યાં તો દર્શન કાજ હા ! દોડયું આખું ગામ. ૧૧૦
ભોળા-ભાવિક ગ્રામજન, આવ્યા થોકેથોક,
દૂરથી જ દર્શન કરી, ટળ્યો તન-મન-શોક. ૧૧૧
ગ્રામજનોએ જોયું કે, મહારાજની કાર;
સંતતણી સેવા મહીં, હતી ખડી તૈયાર. ૧૧૨

પણ અહીં તો આ સંતથી મોટર ના બેસાય,
જો બેસે તો ગંધથી, તરત જ વાન્તિ થાય. ૧૧૩
ગ્રામજનોએ જાણ્યું આ, દોડયા ગામની માંહ્ય
બળદગાડીઓ જોડીને, ઝટપટ આવ્યા ત્યાંય. ૧૧૪
ભાવસભર હૈયે અને અશ્રુછલકાતે નેણ,
વિનવી રહ્યાં અવધૂતને, બોલી નિર્મળ વેણઃ ૧૧૫
'પ્રભુ ! અમારા ડમણિયે, બિરાજો સદ્‌ગુરુરાજ !
જીવન-જન્મ અમ ગરીબનાં, સફળ બનાવો આજ'. ૧૧૬
ભાવ જોઇ એ ગરીબનાં, ભીંજયા ગરીબ-નવાજ,
ઝટ બિરાજયા ડમણિયે યોગીના શિરતાજ. ૧૧૭
ડમણિયે બેઠા પછી, બોલ્યા સદ્‌ગુરુવર,
ઠાકોર કેરી જીપ ને નરેશની મોટર. ૧૧૮
લઇ જાઓ આગળ અને થોભાવો પાનવડ;
બે-ત્રણ ડમણાં પણ હવે, મોકલી દો આગળ. ૧૧૯
એક-એક માઇલને અંતરે, થોભાવજો ડમણાં;
આ ડમણાં પર બેસીને, આવી રહ્યો હમણાં !! ૧૨૦
ફાવે નહિ જો ડમણિયે, તુર્ત ઉતરી જઇશ;
માઇલ એકાદ ચાલીને, ફરીથી બેસી જઇશ. ૧૨૧
મોટર જીપ ડમણિયાં, આગળ નીકળી જાય;
અવધૂતજીનું ડમણિયું, ધીમે ચાલ્યું જાળ. ૧૨૨
રસ્તો વણખેડાયેલો, ખૂબ વળી પથરાળ;
ખૂબ ઉછાળે ડમણિયું, થાય બહુ ખળભળાટ. ૧૨૩
અર્ધો માઇલ ગયા હશે, માંડ હજુ તો એહ,
અવધૂતજીનો ત્યાંય તો, દુઃખવા લાગ્યો દેહ. ૧૨૪
થોભાવીને ડમણિયું, નીચે ઉતરી જાણ,
મગનલાલને સદ્‌ગુરુ કહેવા લાગ્યા માનઃ ૧૨૫
"ચાલો જઇએ ચાલતા, હવે નહિ બેસાય,
આવે છે બહુ આંચકા, શરીરદુઃખ બહુ થાય." ૧૨૬
મગનલાલ કહે, આપની ઇચ્છા હે ગુરુરાય !
કહીને એમ ડમણિયું, ત્યાંથી કર્યું વિદાય. ૧૨૭
રસ્તો અતિ કઠિન છે, પાવડી ના પહેરાય,
પથ્થર કેરી ફાચરો, પગમાં ઘોંચાઇ જાય. ૧૨૮
ધીમે ધીમે ચાલતાં, સમય બહુ વહી જાય,
જો મોડું થઇ જાય તો, ગાડી ઉપડી જાય ! ૧૨૯
માઇલ અર્ધો ચાલતાં, ડમણું હતું એક તૈયાર,
અવધૂતજી બેસી ગયા, ડમણિયે તે વાર. ૧૩૦

કરી ડમણાં, અદલબદલ, પહોંચ્યા પાનવડ ગામ,
ત્યાંથી બેઠા કારમાં, પોતે પૂરણકામ. ૧૩૧
નગીનલાલ બેઠા અને, જગજીવન પણ સાથ,
મગનલાલ બેઠા તિહાં, પ્રભુને ભીડી બાથ. ૧૩૨
પૂર ઝડપે ચાલતી, મોટર ત્યાંથી જાણ;
છોટાઉદેપુર સ્ટેશને, આવી પહોંચ્યા માન ૧૩૩
ગાડી ઉપડવાને હજી, પંદર મિનિટની વાર;
સૌના હૈયે હાશ થઈ, માન્યો પ્રભુનો ઉપકાર ! ૧૩૪
પ્રથમ વર્ગની ટિકિટ લઈ, પાથર્યું ત્યાં આસન,
તેના પરે બિરાજયા, રંગ સ્વયં ભગવન્. ૧૩૫
ગાડી ત્યાંથી આવતી, ચોરંદા સ્ટેશન,
ચારતણા ડંકા થયા, ઉતરતા ત્યાં ભગવન્. ૧૩૬
ચોરંદાના સ્ટેશને, ડમણિયાં બે ચાર;
લેવા પ્રભુને સર્વ એ, ઊભાં હતા તૈયાર. ૧૩૭
બેસી ગયા તરત જ પ્રભુ ! ઉપડયા એ તત્કાલ,
મનમાં એક માજીતણો, કરી રહ્યા વિચાર. ૧૩૮
માજીને કેવું હશે ? હશે ના તન-ભાન ?
મુજથી વાત શું નહિ કરે, છેલ્લી હે ભગવાન ! ૧૩૯
કયારે પહોંચું સ્થાનમાં ? કયારે નીરખું માત ?
કયારે એના ચરણમાં, જઈને મૂકું માથ ? ૧૪૦
એમ અવધૂત-અંતરે, વિચાર બહુ ઉભરાય,
ડમણાં સાથે ઝડપથી, વિચાર પણ બદલાય ! ૧૪૧
સીમળી ગામને પાદરે, ડમણાં આવ્યાં જ્યાંય,
ત્યાં તો સામે માર્ગમાં આવતું કો' દેખાય. ૧૪૨
ઝડપે સાયકલ ચલાવતો, આવ્યો એક યુવાન,
શ્રમથી હાંફે તો ય પણ, મુખ પર મધુરી શાન. ૧૪૩
હતા એ લીલોડના, દેસાઈ વિશ્વનાથ;
ફેંકી સાયકલ બાજુ પર, બોલ્યા જોડી હાથઃ- ૧૪૪
'પ્રભો ! તબિયત માજીની, બહુ સારી છે આજ,
ચિંતા ના કરશો હવે, ગઈ ઘાત મહારાજ ! ૧૪૫
રાતે ઊંઘ લીધી અને, કર્યું સવારે સ્નાન,
બે-કોળિયા અન્ન પણ, આજ લીધું ભગવાન. ૧૪૬
તનમાં સ્ફૂર્તિ છે વળી, કરે છે સહુથી વાત;
ચિંતા છોડી દો પ્રભુ ! ગઈ માજીની ઘાત. ૧૪૭
અમૃતની હેલી સમા, વિશુ કેરાં એ વચન,
સુણતાં અવધૂત મન હા ! થયું પ્રસન્ન પ્રસન્ન. ૧૪૮
અંતરના ઊંડાણથી, બોલ્યા સદ્ગુરુ વાણઃ
'વિશુ ! શ્રી હરિ તાહરું કરો સદા કલ્યાણ.' ૧૪૯
કહી એમ અવધૂતજીએ, વિશ્વનાથને એમ,
અંતરના આશિષ અહા ! દીધા પ્રેમે તેમ. ૧૫૦
માજીની તબિયતના, સુણી શુભ સમાચાર,
અવધૂતજીના અંતરે, વ્યાપી શાંતિ અપાર. ૧૫૧
વેગે હાંકયાં ડમણિયાં, સંધ્યાસમયે એમ,
નારેશ્વરના ઝાંપલે, આવી ઊભા તેમ. ૧૫૨
અવધૂતજી ઉતર્યા અને, વેગે દોડયા એમ,
જેમ વાછડું ગાયની, પાસે દોડે તેમ. ૧૫૩
માતૃકુટિરે આવીયા, માનાં લઈ દર્શન;
પ્રસન્નવદના જોઈને, અવધૂત થયા પ્રસન્ન. ૧૫૪
માજીનાં ચરણો મહીં, શીષ મૂકી અવધૂત,
બોલ્યા 'ખબર સુણતાં, આવી ગયો હું તુર્ત !' ૧૫૫
માજી કહેઃ 'ભગવાનની પરમ કૃપા આ જાણ,
તારા આવતાં માહરા, પાછા આવ્યા પ્રાણ.' ૧૫૬
એમ કહીને માજી ત્યાં, વિકસિત કરી નયન,
સ્નેહ-સુધા વરસાવતાં, નિરખી રહ્યાં નિજ તન. ૧૫૭
અવધૂતજી પણ માજીને, ભરી ભરી નિજ નયન,
મૂંગા થઈ નીરખી રહ્યા, અંતર થયું પ્રસન્ન. ૧૫૮
અલખ કહે આનંદથી, સુણ શિષ્ય શુભ-અંગ,
મા-દીકરાના મિલનનો, આ પાવન પ્રસંગ ! ૧૫૯
જેણે નીરખ્યો નયનથી, તેનું જીવન ધન્ય;
સફળ થયો અવતાર ને પામ્યો મોદ અનન્ય. ૧૬૦
ત્યાર પછી અવધૂતજીએ, કીધાં સ્નાન ને ધ્યાન;
એકાદું ફલ ખાઈને, કર્યું અલ્પ પય-પાન. ૧૬૧
માજી પ્રત્યે રંગનો, હતો કેટલો પ્રેમ,
કહું તને સુણ શિષ્ય હે ! અવધૂતજીએ એમ ૧૬૨
હાંફેશ્વરથી નીકળ્યા, પછીથી કયારે કયાંય,
પાણીનું ટીપુંય પણ, ન'તું મૂકયું મુખ માંહ્ય. ૧૬૩
નારેશ્વરમાં આવીને, કરી માજીદર્શન.
નિજ નયને નીહાળ્યાં, સાજાં અને પ્રસન્ન. ૧૬૪
ત્યાર પછી અવધૂતજી, થઈને અતિ પ્રસન્ન;
લઈને જલ-ફલ-પય કંઈ, કીધું પછી શયન. ૧૬૫
તે દિને અવધૂતજીએ, વિચાર્યું મનની માંહ્ય,
સ્થાન છોડી હવે બહુ, જાવું દૂર ન કયાંય. ૧૬૬

માજી કેરા સ્વાસ્થ્યનું, ના ઠેકાણું ક્યાંય;
ક્યારે બગડે સ્વાસ્થ્ય તે, કોઈથી ના કલ્પાય. ૧૬૭

તે દિ'થી અવધૂતજી, લેવાને આરામ,
દૂર ન જાતા નજીકનું, પસંદ કરતા ગામ. ૧૬૮

એકાદ-બે કલાકમાં, ડમણા વાટે એમ;
આવી જવાય સ્થાનમાં, વેગે કુશળક્ષેમ. ૧૬૯

માજી કેરા સ્વાસ્થ્યના, સમાચાર પ્રતિદિન,
મળતા રહે જેથી કદી, થાયે ન ઊંચું મન. ૧૭૦

એમ અહીં નારેશ્વરે, માતૃભક્તિમાં રત,
રહે સદા અવધૂતજી, સેવા કરે અવિરત. ૧૭૧

દૂર દૂરથી આવતાં, નિત્યે ભક્તનાં-વૃંદ;
નિત નૂતન લીલા અને, નિત-નૂતન આનંદ. ૧૭૨

રેવાજીમાં સ્નાન ને અવધૂતનાં દર્શન,
ધૂન ગજવતાં દત્તની, ભક્તો રહે પ્રસન્ન. ૧૭૩

નિત નૂતન ઉત્સવ અને પાદુકાનાં પૂજન,
મુક્ત રસોડે ભક્ત સૌ, ભાવથી લે ભોજન. ૧૭૪

પતિપાવની નર્મદ, પાપ-તાપ હરનાર;
વહી રહ્યાં જ્યાં મોદથી, કરી ૐ રણકાર. ૧૭૫

સાક્ષાત્ અનસૂયા સમાં, જ્યાં છે રુકમા માત,
સંતશિરોમણિ રંગ જ્યાં, સ્વયં દત્ત સાક્ષાત્. ૧૭૬

એવા નારેશ્વરતણી, શી કરું હું વાત ?
મૂગા થઈ નતવદનથી, જોડું બંને હાથ. ૧૭૭

એમ કહીને અલખજી, થયા મૂક તે વાર;
શિષ્ય નિરંજન અંતરે, હરખ્યો અપરંપાર. ૧૭૮

અવધૂતમાતૃભક્તિનો, સૂણ્યો આ અધ્યાય,
નિરંજન 'બાલક' સમ હા ! હૈયે અતિ હરખાય. ૧૭૯

રંગ અનુપમ જામશે, આગળ કથા રસાળ,
ભાંગે ભવની પીડ એ, સૂણતાં બેડો પાર. ૧૮૦

ઇતિશ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે
માતૃભક્તિનિરૂપણં નામ દ્વિપંચાશત્તમોઽધ્યાયઃ ॥ ૫૨ ॥ દોહરા ૧૮૦ ॥

## અધ્યાય : ૫૩

અલખ કહે આગળ સુણો, રંગ કથા અદ્ભુત,
ગાતાં-સુણતાં ભાગશે, જન્મ-મરણનાં ભૂત. ૧

એક સમે અવધૂતજી, ગયા હતા એક ગામ;
હનુમાનજીને મંદિરે, રાખ્યો હતો મુકામ. ૨

ગામ લોક હરખ્યા અતિ, જોઈ સમર્થ સંત,
દર્શન કરી અવધૂતનાં, પામ્યા હર્ષ અનંત. ૩

વહાણખૂટા નામનું, નાનકડું એ ગામ,
દક્ષિણ ગુજરાતે અહા ! આવ્યું છે શુભ ધામ. ૪

ગામલોક અજ્ઞાની ને ભોળા, ભાવ-સભર,
સુણી નામ અવધૂતનું દોડતા એ સત્વર. ૫

નયન ભરી ભરીને કર્યાં, અવધૂતનાં દર્શન,
અંતર હરખ્યાં અતિ ઘણાં, સૌ થયાં મનપ્રસન્ન. ૬

ત્યાર પછી સહુ ગ્રામજન, અવધૂતની ચોપાસ,
બેઠા વીંટાઈ બધાં, અંતર અતિ ઉલ્લાસ. ૭

એમાંથી એકાદ જણે, ભાવ ધરીને મન,
લલકાર્યું મધુર સ્વરે, રામદૂતનું ભજન. ૮

ભાવ-સભર ઉચ્ચ સ્વરે, રામદૂતનું ભજન.
સુણી તે અવધૂતજી, ખૂબ થયા પ્રસન્ન. ૯

પ્રસન્નતા અવધૂતની નીરખીને એક ભક્ત
વિનમ્ર ભાવે રંગને, કહે જોડી દ્વિહસ્તઃ ૧૦

આવતીકાલે હે પ્રભુ ! આવે છે શનિવાર,
ઇચ્છા મુજ અંતરતણી, પૂર્ણ કરો કલિતાર ! ૧૧

વચન સુણી એ ભક્તનાં, સદા પ્રસન્ન-વદન,
અવધૂત-મુખદ્રુમથી ખર્યાં, મધુર વચન-સુમનઃ ૧૨

''શી ઇચ્છા તમ હૃદયની ? કહો નિઃસંદેહ,
સમર્થ અંજની-નંદન, પૂર્ણ કરશે તેહ.'' ૧૩

સુણી વચન શ્રીરંગનાં, ભક્તમાં આવી હામ,
ગદ્ગદ્ કંઠે બોલિયો, ઊભો થઈ નિજ ઠામઃ ૧૪

'કાલે શનિવાર છે,હનુમાનજીનો વાર,
મારા મનમાં એટલે, આવ્યો એક વિચાર. ૧૫

ભક્ત દરેક નિજ ઘેરથી, નિજ શક્તિ અનુસાર,
તેલ ભરી લાવે અહીં, તે જ તેલની ધાર ૧૬

કરીએ આ હનુમંતની, મૂર્તિ ઉપર અખંડ,
ચાલીસા હનુમાનના, ગાતાં સાથ અખંડ. ૧૭

આપ સમક્ષ જો પ્રભુ ! પ્રયોગ આવો થાય,
શ્રદ્ધા વધશે સહુતણી, આનંદ આનંદ થાય.' ૧૮

સુણી વચન એ ભક્તનાં, અવધૂત થયા પ્રસન્ન,
આજ્ઞા આપી પૂજવા, ભાવે વાયુનંદન. ૧૯
આવતી કાલે ભક્ત સૌ, નિજ શક્તિ-અનુસાર,
સિંગ-તેલ લઈ આવજો, હનુમાનજીને દ્વાર. ૨૦
તેલતણા અભિષેકથી, કરશું ભાવે પૂજન,
સંકટમોચન દેવને, કરશું પ્રેમે પ્રસન્ન. ૨૧
ભક્ત સહુ હરખ્યા સુણી, સદ્‌ગુરુ રંગ-વચન,
પવનસુત હનુમાન કી, જય ગજાવી ગગન ! ૨૨
બીજે દિવસે સવારમાં, ભક્તો હારો-હાર,
ભરી ભરી પાત્રો તેલનાં આવ્યા, જામી કતાર. ૨૩
બાજુ મહીં અવધૂતજી, બેઠા ખુરશી માંહ્ય,
સામે મોટું પાત્ર એક, ખાલી મૂક્યું ત્યાંય. ૨૪
લાવેલા નિજ તેલ તે, ભક્તો ધરીને ભાવ,
રેડે પેલા પાત્રમાં, ભલો મળ્યો આ લ્હાવ. ૨૫
જોત-જોતામાં તો તિહાં, મોટું વાસણ જેહ,
બે મણથી અદકું હતું, ભરાયું તેલથી તેહ. ૨૬
વહાણખૂટા ગામનાં, નર-નારી ને બાળ,
સઘળાં ભેગાં થઈ અહીં, આવ્યાં'તા તત્કાળ. ૨૭
ગરીબ-તવંતર ને વળી, ઊંચ-નીચ તમામ,
હારબદ્ધ બેસી ગયાં, છોડી ભેદ તમામ. ૨૮
આજે શ્રીહનુમાનનું, અનોખું થાય પૂજન,
જોવા કરવાની હતી, સૌને ઇચ્છા મન. ૨૯
શિસ્તબદ્ધ સૌ શાંત થઈ, બેઠા આતુર નેણ,
સરવા કાને, સ્વસ્થ થઈ, સુણવા અવધૂતવેણ. ૩૦
ત્યાં તો શ્રીઅવધૂતની, કુરુણા ભરી નજર,
એક વખત ફરી વળી, ગ્રામજનોની પર. ૩૧
શું જોયું શ્રીગુરુવરે ! સાંભળ શિષ્ય સુજાણ,
દૂર ખૂણામાં ફાટલાં, વસ્ત્રો કરી પરિધાન, ૩૨
દૂબળાં અર્ધભૂખ્યાં અરે ! ગરીબ ગામનાં જન,
ભૂખી નજરે તેલનાં, કરી રહ્યાં દર્શન ! ૩૩
ટીપું તેલ પણ ના મળે, કરે લૂખું ભોજન,
એવાં જનને જોઈને, દ્રવ્યું રંગનું મન. ૩૪
આર્દ્ર-હૃદય અવધૂતનું, દેખી દુઃખિયા જનઃ
અંતર કોરાયું અને દ્રવિત થયું તત્ક્ષણ. ૩૫
અમી ઝરતાં નયનને, બંધ કરી ક્ષણભર,
વિચાર કરી નિજ સ્થાનથી, ઊભા થયા સત્વર. ૩૬

ગ્રામજનો પ્રત્યે પછી, બોલ્યા મધુર વચન,
આજે કરવું આપણે અનોખું જો પૂજન. ૩૭
જેથી રીઝે રામના, વહાલા શ્રીહનુમાન,
પ્રસન્ન થાયે અમ પરે, ભીડભંજન ભગવાન. ૩૮
શંકા કોઈ કરશો નહિ, ના કરશો અનુમાન,
જરૂર રીઝશે આપણી પૂજાથી હનુમાન ! ૩૯
ત્યાર પછી અવધૂતજીએ, તામ્રપત્રની માંહ્ય,
નવટાંક તેલ ભર્યું અને પછી વદ્યા વરકાયઃ ૪૦
'ચરણ પર મહાવીરનાં, તમ સૌ વતીથી આંહ્ય,
કરું અભિષેક તેલનો, ધરી ભાવ હૃદય માંહ્ય. ૪૧
બધાં કરો ઊંચા સ્વરે, ચાલીસાનું ગાન,
રીઝે આજે જે થકી, પવનસુત હનુમાન.' ૪૨
ભક્તોએ ખૂબ ભાવથી, કર્યું ચાલીસાગાન,
અવધૂતે અભિષેક કરી, રીઝવ્યા શ્રી હનુમાન. ૪૩
અલખ કહે હનુમંતની, મૂર્તિ પર જે વાર,
અવધૂતજી કરતા હતા, ભાવે તેલની ધારઃ ૪૪
તે સમે હનુમાનની, મૂર્તિમાંથી ખાસ,
દિવ્ય રશ્મિ તેજનાં, ફૂટતાં'તાં ચોપાસ. ૪૫
ભક્તોએ નિજ આંખથી, નીરખ્યું આ તે વાર,
બોલ્યા હર્ષાવેશમાં, જય જય પવનકુમાર. ૪૬
પૂરો થયો અભિષેક ત્યાં, ગંધ, પુષ્પ ને હાર,
નીરાજન, નૈવેદ્યથી, પૂજ્યા મરુત્કુમાર. ૪૭
લેતા ગુરુવર તે પછી, એક તપેલી ત્યાંય,
તેલ ભર્યું પાંચશેર ને વદ્યા પછી વરકાય. ૪૮
'જુઓ આ મંદિરના, પૂજારી મહારાજ,
પૂજા કરે ને આરતી, સવાર તેમજ સાંજ. ૪૯
આટલું માટે તેલ હા ! પ્રસાદી રૂપે એમ,
આપણે એમને આપીએ, ધારી હૃદયમાં પ્રેમ' ૫૦
એમ કહી પૂજારીને, બોલાવી નિજ પાસઃ
આપી પ્રસાદી તેલની, ભરી તપેલી ખાસ. ૫૧
અવધૂતજીએ તે પછી, કરી હાથની સાનઃ
નિજ પાસે બોલાવિયા, ગામના આગેવાન. ૫૨
મુખી ને સરપંચ સહ, બીજા પ્રમુખ જન
અવધૂત પાસે આવીને, ઊભા કરી વંદન. ૫૩
પછી સભા સહુ સાંભળે, એ રીતે અવધૂત,
કહેવા લાગ્યા એમને, મધુરાં વચનામૃતઃ ૫૪

'જુઓ તમે જઈ ગામમાં, ગણી આવો સત્વર
ટીપું તેલ ના પામતાં, એવાં ગરીબ ઘર ૫૫

છે કેટલાં આ ગામમાં, તેની કરો તપાસઃ
ગણીને ચોકકસ આંકડો, આવો મારી પાસ. ૫૬

પછી બધું એ તેલ આ, હનુમાનજીનો પ્રસાદ,
વહેંચી દો એ ગરીબમાં, પ્રસન્નતાથી તાત ! ૫૭

સરખે ભાગે સર્વને, મળે તેલ-પ્રસાદ,
કાળજી તેની રાખજો, થાય ન વ્યર્થ વિવાદ. ૫૮

સુણી વચન અવધૂતનાં, હરખ્યાં ગામનાં જન,
એકી અવાજે બોલિયાં, જય જય ભીડભંજન. ૫૯

આગેવાનો ઉપડયા, ગયા ગામ મોઝાર,
કરી ગણતરી આવીયા, ક્ષણે ન લાગી વાર. ૬૦

અવધૂતજીનો દિવ્ય આ, સુણી નવો પડકાર,
જુવાનિયાઓ ગામના થઈ ગયા તૈયાર. ૬૧

ખોરડે-ખોરડે ગરીબનાં, ફરી વળીને એમ.
પાત્રો ભરી ભરી તેલ હા ! વહેંચવા લાગ્યા તેમ. ૬૨

મુખમાં ધૂન દિંગબરા, હૈયે હર્ષ ન માયઃ
તેલપાત્ર લઈ હાથમાં, ગરીબ-ઘરોમાં જાય. ૬૩

યૌવનધન એ ગામનું, સેવામાં રત થાયઃ
અવધૂતના સાંનિધ્યમાં, ચમત્કાર સર્જાય. ૬૪

અલખ કહે અવધૂતની, હતી વિશેષતા એકઃ
એના સાંનિધ્યમાં કદી, કોઈ ત્યજે ના વિવેક. ૬૫

બીજે ભલે જુવાનિયા, વર્તે ફાવે તેમઃ
પણ સમક્ષ અવધૂતની, કોઈ કદીએ એમ ૬૬

અણછાજતું ના કરે, વર્તન કદી લવલેશ,
અવધૂતના વ્યક્તિત્વની, છાપ હતી સવિશેષ. ૬૭

ગરીબ ઘરોમાં ગામનાં, ઘરદીઠ ચાર-ચાર શેર,
તેલ વહેંચાયું તિહાં, ઊઠી આનંદ-લહેર. ૬૮

ગરીબ ઘરોમાં આજ હા ! થયો તેલવઘાર,
છમકારો બોલી રહ્યો, અવધૂતનો જયકાર. ૬૯

ભૂખી આંખો ગરીબની, કરી તેલભક્ષણઃ
કૃતજ્ઞતા દર્શાવતી, ચૂઈ રહી તત્ક્ષણ. ૭૦

ઉપાસનાનું રહસ્ય આ, સમજાવે અવધૂતઃ
ભોળા અહીંના લોકને, બની ઈશનો દૂત. ૭૧

પ્રત્યક્ષ છે જો અહીં, જનાર્દનનું સ્વરૂપઃ
સેવા એની જો કરો, બને પ્રભુસેવા અનુપ ! ૭૨

સાચી સગુણ ઉપાસના, પ્રાણીમાત્રમાં એમઃ
પેખી પ્રભુને નિત કરે, સેવા તેની તેમ. ૭૩

પ્રાણીમાત્રે પેખવા, ઉપાસ્ય નિજના દેવઃ
કરવી તેની ભાવથી, તનથી નિશ-દિન સેવ. ૭૪

જોઈ દુઃખિયાં દિલ દ્રવે, કરે ન કો'થી તંત ;
પ્રેમે નીરખે સર્વને, એ તો સાચા સંત. ૭૫

અહીં છલો-છલ તેલથી, ભરેલું મોટું પાત્ર ;
જોઈ ગરીબજન જેહને, ટીપું તેલ પણ માત્ર ૭૬

ખાવાને મળતું ન'તું, એમની ભૂખી નજર
જોતાં દિલ દ્રવી ગયું, ભીંજયા સદ્‌ગુરુવર. ૭૭

વહેંચી દેવાડયું, બધું તેલ, ગરીબ ઘર-ઘર,
એ રીતે શીખવી રહ્યા, ઉપાસના શુભ વર. ૭૮

એમ શ્રીઅવધૂતજી, વિચરે જે જે ગામ,
ત્યાં ત્યાં લીલા અવનવી, નિત કરે અભિરામ. ૭૯

કોણ વર્ણવે એ બધી ? વધે ગ્રંથ અનિવાર,
કે'તાં નિરંજન ! સુખ થતું, માટે કહું છું સાર. ૮૦

વર્ષાઋતુમાં એક દિ'કરવા સ્વૈરવિહાર ;
રેવાતીરે નીકળ્યા, અવધૂતજી અઘહાર. ૮૧

સેવામાં સાથે હતા, મહાત્મા રતનલાલ,
સ્વૈરમોજમાં ચાલતાં, રહ્યો ન કાંઈ ખ્યાલ. ૮૨

નિજાનંદની મસ્તીમાં, કરતા મધુર વિહાર,
આવી પહોંચ્યા બેઉ જણ, અરણ્યેશ્વર ધરાર. ૮૩

રેવાજીને કાંઠડે, અતિ પવિત્ર સ્થાન;
વસે અરણ્યે તે થકી, અરણ્યેશ્વર તું માન. ૮૪

ચોગરદમ વનશ્રીતણા, ખુલ્લા પડચા ભંડાર;
લચી રહ્યાં ફલ-ફલથી, વૃક્ષો હારોહાર. ૮૫

સઘન ઘટા વેલોતણી, છાઈ રહી ચોપાસ;
રંગ-વિરંગી સુમનની, પ્રસરી રહી સુવાસ. ૮૬

વૃક્ષ-ડાળ પર પક્ષીઓ, કરતાં મધુર કૂજન,
આહ્‌લાદક સ્વરથી અહા ! કરતાં મનોરંજન. ૮૭

શીતલ મંદ સમીર હા ! સુગંધિત લહેરાય;
તનમનને આનંદના, પ્યાલા ભરી-ભરી પાય. ૮૮

પાસે વહેતાં નર્મદા, નિર્મળ નીર પવિત્ર,
દર્શનમાત્રે ટાળતાં, પાપ-તાપ વિચિત્ર. ૮૯

એવા સુંદર શાંત ને, પવિત્ર સ્થાનની માંહ્ય,
અરણ્યેશ્વર બિરાજતા, કામારિ સિતકાય. ૯૦

દર્શન કરી મહાદેવનાં, થયા રંગ પ્રસન્ન;
જોઇ સુંદર સ્થાન આ, વિચારતા નિજ મન. ૯૧
સ્થાન અનુપમ દિવ્ય આ, શિવ સાંનિધ્યે આમ,
થોડા દિન આનંદથી, કરીએ અહીં મુકામ. ૯૨
એમ કહી અવધૂતજી, શિવમંદિરની માંહ્ય;
અજીન પાથરીને પછી, સુખે બિરાજ્યા ત્યાંય. ૯૩
નજીકમાં એક ગામ છે ટીટોદરા છે નામ,
પરમ ભકત અવધૂતના, મહીજી ભગતનું ગામ. ૯૪
એકાએક એ ગામમાં, પડી ગઈ આ ખબર;
અરણ્યેશ્વર આવીયા, અવધૂત યોગીવર. ૯૫
આવ્યા છે અવધૂતજી, સૂણતાં એવી ખબર,
પાગલસમ દોડયા અહા ! મહીજી ભગત સત્વર. ૯૬
જોઈ ભગતને દોડતા, ગામના બીજા લોક;
છોડી દઈ નિજ કામને, દોડ્યા થોકેથોક. ૯૭
આવ્યાં સહુ અરણ્યેશ્વરે, શિવમંદિરમાં જ્યાંય,
બેઠા છે અવધૂતજી, તેજપૂંજ વરકાય. ૯૮
જટા-તાજ નીચે અહા ! શોભે ભાલ વિશાલ !
દિવ્ય તેજથી લસલસે, ભકતોના પ્રતિપાલ. ૯૯
નયનકક્ષથી વહી રહી, જ્યોતિ અનરાધાર,
પાપ-તાપને ક્ષાલતી, આશિષ વર્ષાધાર. ૧૦૦
શરદ-શશીસમ વદન હા ! મધુર ઓષ્ઠ મલકાય,
દર્શનમાત્રે દૈન્ય સહ, પાપ-તાપ સૌ જાય. ૧૦૧
દર્શન થાતાં દૂરથી, દોડયા મહીજી ભકત,
અવધૂતજીનાં ચરણમાં, મૂકયું મસ્તક-નત. ૧૦૨
નયને હર્ષાશ્રુ વહે, ગદ્ગદ્ કંઠ રુંધાય,
'ધન્ય ! આજ મુજ આંગણે, પધાર્યા સદ્‌ગુરુરાય ! ૧૦૩
કંઈક જન્મનાં પુણ્ય હા ! ધન્ય ફળ્યાં મુજ આજ,
વણ નોતર્યે મુજ ઘરે, પધાર્યા મુજ ગુરુરાજ.' ૧૦૪
ફરી-ફરી વંદન કરે, ફરી-ફરી જોડે હાથ;
ફરી-ફરી નયને જલભરી, ફરી-ફરી નમવે માથ. ૧૦૫
શું કરું ? શું ના કરું ? મારા ગુરુવર કાજ,
ઉત્કટ ભાવે ભગત આ, મૂંઝાઈ રહ્યા છે આજ. ૧૦૬
''મારું તન, મન, ધન અને જીવન ભાવસભર,
ઓવારી દઉં આજ હું, મારા સદ્‌ગુરુ પર. ૧૦૭
તો યે ઓછું છે અહા ! શેં રીઝવું મુજ નાથ ?''
એમ લવે પાગલસમા, ફરી-ફરી જોડે હાથ. ૧૦૮

અલખ કહે સુણ શિષ્ય એ, ગરીબ ગ્રામીણ ભક્ત,
સર્વસમર્પણવૃત્તિથી સદ્‌ગુરુચરણાસકત. ૧૦૯
સ્વાગતરીત ના જાણતો, ન વળી બાહ્યવિવેક;
એ તો એટલું જાણતો, 'મારા સદ્‌ગુરુ એક ૧૧૦
મારા તારણહાર છે, મુજ હૈયાના હાર;
એના પર સર્વસ્વ હું, ઓવારું આ વાર.' ૧૧૧
એમ વિચારી રંગને, વિનવે જોડી હાથઃ
'મુજ ગામે મુજ ઘર હવે, પધારો હે ગુરુનાથ ! ૧૧૨
કંઈક જનમનાં પૂર્વનાં, ફળ્યાં પુણ્ય મમ આજ,
પુનિત કરો ઘર-ગામને, ધન્ય ! પધારી આજ. ૧૧૩
એમ કહી નિજ ગામના સહુ લોકોને એમ,
ઉચ્ચ સ્વરે આજ્ઞા કરી, ધરી હૃદયમાં પ્રેમઃ ૧૧૪
'જાઓ તમ સહુ ગામમાં, શેરી વળાવો એમ,
પાણી છાંટી માર્ગ પર, ફૂલ વેરાવો તેમ. ૧૧૫
તોરણ-મંડપ-પતાકડાં, બાંધો વિધ-વિધ રંગ,
ધૂપસળિયો સળગાવીને મહેકાવો* સુગંધ. ૧૧૬
સાથિયા વિધ-વિધ રંગના, પૂરો આંગણા માંહ્ય;
જોતાં મારા નાથનું, હૈયું રીઝી જાય. ૧૧૭
મંગલ-કલશ શિરે ધરી, સજી સોળે શણગાર;
ગામની સર્વ કુમારિકા, સાથ સોહામણ નાર. ૧૧૮
આવો ઝટ તૈયાર થઈ, રંગ આવ્યા ધન આજ;
ધન્ય ઘડી ધન્ય દા'ડો, આવો સ્વાગત કાજ. ૧૧૯
મંગલ-વાજિંત્રો અને શંખ-ઘંટના નાદ,
દિગંબરાની ધૂન સહ, ગજવો ઊંચે સાદ. ૧૨૦
પુષ્પ-પત્રથી ડમણિયું શણગારી બહુ પેર,
ધોરી ધરખમ જોડજો, સજવી સારી પેર. ૧૨૧
જાઓ ઝટ દોડો બધાં, મહીજી ભગત એમ,
આજ્ઞા કરે નિજ ગામના લોકને, ધારી પ્રેમ. ૧૨૨
ત્યાં તો શ્રી અવધૂતજી, ઊંચો કરી નિજ હાથ,
ભગતજીને રોકતાં, બોલ્યા ઊંચે સાદઃ ૧૨૩
''એવું કંઈ ન કરો તમે, સુણો ભગતજી વાત;
અહીં અરણ્યેશ્વરમહીં, ઈચ્છું હું એકાંત. ૧૨૪
મારે અહીં એકાંતમાં, રહીને થોડા દિન,
ધ્યાન, ધારણા, ભજનમાં, થાવું છે કંઈ લીન. ૧૨૫
બોલાવો પાછા બધા, ગામલોકને આમ;
ગામબહાર મારે અહીં, કરવો છે મુકામ. ૧૨૬



* પ્રસરાવો (નવો પાઠ)

અનુષ્ઠાન પૂરું થયે, આવીશ હું તમ ઘેર,''
એમ કહીને ભગતને, સમજાવ્યા બહુ પેર. ૧૨૭
ત્યારે સમજ્યા ભગત એ, રાજી થઈ તે વાર,
રોકે જાતાં લોકને, કરી હાથ અણસાર. ૧૨૮
લોકો ભેગા થઈ ગયા, કરતા રંગદર્શન,
દત્ત દત્તની ધૂનથી, ગાજી રહ્યું ગગન. ૧૨૯
ત્યાર પછી મહીજી ભગત, જોડી બન્ને હાથ,
નયનભરી વિનવી રહ્યા, 'હે મારા ગુરુનાથ ! ૧૩૦
જ્યાં સુધી આ સ્થાનમાં, આપ કરો વસવાટ;
ત્યાં સુધી આ દાસને, આપની સેવા માટ ૧૩૧
રહેવા દો અહીંયા પ્રભુ ! ધક્કા ખાવા ખાસ;
સફલ કરું મુજ જન્મને, બની આપનો દાસ. ૧૩૨
વાળી-ઝૂડી સ્થાનને સદા સ્વચ્છ રાખીશ,
ભરી ભરી ઘડુલા ઘાટથી, રેવાજલ લાવીશ. ૧૩૩
કૌપીન-ચાદર આપનાં, ચીવટે સ્વચ્છ કરીશ;
વેગે જઈને ગામમાં, દૂધ-દહીં લાવીશ. ૧૩૪
રાત્રે ચોકી કરીશ ને દિવસે દૂર બેસીશ,
સાદ સૂણતાં આપનો, તુર્ત ઊભો થઈ જઈશ. ૧૩૫
ચીંધ્યું-અણચીંધ્યું બધું, કામ કરીશ હે નાથ !
રાખો શરણે દાસને, વિનવું જોડી હાથ. ૧૩૬
તન,મન,ધન જીવન બધું, આપની સેવા માંહ્ય;
અર્પણ કરી દઉં હે ગુરો ! ઝાલો મારી બાંહ્ય. ૧૩૭
ગ્રામીણ અજ્ઞાની હું, જાણું ન વાત-વિવેક,
જાણું સેવારીત નહિ, ગમાર હું તો છેક. ૧૩૮
શી રીતે રીઝવું ગુરો ? શેં રીઝો છો નાથ ?
મારું જે કૈં તુજ પદે, ઓવારી દઉં તાત ! ૧૩૯
મસ્તકનું શ્રીફળ ધરું, મન-કુસુમની માળ;
નસ-તંતુ મુખ તંબુરે, ગાઉં ગુણ રસાળ. ૧૪૦
ઉતારી તન-ચામડી, તેનાં કરું સપાટ;
પહેરાવું તુજ ચરણમાં, તુજ પદ-રક્ષાણ માટ. ૧૪૧
હૃદયાસન ભક્તિ થકી, શણગારું બહુ પેર;
આવી બિરાજો હે પ્રભો ! કરો ભક્ત પર મ્હેર. ૧૪૨
અનાયાસે આપની, સેવાની આ તક;
મળી મને ભગાડવા, જનમ જનમનાં અક. ૧૪૩
માટે દો આજ્ઞા પ્રભુ, દાસને અહિયાં આજ,
રહીને શ્રીચરણોતણી, સેવા કરવા કાજ. ૧૪૪

પૂર્ણ કરો મુજ આશ હે ! સદ્‌ગુરુ પૂરણકામ,
જીવન જન્મ સફળ કરું, સેવા કરી આ ઠામ.' ૧૪૫
સુણી વચન એ ભક્તનાં, અવધૂત થયા પ્રસન્ન,
ભાવ-ભીંજ્યા હૈયે પછી, બોલ્યા મધુર વચન; ૧૪૬
'સુણો ભગત આ સ્થાનમાં, કરું જ્યાં સુધી વાસ,
ત્યાં સુધી સેવા કરો, તમે રહી મુજ પાસ. ૧૪૭
જોઈતું કરતું લાવવા, ગામમાં જઈને એમ;
આંટો-ફેરો મારવા, ભલે રહો અહીં તેમ. ૧૪૮
રતનલાલને કામમાં, થાવ મદદગાર;
ભલે રહો અહીં ભગતજી, દિવસો કંઈ બે-ચાર.' ૧૪૯
અવધૂતનાં અમૃતસમા, વચન સુણી તે વાર,
હૈયું મહીજી ભગતનું, હરખ્યું અપરંપાર. ૧૫૦
પરોઢિયે નિત ઊઠીને, વાળીઝૂડીને સાફ;
સ્વચ્છ કરી દે સ્થાનને, પાણી છાંટે આપ. ૧૫૧
ઘડુલા ભરી-ભરી લાવતા, રેવાજીનાં નીર;
તાજાં પુષ્પો ચૂંટીને, ગૂંથે માળ સુધીર. ૧૫૨
વેગે જઈને ગામમાં, લાવે દૂધ-દહીં એમ;
નાનાં મોટાં કામ એ, કરે ભાવથી તેમ. ૧૫૩
સ્નાને, ધ્યાને પુનિત થઈ, શુદ્ધ વસ્ત્ર ધરી અંગ;
રતનલાલ ભિક્ષા કરે, ધારી મન ઉમંગ. ૧૫૪
ભિક્ષા લઈ અવધૂતજી, રહે ધ્યાનમાં લીન;
એમ અહીં આનંદમાં, વીત્યા બે-ત્રણ દિન. ૧૫૫
ત્યાં તો એક દિ' રાતરે, કરી ઘોર-ઘન-નાદ;
વાદળથી તૂટી પડચો, અનરાધાર વરસાદ. ૧૫૬
શીતલ પવન ફૂંકાય ને વીજળીના ચમકાર,
છાયો ચારેકોર ત્યાં, જલ-જલ બંબાકાર. ૧૫૭
રતનલાલ જાગ્યા અને જાગ્યા મહીજી ભગત,
દોડીને આવી ગયા, અવધૂત પાસે તુર્ત. ૧૫૮
ઘનઅંધારી રાત ને પવન સનન્ ફૂંકાય,
દીવો પ્રગટી ન શકે, તુર્ત હોલવાઈ જાય. ૧૫૯
બન્ને આવ્યા બા'વરા લેવા પ્રભુની ભાળ;
મંદિરમાં પ્રવેશિયા, કરતાં બૂમ-બરાડ. ૧૬૦
અરે ! પ્રભુ ! વરસાદની, જબરી ઝડીઓ આંહ્ય;
આવે છે માટે પ્રભુ ! વેગે ચાલો ત્યાંય. ૧૬૧
સુરક્ષિત છે છાપરું, અમ મુકામ છે જ્યાંય;
પાણીનું ટીપું પણ, નથી પડતું ત્યાંય. ૧૬૨

માટે પધારો હે પ્રભુ ! જ્યાં છે અમ મુકામ,
શય્યાસન બિછાવશું, લો સુખે આરામ. ૧૬૩
આમ બન્ને બોલી રહ્યા, ત્યાં તો વીજ ઝબકાર,
થયો અને પ્રકાશમાં, શું જોયું તે વાર? ૧૬૪
શય્યાસન પર મસ્તીથી, બેઠા ધીર-ગંભીર;
મલક-મલક મુખ થાય ને નયનો શાંત-સુધીર. ૧૬૫
જલ-શીકર સાથે લઈ, શીતલ પવન ફૂંકાય;
જલ-ઝડીઓથી રંગની, પાવન કાય ભીંજાય ! ૧૬૬
ભીષણ તાંડવ મેઘનું, પ્રભુનું રુદ્ર સ્વરૂપ;
માનીને અવધૂતજી, લે આહ્લાદ અનુપ ! ૧૬૭
પ્રપાત જલ-ઝાડીઓતણો, માની શંભુ-પ્રસાદ,
અવધૂતજી બસ મોજથી, માણી રહ્યા આહ્લાદ ! ૧૬૮
ગર્જતા એ મેઘમાં, સૂણે બ્રહ્મનો નાદ;
વર્ષા તાંડવમાં અહા ! શંકર જુએ સાક્ષાત્. ૧૬૯
ભીષણતામાં એમ જે, કરે બ્રહ્મ-દર્શન;
સાક્ષાત્કારી સંત એ, જાણ તું નિરંજન ! ૧૭૦
ભક્તોતણી અહીં જુઓ, સુણી મોટી બૂમરાણ;
મસ્તીમાંથી નિજ તણી, જાગ્યા દીન-દયાળ. ૧૭૧
બોલ્યા ઉચ્ચ સ્વરે ' અરે ! મહાત્મા રતનલાલ !
શાને તમે બધાં કરો ખોટી બૂમ કરાળ ? ૧૭૨
હું તો મારી મસ્તીમાં, બેઠો છું સુસ્વસ્થ,
રૌદ્રરૂપ પરબ્રહ્મનું, દર્શન કરતો મસ્ત. ૧૭૩
જાઓ તમે પાછા હવે, તમે તમારા સ્થાન;
મુજ ચિંતાએ ના થશો, તમે હવે હેરાન. ૧૭૪
માણી હું તો અહીં રહ્યો, અક્ષય પરમાનંદ;
ભીષણતા પરબ્રહ્મની, તેમાં, લઉં આનંદ. ૧૭૫
જાઓ તમ સ્થાને હવે, કરો સુખે આરામ;
મારી ચિંતા ના કરો, હું ને મારો રામ ૧૭૬
રાત્રીભર ઉડાડશું, ભીષણતાની છોળ;
આંખ-મિંચોલી ખેલતાં, કરશું દોડંદોડ.' ૧૭૭
એમ કહી બે ભક્તને, કીધા તુર્ત વિદાય,
રાત્રીભર આનંદથી, બેસી રહ્યા વરકાય ! ૧૭૮
ઘડુડુ ગાજે મેઘ વળી, વીજ ચમકતી ત્યાંય;
શીતલ જલસીકરે થકી, અવધૂતકાયા ન્હાય. ૧૭૯
ભીંજાયું આસન અને કંબલ-ચાદર એમ;
ચારેકોર મંદિરમાં, જલ ભરાયું તેમ. ૧૮૦
તોયે એ અવધૂત હા ! સૂણ નિરંજન ! વાત,
આખી રાત ધ્યાને રહ્યા, દીપ જેમ નિર્વાત ! ૧૮૧
થયો પ્રાતઃકાળ અને છાયો અરુણ પ્રકાશ,
હજુ એ વાદળથી હતું, છવાએલું આકાશ. ૧૮૨
ઘડી-બેઘડી થોભ્યો અને શરૂ થયો વરસાદ,
અઢળક ઢળવા લાગિયો, કરતો ઘોર નિનાદ. ૧૮૩
ત્યાં તો ભક્તો ગામના, ખૂંદતા કીચડ-જલ;
આવી પહોંચ્યા ધ્રૂજતા, ભીંજાતા તત્સ્થલ. ૧૮૪
કહેવા લાગ્યા ભગતને, 'અરે ! હાલને હાલ,
લઈ ચાલો ગુરુદેવને, હવે ગામ મોઝાર. ૧૮૫
રેવાનીર વધી રહ્યાં, આવે ઘોડાપૂર,
સ્થાન આ ડૂબી જશે, થાશે જલ ભરપૂર. ૧૮૬
ચાલો નીકળો ઝટ કરો, ના લગાડો વાર,
અવધૂતજીને તેડીને, આવો સ્થાનની બહાર. ૧૮૭
તેડી લાવો ગામમાં, આપો ત્યાં મુકામ;
સાફ-સૂફ કર્યું અમે, સુંદર એવું ઠામ ! ૧૮૮
ભગત ! કરો જલદી હવે, નીર વધે ચોપાસ,
ઘેરાયા જો આપણે, જીવવાની નહિ આશ' ૧૮૯
સૂણી વચન ભક્તોતણાં ભગત-રતનલાલ,
દોડ્યા શિવમંદિર ભણી, બિરાજે જ્યાં દયાળ. ૧૯૦
વંદન કરી વિનત સ્વરે, બોલ્યા મહીજી ભક્ત,
'પ્રભુ ! નીર રેવાતણાં, વધી રહ્યાં છે સખ્ત. ૧૯૧
ક્ષણમાં રેવાનીરથી ભરાઈ જાશે સ્થાન;
બચવાનો આરો પછી, નહિ રહે ભગવાન ! ૧૯૨
હજુએ થોડો સમય છે, થાઓ ઊભા આપ;
ચાલ્યા જઈએ ગામમાં, વહેલા અહીંથી બાપ ! ૧૯૩
ગામ લોક સહુ તેડવા, આવ્યા છે મહારાજ;
ચાલો નહિ તો ઘડીકમાં, થઈ જઈશું તારાજ.' ૧૯૪
સુણી વચન એ ભક્તનાં, હસી રંગ ખડખડાટ,
બોલ્યા અરે ! ભગત ! તમે, કરે છો કેવી વાત ? ૧૯૫
માનો ખોળો છોડીને, બાળક બચવા માટ,
ક્યાં જાશે આ જગતમાં ? ક્યાંની પકડશે વાટ ? ૧૯૬
મા રેવા તો આપણી, પ્રેમલ વત્સલ માત,
છોડી એનો અંચળો, ક્યાં જાશું જગહાટ ? ૧૯૭
સુતા માના અંકમાં, શેનો પછી ત્યાં ભય ?
મર્દન કરશું મોતનું, માનું બળ અક્ષય. ૧૯૮

અને કદાચિત્ માતને, નિજ ખોળાની માંહ્ય;
શમાવવો હોય બાળને, ભલે શમાવે આંહ્ય. ૧૯૯
માના ખોળામાં સદા, સુખ સુખ ને સુખ;
માણો મહાસુખ માતનું, થઈને અંતર્મુખ. ૨૦૦
અવધૂત આમ વદી રહ્યા, ત્યાં તો ચારેકોર;
રેવાનીર વહી રહ્યાં, ઉછળી કરતાં શોર, ૨૦૧
લોકો નાઠા ઘર ભણી, કરતા શોર-બકોર,
હજુએ બચવું હોય તો, આવો લ્યા ! આ કોર' ૨૦૨
સુણી સાદ એ લોકનો, ભગત-રતનલાલ;
ગભારાયા બહુ મન વિષે, થાતા બૂરા હાલ. ૨૦૩
ગભરામણ જોઈ એમની, હસી વદ્યા અવધૂત;
તમને બન્નેને હવે, જાવ જવાની છૂટ. ૨૦૪
માના રૌદ્ર સ્વરૂપનો, લેવા મધુરો લ્હાવ,
રહેવા દો મુજને અહીં, તમે તમારે જાવ.' ૨૦૫
સૂણી વચન અવધૂતનાં, ભરી નયનમાં નીર,
રતનલાલ કર જોડીને બોલ્યા વચન ગંભીરઃ ૨૦૬
'પ્રભુ ! આપને એકલા ભયની વચ્ચે એમ,
મૂકીને જાવાતણી, મરજી કરીએ કેમ ? ૨૦૭
ભલે પડે આ દેહ પણ, હે અશરણ-શરણ !
ક્યાંયે ના ક્ષણ જાઉં હું, છોડી આપના ચરણ. ૨૦૮
ત્યાં તો મહીજી બોલિયા, સુણજો હે ગુરુરાય,
મેં તો તવ ચરણો મહીં, અર્પણ કરી મુજ કાય. ૨૦૯
તનનો મોહ નથી જરી, હે મારા ગુરુદેવ !
તન મારું તૂટે ભલે, કરતાં તારી સેવ.' ૨૧૦
એમ કહી એ ભક્ત ત્યાં, રડી રહ્યો ચોધાર,
બન્ને બેઠા ભાવથી, રંગ-ચરણ મોઝાર. ૨૧૧
ત્યાં તો ઉછળતાં કૂદતાં, રેવાજીનાં નીર,
આવે મંદિરઓટલે, ઘૂ ઘૂ કરતાં ગભીર. ૨૧૨
ગજ ગજ ઉછળે નીર ને વર્ષા તાંડવ થાય.
જલ-જલ બંબાકાર ને ઘન-અંધાર છવાય. ૨૧૩
ગગનગોખને ચીરતી, વીજ કરે લબકાર;
મેઘગર્જના વીરને, દેતી જો પડકાર ! ૨૧૪
ઠંડા જલસીકર વળી, સનન પવન ફૂંકાય;
ફુત્કારે માનવતણી, કંપાવી દે કાય. ૨૧૫
ભીષણતા ચોગમ અહા ! જાણે કાળ કરાળ,
ફાડી મુખ સામે ઊભો, કચ-કચાવતો દાઢ. ૨૧૬
આવી ભીષણતા મહીં, સૂણ નિરંજન બાળ;
અવધૂતમુખ મલકી રહ્યું, દઈ મોતને તાલ. ૨૧૭
ત્યાં તો રેવાનીર અરે ! ઘોડાપૂરે એમ,
ધમધમ કરતા ધસી ગયાં, શિવમંદિરમાં તેમ. ૨૧૮
રતનલાલ ને ભગતજી, ઊભા થઈ તત્કાળ,
વ્યર્થ યત્ન કરી રહ્યા, ખાળવા ધસતાં જળ. ૨૧૯
જોઈ તેમને બોલિયા, અવધૂત યોગી સમર્થ :
'અરે ! તમે જલ ખાળવા, શાને મથો છો વ્યર્થ ? ૨૨૦
ધસ-મસતાં એ નીરને, વહેવા દો ચોપાસ,
'મા' ઉપર રૌદ્ર પણ, અંદર નરી કુમાશ ! ૨૨૧
એમ હજુ અવધૂતજી, બોલી રહ્યા તે વાર,
ત્યાં તો ચોગમ, એમની, વહી નીરની ધાર. ૨૨૨
ઘૂ.... ઘૂ ઘૂમરી મારતાં, રેવાજીનાં જલ,
અવધૂતની ચોપાસ હા ! ફરી રહ્યાં તત્સ્થળ. ૨૨૩
મુખ પર મધુ મલકાટ ને ભાવ-સભર કરી નેણ,
રેવાજલની અંજલિ, ભરી વદ્યા કંઈ વેણ. ૨૨૪
પલ-બેપલની વાતમાં, થયો ત્યાં ચમત્કાર;
ધસમસતાં એ નીર હા ! વહેવાં લાગ્યાં બહાર !! ૨૨૫
રેવાજીનાં નીર ધસી, જાણે આવી એમ;
કરી પ્રદક્ષિણા રંગની, પાછાં વળિયાં તેમ. ૨૨૬
જેટલાં વેગે આવીયાં, એથી બમણા વાહ !
વેગે પાણી જઈ રહ્યાં, થાતો મંદ પ્રવાહ. ૨૨૭
ક્ષણ-બેક્ષણમાં તો અહા ! ઘટી ગયાં એ નીર,
મુખ્ય પ્રવાહે પહોંચીને, વહી રહ્યાં ગભીર. ૨૨૮
રતનલાલ ને ભગવતજી, દિઙ્મૂઢ થઈ પલવાર;
ભાવવિભોર વંદી રહ્યા, શ્રીરંગને તે વાર. ૨૨૯
મુત્યુ કેરા મુખ થકી, બચ્યા હતા બે જણ,
બની બાવરા રંગને, વંદી રહ્યા તત્ક્ષણ. ૨૩૦
જોઈ એમની આ દશા,હસી વદ્યા ગુરુરાજઃ
'અરે ! મહાત્મા શેં તમે, ગોથું ખાધું આજ ? ૨૩૧
માત નર્મદા કોઈનું, ઋણ ન રાખે જરાય,
મારું ફેડવા ઋણ જો, માએ યોજ્યો ઉપાય. ૨૩૨
મારા નશ્વર દેહથી, મા રેવાની એમ;
થઈ પરિક્રમા તેહનું, ઋણ ફેડવા તેમ, ૨૩૩
આજે મા રેવાજીએ, મારા તનની એમ;
કરી પરિક્રમા જો થયાં, ઋણમુક્ત 'મા' તેમ ! ૨૩૪

વ્હાલી માતા નર્મદા, ધન્ય કર્યો નિજ બાળ,
બોલો જય જય નર્મદા, ત્યજી આળપંપાળ. ૨૩૫
એમ કહી અવધૂતજી, જોડી બંને હાથ,
નતમસ્તક વંદી રહ્યા, જય જય નર્મદા માત ! ૨૩૬
અલખ કહે સુણ શિષ્ય હે ! નાનકડો આ પ્રસંગ,
અવધૂતના વ્યક્તિત્વને, આપે નવલો રંગ. ૨૩૭
ભીષણતામાં પણ અહા ! પ્રભુનું દિવ્ય સ્વરૂપ,
નીરખે જે આનંદથી, ધન્ય ! સંત અનુપ. ૨૩૮
ભયમાં પણ ભગવાનનાં, કરતા જે દર્શન,
તેને ભય ના જગતમાં, સદાય નિર્ભય મન. ૨૩૯
પ્રાણી માત્રનો વિશ્વમાં, જો કોઈ શત્રુ હોય,
તો તે માત્ર ભય જ છે, ભય વિણ અન્ય ન કોઈ. ૨૪૦
ભયની ભોગળ ભાંગવા, પ્રથમ ભાંગવો ભ્રમ,
હું-તુંનો ભ્રમ ભાંગવા, સંત-સંગ ઉત્તમ. ૨૪૧
સંતસમાગથી ટળે, મારું તારું ભેદ;
ભેદ ભાગતાં ભયતણો, તુર્ત ઊડે છે છેદ. ૨૪૨
સદ્ગુરુ કેરા શરણ વિના, સંત-સંગ નવ થાય,
સાચા સદ્ગુરુ સેવતાં, ભવની ભીતિ જાય. ૨૪૩
માટે કહું છું શિષ્ય હે ! છોડ અન્ય વ્યાપાર,
સદ્ગુરુચરણે બેસી જા, થઈ જાશે ઉદ્ધાર. ૨૪૪
છોડી સર્વ પ્રલોભનો, દોડી સદ્ગુરુ પાસઃ
બેસી જા નિશ્ચિંત થઈ, થશે દ્વૈતનો નાશ. ૨૪૫
રેવામાના રંગની, લીલા કેરો રંગ,
‘બાલક’ મુખથી સુણતાં, થાયે ભયનો ભંગ ! ૨૪૬

ઈતિશ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનીલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક)રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે જનતાજનાર્દનપૂજાપ્રકારાદિરંગલીલાવર્ણનં નામ ત્રિપંચાશત્તમોઽધ્યાયઃ ।।૫૩।। દોહરા ૨૪૬ ।।

## અધ્યાય : ૫૪

અલખ નિરંજનને કહે, સાંભળ શિષ્ય સુજાણ,
રંગલીલામૃત આ નકી, કેવલ સૌખ્યની ખાણ. ૧
જ્યમ જ્યમ ઊંડે શોધીએ,ત્યમ ત્યમ રત્ન પ્રચુર
નીકળે વિધવિધ રંગનાં, કરે દીનતા દૂર. ૨
એક સમે અવધૂતજી, કરવાને અનુષ્ઠાન,
પવિત્ર ને એકાંત કંઈ, શોધી રહ્યા'તા સ્થાન. ૩
નિર્જન-વન એકાંતમાં, રહીને એકાદ માસ;
અનુષ્ઠાનરત એકલા, રહેવા વિચારે ખાસ. ૪
મોદીજીએ સૂચવ્યું, નડિયાદ પાસે સ્થાન;
નાના કુંભનાથતણું, નિર્જન સ્થાન-સ્મશાન. ૫
બીજે દિને બેઉ જણ, આવ્યા જોઈ સ્થાન;
એકાંત એનું ગમી ગયું, હતું ભલે સ્મશાન. ૬
વળતી બીજે દિન પછી, આછો-પાતળો આમ;
સામાન લઈ આવી ગયા, કરવા ખાસ મુકામ. ૭
નામ લઈ ભગવાનનું, અજિન પાથરી ત્યાંય;
અવધૂતજી બેસી ગયા, મોદ-મસ્ત વરકાય. ૮
તારક સાથે ગોષ્ઠિમાં, કરતા વસ્તુવિચાર;
પ્રથમ રાત્રી અવધૂતની, થાતી મસ્ત પસાર. ૯
બ્રાહ્મમુહૂર્તે અન્ય દિન, જાગ્યા રંગ-સમર્થ;
પરવારીને પ્રાતઃવિધિ, થયા ધ્યાનમાં રત. ૧૦
નરદમ શાંતિ સ્મશાનની, ચોગરદમ રેલાય;
દિવ્યાનંદ પ્રવાહમાં, અવધૂત-અંતર ન્હાય. ૧૧
છોળો દિવ્યાનંદની, ઉછળે ચારેકોર;
મસ્ત બની નાચી રહ્યો, અવધૂતનો મનમોર. ૧૨
ત્યાં તો પૂર્વાકાશમાં, સજીને નવલા રંગ;
ઉષારાણી આવીયાં, ધારી ચિત્ત ઉમંગ. ૧૩
ક્ષણ-બે-ક્ષણે આકાશમાં, કરતાં મધુરો ગેલ,
ઉષા જો રેલાવતી, રંગની રેલંછેલ. ૧૪
ત્યાં તો ખોબલે ખોબલે, સુવર્ણ રજ-પ્રકાશ
વેરતા આવી ગયા, દિનકરજી આકાશ. ૧૫
સહસ્ત્રકરથી ઢોળતા, સુવર્ણરસથી ચોપાસ,
રંગ્યુ આખું વિશ્વ હા ! સુવર્ણરસથી ખાસ. ૧૬
કુંજ-નિકુંજથી નીકળી, વિહંગ કરે કૂજન;
શીતલ, મંદ સુગંધિત, લહેરી રહ્યો પવન. ૧૭
પ્રકૃતિ-પરિચારિકા, ખીલતી હસતી આંહ્ય;
ખડે પગે ઊભી હતી, અવધૂતસેવા માંહ્ય. ૧૮
સ્પર્શ-પુનિત અવધૂતના, દિવ્ય દેહ ઉપર,
પાવન કરવા જાતને, રવિ સ્પર્શે નિજ કર. ૧૯
સ્પર્શ થતાં રવિ-રશ્મિનો,ધ્યાનનશામાં મસ્ત;
પ્રણવ-પ્રણયી શાંતિનો, છલકાતો છે અબ્ધ. ૨૦
કમલનયન અવધૂતનાં, ઉઘડયાં તેણી વાર;
વરસતી આશિષની, વર્ષા અનરાધાર. ૨૧
દિવસ ચઢયો દસ વાગતાં, લીધી ભિક્ષા સાર;
આડે પડખે થવા કરે ! અવધૂત જ્યાં વિચાર ! ૨૨

ત્યાં તો અથડાયો અરે ! અવધૂતકર્ણે નાદ,
બં....બં ભોલાનો અહા ! ગર્જન્તો નિનાદ. ૨૩
સહજ કુતૂહલથી પડી, અવધૂતજીની નજર,
બસો કદમ દૂરી પરે, સામે ચોતરા પર. ૨૪
જોયું તો છ-સાત હા ! સાધુ અડંગ-નડંગ,
ભગવે લુગડે સજ્જ ને ભસ્મ લપેટી અંગ. ૨૫
ભંગેરી-ગંજેરી સૌ, નશાથી આંખો લાલ;
અગડં-બગડં બોલતા, વ્યસને ભૂંડ હાલ !! ૨૬
ઝોળી-ઝંડા રોપીને, ધૂણી ધખાવી આમ,
સબ ભૂમિ ગોપાલકી, નાખ્યો નજીક મુકામ. ૨૭
વ્રણની ગંધે મક્ષિકા, વ્રણ તરફ ખેંચાય.
તેમ ગંજેરી જુવાનીયા, ખેંચાઈ આવ્યા ત્યાંય. ૨૮
ચાર ગંજેરી સાથ એ, બાવાતણી જમાત;
ચલમો ભરી ભરી ફૂંકતા, છેડે કંઈ કંઈ વાત. ૨૯
ઊંચા-મોટા સાદથી, કરતા બીભત્સ વાત,
કાનના કીડા ખરી પડે, સૂણી ગલિચ-કુવાત. ૩૦
વાતોમાં ખડખડ હસે, કરતાં બીભત્સ વ્યંગ,
ગંદી ગાળો બોલતા, લફંગ આ અડબંગ. ૩૧
સૂણતાં એ અવધૂતનું, અંતર ઘણું દુભાય;
વ્યર્થ કેવી જો અહીં, વૈખરી વેડફાય. ૩૨
તારે તો અવધૂત ! અહીં, રહેવું છે એક માસ;
સહેવાશે એ કેમ કરી,બદબૂ કેરો ત્રાસ? ૩૩
કયાંથી આવી જો ચઢયા, નાલાયક આ લોક?
ગમશે શી રીતે અહીં ? અવધૂત કરતા શોક !! ૩૪
ચમકયો એકાએક હા ! અવધૂતમન વિચારઃ
'નાલાયક' કહેવા તણો તુજને શો અધિકાર ? ૩૫
સ્ફટિક-શુદ્ધ અંતર મહીં, વલોવાતો વિચાર;
''શું નાલાયક એમને,કહેવા મુજ અધિકાર ૩૬
છે મુજને ? ના જરા નથી, હું તો અહિંયા માત્રઃ
ખાઈ-પી પડચો રહી, વૃથા વધારું ગાત્ર. ૩૭
બાવાઓ તો આ અરે ! ચલમ ફૂંકાવી એમ,
ગંજેરી બે-ચારને, આપે આનંદ તેમ. ૩૮
બોલ અવધૂત ! તું હવે, બાવાઓની જેમ;
ગંજેરી બે-ચારને સંતોષીશ કે કેમ ? ૩૯
જવાબ એનો ના જ છે, સીદી સાદી વાત;
નાલાયક તું પણ ખરો, ગંજેરીમન તાત ! ૪૦
એક નાલાયકને અહા ! બીજો નાલાયક,
નાલાયક કહેવા તણો, શાને મેળવે હક ?'' ૪૧
સૂણ નિરંજન બાળ તું, આવો શુદ્ધ વિચાર,
અવધૂત-હૃદયે પગટતાં, થયો ત્યાં ચમત્કાર. ૪૨
હૈયું હળવું ફૂલ થયું, અવધૂતનું તે વાર;
ઘસઘસાટ ઊંઘી ગયા, ક્ષણે ન લાગી વાર. ૪૩
ખરી મઝાની વાત તો, હવે બની ઓ બાળ !
સૂણતાં આશ્ચર્યાબ્ધિમાં, ડૂબી જઈશ પળવાર. ૪૪
હજુ તો સાંજ ઢળી નથી, તે પહેલાં એ નિહંગ,
ઝોળી-ઝંડા ફાંસીને, બાંધી દેતા તંગ. ૪૫
ધૂણી ટાઢી પાડીને, ડેરા ઉઠાવી આમ,
ભાગ્યા ત્યાંથી બબડતા, ઠરવા બીજે ઠામ. ૪૬
બીજે દિન સવારમાં, અવધૂતજીની નજર,
એકાએક પડી અહા ! સામે ચોતરા પર. ૪૭
નિહંગ સાધુ ત્યાં ન'તા, સઘળું ઠંડુગાર !
ધીમો ધૂમાડો ઓકતી, ધૂણી દે અણસાર. ૪૮
પૂજારીને પૂછતા, અવધતૂજી જો એમઃ
'બાવા પેલા ક્યાં ગયા ? અહીંથી ભાગ્યા કેમ ?' ૪૯
પૂજારી કહે ''બાપજી ! કાલ બપોરે આંહ્ય,
નશો કરીને સાધુઓ, ઝઘડયા માંહ્યો-માંહ્ય. ૫૦
તેથી ઝંડા ફાંસીને, કરતા શોકબકોર,
લડતા-ઝઘડતા સૌ ગયા, સ્ટેશન કેરી ઓર.'' ૫૧
રે'તા ત્યાં અવધૂતજી, એકાદ મહિનો એમ,
રે'તી શાંતિ જો તિહાં, કોઈ ન આવ્યું તેમ. ૫૨
ઉપદ્રવ વળી ના થયો, કેમ બન્યું તે વાર ?
ઉપદ્રવ આપે ટળે, જ્યાં છે શુદ્ધ વિચાર ! ૫૩
અલખ કહે અવધૂતનો, નાનકડો આ પ્રસંગ,
ધોધ વહાવે બોધનો, હૈયે ભરે ઉમંગ. ૫૪
નિજ દોષો જોયા વિના, થાય ન મન નિર્મલ;
નિર્મલ મન વિણ શાંતિનાં, વહે ન હૈયે જલ. ૫૫
પરદોષો જોયા કરે, પરનિંદામાં રત;
ઘૃણા વરસાવે સદા, બીજા પર દુર્વૃત્ત. ૫૬
તેને શાંતિ ના મળે, થાય વૃથા હેરાન,
જીવન-જન્મ ઝેરી કરે, જગમાં એ હેવાન. ૫૭
સૂણ શિષ્ય અવધૂતનો, અમર આ આદેશ;
જોઈ દોષો અન્યના, મા વધારીશ કલેશ. ૫૮
તે માટે અંતર મહીં, સેવો શુદ્ધ વિચાર,
ઉદ્વેગે મન નહિ વળે, ના'વે અશુભ વિચાર. ૫૯
અને કદાચિત્ અંતરે, પ્રગટે અશુભ વિચાર,
તુર્ત ભગાડો એહને, સેવી શુભ વિચાર. ૬૦

જ્યારે નિહંગ સાધુઓ, છેડી બીભત્સ વાત,
અવધૂતજીની શાંતિ પર, કરવા લાગ્યા ઘાત. ૬૧
ત્યારે શ્રી અવધૂતનો, ક્ષણ-બેક્ષણને માટ,
પ્રગટયો પુણ્ય-પ્રકોપ ને અંતર થયો ઉચાટ. ૬૨
ક્ષણભર સાધુઓ પ્રતિ, આવ્યો અશુભ વિચાર,
ત્યાં તો જાગ્રત સંત આ, તુર્ત થયા હુશિયાર. ૬૩
શુદ્ધ-શિવ સંકલ્પનો, વહાવી દિવ્ય પ્રવાહ;
શુભ વિચારે અશુભને, શુભમાં ફેરવ્યો વાહ ! ૬૪
શુભ સંકલ્પો સેવતાં, દૂર થયો આઘાત;
શાંત થયું હૈયું અને, ઊંઘ્યા ઘસઘસાટ. ૬૫
વિશ્વે શુભ સંકલ્પના, સેવનમાં ઓ બાળ !
કેટલી જબરી શક્તિ છે, આવ્યો તેનો ખ્યાલ ? ૬૬
માટે દોષ બીજા તણા ના જોશો લવલેશ,
નિજ દોષો નિહાળીને, દૂર કરો હૃદ્-કલેશ. ૬૭
શુભ વિચારો સેવતાં, શુદ્ધ થશે આચાર;
શુદ્ધાચારે જીવનમાં, રે' નહિ દુઃખ લગાર. ૬૮
અવધૂતજીએ જીવનમાં, કરી શુદ્ધ વિચાર,
શુદ્ધાચાર વિચારથી દીધો બોધ અઘહાર. ૬૯
એવા સદ્ગુરુ રંગની, લીલા અપરંપાર,
ગાતાં સૂણતાં હૃદયમાં, પ્રગટે શુદ્ધ વિચાર. ૭૦
એક સમે નારેશ્વરે, પ્રાતઃકાળની માંહ્ય,
ધ્યાન સમાધિથી થઈ મુકત સ્વયં શુભ કાય. ૭૧
બોધિ સમ લીમડા નીચે, સ્વયં દત્ત સાક્ષાત્,
હતા બિરાજ્યા મોજથી, સ્વાનંદી સમ્રાટ. ૭૨
ચોગરદમ વનશ્રીતણા, ખીલી રહ્યા ભંડાર,
રંગ-વિરંગી પુષ્પની, શોભી રહી કતાર. ૭૩
શીતલ મંદ સમીર હા ! મંદ મંદ લહેરાય,
લહેરે-લહેરે અંગમાં, સ્પંદન મધુરાં થાય. ૭૪
વૃક્ષ-કુંજમાં પક્ષીઓ, કરતા મધુર કૂજન,
સપ્ત સૂરોને છેડતાં, મોદે ભરી દે મન. ૭૫
છોડી નિજ કડવાશને, થાતો નમ્ર-વિનમ્ર
છત્તર સમ હા ! લીમડો, ફેલાયો ચોગમ. ૭૬
ખિસકોલીઓ, ગરોળીઓ, કાંચીડા પણ ત્યાંય,
દોડં-દોડ કરી મૂકે, નિર્ભય થઈ મન માંહ્ય. ૭૭
નાના-મોટા સર્પ પણ, લીમડા કેરી ડાળ;
લટકીને દર્શન કરે, અવધૂતનાં કોક વાર. ૭૮
મત્ત ચિત્ત થઈ મોરલા, નાચે થનક્ થન્ થન્.
કેકારવ કરી રંગના મનને કરે પ્રસન્ન. ૭૯
દૂર દૂર રેવાજીનો વહેતો દિવ્ય પ્રવાહ,
દર્શન માત્ર ટાળતો, તન ને મનના દાહ. ૮૦
નરી સાત્ત્વિકતા અને મધુરતા ઉભરાય,
અવધૂતની ચોપાસ તે વરણી શેં વરણાય. ૮૧
માટી કેરા ઓટલે, લીમડા નીચે ત્યાંય,
તેજપૂંજ અવધૂતજી, બેઠા'તા વરકાય. ૮૨
તેજરશ્મિ તનથી ફૂટે, મરક મરક મુખ થાય;
દિવ્ય નયનમાં શાંતિનો, મહાસાગર છલકાય. ૮૩
જટાતાજ શિરપર અહા ! શરદ-શશી સમ વદન,
નાખી નજર ખસે નહિ, એવાં શુભ દર્શન. ૮૪
કટિપર કૌપીન કસકસે, શુભ્ર ખાદીનું માત્ર;
દિવ્ય તેજથી લસલસે, સર્વે એનાં ગાત્ર. ૮૫
અલખ કહે અવધૂતના દિવ્ય રૂપ પર આમ,
ઓવારી દઉં માહરું તન, મન, ધન તમામ. ૮૬
એ પણ ઓછું છે અરે ! શું કરું હું વાત !
અવધૂતજી અવનિ વિષે સ્વયં દત્ત સાક્ષાત્ ! ૮૭
એમ કહીને અલખજી કરી બંધ નિજ નયન,
અંતર્ગત થઈ અંતરે ઉતરી ગયા ગહન. ૮૮
અંતઃપટપર રંગના દિવ્ય સ્વરૂપનું આમ,
ક્ષણ બે ક્ષણ દર્શન કરી, કરી રહ્યા પ્રણામ. ૮૯
એમ દિવ્ય દર્શન તણો લઈ મધુરો આહ્લાદ,
નયન ખોલીને અલખજી બોલ્યા ધીમે સાદઃ ૯૦
આમ દિવ્ય આનંદમાં હતા બિરાજયા રંગ,
ત્યારે ત્યાં તો બની ગયો સુદિવ્ય એક પ્રસંગ. ૯૧
શહેર અમદાવાદના આવ્યા એક ગૃહસ્થ,
સદ્ગુરુ પાસે આવીને બેઠા જોડી હસ્ત. ૯૨
ખૂબ ભણેલ-ગણેલ ને વળી હતા વિદ્વાન,
દેશ-વિદેશે સંચરી, હતું મેળવ્યું માન. ૯૩
સદ્ગુરુ સામે બેસીને જોડી બન્ને પાણ,
અવધૂત-ચરણે નત થઈ બોલ્યા વિનમ્ર વાણ : ૯૪
"એક પ્રશ્ન મુજ અંતરે હે ગુરુદેવ ! ગૂંચાય,
ખૂબ મનોમંથન કરું તોય ન જડે ઉપાય. ૯૫
આજ્ઞા આપો આપ તો, પૂછું હે મહારાજ !
જેથી મુજ અંતરતણી મૂંઝવણ જાયે આજ." ૯૬

સૂણી વચન ગૃહસ્થનાં, અવધૂત થયા પ્રસન્ન,
મરકત મુખડે બોલિયા સ્નેહ-સુધા-વચનઃ ૯૭
“બોલો તમ અંતર વિષે શેની મૂંઝવણ થાય ?
મારા ગુરુમહારાજ હા બતાવશે ઉપાય. ૯૮
વિશ્વે એવો એક પણ ગહન પ્રશ્ન નહિ હોય,
સદ્‌ગુરુની કૃપાથી જે ઉકલ્યો ના જો હોય. ૯૯
પૂછો પ્રશ્ન તમે હવે, કરશો નહીં વિલંબ;
સમાધાન કરશે અહા ! સદ્‌ગુરુ સર્વાલંબ.” ૧૦૦
દિવ્ય સુધા સમ રંગનાં, વચન સૂણી એ ભક્ત;
વિનીત ભાવે બોલિયા, જોડી બન્ને હસ્તઃ ૧૦૧
“પ્રભુ ! રોજ હું ધ્યાનમાં બેસવા કરું વિચાર,
પણ ચંચળ ચિત્ત માહરું, થાય ન સ્થિર લગાર. ૧૦૨
તેથી મન વિચારિયું, સામે આલંબન
રાખ્યું હોય કો મૂર્તિનું, ચોંટે એમાં મન. ૧૦૩
કોની મૂર્તિ રાખવી ? એનો કરું વિચાર,
ત્યાં તો મૂર્તિઓતણી સામે જામે કતાર ! ૧૦૪
જુદા જુદા દેવ ને દેવીઓ કેરી હજાર,
મૂર્તિઓની મુજ સામને જામે લાંબી કતાર. ૧૦૫
કોનું ધ્યાન ધરું પ્રભુ ! મુજથી ના સમજાય,
અનંત મૂર્તિ જોઈને, મારું મન મૂંઝાય. ૧૦૬
તો મારે કયી મૂર્તિનું, ધરવું નિત્યે ધ્યાન ?
જેથી મારું ચિત્ત ત્યાં ઠરે જરા, ભગવાન ! ૧૦૭
આપ કહો તે દેવની મૂર્તિ લાવું એક,
મારી સામે રાખીને ધરું ધ્યાન હું નેક. ૧૦૮
મારું જેથી ચિત્ત તે મૂર્તિમાં સ્થિર થાય,
ચિત્ત થાતાં સ્થિર મને શાંતિ અનહદ થાય” ૧૦૯
અલખ કહે સૂણ શિષ્ય હે ! હતી ભક્તને મન,
ઊંડે ઊંડે એક જો શંકા ગુપ્ત-પ્રચ્છન્નઃ ૧૧૦
‘છે શ્રીઅવધૂતજીતણા ઉપાસ્ય દૈવત દત્ત,
ધ્યાનમૂર્તિ શ્રીદત્તની રાખો કે’શે ઝટ.’ ૧૧૧
આ તો પણ અવધૂત છે, જડ ચેતનથી પર;
નિરાકાર સાકારનાં, દ્વંદ્વોથી પણ પર !! ૧૧૨
દ્વૈતાદ્વૈત પરે અહા ! અલખ અટારી પર,
નિજાનંદની મસ્તીમાં આળોટે અદ્ધર. ૧૧૩
અદ્વૈતાસવ પાનના દિવ્ય નશામાં મસ્ત,
તેને ભેદાભેદનાં દ્વંદ્વ કરે ના વ્યસ્ત. ૧૧૪

સત્ય ને નક્કર તને, કહું છું શિષ્ય સુજાણ;
ડીમ્ ડીમ્ વગાડી જોરથી, સાંભળ ખોલી કાન. ૧૧૫
અવધૂતજીએ કદીય, ક્યારે પણ કોઈવાર
કોઈને પણ કહ્યો નથી સંકુચિત કો વિચાર. ૧૧૬
“ભજો એકલા દત્તને દત્ત વિના કોઈ દેવ
ભજશે તે દુઃખી થશે કરો દત્તની સેવ” ૧૧૭
અવધૂતજીના મુખ થકી કદીએ આવી વાત,
કોઈ દિન નીકળી નથી, સાંભળ શિષ્ય સુજાત. ૧૧૮
ક્યારે કદી કો પૂછતું, અવધૂતજીને એમ;
“કયા દેવને પૂજવા રહેવા કુશળ-ક્ષેમ ?” ૧૧૯
ઝટ દઈ અવધૂતજી કહેતા ઊંચે સાદઃ
“અરે ! ભાઈ ! અહીં દેવનો શાને વ્યર્થ વિવાદ ? ૧૨૦
ઈષ્ટદેવ તમ કુળતણા પરંપરાથી એમ,
હોય પૂજાતા તેહની પૂજા કરો સપ્રેમ. ૧૨૧
શ્રદ્ધા જાગે જેહ પર તે પર ધરી વિશ્વાસ,
સેવા પૂજા પ્રેમથી પૂરણ થાશે આશ” ૧૨૨
એમ સદ્‌ગુરુ સર્વને કરતા આવી વાતઃ
“કેવલ શ્રદ્ધા મુખ્ય છે, મૂર્તિ વ્યર્થ વિવાદ” ૧૨૩
અંતરના ઊંડાણથી, કહેતા અવધૂત આમઃ
“કરું કદી ના કોઈને મારા વિચારગુલામ” ૧૨૪
સર્વેશ્વરને સર્વમાં જોનારા આ સંત,
સમગ્રતામાં રાચતા, માની સત્ય અનંત. ૧૨૫
સ્નેહ-સભર શબ્દે પછી ધીમેથી ધરી પ્રેમ,
અવધૂતજી એ ભક્તને કહેવા લાગ્યા એમઃ- ૧૨૬
“તમે તમારા ઘર મહીં દેવ-સ્થાનમાં એમ,
પૂજન કરવા મૂર્તિઓ રાખી છે કે કેમ ? ૧૨૭
એમાંની એક મૂર્તિ જે, હોય અતિ સુંદર;
બહુ ગમતી તમને અને ઠરે તમારી નજર ૧૨૮
તે મૂર્તિ સામે મૂકી, ધરો ધ્યાન પ્રતિદિન;
મન કેન્દ્રિત તે પર કરો થશો ધ્યાનમાં લીન.” ૧૨૯
ત્યાં તો પેલા ભક્ત હા ! બોલ્યા વેગે વાણઃ
“નથી રાખ્યું મેં હે પ્રભુ ! ઘરમાં દેવસ્થાન. ૧૩૦
દેવ-સ્થાન જ જ્યાં નથી ત્યાં મૂર્તિ કેરી વાત,
ક્યાંથી કરવી ? હે પ્રભુ ! નાસ્તિક હું સાક્ષાત્” ૧૩૧
મુખ મલકયું અવધૂતનું, સૂણી ભક્તની વાત;
ભાવ-ભીના શબ્દે પછી બોલ્યા સદ્‌ગુરુનાથઃ ૧૩૨

‘‘ત્યારે એમ કરો તમે તમારા ઘરની માંહ્ય,
દેવ દેવીઓની તમે છબિયો રાખી હોય; ૧૩૩
તેમાંની છબી એક જે તમને ગમતી હોય,
જે જોતાં તમ હૃદયમાં આનંદ થાતો હોય; ૧૩૪
તે છબી તમ નજરની સામે રાખી એમ,
ધરો ધ્યાન પ્રતિદિન અહા ! થાશે સઘળું ક્ષેમ’’ ૧૩૫
ત્યાં તો ભક્ત ઉતાવળે જોડી બન્ને હસ્ત,
બોલ્યો, ‘‘પ્રભુ ! નાચીઝ હું કહીશ આપને સ્પષ્ટ ! ૧૩૬
મારા ઘરમાં હું કદી દેવ દેવી કે સંત,
કોઈની છબી ન રાખતો, સાચું કહું ભગવંત !’’ ૧૩૭
‘‘કોની ત્યારે રાખતા છબિયો ઘરની માંહ્ય ?’’
કોમળ સ્વર ઊંચો કરી પૂછે અવધૂત ત્યાંય ! ૧૩૮
‘‘સગાં, સ્નેહી મિત્રો અને મારા કુટુંબી જન
એની છબિયો ઓરડે રાખું છું ભગવન્ !’’ ૧૩૯
પલ બે પલ અવધૂતની સુધા-સભર નજર
ફરી વળી એ ભક્ત પર આહ્‌લાદક સુખકર. ૧૪૦
વદ્યા પછી અવધૂતજી, ‘‘એમ કરો સજ્જન,
મિત્રો સ્નેહી ને વળી હોય કુટુંબી જન; ૧૪૧
તેમાંથી છબી એક જે હોય તમને પ્રિયજન
ઉતારી છબી તેમની પધરાવો તત્ક્ષણ. ૧૪૨
સામે રાખીને કરો એમાં કેન્દ્રિત મન,
જેથી થાશે ધ્યાનમાં લીન તમારું મન’’ ૧૪૩
ત્યાં તો બોલ્યો ભક્ત એ સૂણ નિરંજન બાળ,
‘‘પ્રભુ ! મને મુજ પત્નીની છબી ઉપર બહુ વ્હાલ !! ૧૪૪
એ બધી છબિયો મહીં મુજને ગમતી એક,
તે છે છબી મુજ પત્નીની જેના પર અભિષેક ૧૪૫
નિત્ય કરું હું પ્રેમનો, મુજ પત્નીની એમ
રાખી છબી મુજની સામે ધરું ધ્યાન કે કેમ ? ૧૪૬
મારી વહાલી પત્નીની, છબીનું આલંબન
લઈને શું હું ધ્યાનમાં, ઠરી શકું ભગવન્ ?’’ ૧૪૭
પ્રશ્ન સૂણી એ ભક્તનો, મનમાં હસ્યા ભગવન્ઃ
‘‘આ તો જબરો નીકળ્યો’’ એમ વિચારી મન ! ૧૪૮
ક્ષણ બે ક્ષણ મૂગા રહી, વેધક દૃષ્ટિ એક
નાખીને એ ભક્તને નીરખ્યો નખ-શિખ છેક. ૧૪૯
કાઢી લીધું ભક્તના હૃત્-સર-તલનું માપ,
આસપાસના ભક્ત બધા ઉત્સુક થાય અમાપ. ૧૫૦

પછી વદ્યા અવધૂતજી સ્નેહ સભર સુસ્વરઃ-
‘‘તમે તમારી પત્નીની છબી એક સુંદર ૧૫૧
સામે રાખીને કરો ધ્યાન-ધારણા નિત્ય,
તેમાં કંઈ વાંધો નથી, કરતાં પણ એ રીત્ય ૧૫૨
ચંચલ તમારું મન તિહાં સ્થિર નહિ રહેનાર;
ધ્યાન ધરતાં પત્નીનું થાય જરૂર વિકાર. ૧૫૩
વિકૃતિ મનમાં નહીં થશે, એવો જો વિશ્વાસ
હોય તમોને તો પછી, કરી જુઓ પ્રયાસ.’’ ૧૫૪
ભક્ત કહે, ‘બાપજી ! અગ્નિ આગળ એમ,
દારૂ મૂકતાં એકદમ થાયે ભડકો તેમ. ૧૫૫
સામે સુંદર પત્નીની છબીનું ધરતાં ધ્યાન,
પ્રદીપ્ત થાએ વાસના, થાયે જીવ હેરાન. ૧૫૬
મુજથી એવું ના બને કરવું તેથી કેમ ?’
અવધૂત બોલે ‘‘તો પછી કરો કહું હું તેમ. ૧૫૭
તમે તમારી માત જે જન્મદાત્રીની એમ,
સુંદર ‘ફોટો’ હોય તો રાખી સામે તેમ ૧૫૮
ધ્યાન ધરો એ છબીતણું, થાશે ચિત્ત પ્રસન્ન;
જાળાં વિષય-વિકારનાં થાશે છિન્ન-ભિન્ન. ૧૫૯
‘મા’ની સુંદર છબીતણું સાત્ત્વિક આલંબન,
દૂર ભગાડી વાસના, નિર્મલ કરશે મન. ૧૬૦
માટે તમ માતાતણી સુંદર છબીને એમ,
સામે રાખીને કરો ધ્યાન-ધારણા તેમ’’. ૧૬૧
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતજીએ અદ્ય
રહસ્ય ખોલ્યું હા અહીં સફળતાનું સદ્ય. ૧૬૨
સર્વ સનાતન સત્ય જે એનો આવિષ્કાર,
સાધકને એક સૂત્રમાં આપી દીધો સારઃ ૧૬૩
‘‘સાત્ત્વિક હોવું જોઈએ ધ્યાનનું આલંબન’’
જેથી ભાગે વાસના, થાયે નિર્મલ મન. ૧૬૪
અલખ કહે આ સૂત્રમાં અવધૂતજીએ એમ,
ભારોભાર ભરી દીધું સત્ય સનાતન તેમ. ૧૬૫
સાત્ત્વિક આલંબન વિના મન નિશ્ચલ નવ થાય,
મનની નિશ્ચલતા વિના, ધ્યાને રત ન થવાય. ૧૬૬
ધ્યાન ધર્યા વિણ અંતરે, ક્યાંથી થાય પ્રકાશ ?
પ્રકાશ વિણ અજ્ઞાનનો કદી ન થાયે નાશ. ૧૬૭
નાશ થતાં અજ્ઞાનનો, ઝગમગ હૈયું થાય,
ઝગમગતા હૈયે અહા ! અનહદ સુખ રેલાય. ૧૬૮

સૂર્ય-ચંદ્રને તારલા, ઝાંખા જ્યાં થઈ જાય;
ઝળહળ જ્યોત પ્રકાશમાં, આત્માનંદી નહાય. **૧૬૯**
થંભી જાયે વૈખરી, પરા પશ્યંતી જ્યાંય;
નિશ્ચેતન થઈને પડે, એવી એની ઝાંય. **૧૭૦**
એને આહ્‌લાદે અહા ! વીરલા સંત મંહત,
ગુરુકૃપા જે પર વળી, પામે તેજ અનંત. **૧૭૧**
શુભ વિચાર સાથે વળી સાત્ત્વિક આલંબન,
રંગ-અલખથી સાંભળે એ બાલક-નિરંજન !! **૧૭૨**

ઇતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દ્યુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે શ્રીરંગવિચારધારાસ્પષ્ટીકરણં નામ ચતુઃપંચાશત્તમોઽધ્યાયઃ !! ૫૪ ॥ દોહરા ૧૭૨ !!

## અધ્યાય : ૫૫

અલખ કહે સૂણ શિષ્ય હે ! એક વખતની વાત,
લીમડા નીચે ઓટલે સમર્થ સદ્‌ગુરુનાથ **૧**
હતા બિરાજ્યા મોજથી, આજુબાજુએ ભક્ત
વીંટાઈ બેઠા હતા, રંગચરણમાં સક્ત. **૨**
વાતોમાં નિમગ્ન સૌ બેઠા હારોહાર.
હાસ્યફુવારા ઊડતા, વચમાં વારંવાર. **૩**
મૌની પણ અવધૂત જો વાતે વળગી જાય,
વાતે વાતે હાસ્યની મોટી હેલી થાય ! **૪**
પોતે ખૂબ હસે અને અન્યને વળી એમ,
વ્યંગ સાત્ત્વિક જો કરી, ખૂબ હસાવે તેમ. **૫**
એમ નરી નિર્દોષતા, એ હાસ્યે રેલાય;
સાત્ત્વિક શબ્દોથી અહા ! જ્ઞાન નિષ્પન્ન થાય. **૬**
અવળવાણી અવધૂતની હાસ્ય વહાવી જાય,
પૂર્વ-પુણ્ય જેનાં ફળ્યાં તેને એ સમજાય. **૭**
એમ અહીં અવધૂતનાં મધુરાં દિવ્ય વચન,
સૂણતાં સૂણતાં ભક્ત-મન થઈ રહ્યાં છે પ્રસન્ન. **૮**
ત્યાં તો રેવાઘાટથી સ્નાન કરીને એક,
મજૂર આવ્યો દૂરથી જર્જર વસ્ત્રે છેક. **૯**
મેલું ફાટલું ફાળિયું માથે વીંટ્યું એમ,
પીઠે ચિરાયેલ કેડિયું, પહેર્યું છે જેમ તેમ. **૧૦**
દૂર દૂરથી ચાલતો, આવ્યો છે અહીં આજ,
નારેશ્વરના નાથનાં દર્શન કરવા કાજ. **૧૧**
હૈયે ભાવ-સભર ભર્યો, નિર્મલ હળવું મન;
દર્શન કરતાં રંગનાં, થાતો ખૂબ પ્રસન્ન. **૧૨**
ઢાળી દીધો દેહને રંગચરણની માંહ્ય,
નયન મનોહર મૂર્તિને સ્થાપી હૈયામાંહ્ય. **૧૩**
ક્ષણ બે ક્ષમ નિજ અંતરે કીધો કંઈક વિચાર,
ગજવેથી પછી કાઢિયો સિક્કો આના-ચાર. **૧૪**
નિજ મહેનતની પાવલી, રંગચરણની માંહ્ય;
મૂકી દીધી ભાવથી, અંતર અતિ હરખાય. **૧૫**
આસપાસના ભક્તની જાતી ત્યાં તો નજર,
જેણે મૂકી તે ઉપર ચીડાયા સત્વર. **૧૬**
અવધૂતજીની વાતથી પ્રસન્નતા મુખપર
છાઈ હતી તે બધી, ઊડી ગઈ પલભર ! **૧૭**
મુખ પર ક્રોધ પ્રગટ કરી આંખો કરીને લાલ,
ઊંચા સાદે મજૂરને લઢી રહ્યા તત્કાલ. **૧૮**
''અરે ! તને કંઈ ભાન છે ? બબુચક, મૂઢ, ગમાર !
પાપ કર્યું ઓ મૂર્ખ ! તે મૂકી આના ચાર. **૧૯**
'પાઈ પૈસો મૂકવા નહિ અહિયાં, કોઈએ' આમ,
એવા લખાણનાં પાટિયાં મૂકયાં ઠામે ઠામ. **૨૦**
તોયે તેં મૂર્ખે અહીં સદ્‌ગુરુચરણો પાસ,
મૂકી પાવલી એમને કરાવિયો ઉપવાસ.'' **૨૧**
ખૂબ હો હા કરી વળી ઘાંટો પાડી આમ,
દીન ભક્તને લઢી રહ્યા, એકી સાથે તમામ. **૨૨**
દીનહીન એ ભક્ત અરે ! સૂણતાં શોરબકોર,
ખિસિયાણો થઈને ખડો, જોતો ચારેકોર ! **૨૩**
ક્ષણભર તો સમજાયું ના, મને લઢે છે કેમ ?
મારો શો અપરાધ છે ? વિચારતો એ એમ. **૨૪**
એકી સાથે બોલતા, સર્વે ઊંચે સાદ,
સમજાતું ના કંઈ અરે ? પામ્યો દીન વિષાદ. **૨૫**
ખિસિયાણો ને ખિન્ન થયો, મુખડું થયું ઉદાસ;
અશ્રુભીની આંખથી, જોઈ રહ્યો ચોપાસ. **૨૬**
જોઈ એની આ દશા, દ્રવતા રંગકૃપાળ,
વહારે એની દોડિયા, ગુરુવર દીનદયાળ. **૨૭**
''અરે ! તમોએ આ બધો, શેનો મચવ્યો શોર ?
એકી સાથે તૂટી પડ્યા જાણે એ છે ચોર ! **૨૮**

એ બિચારો ભણ્યો નથી, વાંચે કેમ લખાણ ?
એનો શો છે દોષ તે કરો બધા બૂમરાણ ! ૨૯
જુઓ એના ભાવને, જરા કરો વિચાર,
એક દિવસના રોજના મળે છે આના ચાર. ૩૦
સવારથી તે સાંજ સુધી, શીત-તાપ સહી એમ;
કરે ઘોર મહેનત અરે ! તન તોડીને તેમ. ૩૧
દિનભર પસીનો પાડીને તોડી તનને ગાત્ર,
કરે મજૂરી ત્યાહરે, મળે પાવલી માત્ર. ૩૨
એની આખા દિવસની, મહેનતનું ફળ જેહ;
મુજ ચરણે અર્પણ કર્યું, ધન્ય એનો સ્નેહ ! ૩૩
તમે બધા તો મંદિરે જઈને કોઈ દિન એમ,
પૈસો બે પૈસા કદી, મૂકી આનો તેમ. ૩૪
કરતા પ્રભુ સમક્ષ પણ દુનિયાનો વહેવાર !
ઓછું આપી માગતા, ખુબ વધે વ્યાપાર ! ૩૫
જ્યારે આણે તો અહા ! આખા દિનની આંહ્ય,
મજૂરીનું ફળ અર્પિયું, માગ્યું કશું ન ક્યાંય !! ૩૬
શો એનો અપરાધ છે ? બધાય એકી સાથ,
ઊંચે સાદે લઢી રહ્યા લાંબા કરી કરી હાથ ?'' ૩૭
એમ કહી અવધૂતજીએ સાન કરીને ખાસ,
બોલાવી એ ભકતને બેસાડ્યો નિજ પાસ. ૩૮
મીઠા શબ્દો બોલીને દયાવંત ગુરુરાય,
એ ભકતની પીઠપર હસ્ત પસારવા જાય. ૩૯
ત્યાં તો શું જોયું અરે ! અવધૂતજીએ હાય ?
ખુલ્લી એની પીઠ જોઈ કાળજડું કોરાય. ૪૦
અલખ કહે સૂણ શિષ્ય હે ! ભકતે પહેર્યું જેહ
પાછળથી હતું ફાટલું, વસ્ત્ર સઘળું તેહ. ૪૧
જર્જર વસ્ત્રે ભકતની, પીઠ બધી દેખાય;
તે જોતાં અવધૂતનું, હૈયું ફાટી જાય. ૪૨
ખુલ્લી એની પીઠ પર અવધૂતજીનો આમ,
ફરતો રહ્યો શુભહસ્ત ને સરિયાં સઘળાં કામ. ૪૩
બડભાગી એ ભકત જો જેની પીઠપર આમ,
હસ્ત ફર્યો અવધૂતનો, મારા લાખ પ્રણામ !! ૪૪
વંદન કરી એ ભકતને બોલ્યા અલખ દયાળઃ
દિવ્ય કથા અવધૂતની સૂણ નિરંજન બાળ. ૪૫
આસપાસના ભકત સૌ, સૂણી અવધૂતવાણ;
પસ્તાતા નિજ કર્મથી, જોડી બેઠા પાણ. ૪૬
ખુલ્લી પીઠ જોઈ ભકતની, દ્રવતા દીન દયાળ;
ઓઢી પોતે જે હતી ચાદર તે તત્કાળ ૪૭
લઈને મૂકી બકતની ખુલ્લી પીઠે ત્યાંય !
મૂક બની અવધૂતજી, દેતા આશિષ-છાંય ! ૪૮
અભણ, અજ્ઞ, ગરીબ આ, મજૂર ભાવસભર,
બાઘો થઈ જોયા કરે, પડતી ના કૈં ખબર !! ૪૯
જોયું સૌએ આ બધું, કાઢ્યો હર્ષોદ્ગાર;
ગાજી ઊઠ્યો ગગનમાં, અવધૂતતણો જયકાર. ૫૦
નિજ તનની ચાદર અહા ! ઓઢાડીને એમ,
શ્રીફળ-પ્રસાદ ભકતને આપ્યો ધારી પ્રેમ. ૫૧
ત્યાર પછી મીઠાશથી પૂછી નામ ને ગામ,
ક્યાંથી આવો ? ક્યાં જશો ? શું કરો છો કામ ? ૫૨
એવી એવી વાત કરી રીઝવ્યો ભકતને એમ,
પ્રસાદ ફરીથી આપતા, દેવા વિદાય તેમ. ૫૩
વિદાય આપી ગુરુવરે, તોય ભકત તે સ્થલ,
આંખથી આંસુ સારતો, બેસી રહ્યો નિશ્ચલ. ૫૪
પ્રભુએ કહ્યું, ''જાઓ હવે'' ભકત કહે, ''ગુરુનાથ !
શી રીતે જાઉં હવે, કરી મોટો અપરાધ ? ૫૫
હું અજ્ઞાની કારણે હે મારા ગુરુરાજ !
કરવો પડશે આપને અરે ! ઉપવાસ આજ !'' ૫૬
અલખ કહે અવધૂતનો કડક નિયમ જો ત્યાંય,
અજાણતાં પણ દ્રવ્યનો, સ્પર્શ જો થઈ જાય; ૫૭
ઉપવાસી તે દિન રહી, લેવું ના કંઈ અન્ન;
નિયમ વળી અવધૂતનો, કદી ન થાયે છિન્ન. ૫૮
તેથી પેલો ભકત હા ! અંતર અતિ મૂંઝાય,
''મુજ અજ્ઞાની કારણે પ્રભુને ઉપવાસ થાય ! ૫૯
આજે બસ મારેય પણ, નથી કરવું ભોજન;
પ્રભુને ભૂખ્યા રાખીને, કેમ ખવાયે અન્ન ? ૬૦
ખાધા-પીધા વિણ કશું, બેસી અહીંયાં રહીશ;
એ રીતે મુજ પાપનું પ્રાયશ્ચિત્ત કરીશ !'' ૬૧
એમ કહીને ભકત એ, રડતી આંખે ત્યાંય;
બેઠો પલાંઠી વાળીને, થવાનું હોય તે થાય. ૬૨
ભાવ જોઈ એ ભકતનો ભીંજ્યા ભવભયહાર,
'અરે ! ભકત ! શાને તમે આવો કરો વિચાર ! ૬૩
મુજથી મારા નિયમનું, ઊલ્લંઘન નવ થાય;
નિયમ તોડતાં શિથિલતા મનમાં આવી જાય. ૬૪

માટે ભક્ત જાઓ, તમે લેવા સુખે પ્રસાદ
મારે કારણે ના તમે, કરશો વ્યર્થ વિષાદ,'' ૬૫
ભક્ત કહે, 'ના...ના પ્રભુ ! આજે તો બસ આમ,
બેસી અહીં ઉપવાસમાં, રટીશ હરિનું નામ.' ૬૬
ભૂખ્યો રહે નિજ ભક્ત તે પ્રભુથી શેં સહેવાય ?
આર્દ્ર-હૃદય અવધૂતનું, તુર્ત દ્રવિત થઈ જાય ! ૬૭
તુર્ત વદ્યા અવધૂતજી; ''અરે, ભક્ત તમ કાજ,
મારા કડક નિયમને, શિથિલ કરું છું આજ. ૬૮
આજે ભિક્ષા લઈશ હું, તમ પર છું પ્રસન્ન;
માટે જાવ તમે હવે, કરો સુખે ભોજન,'' ૬૯
સૂણી વચન અવધૂતનાં, ભક્તનું મન હરખાય;
અવધૂતચરણે નમન કરી, લીધી ત્યાંથી વિદાય. ૭૦
ગયા પછી એ ભક્તના, ત્યાં બેઠેલા જેહ
ભક્તો સામે જોઈને વદ્યા રંગ વરદેહઃ ૭૧
''આજ તમે આ ભક્તનું કરી ઘોર અપમાન,
દુભવ્યા મારા દેવ હા ! સ્વયં દત્ત ભગવાન ! ૭૨
નિત નિત રૂપે જૂજવાં મારા એ ભગવન્,
આવે છે મુજને અહા ! દેવા અહીં દર્શન. ૭૩
તમે ભલે માનો બધા, દૂર દૂરથી જન
આવે છે નારેશ્વરે, કરવા મુજ દર્શન. ૭૪
પણ મેં તો ક્યારેય પણ નથી કર્યો વિચાર,
કે મુજ દર્શન કારણે, જામે લાંબી કતાર ! ૭૫
માનું હરદમ મસ્તીથી, જોઈ ભક્તકતાર
દર્શન દેવા આવિયા મુજ હૈયાના હાર. ૭૬
દત્ત દિગંબર દેવ જે લઈને જૂજવાં રૂપ,
નિત નિત આવીને મને, ભાવે ભેટે અનુપ. ૭૭
એટલે અહીં આવનાર હા ! દરેક યાત્રિક માંહ્ય,
મુજને મારા ઈષ્ટદેવ, દત્ત જ એ દેખાય.'' ૭૮
એમ કહી અવધૂતજી મીંચી કમલ-નયન,
ભાવાવેશમાં આવીને થાતા ધ્યાન મગન. ૭૯
અલખ કહે અવધૂતનો પ્રેરક આ પ્રસંગ,
આપે અનોખી પ્રેરણા, એવું ઝરણ-અભંગ ! ૮૦
પ્રાણી માત્રમાં રંગને, થાય દત્તદર્શન;
દુભાવતાં દિલ અન્યનું, દુભે શ્રીભગવન્. ૮૧
આ આખાય પ્રસંગમાં અવધૂતના મુખભાવ
જોવાનો, સૂણ બાળ હે ! મને મળ્યો' તો લ્હાવ. ૮૨

સાંભળ તે હું કહું તનેઃ જાણે કોઈ ભક્ત
નિજ ઉપાસ્ય દેવની, સેવામાં હોય રત. ૮૩
તે રીતે અવધૂતજી ભાવોદ્રેકે એમ,
કરતા સેવા પ્રેમથી ભક્ત-દત્તની તેમ. ૮૪
એક ભક્ત નિજ દેવને, અર્પે વસ્ત્રો જેમ;
ચાદર અર્પી ભક્તને, પ્રેમ ધરીને તેમ. ૮૫
મેં જોયા અવધૂતને બોલ શું કહેવાય ?
દુભવતાં દિલ અન્યનું અવધૂતદિલ દુભાય. ૮૬
નાનકડો પ્રસંગ આ આપે એવો બોધ,
ના કરવો કોઈ દિવસ, વ્યર્થ કોઈ પર ક્રોધ. ૮૭
ક્રોધ બગાડે બુદ્ધિને, ભ્રષ્ટ બુદ્ધિ જ્યાં થાય;
તન,મન બગડે ને વળી વાણી બગડી જાય. ૮૮
બગડેલી એ વાણીથી, અન્યનું દિલ દુભાય;
દિલના એ દિલદારને, દુઃખ અતિશય થાય. ૮૯
માટે મન, વાણીતણો સંયમ રાખી, બાળ !
આનંદે જગમાં ફરો, સ્મરતાં રંગ દયાળ. ૯૦
ક્ષુદ્ર ગણીને કોઈનો, કરવો ન તિરસ્કાર;
અજાણે કોઈ વિષે, કરો ન ક્ષુદ્ર વિચાર. ૯૧
ધારી ખોટી ધારણા, કોઈના વિષે એમ;
મન નિર્મલ જે આપણું, કલુષિત કરીએ કેમ ? ૯૨
તુચ્છ ગણીને કોઈનું ના કરશો અપમાન,
કો' જાણે ? ક્યા રૂપમાં, આવી મળે ભગવાન ! ૯૩
સાંભળ શ્રી અવધૂતનો એક મધુર પ્રસંગ,
સૂણતાં આનંદ વ્યાપશે, તારે અંગે અંગ. ૯૪
ભક્ત એક અવધૂતના, શ્રીછોટુભાઈ શેઠ;
નમ્ર, વિવેકી, સદ્ગુણી, શ્રદ્ધાળુમાં શ્રેષ્ઠ. ૯૫
શિક્ષક પહેલાં જો હતા, વળામે પાંડુરંગ
કરતા શિક્ષણકાર્ય હા ! ધારી ચિત્ત ઉમંગ. ૯૬
ત્યારે છોટુભાઈ આ ભણતા એમની પાસ,
પાંડુરંગના એ હતા, પ્રિય વિદ્યાર્થી ખાસ. ૯૭
ભણ્યા પછી શ્રી છોટુભાઈ કરવાને વહેપાર,
સિંગાપુર ગયા અહા ! કરીને દરિયો પાર. ૯૮
વર્ષો સુધી રહ્યા તિહાં, ખૂબ કમાયા ધન;
ધન ને કીર્તિ મેળવી, આવ્યા માદરે વતન. ૯૯
ભારતમાં આવી કર્યો, મુંબઈ નગરે વાસ;
પાંડુરંગની તે પછી કરવા માંડી તપાસ. ૧૦૦

જૂના મિત્રોને મળી, પૂછતા ધારી પ્રેમ;
''વળામે શિક્ષક આપણા હાલ ક્યાં છે ? કેમ ?'' ૧૦૧
દર્શન કરવા એમના, દિલડું મુજ તલસાય;
માટે દોસ્ત ! બતાવને, ક્યાં છે સદ્‌ગુરુરાય ?'' ૧૦૨
કોઈ કહે, ''સાધુ થઈ ભટકે જંગલ માંહ્ય''
કોઈ કહે, ''તપ-ધ્યાનમાં,હશે ગુફામાં ક્યાંય.'' ૧૦૩
કોઈ કહે, ''રેવાજીની પરિક્રમાને માટ,
પાગલ સમ નીકળી પડ્યા, એવી સૂણી વાત !'' ૧૦૪
જુદા જુદા મિત્રથી, જુદી-જુદી વાત;
સૂણતાં છોટુભાઈને અંતર થાય ઉચાટ. ૧૦૫
''ક્યાં શોધું ? રે ! ક્યાં હશે ? એવો કરી વિચાર,
જૂના પરિચિત સર્વને, પૂછતા વારંવાર. ૧૦૬
એમ શોધતાં શોધતાં, આવી એ શુભ-પલ,
કોઈએ આવીને કહ્યા, સમાચાર સુખકર. ૧૦૭
''રેવાજીને કાંઠડે અતીવ પવિત્ર ધામ,
લીલોડની પાસે અહા! નારેશ્વર છે નામ. ૧૦૮
આકરાં તપ ત્યાં આદરે, યોગી અવધૂત રંગ;
પૂર્વાશ્રમના એ જ એ વળામે પાંડુરંગ.'' ૧૦૯
સરનામું સદ્‌ગુરુતણું અરે ! મળ્યું જે વાર,
છોટુભાઈના અંતરે વ્યાપ્યો હર્ષ અપાર. ૧૧૦
તીવ્ર ઝંખના હૃદયમાં ગુરુદર્શનની જેહ,
બેવડી જાગ્રત થઈ અહા ! પહેલાં કરતાં તેહ ! ૧૧૧
તેથી ઝટ નિર્ણય કર્યો, જાવા નારેશ્વર;
મુંબઈથી નીકળી ગયા, કુટુંબ સહ સત્વર. ૧૧૨
કરજણ આવીને પછી નાની ગાડીમાં એમ,
બેસી, માલોદ સ્ટેશને ઉતર્યા કુશળ-ક્ષેમ. ૧૧૩
ચોમાસાના દિન હતા, તેમાં સાયંકાળ;
ગગન છવાયાં વાદળાં વ્યાપી રહ્યો અંધકાર. ૧૧૪
ઘડુડુ ગાજે વાદળાં વીજ ચમકારા થાય;
તન કંપાવી નાખતો, શીતલ પવન ફૂંકાય. ૧૧૫
ત્યાં તો આભ તૂટી પડ્યુ, વરસે અનરાધાર;
ઝડીઓ ત્યાં વરસાદની ઝીંકાય અપરંપાર. ૧૧૬
માલોદના સ્ટેશન થકી નારેશ્વરનું ધામ,
દૂર બે અઢી ગાઉ જો, આવે પછી મુકામ. ૧૧૭
કાદવ ને કીચડભર્યો, કાચો માર્ગ કઠણ;
ચીકણી-કાળી માટીમાં, પગ લપસે પ્રતિ-ક્ષણ. ૧૧૮
કંટક-શૂળો માટીમાં, પગમાં ભોંકાઈ જાય;
ગોથું ખાઈ નીચે પડે, ભૂલ જરાક જો થાય. ૧૧૯
આવા વિકટ માર્ગની પરવા કર્યા સિવાય,
છોટુભાઈ નિજ કુટુંબ સહ ધીમે ચાલ્યા જાય. ૧૨૦
સિંગાપુર મુંબઈ સમા વૈભવી નગરો માંહ્ય,
રહેનારાં આ માનવી પગે ચાલીને જાય ! ૧૨૧
એ રીતે ચાલ્યા નથી, શહેર-સુંવાળી કાય,
તોયે દર્શન કાજ હા ! હોંશે હોંશે જાય ! ૧૨૨
વસ્રો સૌ પલળી ગયાં, નીર-નીતરતાં અંગ;
આવી પહોચ્યાં ધામમાં, સ્મરતા સદ્‌ગુરુ રંગ. ૧૨૩
નારેશ્વરના સ્થાનનું છીડું છરકયા જ્યાંય,
ત્યાં તો દિવ્યાનંદની ગજબ અનુભૂતિ થાય. ૧૨૪
અઢળખ ઢળીને મેઘરાજ, હવે પડ્યા'તા શાંત;
વાદળ-ચાળી ચાંદની, હરતી ત્યાંનું ધ્વાંત. ૧૨૫
મઘમઘાટ માટીતણો, ચોગરદમ ફેલાય;
તન ને મન એ મહેંકથી, તર-બતર થઈ જાય. ૧૨૬
ઝબક ઝબુકતા આગિયા, ઝબકે ચારે કોર;
કેકારવ કરી ક્વચિત્ મોર કરે કલશોર. ૧૨૭
તમરાંનો તમરાટ ને પુષ્પોનો પમરાટ,
સ્વર, સુગંધ, સૌંદર્યનો જામ્યો મધુરો ઘાટ. ૧૨૮
એથી અદકું તો વળી, આખા સ્થાનની માંહ્ય;
અવધૂતજીના તપતણી દિવ્ય સાત્ત્વિક ઝાંય. ૧૨૯
પ્રસરી ત્યાંની હવા મહીં, આપે જે આનંદ;
તે તો શેં વરણાય હા ! થાય મૂઢ મતિ મંદ ! ૧૩૦
છોટુભાઈ ને સાથમાં નિજના કુટુંબી જન,
પ્રવેશતાં નારેશમાં, થયાં ખૂબ પ્રસન્ન. ૧૩૧
મોદીજીને ઓરડે આવી પહોંચ્યા ત્યાંય,
મળ્યા ખૂબ આનંદથી, કપડાં બદલ્યાં ત્યાંય. ૧૩૨
અવધૂતજી તો કુટિરની, બહારના ઓટલે આમ;
કંબલપર નિજ મોજમાં, કરતા'તા આરામ. ૧૩૩
આપી ખબર ત્યાં એમને : 'છોટુભાઈ શેઠ
કુટુંબ સહ આવ્યા અહીં, મુંબઈ શે'રથી ઠેઠ.'' ૧૩૪
વાત સૂણી અવધૂતજી, ખૂબ થયા પ્રસન્ન;
નિજ પાસે બોલાવિયા, છોટુભાઈ તત્ક્ષણ. ૧૩૫
જોતાં છોટુભાઈને, કરી હર્ષ ઉદ્‌ગાર;
અવધૂતજી અતિ વહાલથી પૂછી રહ્યા તે વારઃ ૧૩૬

''અરે ! વરસતા વરસાદમાં છોટુભાઈ ! આજ
આવ્યા કેવી રીતથી, આવ્યા શાને કાજ ?'' ૧૩૭
કહેતા છોટુભાઈ તિહાં ''કૃપા આપની થાય,
તો પંગુ પણ દોડીને, પર્વત કૂદી જાય ! ૧૩૮
કૃપા આપની હોય તો શું અશકય ગુરુરાજ !
વાણદીઠે આવી ગયા, મુંબઈથી અહીં આજ,'' ૧૩૯
અતીતમાં ઉતરી ગયા, ગુરુ-શિષ્ય તે વાર;
આગલી પાછલી કાઢીને, પામ્યા હર્ષ અપાર. ૧૪૦
પછી તો છોટુભાઈ હા ! અવધૂતજીના એમ,
પરમ ભકત બની ગયા, ધરી હૃદયમાં પ્રેમ. ૧૪૧
દેવભાવ શ્રીરંગમાં, દૃઢ કરી તે વાર;
નારેશ્વરમાં દર્શને, આવે વારંવાર. ૧૪૨
જ્યારે જ્યારે આવતા, નારેશ્વરમાં એમ;
ત્યારે છોટુભાઈ હા ! વિચારતા મન એમઃ ૧૪૩
''મુંબઈ મારો બંગલો પાવન કરવા કાજ,
ક્યારે પધારશે ! અહા ! મારા ગુરુ મહારાજ ?'' ૧૪૪
મનમાં તો કાયમ કરે આવો એક વિચાર,
પણ મર્યાદા-ક્ષોભથી, વચન ન નીકળે બહાર. ૧૪૫
વખત કંઈક વીત્યો અને છોટુભાઈ એક દિન,
નારેશ્વરમાં આવિયા, કરવા ગુરુદર્શન. ૧૪૬
દર્શન કરતાં એમના મનમાં વિચાર થાયઃ
''કયારે મારે આંગણે પધારશે ગુરુરાય ?'' ૧૪૭
અવધૂત અંતર્યામી એ ભકતાંતરની વાત,
જાણી ગયા, ને ખૂબ હસી બોલ્યા સદ્‌ગુરુનાથ : ૧૪૮
''અરે ! છોટુભાઈ ! હું કદી ભમતો એમ,
આવી ચઢું તમ બારણે, ભૂખ્યો તરસ્યો તેમ; ૧૪૯
મારા જેવા સાધુને ટુકડો રોટલો એમ,
બેસાડીને ઓટલે ખવરાવશો કે કેમ ? ૧૫૦
કે પછી ગુસ્સો કરી ધાંટો કાઢી એમ,
કહેશો, 'આગળ જા હવે, અહીં ઊભો છે કેમ ?' ૧૫૧
એમ કહીને અન્ન કે પાણી આપ્યા વગર,
કાઢી તો નહિ મૂકો ભલા ! ભૂખ્યાને સત્વર ?'' ૧૫૨
હસતાં હસતાં સદ્‌ગુરુ જ્યમ જ્યમ કહેતા જાય,
ત્યમ ત્યમ છોટુભાઈનું કાળજડું કોચાય. ૧૫૩
કંઠ ગદ્‌ગદ્ થઈ ગયો, નયન વહે જલધાર,
જ્યમ ત્યમ શબ્દો નિસર્યા ''ઓ ! મુજ હૈયાહાર ! ૧૫૪
કયારે ફળશે માહરાં, પૂર્વ જન્મનાં પુણ્ય ?
મુજ દ્વારે પધારશે, મારા સદ્‌ગુરુ ધન્ય ! ૧૫૫
આપ પધારો તો પ્રભુ ! મારું તન, મન, ધન,
ઓવારી દઉં આપ પર, મુજ દ્વારે ભગવન્ !'' ૧૫૬
સૂણી વચન એ ભકતનાં, મલકાવી નિજ મુખ;
ક્ષણ બે ક્ષણ અવધૂતજી, થયા અંતર્મુખ. ૧૫૭
કમલ-નયન અવધૂતનાં, બંધ થયાં ક્ષણવાર;
શાન્તિનું સામ્રાજ્ય ત્યાં, વ્યાપી ગયું તે વાર. ૧૫૮
દિવસો કંઈક વીતી ગયા, વાત થએ ઓ બાળ !
છોટુભાઈ ભૂલી ગયા, ધંધે રત તત્કાળ ! ૧૫૯
ત્યાર પછી અવધૂતજી સૂણ નિરંજન બાળ,
એવી લીલા અહીં કરે, સ્વયં દત્ત દયાળ. ૧૬૦
કસોટી કરવા ભકતની, દેવાને ઉપદેશ;
સ્વયં આચરી સદ્‌ગુરુ, લે ફકીરનો વેશ. ૧૬૧
એક દિવસ મુંબઈ વિષે, પહોંચી ગયા અવધૂત;
ખિદમદગાર ખુદાતણા બની ગયા એ તુર્ત. ૧૬૨
ગળાથી ઘૂંટણ સુધી લીલા રંગની એમ,
કફની પહેરી ને વીંટ્યો માથા ઉપર તેમ ૧૬૩
પટ્ટો લીલા રંગનો, કટિપર કસિયો, વાહ !
પટ્ટો કાળા રંગનો, મુખ ઉચરે 'અલ્લાહ' ! ૧૬૪
કાળું ખપ્પર કર ધર્યું, ચોગમ ઘુઘરમાળ;
છમ્‌છમ્ નાદ ગજાવતા, ગાતા પરવરદિગાર. ૧૬૫
આવીને ઊભા રહ્યા છોટુભાઈને દ્વાર,
'અલ્લાહ હો અકબર' કહી કર્યો બાંગ પોકાર. ૧૬૬
અંદર છોટુભાઈ હા ! ભોજન કરીને આમ,
છત્ર-પલંગે મોજથી કરતા'તા આરામ. ૧૬૭
ત્યાં તો બાંગ ફકીરની, સૂણતાં એકાએક;
નિંદર મહાલતી આંખડી ફટાક, ઊઘડી છેક. ૧૬૮
આંખ ઉઘડતાં જોયું તો, બારણે એક ફકીર;
માગી રહ્યો છે, ટુકડો રોટલો ધારી ધીર. ૧૬૯
પડ્યો ભંગ નિજ ઊંઘમાં, આરામે વળી એમ;
નાખ્યો વિક્ષેપ ફકીરડે, બાંગ પૂકારી તેમ ! ૧૭૦
તેથી છોટુભાઈના, અંતર વ્યાપ્યો રોષ;
કહેવા લાગ્યા ફકીરને, કરીને ઊંચો ઘોષઃ ૧૭૧
''જા અહીંથી આગળ હવે, કરીને ખોટો શોર;
ઊંઘ બગાડી માહરી, જા અહીંથી કંઈ ઓર''. ૧૭૨

સૂણી છોટુભાઈનાં, રોષ-સભર વચન;
નમ્ર-સ્વરે અવધૂત-ફકીર, બોલ્યા ઢાળી નયનઃ ૧૭૩
‘‘ભૂખે પ્યાસે ફકીર કો લૂખી સૂકી એક
રોટીકા દો ટુકડા, ભર જાયેગા પેટ. ૧૭૪
રહમ કરો ગરીબ પર, તુમ પર ગરીબ-નવાજ
રહમ કરેગા, સબ તેરા સફલ બનેગા કાજ’’ ૧૭૫
સૂણતાં છોટુભાઈ હા ! બોલ્યા ઊંચે સાદ
‘‘આગળ જા અહીંથી, હવે બંધ કરી બકવાદ’’ ૧૭૬
વચન સૂણી એ આકરાં, છોટુભાઈનાં તુર્ત,
હાસ્ય મધુરું વેરતાં ચાલ્યા ગયા અવધૂત ! ૧૭૭
બલા ગઈ નિજ દ્વારથી, એમ વિચારી મન;
છોટુભાઈએ મોજથી, કીધું પછી શયન. ૧૭૮
આ બાજુ અવધૂતજી થોડે દૂર જઈ એમ,
મૂળસ્વરૂપમાં આવીને, પાછા આવ્યા તેમ. ૧૭૯
છોટુભાઈના બારણે આવી ઊભા ઝટ,
ઉચ્ચ મધુર સ્વરથી પછી બોલ્યા, ‘ગુરુદેવદત્ત.’ ૧૮૦
સ્વર સૂણી ગુરુદેવનો ‘ગુરુદેવદત્ત’
સફાળા બેઠા થયા, પલંગ ઉપર ઝટ. ૧૮૧
છલંગ મારી દોડિયા, આવ્યા બારણે જ્યાંય;
અવધી થઈ આશ્ચર્યની, માન્યું ના મનાય. ૧૮૨
ઊભા હતા નિજ બારણે, અવધૂત સદ્‌ગુરુરાય;
જટા-તાજ શિરપર અને મરક મરક મુખ થાય. ૧૮૩
કંચન સમ કાયાપરે, શુભ્ર વસ્ત્ર સોહાય,
તેજરશ્મિઓ વદનથી ચારેગમ રેલાય. ૧૮૪
દંડ-કમંડલ હસ્ત ને મુખ-મયંક પ્રસન્ન,
જોતાં છોટુભાઈનું ખૂબ હરખાયું મન. ૧૮૫
પાગલસમ દોડી અહા ! નિજ કાયાને એમ,
અવધૂતજીના ચરણમાં નાખી દીધી તેમ. ૧૮૬
નયન વહે જલધાર ને ઉર આનંદ ઉભરાય,
ભાવોદ્રેકે મુખથી, બોલ્યું ના બોલાય. ૧૮૭
સાદ કરી બોલાવિયા, નિજ કુટુંબી જન
‘‘અવધૂત આવ્યા આંગણે, ઊગ્યો સુવર્ણ સુદન’’ ૧૮૮
દોડયાં સર્વ કુટુંબીઓ આવી પહોંચ્યાં ત્યાંય,
ભાવ થકી ગુરુદેવને, લાવ્યા ઘરની માંહ્ય. ૧૮૯
અંતરભાવ ભરી-ભરી અવધૂતજીનું એમ,
સ્વાગત કરતાં બોલિયા છોટુભાઈ સપ્રેમઃ ૧૯૦
‘‘ધન્ય ! પ્રભુ ! આજે કર્યું, મારું ઘર પાવન,
પૂર્વજન્મનાં પુણ્ય હા ! જાગ્યા મારાં ધન્ય’’ ૧૯૧
એમ કહીને ફરી ફરી, વંદે છોટુભાઈ;
મંદ મંદ હસતા પછી, બોલ્યા સદ્‌ગુરુરાયઃ ૧૯૨
‘‘અરે ! છોટુભાઈ તમે એક વખત તો એમ,
તમ દ્વારથી આજ જો જાકારો દઈ તેમ;’’ ૧૯૩
હાંકી મુજને હાલમાં, વ્યર્થ બતાવો પ્રીત,
બોલો ! ગુરુસત્કારની, આ છે કેવી રીત ? ૧૯૪
જાકારો પહેલાં દીધો, પછી દીધો આવકાર;
મસ્તક કાપી પાઘડી બાંધ્યામાં શું સાર ?’’ ૧૯૫
સૂણતાં છોટુભાઈના મન થયો ઝબકાર,
‘‘શું ફકીરનો વેષ લઈ મારા તારણહાર ૧૯૬
મારા સદ્‌ગુરુદેવ હા ! કરવા મુજ ઉદ્ધાર
રોટી-ટુકડો માગવા ખડા હતા મુજ દ્વાર ? ૧૯૭
અરે ! અરે ! ના ઓળખ્યા, મેં મારા ગુરુદેવ !
જાકારો દઈને કહ્યુંઃ આગળ જા તતખેવ !’’ ૧૯૮
એમ છોટુભાઈ તિહાં, પામી મનસંતાપ;
અંતરમાં અતિશય અરે ! કરતા પશ્ચાત્તાપ; ૧૯૯
ઊભા જોડી હાથ એ, અંતર અતિશય દુઃખ;
તે જોઈ બોલ્યા પછી અવધૂત હસતે મુખઃ- ૨૦૦
‘‘અરે ! છોટુભાઈ તમે શાને કરો વિષાદ ?
મને શકયા ના ઓળખી, તેથી ઊંચે સાદ ૨૦૧
બોલ્યા તમે એમાં નથી, ભૂલ તમારી જરાય;
વણપિછાણે તો બધે, આવું વર્તન થાય ! ૨૦૨
માટે દૂર કરો હવે અંતરનું દુઃખ આન,
ઠંડું જલ આપો મને, કરવું છે જલપાન. ૨૦૩
તમે તો વ્યાકુલ થઈ હવે, થઈ બેઠા બેહાલ,
પણ મારી ભૂખ-તરસનો, આવે છે કંઈ ખ્યાલ ? ૨૦૪
તમે તો ભોજન ભાવતાં જમી, ઉદર પર હસ્ત
ફેરવતા સૂતા હતા, છત્ર-પલંગે મસ્ત ! ૨૦૫
પણ મેં તો ગઈ કાલનું નથી કર્યું ભોજન;
માટે મુજ ભિક્ષાતણું, જરા વિચારો મન !’’ ૨૦૬
એમ કહી ખડ-ખડ હસી, લાવી દે હળવાશ;
ઘરના સર્વે લોકને, થાતી હૈયે હાશ ! ૨૦૭
ત્યાર પછી અવધૂતજી છોટુભાઈને ઘેર,
રહ્યા કંઈ દિન, ભકતને રાજી કર્યા સુપેર. ૨૦૮

આ નાના પ્રસંગથી બોધ થાય નિષ્પન્નઃ
સર્વેશ્વરને સર્વમાં જોઈ, કરો વંદન. ૨૦૯
ભૂખ્યો, તરસ્યો, ધ્રૂજતો, રોગી અપંગ જન,
આપણે બારણે માગવા, આવે જો નતવદન. ૨૧૦
તો તેમાં નિજ દેવનાં કરી દિવ્ય દર્શન,
યથાશક્તિ આપજો વસ્ત્ર ઔષધ અન્ન. ૨૧૧
જાકારો ના આપશો, ના કરશો અપમાન,
કો' જાણે કયા વેષમાં આવી જશે ભગવાન ! ૨૧૨
અલખ નિરંજનને કહે રંગકથામૃત સાર,
'બાલક' તો બોલ્યું વદે, રંગ એ જ કલિતાર ! ૨૧૩
વિદ્યાર્થી નવ ઓળખે, બીજાના શા ભાર ?
એની ઈચ્છા જો હશે, આગળ કથાવિસ્તાર. ૨૧૪

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલન્દયુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે યવનવેશે ભક્તગૃહગમનં નામ પંચપંશાત્તમોઽધ્યાયઃ ॥ ૫૫ ॥ દોહરા ૨૧૪ ॥

## અધ્યાય : ૫૬

અલખ કહે સૂણ શિષ્ય હે નારેશ્વરમાં એમ,
દર્શન કરવા રંગનાં, દૂર દૂરથી તેમ; ૧
ભક્ત ચતુર્વિધ સેંકડો, આવે ધરીને પ્રેમ;
દર્શન કરી અવધૂતનાં, રહે કંઈક દિન તેમ. ૨
તે યાત્રિકોને અહીં કરવા રાતનિવાસ,
પાકાં યાત્રિક ભુવન હા ! બંધાવ્યા કંઈ ખાસ. ૩
યાત્રિકોને રસોઈ ને ભોજન કરવા ખાસ,
રસોડું બંધાઈ ગયું, શિવાલયની પાસ. ૪
કાચું સીધું ઘેરથી, લાવી યાત્રિક જન;
રસોઈ બનાવી પ્રેમથી, કરતા અહીં ભોજન. ૫
માનવની વસ્તી થતાં, માનવ સહ રહેનાર;
બિલ્લી શ્વાનાદિક પશુ આવે વારંવાર. ૬
તે સમે કયી દિશથી કો'જાણે ? એક શ્વાન
આવ્યો, ને બસ રહી પડ્યો, નારેશ્વરને સ્થાન ! ૭
જાણે બચ્ચું સિંહનું એવો રૂઆબદાર,
ચેતન, ચતુર સજાગ ને સમજણનો નહિ પાર. ૮
પૂર્વ જન્મનો એ હશે, પુણ્યાત્મા કો જાણ;
પ્રારબ્ધે નારેશ્વરે, આવ્યો થઈને શ્વાન. ૯
બાલપણામાં એહના સુંદર બન્ને કાન,
છેદી નાખ્યા'તા અરે ! હશે કોઈ હેવાન ! ૧૦
ભક્તોએ તેથી અહા ! પાડ્યું 'બૂચિયો' નામ,
'બૂચિયા' નામે એહને સંબોધતા તમામ. ૧૧
પરોઢિયે નિત બૂચિયો, કરીને રેવા સ્નાન;
અવધૂતજીની સામે હા ! બેસી ધરતો ધ્યાન. ૧૨
જે જે યાત્રિક સ્થાનમાં, રહ્યા હોય જે રાત;
થઈ ભોમિયો તેમનો, જાય તેમની સાથ. ૧૩
આગળ કેડી કોરતો, બૂચિયો ચાલ્યો જાય;
યાત્રિકોને સુખરૂપે, સ્ટેશન પર લઈ જાય. ૧૪
સાંજે પણ ગાડી સમે નિત્યે બૂચિયો એમ,
'માલોદ' કેરા સ્ટેશને અચુક પહોંચે તેમ. ૧૫
અજાણ્યા યાત્રિક લોકને, પથ બાતવતો એમ;
લાવી દે નારેશ્વરે, સૌને કુશળક્ષેમ. ૧૬
મળ-મૂત્રાદિક એ કરે, દૂર સ્થાનની બહાર;
કાંઠે જાતો તે પછી, સ્નાન કરી તે વાર. ૧૭
શુદ્ધ કરી નિજ દેહને, પછી સ્થાનની માંહ્ય.
પ્રવેશે બૂચિયો સદા નિયમ પાળતો ત્યાંય. ૧૮
એંઠું કોઈનું ખાય ના, જોઈને ભોજન એમ
તરાપ મારે ના કદી; દૃષ્ટિ કરે ના તેમ. ૧૯
રસોઈ ચોખ્ખી લાવીને, રસોડેથી રોજ;
ચોખ્ખા પતરાળે અહા ! પીરસે પ્રેમે તો જ ૨૦
ભક્ત બૂચિયો પ્રેમથી, આરોગે ભોજન;
સાફ કરે પત્રાળી હા ! રહે ન એકે કણ. ૨૧
ભોજન પછી પત્રાવલિ, નાખી મુખમાં એમ;
દૂરદૂર જઈ ફેંકીને, પાછો આવે તેમ. ૨૨
રેવાજલના પાનથી, કરી શુદ્ધ મુખ એહ;
એકાદ વૃક્ષની છાંયમાં, ઢાળે ઘડીભર દેહ. ૨૩
એંઠું-જૂઠું વાસી કે ભોંય મૂકેલું અન્ન,
'બૂચિયા'એ દિને કોઈ હા ! નથી કર્યું ભક્ષણ. ૨૪
શ્વાનસહજ લોલુપતા, ચંચલતા વા જેહ,
નો'તાં બૂચિયામાં જરા, સર્વેથી પર એહ. ૨૫
છીંડા આગળ સ્થાનના, અડ્ડો જમાવી એમ;
રાત્રે સૂતો રોજ એ, ચોકીદાસની જેમ. ૨૬

રાતની નીરવ શાંતિમાં, થાય જરા ખખડાટ,
પાન ખરે, ફળ-ફૂલ ખરે, પંખી-પાંખફફડાટ; ૨૭
સૂણતાં બૂચિયો દોડતો, ભસતો તે દિશ માંહ્ય;
જોઇ બધે ખાતરી કરી, પછી જ આવે ત્યાંય. ૨૮
કોઈ અજાણ્યા મનુષ્યનો, પગરવ જો સંભળાય;
જોરજોરથી બૂચિયો, ભસવા લાગે ત્યાંય, ૨૯
જ્યાં સુધી અવધૂતજી, કરીને ઊંચો સાદ;
''બંધ કર બુચિયા હવે, તારો આવો નાદ'' ૩૦
એમ કહેના ત્યાં સુધી, બૂચિયો ભસવું એમ;
ચાલુ રાખે જોરથી,વાધે ઝાલ્યો જેમ ! ૩૧
સૂણે સાદ અવધૂતનો 'સબ સલામત' એમ,
ત્યારે બુચિયો થાય હા ! ભસતો બંધ કંઇ તેમ. ૩૨
કર્તવ્યનિષ્ઠા સદા, સંયમી, વફાદાર;
નારેશ્વરના સ્થાનનો 'બૂચિયો' ચોકીદાર ! ૩૩
બૂચિયાએ વર્ષો સુધી, નિષ્ઠાપૂર્વક આમ;
સેવા કરી અવધૂતના સ્થાનતણી અવિરામ. ૩૪
વૃદ્ધ થયો બૂચિયો હવે, થયું અશકત શરીર;
તોયે ખામી ના મળે, સેવામાં લગીર. ૩૫
વૃદ્ધ બૂચિયો એક દિ' પડ્યો અરે ! બિમાર,
થયું તન અશકત ન ચાલી શકે ન લગાર. ૩૬
સ્વયં શ્રીઅવધૂતજી, પૂજ્ય માજી સહ એમ,
આશ્રમવાસીઓ બધા, સાથે મળી સપ્રેમ, ૩૭
સેવા-શુશ્રૂષા અહા ! બૂચિયાની અહીં એમ,
કરવા લાગ્યા ભાવથી, સ્વજન માફક તેમ. ૩૮
સ્વયં શ્રીઅવધૂતજીએ બૂચિયાનું એ તન,
સુંવાળી શૈયા મહીં ઊંચકી મૂકયું ધન્ય ! ૩૯
બૂચિયાને ઉષ્ણોદકે, કરાવતા હા સ્નાન !
ખાદ્ય પેય જમાડતા, સ્વયં રંગ ભગવાન. ૪૦
અલખ કહે બૂચિયાતણા ભાગ્યતણો નહિ પાર,
સ્વયં બ્રહ્મ સેવા કરે, સફળ થયો અવતાર. ૪૧
માજી રુકુમામ્બા અહા ! દયાતણાં ભંડાર,
'બૂચિયા'ની બહુ કાળજી લેતાં વારંવાર. ૪૨
''મૂગો પામર જીવ આ, એને નિત નૂતન
ખાદ્ય પદાર્થો ભક્ષવા, થાતું હશે જો મન. ૪૩
ખાદ્ય એવું કો જહીં વાસના જો રહી જાય,
બૂચિયાનો તો જીવ અરે! જરૂર અવગતે જાય.'' ૪૪
એમ વિચારી માજી હા ! નિત નિત નૂતન એમ,
ખાદ્ય વાનગી બનાવીને, પીરસે એને તેમ. ૪૫
એમ અહીં બૂચિયાતણી,સેવા અનેરી થાય;
તેડાં આવ્યાં કાળનાં, પાછાં કેમ કઢાય ? ૪૬
એક દિવસ બૂચિયાતણી, સેવા અનેરી થાય;
પડી પથારીમાં અરે ! છેલ્લા શ્વાસો જાય. ૪૭
તટ-તટ તૂટે નાડીઓ, દુઃખ અસહ્ય થાય;
ચક્કર-વક્કર આંખડી, થઈ બાવરી ત્યાંય. ૪૮
એક ભકત સમજી ગયો, એના છેલ્લા શ્વાસ;
વેગે દોડી આવિયો, અવધૂતજીની પાસ. ૪૯
સમાચાર બૂચિયાતણા, આપ્યા જેવા હાલ,
સૂણતાં, અવધૂતજી અહા ! ઊભા થયા તત્કાળ. ૫૦
ઝડપી ચાલે આવીને, બેઠા બૂચિયા પાસ,
પ્રેમે એના શરીર પર હાથ ફેરવ્યો ખાસ. ૫૧
દિવ્ય સ્પર્શ થતાં અહા ! સદ્ગુરુનો તે વાર,
અકથ્ય શાંતિ અનુભવી, બૂચિયાએ ક્ષણવાર. ૫૨
ક્ષણ બે ક્ષણ એ શાંતિના ઝરણે બૂચિયો નહાય,
એનું દુઃખ પણ જોઈને રંગ-હૃદય કોરાય. ૫૩
આર્દ્રહૃદય અવધૂતનું દ્રવિત થયું તે વાર,
અંતરના ઊંડાણથી સર્યા શબ્દોચ્ચારઃ- ૫૪
''જા બૂચિયા, દુઃખ તાહરું મુજથી ના જોવાય''
કહેતાં તો અવધૂતનું અંતર પલળી જાય ! ૫૫
સૂણતાં શબ્દો રંગના બૂચિયાએ તત્ક્ષણ,
ચક્કર-વક્કર બાવરાં સ્થિર કર્યાં નયન. ૫૬
નયનમનોહર રંગની મૂર્તિ તેજ-અંબાર,
નયન-ભરી-ભરી નિરખી, બૂચિયાએ ક્ષણવાર. ૫૭
દર્શન-તૃપ્તિનો અહા ! બૂચિયાના મુખપર
છાઈ રહ્યો આનંદ જે વ્યકત થતો તે પલ. ૫૮
નયન વિકાસી ફરી, કરી રંગદર્શન,
કાયમ માટે બૂચિયે, મીંચી દીધાં નયન ! ૫૯
'ગુરુદેવદત્ત' કહી તિહાં, થયા ઊભા ગુરુવર ;
ઊભા ભકતો જે તિહાં, નયન ભરાયાં જલ. ૬૦
અલખ કહે બૂચિયાતણા ભાગ્યતણો નહિ પાર,
અંતસમે સામા ઊભા, નતજનતારણહાર. ૬૧
ધન્ય જન્મ એ શ્વાનનો ! સેવા-જીવન ધન્ય !
જન્મ-મરણ ટાળી દીધાં, મૃત્યુ સમય પણ ધન્ય ! ૬૨

એના નશ્વર દેહનું, વિધિપુરઃસર એમ;
દફન કર્યું ને તે ઉપર રચી સમાધિ તેમ ! ૬૩
સંવત બે હજાર ને સાતતણી એ સાલ,
માગસર વદી તેરસે, બૂચિયો ભેટ્યો કાળ. ૬૪
શ્વાનભકત બુચિયા તણી ખડી સમાધિ આમ,
સેવા ને સ્વાર્પણતણો આપી રહી પયગામ. ૬૫
બૂચિયાની શુભ યાદમાં, તે દિનથી પ્રતિવર્ષ;
એની પુણ્યતિથિદિને, ભકતો પામી હર્ષ ૬૬
આજુબાજુના ગામના, નાના-મોટા તમામ
શ્વાનોને મિષ્ટાન્ન હા ! ખવરાવે છે આમ. ૬૭
સૂણ શિષ્ય સેવાતણો મહિમા અપરંપાર,
સેવા કરી એક શ્વાન પણ ઊતર્યો ભવજલપાર ! ૬૮
મૂંગા પશુ-પક્ષી અને પ્રાણીઓ પ્રત્યે એમ,
કેવાં હતાં અવધૂતનાં દયા-ભાવ ને પ્રેમ ! ૬૯
જ્યારે પણ અવધૂતજી બળદ-ગાડીમાં એમ,
બેસી કરતા પ્રવાસ હા ! ત્યારે રાખી પ્રેમ ; ૭૦
જો બળદોએ એમનું, ડમણું ખેચ્યું હોય;
તે બળદોની ખાસ હા ! કરતા ચિવટે સોય. ૭૧
ધૃત મોદક ભોજન વળી, પૌષ્ટિક મીઠું ઘાસઃ
નિરાવતા બહુ ભાવથી, કાળજી રાખી ખાસ. ૭૨
ઘોડા-ગાડીમાં કદી,કરતા પોતે પ્રવાસ;
ઘોડાની સૌ કાળજી, રાખે પોતે ખાસ. ૭૩
ચણક-ચંદીભર તોબરો, ઘોડાના મુખપર
ચઢાવરાવે,તે પછી મુદિત થાય ગુરુવર. ૭૪
અરે ! જો કોઈ કૂતરી નારેશ્વર વિયાય,
તેનાં ગલુડિયાં સાથ હા ! ખેલે સદ્‌ગુરુરાય !! ૭૫
મિંદડીનાં બે મિંદડાં,ઋજુ રૂપાળાં જેહ;
અવધૂત અંકે ખેલતાં. નિર્ભય, ધારી નેહ. ૭૬
મ્યાઉં મ્યાઉંના નાદથી,ગજવે આખું ધામ
માજી ને અવધૂતજી, ઊંચે સાદ આમ ૭૭
શાન્ત પાડવા મથી રહે, તોય ન થાયે શાન્ત;
મ્યાઉં મ્યાઉંની ગર્જના, ચાલુ રહે નિતાંત. ૭૮
જ્યારે ખુદ અવધૂતજી, પેંડો લઈ એક્કેક,
બન્ને ના મુખમાં અહા ! મૂકે ધારી વિવેક; ૭૯
ત્યારે એ ચૂપ થાય ને રમવા ચાલ્યાં જાય,
એમને રમતાં જોઈને અવધૂત-મન હરખાય. ૮૦
પેંડો ખાધા પછી જ એ, મિંદડાં ચૂપ થઈ જાય,
તેથી એમને રમૂજમાં ઘણીવાર ગુરુરાય ૮૧
''પેંડા ! ભગત,'' નામથી બોલાવે કરી સાદ,
વરસાવે આનંદઘન, આનંદનો વરસાદ ! ૮૨
નારેશ્વરના યાત્રિકો ઉપર કેવો ભાવ ?
રાખે શ્રીઅવધૂત તે સૂણવાનો લે લ્હાવ. ૮૩
નિરંજન શિષ્ય કહું તને પ્રસંગ એવો એક,
સૂણતાં તારા હૃદયમાં જાગી જશે વિવેક. ૮૪
એક સમે નારેશ્વરે ઉજવાતો'તો એમ,
ઉત્સવ દત્તજયંતીનો; દૂર દૂરથી તેમ ૮૫
ટોળે ટોળાં ભકતનાં, હસતાં ગાતાં એમ;
આવે નારેશ્વર વિષે, ધારી હૈયે પ્રેમ. ૮૬
ગાડાં ડમણાં ગાડીઓ દ્વારા હજારો જન,
આવે ધૂન મચાવતાં, થાતાં પ્રેમ-મગન. ૮૭
એ ભકતોને સ્થાનમાં કરવા કાજ મુકામ ,
મોટા મંડપ માંડવા, બંધાય ઠામે ઠામ. ૮૮
જ્યમ જ્યમ આ ઉત્સવતણાં, વર્ષો વીતતાં જાય;
ત્યમ ત્યમ નારેશ્વર વિષે, જન-ગણ અતિ ઉભરાય. ૮૯
આ વર્ષે ઉત્સવ ઉપર નારેશ્વરની માંહ્ય,
ચોગમથી ભકતોતણો મહેરામણ ઠલવાય. ૯૦
બાંધેલા મંડપ બધા, થઈ ગયા ચિક્કાર;
ભકતોને રહેવાતણી જગા રહી ન લગાર. ૯૧
બસો ત્રણસો માનવો સ્ત્રી પુરુષ ને બાળ,
ખુલ્લા ખેતરમાં પડ્યાં, સહેતાં તાપ ને ટાઢ. ૯૨
માગસરનો મહિનો હતો, છતાં બપોરે આમ;
પ્રખર સૂર્યના તાપથી, થાતાં વિકળ તમામ. ૯૩
તે સમે બપોરના બે વાગ્યા છે જ્યાંય,
કુટિરમાંથી નીકળ્યા, અવધૂત સદ્‌ગુરુરાય. ૯૪
જલ-કમંડલ ધારીને, શૌચ ક્રિયાએ જાય,
ત્યાંથી સ્નાન મિષે પછી રેવાતીરે જાય. ૯૫
જાતાં જાતાં રંગની, નેહ નિતરતી નજર;
એકાએક પડી અહા ! ખુલ્લાં ખેતર પર ! ૯૬
શું જોયું સદ્‌ગુરુવરે ? બાળક, નર ને નાર,
જ્યમ ત્યમ સૂરજ તાપનો કરી રહ્યાં પ્રતિકાર. ૯૭
રેબઝેબ પ્રસ્વેદથી; શોધી તરુવર છાંય;
ગરમીથી બચવા અરે ! યત્ન કરે બહુ ત્યાંય. ૯૮

નર-નારી નાજુક અને કોમળ કળી સમ બાળ,
તડકામાં દાઝી રહ્યાં, કોણ કરે પ્રતિપાળ ? ૯૯
કરુણ દૃશ્ય આ નીરખી, કરુણાઘન ગુરુવર,
થોભ્યા ક્ષણભર, કાળજે ફરી રહી કાતર !! ૧૦૦
આર્દ્ર-હૃદય દ્રવતું અને વહેતું દયા-ઝરણ,
ઊંચા સાદે તે પછી બોલ્યા અશરણ-શરણઃ ૧૦૧
''અરે ! ભીમસિંહ બાજીને બોલાવો અહીં ઝટ''
ત્યાં તો દોડ્યો એક જણ દોટ મૂકીને ઝટ ! ૧૦૨
ભીમસિંહજી ક્ષણમહીં દોડતા હાંફતા આમ,
આવી સદ્‌ગુરુ સમક્ષ એ કરી રહ્યા પ્રણામ. ૧૦૩
''શી આજ્ઞા છે હે પ્રભો ! દાસ છે આ તૈયાર,''
એમ કહી વંદી રહ્યા 'બાજી ભગત' તે વાર. ૧૦૪
અવધૂતજીએ આંગળી ચીંધી તેણીવાર,
ખુલ્લાં ખેતર બતાવિયાં, જ્યાં બેઠાં નર-નાર. ૧૦૫
આર્દ્રસ્વરે અવધૂતજી બોલ્યા કોમળ ચિત્તઃ
''જુઓ 'બાજી ! પેલા બધા ભક્તો ધારી પ્રીત ૧૦૬
આવ્યા અહીં નારેશ્વરે, છોડી ઘરનાં કામ;
ભાવ-ભક્તિ હૃદયે ધરી, અહીં આવ્યા તમામ. ૧૦૭
દત્ત-જયંતી મહોત્સવ ઉજવવાને કાજ,
સ્ત્રી-પુત્રાદિકને લઈ, આવ્યા છે અહીં આજ. ૧૦૮
ખુલ્લા ખેતરમાં પડ્યા, સહે શીત ને તાપ;
જોઈ દુખડું એમનું, થાય મને સંતાપ. ૧૦૯
મુજ ભક્તો તડકે મરે, હું ગુફાની માંહ્ય,
શીતલ-સુખ કયમ માણતો રહું મસ્તીથી ત્યાંય ? ૧૧૦
કુસુમકળી સમ બાળકો, તડકે વલવલે આંહ્ય ;
મારાથી ગુફા મહીં સુખથી શેં સૂવાય ? ૧૧૧
માટે કહું છું બાજી ! કે એમને માટે અઘ,
મંડપ કે માંડવો-તંબુ કંઈ બંધાવી દો સદ્ય. ૧૧૨
જ્યાં સુધી બાજી ! તમે આ લોકોને કાજ,
મંડપ કે માંડવો-તંબુ અહીં નહિ બંધાવો આજ; ૧૧૩
ત્યાં સુધી હું પણ અહીં આસન નાખી એમ,
બેસીશ ખુલ્લા ગગનની નીચે ધારી પ્રેમ'' ૧૧૪
એમ કહી અવધૂતજી નાખી નિજ આસન,
ધરતી પર બેસી ગયા, ઉપર નીલ ગગન !! ૧૧૫
સૂણતાં શબ્દો રંગના, બાજીભક્ત પ્રખર;
દોડ્યા પાગલ સમ અને બોલ્યા ઊંચે સ્વરઃ- ૧૧૬
''દોડો દોડો અરે ! બધા સ્વયંસેવકો ઝટ,
ભેગા થાઓ અહીં બધા, ત્યજી બધી ખટપટ'' ૧૧૭
પહાડી સ્વર ભીમસિંહનો સૂણતામાં સત્વર,
થોકે થોકે જુવાનિયા આવી ગયા તત્સ્થલ. ૧૧૮
'બાજીએ આજ્ઞા કરી, થઈ જાઓ તત્પર;
''વિશાળ મંડપ એક અહીં બાંધી દો સત્વર.'' ૧૧૯
સો પચાસ જુવાનિયા, ધારી ચિત્ત ઉમંગ;
કામે ત્યાં લાગી ગયા, સ્મરતાં સદ્‌ગુરુ રંગ. ૧૨૦
મહેનતકસ જુવાનિયા, હૃદય ભક્તિભરપૂરઃ
સાન્નિધ્યે સદ્‌ગુરુ અહા ! વહ્યાં શક્તિનાં પૂર ! ૧૨૧
ખાડા ખોદ્યા ને વળી વાંસ વળીઓ આમ,
ઉમંગે લાવે તે બધાં ખડકાયાં તે ઠામ. ૧૨૨
સ્થંભો રોપ્યા ને વળી દડબ્યા સારી પેર,
ઉપર આથર નાખિયા વીંટ્યા વળી ચોફેર. ૧૨૩
આમ કલાક ત્રણ સુધી મહેનત કરી અપાર,
યુવકોએ હોંશથી મંડપ કર્યો તૈયાર. ૧૨૪
પૂર્ણ થયો મંડપ અને બાજી હરખ્યા અપાર,
પછી ગયા એ ખેતરે, જ્યાં બેઠાં નર-નાર. ૧૨૫
વધ્યા પછી મીઠાશથી, સહુને કરી પ્રણામઃ
''ચાલો, પેલા મંડપે, કરો બધા મુકામ,'' ૧૨૬
એમ કહી એ સર્વને, લાવે મંડપ માંહ્યઃ
સાફ-સૂફ ભૂમિ કરી, આથર પાથર્યા ત્યાંય. ૧૨૭
એમ સર્વ નર-નારને, આપી ત્યાં મુકામ,
સદ્‌ગુરુ સામે આવીને ઊભા કરી પ્રણામ. ૧૨૮
ભાવોદ્રેકે નયનથી વહે અશ્રુની ધાર,
ગદ્‌ગુદ્ કંઠે વદી રહ્યા ભીમસિંહ તે વારઃ ૧૨૯
પ્રભુ ! એક વિશાળ હા ! મંડપ કર્યો તૈયાર,
તેમાં સર્વ સમાવિયાં, જન હતાં જે બહાર. ૧૩૦
કોઈ બહાર રહ્યું નથી, સૌને મળ્યો મુકામ ;
આપ સ્વયં પધારીને, જુઓ પૂરણકામ ! ૧૩૧
બાજીની વિનતી સૂણી, ઊભા થયા અવધૂત;
સ્વયં ચાલીને માંડવે, પહોંચે રુકમાસુત. ૧૩૨
જેવા મંડપને વિષે પ્રવેશ્યા ગુરુરાય,
આશ્ચર્ય આનંદથી, ભક્તો દિઙ્‌મૂઢ થાય. ૧૩૩
જોતાં સદ્‌ગુરુને અહા ! ભક્તહૃદય છલકાય,
ગાંડા-ઘેલા થઈ બધા, લળી-લળી લાગે પાય. ૧૩૪

સદ્ગુરુ પૂછે પ્રેમથી ''તમને બધાને આમ
સૂવા-રહેવાનું અહીં, મળી ગયુંને ઠામ ? **૧૩૫**
ભક્તો ગદ્ગદ્ થઈ બધા, કરી રહ્યા પ્રણામ,
''પ્રભો ! દયાથી આપની, મળી ગયો મુકામ'' **૧૩૬**
મંડપની છાયા નીચે, બેઠેલા જોઈ જન;
અવધૂતજી અંતર વિષે, ખૂબ થયા પ્રસન્ન. **૧૩૭**
આમ બધાને ઠારીને, પછી સદ્ગુરુનાથ
રેવાતીરે ચાલિયા ધરી કમંડલ હાથ. **૧૩૮**
એવો હતો અવધૂતનો ભક્તો પ્રત્યે પ્રેમ,
અલખ કહે પ્રસંગ આ સમજાવે છે એમ. **૧૩૯**
જયાંસુધી આ માંડવો થયો ના તૈયાર,
ત્યાં સુધી અવધૂત પણ બેસી રહ્યા જો બહાર. **૧૪૦**
પ્રખર સૂર્ય મધ્યાહ્નનો, ફેંકે રશ્મિ-તીર,
રેબ-ઝેબ પ્રસ્વેદથી પલળી ગયું શરીર. **૧૪૧**
યોગાગ્નિ જલતો હતો દિવ્ય રંગને તન,
તેમાં ગોળો ગગનથી, વરસાવે અતિ અગન. **૧૪૨**
દ્વિગુણ તાપથી તપ્ત એ અવધૂતનું શુભ તન,
તપ્ત હેમ સમ શોભતું, ફેંકે દિવ્ય કિરણ. **૧૪૩**
ભક્તોએ જોયું અને આવ્યા હારોહર,
અવધૂત સહ બેસી ગયા સૌ ખુલ્લામાં બહાર. **૧૪૪**
ધૂન મચવતા દત્તની, હોંસે ગુરુગુણ ગાય;
તાપ સહંતા રંગ હા ! મરક મરક મલકાય. **૧૪૫**
તપ્ત સ્વર્ણ સમ રંગના, દિવ્ય શરીરથી આહ,
રેલં-છેલ વહી રહ્યો, પરસેવાનો પ્રવાહ. **૧૪૬**
તોયે પ્રસન્ન ચિત્તથી વેરંતા આનંદ,
ભક્તો વચ્ચે શોભતા, ઉડુંગણમાં જયમ ચંદ ! **૧૪૭**
શુભ્ર ખાદી અંગુછે, લૂછે વારંવાર;
તોય તન પર ફરી વળે, પરસેવાની ધાર ! **૧૪૮**
અંગૂઠાથી ઘસી-ઘસી, લૂછંતા શુભ તન;
જેણે નીરખ્યા રંગને, ધન્ય ધન્ય ! તે જન. **૧૪૯**
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતજી ત્યાં આમ,
પ્રખર સૂર્યના તાપમાં, બેસી રહ્યા તે ઠામ. **૧૫૦**
શરૂ કર્યું બે વાગતાં, વાગ્યા સાડાચાર;
સેવક સર્વે શ્રમ કરે, મંડપ કર્યો તૈયાર. **૧૫૧**
યાત્રિકોને સર્વને આપીને આવાસ,
ભીમસિંહજી આવ્યા હતા, અવધૂતજીની પાસ. **૧૫૨**
સ્વયં જઈને મંડપે, જાતે કરી તપાસ;
સૌનો એ મંડપ વિષે થયો વા ન વા સમાસ ? **૧૫૩**
જાતે કરીને ખાતરી, પછીજ સદ્ગુરુનાથ;
શૌચસ્નાન મિષે ગયા, રેવાજીને ઘાટ. **૧૫૪**
યાત્રિકો જે આવતા, નારેશ્વરમાં એમ,
તેના ઉપર રંગનો, હતો આહવો પ્રેમ. **૧૫૫**
અલખ કહે અવધૂતની જ્યાં જ્યાં પડે નજર,
ત્યાં ત્યાં પેખે પ્રેમથી, સ્વયં દત્ત ગુરુવર. **૧૫૬**
અવધૂતજીની આંખમાં, દ્વૈત હતું ના કયાંય,
દ્વૈતાદ્વૈતે પર થઈ, રે'તા મસ્ત સદાય !! **૧૫૭**
બ્રહ્મ નિર્ગુણ આ જગે, જનહિતકારણ એહ;
સ્વયં દત્ત બની મ્હાલતા, ધારી માનવદેહ. **૧૫૮**
પરદુઃખ દેખી જેહનું દિલડું દુઃખી થાય,
અશ્રુ જોઈ પરઆંખમાં જેનું દિલ કોરાય. **૧૫૯**
નિજ તનની પરવા સિવા, પરદુઃખ હરવા જાય;
આંસુ લૂછવા અન્યનાં વેગે દોડી જાય ! **૧૬૦**
પરને કાજે જે અહા ! અરપી દે નિજ કાય,
સૂણ શિષ્ય એ વિશ્વમાં દત્તરૂપ કહેવાય !! **૧૬૧**
શ્વાન બીલ્લી આશ્રમે, સઘળાં દત્ત સ્વરૂપ,
રંગ માનવ-બાળની સેવામાં તદ્રૂપ ! **૧૬૨**

'બાલક' બિચારો દેખતો, બાઘા જેવો આંહ્ય;
હાથ પકડી ઘૂંટાવતો રંગ લીલા ત્યાંય !! **૧૬૩**

ઈતિ શ્રીરંગપાદારવિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરગંલીલામૃતે અલખનિરંજનસંવાદે અવધૂતસમદર્શનવર્ણનં નામ ષટ્પંચાશત્તમોઽધ્યાયઃ ।। ૫૬ ।। દોહરા ।।૧૬૩।।

## અધ્યાય : ૫૭

અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતજીનું નામ
હરીભરી ગુજરાતમાં, ગાજયું ગામે ગામ. **૧**
દૂર દૂર ગુજરાતના, ખૂણે-ખૂણેથી આમ;
ભક્તો દોડી આવતા, નારેશ્વરને ધામ. **૨**

દરેક મનમાં ઇચ્છતા, બાપજી અમારે ગામ,
પધારીને અમ આંગણે, પુનિત કરે ઘર ઠામ. ૩
'રંગજયંતી' દિવસને તેથી કરી નિમિત્ત,
પધારવા નિજ ગામમાં, આમંત્રે મુદચિત્ત. ૪
ભાવ-સભર એ ભકતનો જોઈ ભાવાવેશ,
આર્દ્રહૃદય અવધૂતનું ભીંજાતું સવિશેષ. ૫
આમંત્રણ સ્વીકારતા અવધૂતજી તે વાર,
જેને તેને ગામ જઈ દેતા મોદ અપાર. ૬
'રંગજયંતી' ઉત્સવો ઉજવાય એકથી એક
ચઢિયાતા સર્વત્ર હા ! ગુર્જર-દેશે છેક. ૭
નારેશ્વરથી રંગદેવ, જે જે ગામે જાય;
તે તે ગામે મનુષ્યનો, મહેરામણ છલકાય. ૮
ભજન કીર્તન ધૂન ને પાઠ પારાયણ થાય,
નાચે-કૂદે-ભાવથી ભકતોનો સમુદાય; ૯
વાગે મધુરાં વાદ્ય ને સ્વર મધુર રેલાય,
અત્યાનંદે રંગનો જન્મોત્સવ ઉજવાય. ૧૦
ત્યાં તો શિષ્ય નિરંજને વચમાં છેડી વાત,
''થોભી જાઓ અલખજી ! આગળ જાતાં તાત ! ૧૧
મુજને પ્રશ્ન થયો પ્રભુ ! આપો ઉત્તર આપ,
સંતોષો આ બાળની જિજ્ઞાસા, હે બાપ ! ૧૨
'રંગજયંતી' પર અહા ! સ્વયં રંગ દયાળ,
કયા કયા ગામે ગયા, કૃપા કરી તત્કાળ. ૧૩
સદ્‌ભાગી એ ગામનાં પુણ્ય પવિત્ર નામ,
કહી સંભળાવો હે ગુરો ! મુજને પૂરણકામ !'' ૧૪
સૂણી પ્રશ્ન એ શિષ્યનો અલખ થયા પ્રસન્નઃ
''ધન્ય પ્રશ્ન પૂછયો અહા ! શિષ્ય-રત્ન તું ધન્ય ! ૧૫
સાંભળ રંગજયંતીઓ ઉજવવાને આમ,
સદ્‌ભાગી બન્યાં અહીં પુણ્યવંત જે ગામઃ ૧૬
દિવેર, ઝણોર, આગળ કહ્યાં ઉમલ્લા ને પોર,
છાણી, ઝઘડિયા ને વળી ગરબાડા, કંઈ ઓર; ૧૭
ધન્ય પાદરા ને વળી નવાપુર- ખાનદેશ,
અજુપુરા-ડાકોર કને, રંગપુરા સવિશેષ. ૧૮
વડોદરા, નડિયાદ ને બાજવા, નારેશ્વર,
ડાકોર, ધર્મજ, ને વળી કણભા, કહું સત્વર; ૧૯
ધન્ય દ્વારકા, ધન્ય હા ! નવાગામ પણ એમ,
ઉજવે રંગજયંતી હા ! ધારી હૃદ્ શુભ નેમ. ૨૦

અંબાજી-આરાસુરે જગદંબાની પાસ,
ત્યાંથી આફ્રિકા વિષે કંપાલામાં ખાસ; ૨૧
છેલ્લી 'રંગજયંતી' હા ! જયપુરમાં ઉજવાય,
ઇકોતેરમી જયંતી પૂર્ણ અહીંયાં થાય. ૨૨
સાંભળ શિષ્ય કહું તને એક મઝાની વાત,
સૂણતાં શ્રદ્ધા તાહરી થાશે દૃઢ સાક્ષાત્. ૨૩
'રંગજયંતી' પર અહા ! જ્યાં જ્યાં અવધૂત જાય,
ત્યાં ત્યાં નૂતન અવનવી લીલાઓ કંઇ થાય. ૨૪
કોણ વર્ણવે એ બધી ? થાય ગ્રંથવિસ્તાર,
તેથી ભાવે કહું તને કેવળ લીલાસાર. ૨૫
'રંગજયંતી' ઉજવવા ગરબાડામાં એમ,
અવધૂતજી જતા હતા, ગાડી દ્વારા તેમ. ૨૬
સ્વાગત કરવા રંગનું, દાહોદ સ્ટેશન પર;
ફૂલમાળા લઈ સેંકડો ભકત ખડા તત્પર. ૨૭
જેવા સદ્‌ગુરુ ઉતર્યા, દાહોદને સ્ટેશન;
'અવધૂત ચિંતન' નાદથી ગાજી રહ્યું ગગન. ૨૮
પુષ્પતણી વૃષ્ટિ થઇ, ઊડ્યાં રંગ-ગુલાલ;
નાચી કૂદી ભકત કંઇ વરસાવે બહુ વહાલ. ૨૯
ભકતો હજારો આવિયા, જામી લાંબી કતાર;
સ્વયંસેવકો રંગને લાવ્યા સ્ટેશન બહાર. ૩૦
વિધ-વિધ રંગી પુષ્પ ને મંગલ પલ્લવે એમ,
શણગારી લાવ્યા હતા ઘોડાગાડી તેમ. ૩૧
અવધૂતજી એ ગાડીમાં બિરાજયા હા ! જ્યાંય,
શોભે જાણે શાહના શાહ બિરાજયા ત્યાંય. ૩૨
ગાડીમાં બેઠા પછી, અવધૂતજીની નજર
સહજ રીતે પડી અહા ! ચોગમ જનતા પર. ૩૩
જમણી બાજુ દૂર ત્યાં એક ખૂણા ઉપર,
આશ્ચર્યે મુખ ફાડીને ઊભાં નારી-નર. ૩૪
નજર શ્રીઅવધૂતની, થોભી ગઇ ક્ષણભર;
પ્રસન્નતા છાઈ ગઈ, અવધૂતજી મુખપર. ૩૫
કંટાળો યાત્રાતણો દેખાતો મુખપર,
હતો શ્રીઅવધૂતના, દૂર થયો તત્પલ. ૩૬
મુખ મલકયું ને વદન હા ! થયું પ્રફુલ્લ પ્રસન્ન,
જાણે સૂર્યોદય થયે, ખીલ્યું કમળ-પ્રસૂન. ૩૭
શું જોયું અવધૂતજીએ દૂર ખૂણાની માંહ્ય ?
જેથી ભાગી વદનથી થાકની શ્યામલ ઝાંય. ૩૮

સાંભળ શિષ્ય કહું તને એ ખૂણાની માંહ્ય,
આદિવાસી જનતણો ઊભો હતો સમુદાય. ૩૯
નારેશ્વરના સંતનું સ્વાગત કરવા કાજ,
દૂર દૂરથી ચાલીને આવ્યા સૌ છે આજ. ૪૦
સવારના નીકળેલ એ, ભૂખ્યા-તરસ્યા જન;
બેઠા સ્ટેશન બહાર હા ! રાખી અધીર નયન. ૪૧
અવધૂતજી આવ્યા અને બેઠા ગાડી માંહ્ય;
ફટાક ઊભા થઈ ગયા આદિવાસીઓ ત્યાંય. ૪૨
નયન ભરી ભરી નીરખ્યા, નયન મનોહર રંગ,
આદિવાસીઓ થઈ ગયા, આશ્ચર્યે સૌ દંગ. ૪૩
શી રીતે સત્કારવા ? આપણા આ ભગવાન ?
ગરીબ, ગમાર સૌ ભલે, શ્રદ્ધાથી ધનવાન. ૪૪
મુખ-નયન પહોંળા કરી આશ્ચર્યે એ જન,
મટકુ માર્યા વિના સૌ, નીરખે રંગવદન. ૪૫
ત્યાં તો શ્રીઅવધૂતની અમૃતભરી નજર
એકાએક પડી અહા ! આ ભકતોની પર. ૪૬
આદિવાસીઓ પર રંગને બહુ વહાલ છે જાણ,
પરિક્રમામાં એમની ખૂબ લીધી છે લહાણ. ૪૭
આદિવાસીઓ જોઈને રંગ-હૃદય હરખાય,
તેથી થાક વદનતણો ક્ષણમાં ચાલ્યો જાય. ૪૮
આદિવાસીઓ જોઈને, મલકાયા'તા રંગ;
આદિવાસીઓ પર હતો એમનો પ્રેમ અભંગ. ૪૯
એક વખત કોઈ ગામમાં, વાતવાતમાં એમ,
આદિવાસી જોઈ વદે, અવધૂતજી સપ્રેમ. ૫૦
કેવા ભોળા નિર્દોષ આ, આદિવાસી લોક;
કપટભાવ મળે નહિ, દંભહીન કો તોક ! ૫૧
વાતોમાં પુરાણતણી મુખ્ય આવતી વાત,
ભગવાન થાય પ્રસન્ન ને માગ માગ કહે તાત ! ૫૨
''જો મુજ સામે આવીને ખડા રહી ભગવાન
મુજને પૂછે, 'માગ રે મનગમતું વરદાન,' ૫૩
તો હું માગું ''હે પ્રભુ ! હે જગતના કરતાર !
''આદિવાસીને ઘેર હા ! દો મુજને અવતાર'' ૫૪
આમ નરી નિર્દોષતા આદિવાસીની જેહ,
અવધૂતના અંતર વિષે, હતી વસી ગઈ તેહ. ૫૫
આવો હતો અવધૂતનો આદિવાસીઓ પર
પ્રેમ-ભાવ, તેથી થયા પ્રસન્ન સદ્‌ગુરુવર. ૫૬
લળી લળી સૌ વંદતા, નારેશ્વરના કંથ,
ગાડી ચાલી રંગની ગરબાડાને પંથ. ૫૭
સ્વાગત માટે આવેલા હજારો ભાવિક જન,
નિજ નિજ વાહન પર ચઢી, ચાલ્યા પ્રસન્ન મન. ૫૮
ગાડી મોટર સાઈકલ તે પર સૌ અસવાર,
આજુબાજુ રંગની ચાલ્યા હારોહાર. ૫૯
આદિવાસીઓ પણ અહા ! ભીડી હાથો હાથ,
પાછળ અવધૂત-ગાડીની દોડવા લાગ્યા સાથ. ૬૦
નાચે કૂદે મોદથી, હસતા ઊંચે નાદ;
વ્યકત કરે નિજ હૃદયનો, આનંદ ને આહ્‌લાદ. ૬૧
''દાબડાવાલા બાપુનો થાઓ જયજયકાર''
એવો નાદ ગજાવતા, હર્ષે વારંવાર. ૬૨
''દાબડાવાલા'શબ્દથી વિસ્મિત થઈ અપાર,
અવધૂતજી પૂછી રહ્યા સેવકને તે વારઃ ૬૩
'દાબડાવાલા'નું વળી કયાંથી લાવ્યા તૂત ?
મુજને એ સમજાય ના, આ તો છે અદ્‌ભુત !'' ૬૪
સૂણી પ્રશ્ન અવધૂતનો મુખ મલકાવી એમ,
સાથેનો સેવક વદ્યો ધારી હૈયે પ્રેમઃ- ૬૫
''પ્રભુ ! આપની આંખપર આપે ગોગલ્સ જેહ,
પ્હેર્યાં છે તેને અરે ! આદિવાસીઓ એહ ૬૬
'દાબડા' કહીને ઓળખે તેથી આપને એમ,
''દાબડાવાલા બાપજી'' કહી સંબોધે તેમ. ૬૭
''દાબડાવાલા બાપુનો થાઓ જયજયકાર''
એમ કહી નિજ હૃદયના ભાવો લાવે બહાર.'' ૬૮
સૂણી વચન સેવકતણાં, અવધૂત થયા પ્રસન્ન;
ભોળા આદિવાસીનાં કેવાં નિર્મળ મન ! ૬૯
જેવું જુવે આંખથી, તેવું કદી દે ઝટ;
ઠાંસ નહિ, ઠસ્સો નહિ, નહીં કપટ નહિ કૂડ ! ૭૦
અવધૂતજીની ગાડીની પાછળ હારોહાર,
હાથ ભીડીને દોડતા, હૈયે હર્ષ અપાર. ૭૧
સવારના ભૂખ્યા બધા, જોતા અવધૂતવાટ,
ખૂણામાં બેઠા હતા, નહિ કલેશ ઉચાટ. ૭૨
બાર ગાઉનો પંથ એ દાહોદ-ગરબાડા,
ગાડી પાછળ દોડતા, ચાલે પગપાળા ૭૩
'દાબડાવાળા'સંતનો, કરતા જય જયકાર;
નાચે-કૂદે ભિલ્લ એ શોક નહીં તલભાર ! ૭૪

જોઈ એમનો ભાવ એ રંગ વિચારે મનઃ
''કેવા ભાવ-સભર અહા ! ભલા ને ભોળાજન ! ૭૫
ભૂખ્યા-પ્યાસા એ બધા જોતા મારી રાહ,
સવારના બેઠા હશે, કેવા ભાવિક વાહ !'' ૭૬
એમ વિચારી ગુરુવરે સાથે સેવક જન.
તેને આર્દ્ર-સ્વરે કહ્યું ''સાંભળ મારું વચન, ૭૭
આ ભકતો સવારના ભૂખ્યા-તરસ્યા આમ,
જોતા મારી રાહ અરે ! બેઠા હશે આ ઠામ. ૭૮
રોજ રળીને રોજનું, ખાનારા આ જન;
મારે લીધે એમણે પાડ્યો આજનો દન. ૭૯
કામપર જો જાય ના, કયાંથી લાવે અન્ન ?
તો શું આજે આ બધા, કરશે ભૂખે શયન ? ૮૦
ના ના એવું ના બને, એમના ખાધા સિવાય
અવધૂતના મુખમાં હવે, કણ પણ અન્ન ન જાય!'' ૮૧
સૂણી વચન અવધૂતનાં, સેવક બોલ્યો સદ્ય,
ચિંતા ના કરશો પ્રભુ ! મૂળશંકરે અદ્ય. ૮૨
આ સૌના ભોજનતણો, રાખ્યો છે પ્રબંધ;
ગરબાડામાં પહોંચતાં, જમાડશે નિર્બન્ધ ! ૮૩
સૂણી વચન સેવકતણાં, અવધૂત થયા પ્રસન્ન;
પ્રસન્નવદને તે પછી બોલ્યા મધુર વચનઃ ૮૪
''જુવો ત્યાં પહોચ્યા પછી, વહેલા જઈને ખાસ;
આ ભકતો જમ્યા કે નહિ તેની કરી તપાસ ૮૫
મુજને ઝટ આવી કહો ત્યાર પછી હું નાહીશ;
પછી જ દૂધ કે ફળ કંઈ અલ્પાહારમાં લઈશ'' ૮૬
એવું સેવકને કહી આર્દ્રહૃદય ગુરવર,
ગાડી પાછળ દોડતા આદિવાસી પર ૮૭
મીઠી પ્રેમભરી અહા ! નાખી રહ્યા નજર;
સેવક તો દિઙ્મૂઢ થઈ, જોઈ રહ્યો પલભર. ૮૮
અલખ કહે અવધૂતની શી બલિહારી આજ !
કેવળ ભાવ-ભૂખ્યો અહા ! અવધૂત યોગીરાજ. ૮૯
ગરબાડા પહોંચ્યા પછી એ ભિલ્લોએ એમ,
ભોજન મિષ્ટ કર્યા પછી અવધૂતજીએ તેમ ૯૦
એકાદ પાશેર દૂધ ને ફળનું કર્યું ભોજન,
લંબાવી પછી દેહને સુખે કરતા શયન. ૯૧
બીજે દિવસ પવિત્ર હા 'રંગજયંતી' જાણ,
ઉત્સાહે ઉજવે અહા ! ભકતો થઈ રમમાણ. ૯૨

કીર્તન ભજન-ધૂન ને ગુરુપદ પૂજન થાય,
ચારેગમ આનંદનો મહેરામણ ઉભરાય. ૯૩
આદિવાસીઓને અહા ! દૂર ઊભેલા જોઈ,
અવધૂતના અંતર વિષે મંગલ ઇચ્છા થઈ. ૯૪
બોલાવે નિજ પાસ એ સેવકજનને એક,
અવધૂતજી ત્યાં કહી રહ્યા ધીમે વાત-વિવેકઃ ૯૫
''અહીં આવ્યા સર્વ આ આદિવાસીઓ જેહ,
વળી તેમના કુટુંબમાં સાથે રહેતા તેહ; ૯૬
દરેક જણને ટંક બે પેટભરી ભોજન
થાય એટલુ અન્ન હા, વહેંચી દો આ ક્ષણ !'' ૯૭
આજ્ઞા થઈ અવધૂતની, પછી શું કહેવી વાત !
વીજળી વેગે કામ સહુ થઈ ગયાં સાક્ષાત્. ૯૮
ગુણે-ગુણો મકાઈની, લાવી ત્યાં ઠલવાય;
અવધૂત સામે અન્નનો, ઢગલો મોટો થાય ! ૯૯
ત્રાજવાં સાથે કાટલાં, ક્ષણમાં આવ્યાં ત્યાંય;
આવી ગયો તોલાટ પણ, શું કહેવાનું હોય ! ૧૦૦
ત્યાર પછી સહુ ભિલ્લને એક પછીથી એક
અવધૂતજીની પાસ હા ! બોલાવ્યા ત્યાં છેક. ૧૦૧
નામ પૂછે અવધૂતજી ''કેટલા ઘરમાં જન ?''
હોય જેટલાં તેટલું, જોખી આપે અન્ન. ૧૦૨
અવધૂતજી નિજ હસ્તથી, આપે એમને અન્ન,
વાતો કરતાં ભિલ્લ સહ થાયે અતિ પ્રસન્ન. ૧૦૩
અલખ કહે એ ભિલ્લના ભાગ્યતણો નહિ પાર,
નિજ હસ્તે આપી રહ્યો, દુનિયાનો દાતાર ! ૧૦૪
ભજન-ભાસ્કર આપણા, સુમનલાલ તે વાર;
ભજન અનુરૂપ ઉપાડતા, મધુર સ્વરે ઉચ્ચારઃ ૧૦૫
'કરે નિજ દાન જો સોઈ દિગંબર હો તો ઐસા હો,
ત્રિમૂર્તિ દત્ત હર વોહિ દિગંબર હો તો ઐસા હો. ૧૦૬
પ્રસંગોચિત્ત ભજન ને ભાવ-સભર ઉદ્ગાર,
આનંદ-આનંદ થઈ રહ્યો, ચારેગમ તે વાર. ૧૦૭
શબ્દે-શબ્દે ભજનના, ભકતન-ભાવ ભીંજાય,
ભીંજેલા એ ભાવની, રેલં-છેલં થાય ! ૧૦૮
ભકતો ભાવાવેશમાં, ભૂલ્યા તન-મન-ભાન,
''હું તું' ભેદો ભાગિયા, રહ્યું ન બીજું આન. ૧૦૯
ખોબે ખોબે દઈ રહ્યો, દ-દ-દ ગર્જનહાર,
ગાન, ગેય ગાનારનો થાતો એકાકાર. ૧૧૦

ભકત અને ભગવાનનો આવો એકાકાર,
અલખ કહે મેં તે પછી જોયો ના ફરીવાર. ૧૧૧
દેનારો શ્રીદત્ત ને લેનારા પણ દત્ત !
જોનારા પણ દત્તમાં, થઈ ગયા ઉન્મત્ત !! ૧૧૨
ક્ષણ બે ક્ષણની આ ખૂબી, અલપ ઝલપ પલવાર;
જેણે નીરખી અનુભવી, ધન્ય એહ નરનાર ! ૧૧૩
એમ શ્રીઅવધૂતજીએ કરી અન્નવિતરણ,
આદિવાસીઓને થયા રુકમારમણ પ્રસન્ન ! ૧૧૪
ત્યાર પછી શ્રીરંગનો જ્યાં જ્યાં જન્મ ઉજવાય,
ત્યાં ત્યાં અન્ન-વસ્ત્રનું ભારે વિતરણ થાય. ૧૧૫
પ્રતિવર્ષ આમ જયંતીઓ જુદે જુદે ગામ,
ભવ્ય રીતે ઉજવાય હા ! કરી ખૂબ ધૂમ-ધામ. ૧૧૬
રંગજયંતી સાઇઠમી આવવાને હજી વાર,
ત્યાં તો કોઈ ભકતના હૈયે ઊગ્યો વિચારઃ ૧૧૭
''રુકુમાઈકેરા લાલની, જન્મ-જંયતી આમ;
ઉજવાયે ધૂમ-ધામથી જુદે જુદે ગામ. ૧૧૮
પણ મા-રુકમાબ્મા અહા ! નારેશ્વરનું સ્થાન
છોડીને જતાં નથી, કયાંએ બીજે આન. ૧૧૯
તેથી એના લાલની જયંતીઓ ઉજવાય,
તેની ભભકતા ભવ્ય ને આનંદ જે રેલાય; ૧૨૦
તે ના જોયું માજીએ, નિજ નયનોથી કયાંય;
કેવળ વર્ણન સૂણતાં, કોઈ કહે જો ત્યાંય. ૧૨૧
માટે જયંતી સાઇઠમી નારેશ્વરમાં આમ,
માજી સમક્ષ ઉજવવી; કરી ખૂબ ધૂમધામ.'' ૧૨૨
જેથી મા રુકમા અહા ! નિજ લાલાની એમ
જયંતીની ભવ્યતા નયને નીરખે તેમ. ૧૨૩
હરખાય ભકતો અંતરે, સૂણીને પ્રસ્તાવ;
તાળી પાડી વધાવતા 'ધન્ય ધન્ય પ્રસ્તાવ !' ૧૨૪
'રંગજયંતી' સાઇઠમી, નારેશ્વરને ધામ;
ઉજવાશે, એવી ખબર પહોંચી ગામેગામ. ૧૨૫
ટોળે ટોળાં ભકતનાં સેવા કરવા આમ,
દૂર દૂરથી આવિયાં નારેશ્વરને ધામ. ૧૨૬
તોરણ મંડપ, માંડવા બાંધ્યા ઠામેઠામ,
ધજા પતાકા ફરફરે, વિધવિધરંગી આમ. ૧૨૭
ધૂન ભજન કીર્તન અને પારાયણ પણ થાય,
લાખો માનવમેદની સ્થાનમહીં ઉભરાય. ૧૨૮
વર્ણન એનું શું કરું ? થાય કલમ લાચાર,
શું લખું ? શું ના લખું ? થાય ક્ષુબ્ધ વિચાર. ૧૨૯
માટે સાક્ષારભૂમિ હા ધન્ય નગર નડિયાદ !
ત્યાંના વતની, જાણ તું વાચસ્પતિ સાક્ષાત્. ૧૩૦
પ્રખર પંડિત ને વળી ભાષાવિદ્ વિદ્વાન,
પરમ ભકત અવધૂતના, નર્મ વિવેકી જાણ. ૧૩૧
ઠાકર શાંતિલાલનું, નામ બધે સુખ્યાત;
તેઓએ બહુ ભાવથી લેખ લખ્યો સાક્ષાત્. ૧૩૨
''નારેશ્વરની જયંતીનું એમાં કર્યું વર્ણન,
ગ્રથિત થયું એક ગ્રંથમાં, જોજે તું નિરંજન !'' ૧૩૩
એમ કહી આગળ વધ્યા પોતે અલખ દયાળ,
વડોદરાની જયંતીનો સાંભળ આપું ખ્યાલ. ૧૩૪
વડોદરા લહેરીપુરે રામજી મંદિર એહ,
'રામગલોલા'નામથી, છે જાણીતું જેહ. ૧૩૫
ત્યાંના મુખ્ય મહંતજી નામે નારણદાસ;
પરમ ભકત, ભાવિક અને શ્રદ્ધાળુ અતિ ખાસ. ૧૩૬
અવધૂતજી પર એમને હતો અતિશય ભાવ,
તેથી રંગજયંતીનો મળ્યો એમને લહાવ. ૧૩૭
ભાવે કરતા ભવ્યતા નારણદાસજી વાહ !
રંગજયંતી ઉજવે ધારી મન ઉત્સાહ. ૧૩૮
અહીંની રંગજયંતીમહીં હતી વિશેષતા એક,
અષ્ટોત્તરશત વિપ્રને આંમત્ર્યા સવિવેક. ૧૩૯
પારાયણ તેઓ કરે, ભાવ ભકિતથી દ્રાક્;
શ્રીગુરુલીલામૃતતણાં એકસો ને આઠ !! ૧૪૦
વડોદરાની જયંતીનો સૌથી મોટો સાર,
અષ્ટોત્તર અનુષ્ઠાન આ થાતું પહેલીવાર ! ૧૪૧
એકસઠમી જયંતી હા ! પુણ્ય-પવિત્ર ધામ,
ડાકોરમાં ઉજવાઈ હા ! કરી ખૂબ ધૂમ-ધામ. ૧૪૨
પૂર્વાશ્રમથી રંગને, શ્રદ્ધા-ભક્તિ-પ્રેમ
ડાકોરના ઠાકોર પ્રતિ હતાં અતિશય એમ. ૧૪૩
વારંવાર જતા હતા, રણછોડરાયની પાસ;
નયન-મનોહર મૂર્તિનાં, દર્શન કરવા ખાસ. ૧૪૪
'ગુરુલીલામૃત' ગ્રંથમાં અધ્યાય આખો એમ,
આપ્યો ડાકોર માહાત્મ્યનો, એવો રણછોડપ્રેમ. ૧૪૫
તેથી આ પ્રસ્તાવથી અવધૂત સારી પેર,
થયા પ્રસન્ન અને વધ્યા ''મોટાભાઈને ઘેર. ૧૪૬

જયંતી ઉજવાય તો એ તો મારે માટ
જોને અતિ આનંદ ને પ્રસન્નતાની વાત.'' ૧૪૭
એમ રમૂજ કરી પછી રંગજયંતી પર,
ડાકોરમાં પધારિયા સમર્થ સદ્‌ગુરુવર. ૧૪૮
જાણે રણછોડરાયની, જન્મતિથિ ઉજવાય,
એમ ડાકોર ધામમાં, આનંદ-ઉત્સવ થાય. ૧૪૯
વિધવિધરંગી તોરણે કર્યો નગર શણગાર,
ધજા પતાકા ફરફરે, શોભા એની અપાર. ૧૫૦
અવધૂતજી આવી ગયા, રણછોડરાયને દ્વાર;
પૂજારીઓએ ભાવથી, કર્યો રંગસત્કાર. ૧૫૧
ગર્ભગૃહમાં મૂર્તિની સામે જઈને એમ,
અવધૂતજી ઊભા રહ્યા છલકયો હૈયે પ્રેમ. ૧૫૨
નયન-મનોહર મૂર્તિ એ રણછોડજીની એમ,
નયન ભરી ભરી નીરખી, ધારી હૈયે પ્રેમ. ૧૫૩
અર્ધોન્મિલિત નયનથી, અવધૂત ધરતા ધ્યાન;
ત્યાં તો સામે હસી રહ્યા મરક મરક ભગવાન !! ૧૫૪
જાણે નિજ સ્વરૂપતણું, જોઈ બીજું રૂપ !
મંદ મંદ હસી રહ્યા, રણછોડરાય અનુપ !! ૧૫૫
પલભર તો જોનારને, બન્ને એક સ્વરૂપ.
એકબીજામાં ડૂબતાં ધારે અનુપમ રૂપ. ૧૫૬
પલ બે પલનું મિલન આ, દ્વૈત-ધ્વંસ કરનાર;
એકબીજામાં ઓગળી, થાતા એકાકાર. ૧૫૭
ભકત અને ભગવાનનું મિલન હતું અદ્‌ભુત,
પાવનકારી મિલન આ, ટાળે ભવ-ભય-ભૂત. ૧૫૮
ક્ષણ બે ક્ષણ વીતી અને અવધૂત ખોલે નયન,
તુલસી-પુષ્પો ચરણમાં, મૂકી કરતા નમન. ૧૫૯
માખણ-મિશ્રીનો અહા ! વહેંચાયો પ્રસાદ,
અવધૂતજીનાં અંતરે લહેરાયો આહ્‌લાદ. ૧૬૦
રંગજયંતીને દિને બની સ્વયં ગોપાલ,
ગાયો ચારી અવધૂતે ધન્ય ! રંગ-ગોપાલ ! ૧૬૧
ગોમતી જલમાં તે પછી, કરી નૌકાવિહાર;
જલચરને ખવરાવિયા, મમરા ચણા અપાર. ૧૬૨
વિધવિધ લીલાઓ કરી, અવધૂતે દિનભર;
રાત્રે આવી મુકામ પર સૂતા સદ્‌ગુરુવર. ૧૬૩
સૂતી વખતે રાતરે ઊનની ટોપી જેહ,
શિરથી કાઢી બાજુએ ચિવટે મૂકી તેહ. ૧૬૪
બ્રાહ્મ મુહૂર્તે અન્ય દિન, જાગ્યા યોગીરાજ;
સ્નાન ધ્યાનથી મુકત થઈ બહાર બેસવા કાજ; ૧૬૫
ચાદર ઓઢી શરીર પર શિરપર મૂકવા કાજ,
શોધે ટોપી ઊનની સ્વયં સદ્‌ગુરુરાજ. ૧૬૬
શોધે તોયે ના મળે, ટોપી ઊનની કયાંય;
તેથી શ્રીઅવધૂતજી, વિચાર કરે મન માંહ્યઃ ૧૬૭
''કાલે રાત્રે ચિવટથી, મેં મૂકી'તી આંહ્ય,
કોઈ અહીં આવ્યું નથી, પછી ગઈ એ કયાંય ? ૧૬૮
સેવકને પૂછયું પછી સાથે જે રહેનાર
''ટોપી મારી કયાં ગઈ ? શોધી દો આ વાર'' ૧૬૯
સેવક બિચારો બાવરો, થઈ ગયો લાચાર;
આમ તેમ શોધી રહ્યો કરી રહ્યો વિચાર. ૧૭૦
''પ્રભુએ જ્યારે શયન કર્યું, ટોપી હતી ત્યાંય;
આવનજાવન કોઈ નહીં ! ગઈ પછી એ કયાંય ? ૧૭૧
સેવક એમ વિચારતાં કરે શોધવા યત્ન,
પણ ટોપી જડતી નથી, વૃક્ષા સર્વ પ્રયત્ન. ૧૭૨
સેવક વ્યથિત થયો અને મુખપર છાયો વિષાદ,
''કોને જઈને પૂછવું ? ક્યાં કરવી ફરિયાદ ?'' ૧૭૩
અવધૂત અંતર્યામી એ, સેવકમનની વાત;
જાણી ગયા ને તુર્ત એ હસી રહ્યા ખડખડાટ. ૧૭૪
હસતા-હસતા વદી રહ્યા ''કયાં શોધો છો ઓર,
મારી ટોપી લઈ ગયા રણછોડ-માખણચોર ! ૧૭૫
ગઈ કાલે આવ્યા હતા મોડી રાતે એહ,
હસી-હસી વાતો કરી, મુજ સાથે વરદેહ. ૧૭૬
અગલી-પિછલી છેડીને, પેટભરી કરી વાત;
તાલી લીધી-દીધી ને ખૂબ હસ્યા વરજાત. ૧૭૭
પરોઢ થાતાં એકદમ ઊઠ્યા રણછોડરાજ,
''તેં તો મને ઉજાગરો, ભલો કારવ્યો આજ'' ૧૭૮
એમ કહીને ભાગતાં, રણછોડજીની નજર
એકાએક પડી અહા ! મારી ટોપી પર. ૧૭૯
ચૌર્યકાર્યમાં કુશળ એ ચૂકવી નજર,
ટોપી લઈ ભાગી ગયા ચિત્તચોર સત્વર ! ૧૮૦
માખણચોરે ચોરિયાં, મારાં ટોપી-ચિત્ત;
માટે ચિંતા ના કરો, થઈ જાઓ નચિંત,'' ૧૮૧
એમ કહીને હસી રહ્યા, મંદ-મંદ ગુરુરાજ;
સેવકને લાગ્યું ''પ્રભુ રમૂજ કરે છે આજ,'' ૧૮૨

એમ વિચારી ભાઈ એ બહાર નીકળવા જાય,
ત્યાં તો સાંભળ શિષ્ય હે ! ચમત્કાર સર્જાય. **૧૮૩**
જન કો આવ્યો દોડતો, ઉરમાં શ્વાસ ન માય;
સેવક રણછોડરાયનો પૂજારી શુભ કાય. **૧૮૪**
હતી એના હાથમાં ઊનની ટોપી જેહ,
શોધી સ્વયં રહ્યો હતો અવધૂતજીની એહ. **૧૮૫**
ટોપીને આપતાં બોલિયો હાથ પસારી એહ;
''વાત સાચી મુજ માનજો, ના કરશો સંદેહ. **૧૮૬**
આજે પ્રાતઃકાળમાં સૌએ સેવકજન
ગયા હતા ઠાકોરનું કરવાને પૂજન. **૧૮૭**
પૂજન કરીને મંગલા પ્રગટાવી હા ! જયાંય,
ત્યાં તો જોઈ ઊનની, ટોપી પડેલી ત્યાંય. **૧૮૮**
અવધૂતજીના મસ્તકે અમે જોઈ'તી એહ,
તેથી માન્યું એમની, છે આ નિઃસંદેહ. **૧૮૯**
તેથી આવ્યો આપને, આપવા દોડી આંહ્ય''
એમ કહી વંદી રહ્યો સેવક જોડી બાંહ્ય. **૧૯૦**
અવધૂતના સાન્નિધ્યમાં હતા જેટલા જન,
તે તો સહુ આશ્ચર્યમાં ડૂબી ગયા ગહન ! **૧૯૧**
પણ ત્યાં તો અવધૂતજી, લાવી અતિ હળવાશ,
સહજ રીતે સરળ હા ! બોલ્યા કરતા હાસ્યઃ- **૧૯૨**
''હું તો તમને કયારનો કહેતો'તો કરી શોર,
મારી ટોપીનો અહા ! શામળિયો છે ચોર. **૧૯૩**
ચિતડું ચોરે ભકતનું, ગોપી-માખણ ચોર
ચોરે વૃત્તિ સંતની, ચોર બડો રણછોડ !'' **૧૯૪**
એમ કહી અવધૂતજીએ ટોપી લઈ નિજ કર,
ભાવે હૃદય ચાંપીને પ્રેમે ધરી શિર પર. **૧૯૫**
ટોપી શિર પર ધારીને, અવધૂત આવ્યા બહાર;
ભકતોએ અવધૂતનો પોકાર્યો જયકાર. **૧૯૬**
ત્યાર પછી 'ડાકોરની દેણ' દઈને એમ,
રહસ્ય રણછોડમૂર્તિનું, સમજાવ્યું સપ્રેમ. **૧૯૭**
'દેહ તે ડાકોર'તણું ગાઈ મધુર ભજન;
ડાકોરના ઠાકોરનું, અનેરું અર્થઘટન. **૧૯૮**
આવી લીલાઓ કરી ડાકોરમાં અપાર,
દિગંતમાં ગાજી રહ્યો, અવધૂતનો જયકાર. **૧૯૯**
ત્યાર પછી અવધૂતની જન્મજયંતી આમ,
ઉજવાઈ આરાસુરે મા અંબાને ધામ. **૨૦૦**

અવધૂતજી આવી ગયા, આરાસુરમાં આમ,
અતિશય ભક્તિ-ભાવથી 'મા'ને કર્યા પ્રણામ. **૨૦૧**
તે સમે અવધૂતના, પેટમાં પીડા થાય,
વારેવારે રંગને શૌચે જવાનું થાય. **૨૦૨**
ત્યાં તો ભકત અનુભવી, બોલ્યો આ બધું જોઈ,
''પ્રભુ ! આપની નાભિથી ખસી ગઈ અંબોઈ. **૨૦૩**
માટે બન્ને પગતણા અંગુઠાએ એમ,
પહેરી લો રબરતણી વીંટીઓ સપ્રેમ'' **૨૦૪**
ત્યાં તો સેવક એક હા ! દોડી ગયો બજાર,
લાવ્યો રબર-વીંટીઓ, ક્ષણે ન લાગી વાર. **૨૦૫**
અવધૂતજી નિજ અંગૂઠે, વીંટીઓ પહેરતાં એમ;
નિજ ભક્તિની મસ્તીમાં બોલ્યા મુખથી એમઃ **૨૦૬**
''મા અંબાએ મોકલ્યા, મારે માટે એમ;
ધારણ કરવા વીંટલા, જેથી થાએ ક્ષેમ. **૨૦૭**
'મા'એ વીંટલા મોકલ્યા મારી રક્ષા કાજ;
કંપી ઊઠશે કાળ પણ, નિર્ભય છું હું આજ !'' **૨૦૮**
એમ કહી ગદ્‌ગદ્ થયું હૈયું ભાવ-સભર,
કલમ લઈ હદ્-ભાવને, ટાંકયા કાગળ પરઃ **૨૦૯**
''પહેરી લીધા વીંટલા તારા હો અંબે (૨)
કોણ કાઢે આંખ સામે, કાળ જયાં કંપે ?'' **૨૧૦**
સભરભર્યું શ્રદ્ધા થકી ભક્તિ-નિતરતું એમ,
રચ્યું પ્રાર્થના-કાવ્ય આ કરવા જગનું ક્ષેમ. **૨૧૧**
તે સમે ભારત ઉપર ચીને બની દુશ્મન,
અગન-ગોળા નાખીને, હુમલો કર્યો ગહન. **૨૧૨**
સરહદ સૌ સળગી રહી, પ્રજા બની લાચાર;
દેશ-દાઝ અવધૂતની, ઝબકી ગઈ તે વાર. **૨૧૩**
આર્ત-સવરે અવધૂતજી, મા અંબાને એમ,
કરે પ્રાર્થના હૃદયથી, કરવા સઘળું ક્ષેમઃ **૨૧૪**
''રાખ 'રંગ' આ કટોકટીમાં, સંકટ નિવારી માડી(૨)
શકિતપાત કરી ભારતમાં રિપુદલ સંહારી'' **૨૧૫**
સૂણી પ્રાર્થના રંગની, રીઝ્યાં અંબા માત;
દુશ્મન ભાગ્યા સરહદો શાંત થઈ સાક્ષાત્. **૨૧૬**
બીજે દિને સવારમાં સમર્થ સદ્‌ગુરુરાય,
અંબામાના મંદિરે દર્શન કરવા જાય. **૨૧૭**
તે સમે માજીતણા મંદિર કેરાં દ્વાર,
બધાં હતાં, તેથી અહા ! સદ્‌ગુરુ બેઠા બહાર. **૨૧૮**

'મા'ની મોહક મૂર્તિનાં દર્શન કરવા ખાસ,
અવધૂતજીના અંતરે, તીવ્ર લાગી'તી પ્યાસ. ૨૧૯

અનિમેષ નયને અહા ! જોઈ રહ્યા કંઈ વાર;
અંતર વ્યાકુળ થઈ ગયું, પણ ઊઘડે ના દ્વાર. ૨૨૦

તીવ્ર પ્યાસ મા - દરશની શી રીતે છીપાય ?
અવધૂતજી અંતર વિષે, આકુળ-વ્યાકુળ થાય. ૨૨૧

મંદિર કેરા દ્વાર પર, અવધૂતજીનાં નયન;
ભાવનિતરતાં ગહન હા ! થોભ્યાં ક્ષણ બે ક્ષણ. ૨૨૨

પછી અર્થસૂચક અહા ! નાખી એક નજર,
સેવામાં સાથે ખડા સુમનલાલની પર. ૨૨૩

પડતામાં સમજી ગયા અવધૂતજીની નજર
ચકોર સુમનલાલ હા ! ખડા થયા સત્વર. ૨૨૪

અવધૂત અંતર-ભાવ હા ! વહે નયનથી જેહ,
સુમનલાલ સમજી જતા, અચૂક નિઃસંદેહ. ૨૨૫

અડગ ભકત હનુમાન શા, સેવામાં તત્પર;
જીવન સફલ બનાવિયું ધન્ય ! સુમન માસ્તર ! ૨૨૬

અણસારે અવધૂતના, સુમનલાલે તત્ક્ષણ;
ભાવ-સભર, મધુરા સ્વરે શરુ કર્યું ગૂંજન. ૨૨૭

''મારો ચૂડી-ચાંદલો અખંડ રાખજે માત
બાળક શોધે કયાં બીજે શરણ, છોડી નિજ માત ?'' ૨૨૮

તોય 'મા' ભીંજયાં નહિ, ના ખૂલ્યાં એ દ્વાર,
એટલે શ્રીઅવધૂતજીએ સ્વયં કરી ખૂંખાર; ૨૨૯

રચના પોતાની અહા ! ''શકત્યાવાહન'' ગીત,
ભાવસભર મધુરા સ્વરે ગાઈ રહ્યા ધરી પ્રીત. ૨૩૦

એક લાડલો દીકરો નિજ માતાને જેમ,
ટકોર કરીને પ્રાર્થે અવધૂતજીએ તેમ ૨૩૧

મા અંબાને વિનવ્યાં, મધુર ટકોરે એમ;
''મા ! બાળક તલસાય ને બેસી રહી છે કેમ ? ૨૩૨

દર્શન વિણ મા ! તાહરા જીવડો મુજ મૂંઝાય,
નયન અધીરાં-બાવરાં, કયારે દર્શન થાય ! ૨૩૩

ચક્ર-ત્રિશૂલ મા ! કયાં ગયાં ? કયમ બૂઠી તલવાર ?
ભક્તો કાજે દોડ મા ! છે તું શક્તિ અપાર.'' ૨૩૪

ભાવ-સભર હૈયું અને વહે નયનથી નીર,
શબ્દે-શબ્દો સોંસરા ઉતરે જાણે તીર. ૨૩૫

હજારો નર-નારીઓ, ઊભાં મંદિર પાસ;
તોય શાંતિ ગજબની, છાઈ રહી ચોપાસ. ૨૩૬

શબ્દે-શબ્દે સ્તોત્રના, થાય અસર ગહન;
ભાવ-ભીનાં નર-નારનાં, નિતરી રહ્યાં નયન. ૨૩૭

નિર્મળ-સાત્વિક ભાવથી આખું વાતાવરણ
છવાઈ ગયું ને વીતી રહી, ભાવભીંજી ક્ષણ-ક્ષણ. ૨૩૮

ત્યાં તો એકાએક હા ! થયો દિવ્ય ચમકાર,
ફટાક શું ઊઘડી ગયાં મા-મંદિરનાં દ્વાર !! ૨૩૯

દ્વાર ઉઘડતાં છાઈ ગયો, સન્નાટો ક્ષણવાર;
ગગન ગાજયું ગાનથી, અંબાનો જયકાર. ૨૪૦

રણચંડી સમ રૂપનાં, દર્શન ત્યાં સાક્ષાત્;
અવધૂતજીને થઈ ગયાં જય જય અંબામાત ! ૨૪૧

''જય અંબે જગદંબે હે ! જય જય રંગ અવધૂત''
નાચે-કૂદે ભકત સૌ, જોઈ દૃશ્ય અદ્‌ભુત. ૨૪૨

દ્વાર ખૂલ્યાં મંદિરનાં, અવધૂત થયા પ્રસન્ન;
મંદિરમાં જઈ માતનાં, કર્યાં દિવ્ય દર્શન. ૨૪૩

મસ્તક માના ચરણાં મૂકી ધારી પ્રેમ,
''ધન્ય, માવડી ! આજ તેં પૂર્ણ કરી મુજ નેમ'' ૨૪૪

હજારો નર-નારીને ભકતોએ તે વાર,
નિજ નયનથી નિરખ્યાં, ઊઘડી ગયાં જે દ્વાર. ૨૪૫

શિષ્ય નિરંજન આ સમે કરતો મન વિચાર,
આશ્ચર્યે દિઙ્‌મૂઢ થઈ, જોઈ રહ્યો ક્ષણવાર. ૨૪૬

અલખજી સમજી ગયા, શિષ્ય મન-વિચાર,
તેથી હાસ્ય કરી વદ્યા, મા કર શંકા લગાર. ૨૪૭

સાક્ષાત્કારી સંત જે બ્રહ્મ-સગુણ અવતાર,
તેમના જીવનમાં અહા ! આવા ચમત્કાર ૨૪૮

રોજ-રોજ થયા કરે, એમાં શેની નવાઈ ?
જેમ પાણી ઉપર તરે આપોઆપ પનાઈ. ૨૪૯

સાંભળ શિષ્ય કહું તને, એક મઝાની વાત;
જેથી તારા મનતણો, જાય બધો ઉચાટ. ૨૫૦

સાક્ષાત્કારી સંત જે તીર્થક્ષેત્રમાં જાય,
તે તે તીર્થ દેવનાં દર્શન જરૂર થાય. ૨૫૧

અવધૂતજીના જીવનમાં, આવા ઘણા પ્રસંગ,
આગળ છે આવી ગયા, વિચાર ધરી ઉમંગ, ૨૫૨

માટે શંકા છોડીને, કર સદ્‌ગુરુભજન;
જગમાં ધારે તે કરે, જેનાં નિર્મળ મન. ૨૫૩

નિર્મળ મનના સંત હા ! સાક્ષાત્ બ્રહ્મ સ્વરૂપ;
તીર્થક્ષેત્રના દેવનાં પામે દરશ અનુપ. ૨૫૪

છોડી શંકાઓ બધી, ભાવે ભજ ગુરુરાય;
જેથી માયા-મોહનાં, બંધન તૂટી જાય. ૨૫૫

આ અધ્યાયે વર્ણવી રંગજયંતી વિશિષ્ટ,
આગળ અનુપમ રંગ જો, જામે કહેતાં શિષ્ટ. ૨૫૬

અલખ નિરંજનને કહે, 'બાલક' નિમિત્ત જાણ;
વદાવનારો રંગ જે પાછળ રે'તો માન ! **૨૫૭**

ઈતિ શ્રી રંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે ગરબાડાદિવિશિષ્ટશ્રીરંગજયંતીવર્ણનં નામ સપ્તપંચાશત્તમોડધ્યાયઃ ।।૫૭।। દોહરા ૨૫૭ ।।

## અધ્યાય : ૫૮

અલખ કહે આગળ સૂણો, અવધૂતજીની આમ,
જયંતી ઉજવાઈ હા ! ધન્ય દ્વારકા ધામ. ૧

પશ્ચિમ સાગર ઘૂઘવે, કરી ગર્જના ઘોર;
ધન્ય ! પૂરી હા ! દ્વારકા, રાજ કરે રણછોડ. ૨

યોગેશ્વર શ્રીકૃષ્ણની, પુણ્ય ભૂમિપર એમ;
યોગીરાજ અવધૂતની જન્મજયંતી તેમ ૩

ઉજવવા નક્કી કર્યું, ભકતોએ સપ્રેમ;
અવધૂતજી સંમત થયા, ધન્ય ફળી હા નેમ. ૪

રેલ્વે ગાડી ખાસ હા ! જોડાવીને આમ,
ભકતો સૌ પહોંચી ગયા, દ્વારકા કેરે ધામ. ૫

હજારો ભકતો ત્યાં અહા ! દૂર દૂરથી આમ;
ભક્તિમાં ચકચૂર થઈ, પહોંચ્યા દ્વારકા ધામ. ૬

અવધૂતજીએ ભાવથી મીંચી કમલનયન,
શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી, થયા પ્રસન્ન. ૭

પલભર તો નિજ સ્વરૂપમાં, થઈ ગયા એકાકાર;
થયો ધ્વંસ ત્યાં દ્વૈતનો સાધ્યો સુરત-તાર. ૮

અદ્વૈતામૃતની અહા ! વર્ષા અનરાધાર;
થઈ તત્ક્ષણ ને ઝણઝણ્યા હૃદય-વીણાના તાર. ૯

પલ બે પલમાં તો અહા ઉઘડ્યાં મધુર નયન,
ભાવ-સભર એ નયનથી કર્યાં કૃષ્ણ-દર્શન. ૧૦

વદન નમાવી ભાવથી, જોડી બન્ને હાથ;
અવધૂતજી બોલી રહ્યા 'જય જય દ્વારકાનાથ.' ૧૧

પ્રતિઘોષ સામે થયો, ભકતો ઊંચે સાદ;
ગગન ભેદતા બોલિયા 'જય જય દ્વારકાનાથ'. ૧૨

ત્યાર પછી અવધૂતજી થઈને ખૂબ પ્રસન્ન,
જગત મંદિર પાસમાં બેસી ગયા ભગવન્. ૧૩

બાવન ગજનો ધ્વજ અહા ! લહરાયો તે વાર,
શ્રીફળને વધેરતાં, વરત્યો જયજયકરા. ૧૪

હજારો ભકતો અહા ગદ્ગદ્ થઈ તે વાર,
એકી અવાજે કરી રહ્યા, શ્રીકૃષ્ણતણો જયકાર. ૧૫

ત્યાર પછી અવધૂતજી, પધાર્યા મંડપ માંહ્ય.
ભાવિક જન સઘળાં અહા ! ભેગાં થયાં'તાં જયાંય. ૧૬

ત્યાં આવી સદ્ગુરુવરે, કીધું ઉદ્બોધન,
''દ્વારિકાનાં ડિંડિમ'' જો સુણાવ્યાં તત્ક્ષણ. ૧૭

ડિંડિમ વગાડી અવધૂતે નિજ ભકતોને એમ,
સાચું સુખ શેમાં રહ્યું સમજાવ્યું સપ્રેમ. ૧૮

''જેમાં મન ને ઈન્દ્રયો થઈ વિષયોથી મુકત,
આત્માભિમુખ થાય હા ! શ્રદ્ધાથી થઈ યુકત. ૧૯

**બહિર્મુખતા છોડીને અંતર્મુખ જો થાય,**
**તો સાચા સુખનો એહને દિવ્ય અનુભવ થાય.** ૨૦

**કામ, ક્રોધ ને લોભ એ ત્રણ નરકનાં દ્વાર,**
**ગીતામાં ભાખ્યાં અહા ! શ્રીકૃષ્ણે નિર્ધાર.** ૨૧

**બંધ કરી ત્રણ દ્વાર એ, દમન દયા અને દાન**
**દ્વાર અનુપમ ઉઘાડીને નીરખો શ્રીભગવાન,''** ૨૨

**''નવાગામની નોબત'' વગાડીને તતખેવ,**
**સમજાવ્યું જન સર્વને 'સઘળે એકજ દેવ'** ૨૩

**''ધર્મજનો ધડાકો'' હા ! ધર્મજ ગામે એમ,**
**કરીને સમજાવિયો ધર્મ-મર્મ-સપ્રેમ.** ૨૪

**કણભા ગામે તે પછી સ્વયં થઈ પ્રસન્ન,**
**''કણભાનો કડાકો'' હા ! કીધો અતિ ગહન.** ૨૫

**કણભામાં અવધૂતજીએ કર્યો ગહન પડકાર,**
**''બાહ્ય સ્વરૂપનો મોહ આ ! સઘળો છે બેકાર.** ૨૬

**અસ્ત થયા પહેલાં અરે ! સૂર્ય થાય અતિ લાલ,**
**બૂઝાતા પહેલાં અતિ દીપક કરે ઝબકાર.''** ૨૭

**એમ કહી અવધૂતજીએ ધરી હૃદયમાં હેત,**
**નિજ ભકતોને ગૂઢમાં કર્યો હતો સંકેત.** ૨૮

આમ જન્મજયંતીઓ અવધૂતની ઉજવાય,
લાખો ભક્તો મોદના મહેરામણમાં નહાય. ૨૯
જ્યાં જ્યાં શ્રીઅવધૂતના પુનિત પાદ ચંપાય,
ત્યાં ત્યાં શ્રદ્ધાવાનને ચમત્કાર દેખાય. ૩૦
દુઃખભર્યા સંસારમાં જ્યાં ત્યાં નિરખી દુઃખ,
માનવ ફાંફાં મારતો શોધી રહ્યો છે સુખ. ૩૧
સંસારે સંતપ્ત થઈ આકુળ-વ્યાકુળ થાય,
શાંતિ મેળવવા અહા ! સંતશરણમાં જાય. ૩૨
સંત-શરણનો છાંયડો આધિ-વ્યાધિ હરનાર,
ત્રિતાપ ટાળી ભક્તને દેતો શાંતિ અપાર. ૩૩
પૂર્વ-જન્મનાં પુણ્ય હા ! ફળ્યાં હોય તે જન,
કંઈક દોડીને આવતાં, ભાવે રંગ-શરણ. ૩૪
અમી દૃષ્ટિ અવધૂતની, પડતાં એક જ વાર;
ભાગે દુઃખો કંઈકનાં, ક્ષણે ન લાગે વાર. ૩૫
એવા કંઈક અનુગ્રહો અવધૂત અપરંપાર,
ભક્તો ઉપર કરતો રહ્યો, કોણ કરે વિસ્તાર ? ૩૬
તોય થોડા કહું તને, સૂણતાં ભાગે પાપ;
શ્રદ્ધા શ્રીચરણે વધે, થાયે સુખ અમાપ. ૩૭
મૂળે તો સૌરાષ્ટ્રના પ્રેમજીભાઈ છે નામ,
પેટિયું રળવા કાજ એ વસી ગયા પોર ગામ. ૩૮
શ્રદ્ધાળુ ભાવિક વળી સીધો-સાદો જન,
દરજીકામ કરી કરે, નિજ કુટુંબપોષણ. ૩૯
નિજ મહેનતનો રોટલો, ખાઈને રહે પ્રસન્ન;
સંતોષી મન સર્વદા, બીજી ન ચિંતા મન. ૪૦
ત્યાં ઓચિંતી અહા ! પ્રેમજીના શિર માંહ્ય,
શૂળો ઊઠે તીવ્ર ને અસહ્ય પીડા થાય. ૪૧
જાણે કોઈ જોરથી ખીલા ઠોકતું હોય,
એવી પીડા મસ્તકે હાય ! અતિશય થાય ! ૪૨
અન્ન-ઉદક ભાવે નહિ, નિંદ ન આવે રાત;
ત્રાસી ગયા પીડા થકી, ગમે ન કરવી વાત. ૪૩
પાક થયો મસ્તક વિષે. સણકા મારે અપાર;
નીચું ભાળતા નાકથી, વહે પરુની ધાર ! ૪૪
દાક્તર વૈદ્યો કંઈ કર્યા, વળી ઘરગથ્થુ ઉપાય
કર્યા કેટલા તોય પણ, દર્દ ન ઓછું થાય. ૪૫
દરજીનો ધંધો હતો, નીચું ના ભળાય;
થાય અસહ્ય વેદના, કેમ કરી સીવાય ? ૪૬
બંધ ધંધો થઈ ગયો, આવક નહિ લગાર;
ઉછી ઉધારે લાવીને, દિવસો કરે પસાર. ૪૭
સ્વભાવ ચીડિયો થઈ ગયો, કરે ન સરખી વાત;
માથું કૂટે ભીંતથી, રુદન કરે દિનરાત. ૪૮
મરણોન્મુખ એ પ્રેમજી હૈયે અતિ ગભરાય,
એમ દુઃખ ને દર્દમાં, દિવસો વહેતા જાય. ૪૯
ત્યાં તો એક દિ' કોઈએ આપ્યા સમાચાર;
"જા નારેશ્વર ધામમાં થશે ત્યાંજ ઉપચાર. ૫૦
નારેશ્વર, રેવીતીરે જ્યાં અવધૂતનિવાસ,
શસ્ત્ર-ક્રિયાની શિબિર ત્યાં, યોજાઈ છે ખાસ. ૫૧
મુંબઈ, અમદાવાદ ને વડોદરાના એમ,
વાઢકાપ નિષ્ણાત હા ! બડા દાકતરો તેમ ૫૨
આવે છે નારેશ્વરે, સેવા કરવા કાજ;
માટે જા નારેશ્વરે પ્રેમજી ! આજ ને આજ. ૫૩
રહેવા જમવાના તથા દવા દારૂના એમ,
પૈસા ભરવાના નથી, બધું મફત છે તેમ." ૫૪
સૂણી હરખ્યો પ્રેમજી, બિસ્ત્રો બાંધી તુર્ત,
પહોંચી ગયો નારેશ્વરે, સાથે લઈ નિજ સુત. ૫૫
બીજે દિને દાક્તરે તપાસ્યો એને એમ,
જાંચ વિવિધ રીતે કરી, કહ્યું વિચારી એમઃ ૫૬
"ભાઈ ! તમારું દર્દ આ લાગે છે અતિ કઠણ,
વાઢ-કાપ કરવાતણું, નથી અહીં સાધન. ૫૭
માટે લખી આપું છું, તે પત્ર લઈને હાલ,
મુંબઈ ઉપડી જાઓ ને પહોંચો આવતી કાલ. ૫૮
વાઢ-કાપ કરશે તિહાં, દવાદારૂ પણ એમ,
પૈસો પણ લેશે નહિ, થશે મફત સહુ તેમ" ૫૯
સૂણી વચન દાક્તરતણાં, પ્રેમજી અતિ ચીડાય,
'મુંબઈનું ભાડું અરે ! ક્યાંથી લાવીશ હાય !' ૬૦
ચિત્તમાં અતિ ચિંતા ભરી, નીકળ્યો ઓરડા બહાર;
શું કરવું હાવે અરે ! કરી રહ્યો વિચાર. ૬૧
ત્યાં તો એકાએક હા ! પડી એની નજર
બિરાજેલ દૂર ખૂરસીમાં, અવધૂત સદ્‌ગુરુપર. ૬૨
તેજ-પુંજ સમ શરીર ને જટાતાજ શિર પર,
ખાંધે ઉપવીત લહેરતું, કૌપીન શુભ કટિ પર. ૬૩
દિવ્ય ચમકતાં નેત્ર હા ! છલકે કરુણાધાર,
શરદ-શશી સમ વદન હા ! દિસે તેજ અંબાર. ૬૪

દર્શન માત્રે ભક્તના, ભાગે ભવ-ભય-ભાર;
એવા સદ્‌ગુરુ રંગના, થયા દિવ્ય દીદાર. ૬૫
પલભર તો એ પ્રેમજી, ભૂલી ગયો નિજ દુઃખ;
સંતનું દર્શન સર્વદા, આપે સુખ ને સુખ. ૬૬
અવધૂતજીએ તે સમે કર્યું હતું ફરમાનઃ-
"વાઢ-કાપની શિબિર આ ચાલે તે દરમ્યાન ૬૭
કોઈએ પણ અવધૂતનાં, દર્શન કરવા એમ;
ના જાવું ગુફા નજીક, ન ફરવું ફાવે તેમ. ૬૮
કણસતાં જે દર્દીઓ હોય પથારી માંહ્ય,
તેઓને અવધૂતનું સ્વરૂપ માની ત્યાંય; ૬૯
કરવી સેવા એમની, એ સાચાં દર્શન;
દર્દીની સેવા થકી, અવધૂત થશે પ્રસન્ન !" ૭૦
તેથી તે દિવસો મહીં અવધૂતનાં દર્શન,
હતાં સદંતર બંધ હા ! તેથી કોઈ પણ જન ૭૧
ન'તાં જતાં ગુફા કને દર્શન કરવા એમ,
દર્દીની સેવા મહીં દર્શન ફળતાં તેમ. ૭૨
અવધૂતજીને એકલા બેઠેલા ત્યાં જોઈ,
પ્રેમજી દોડ્યો વેગથી, હોનાર હોય તે હોઈ. ૭૩
પહોંચી અવધૂતચરણમાં, નાખી દીધી કાય;
"તારે શરણે આવિયો, બચાવ હે ગુરુરાય !" ૭૪
આળોટ્યો ને રડી રહ્યો, મૂકી છૂટી પોક;
"દયા કર હે ગુરુવરા ! બચાવ તારો તોક" ૭૫
પલભર તો આશ્ચર્યથી જોઈ એને એમ,
અવધૂતજી પૂછી રહ્યા "અલ્યા ! રડે છે કેમ ? ૭૬
મરી ગયો હોય બાપ ત્યમ, મૂકી છૂટી પોક,
કેમ રડે છે ? કહે અરે ! ભેગા થાશે લોક." ૭૭
અવધૂતજીના પ્રશ્નથી સ્વસ્થ થઈ ક્ષણવાર,
નિજ દુઃખની વ્યથા-કથા કહી બધી તે વાર. ૭૮
"શી રીતે જાઉં પ્રભુ ! મુંબઈ હું લાચાર,
ભાડાના પૈસા નથી, મારી પાસ લગાર" ૭૯
અવધૂત કહે "હું શું કરું ? દાકતરોએ જેહ
સલાહ તુજને આપી હા ! કરવું તારે તેહ" ૮૦
સૂણી વચન શ્રીરંગના પ્રેમજી તો ક્ષણવાર,
ચૂપ થઈને રડી રહ્યો, આંસુએ ચોધાર. ૮૧
ખરતાં એની આંખથી અશ્રુ અપરંપાર,
જોઈને અવધૂતનું દિલ દ્રવ્યું તે વાર. ૮૨
ત્યાં તો બોલ્યો પ્રેમજી જોડી બન્ને હાથ,
"જાઉં મારે ઘેર હું હે ! અનાથના નાથ ! ૮૩
દુઃખ દૂર મમ થઈ જશે, એવી હૈયે આશ
લઈને હું આવ્યો હતો, પણ જાઉં થઈ નિરાશ. ૮૪
કરમ મારું ફૂટલું, બીજાનો શો દોષ ?
મારા દુઃખનો અન્ય પર શાને રાખું રોષ ?" ૮૫
એમ કહીને પ્રેમજી ચાલવા લાગ્યો જયાંય,
ત્યાં તો સદ્‌ગુરુ બોલિયાઃ "અરે ! થોભ ક્ષણ આંહ્ય. ૮૬
સાંભળ ! અહીંથી તું સીધો રેવાઘાટે જા,
રેવાજલમાં ડૂબકી, મારી પછી તું જા," ૮૭
સૂણી વચન અવધૂતનાં વિચારે પ્રેમજી મનઃ-
"ચાલો સદ્‌ગુરુ દેવનું રાખીએ આટલું વચન," ૮૮
આવ્યો રેવાઘાટ પર, વસ્ત્રો બદલી એમ;
પવિત્ર રેવાનીરમાં, માર્યો ભૂસકો તેમ. ૮૯
ધ..બ દઈ પડ્યો અને ડૂબકી મારી ગહન,
ડોકું કાઢ્યું બહાર જયાં, થાતું મન પ્રસન્ન. ૯૦
અવધી થઈ આશ્ચર્યની, થયો ચમત્કાર;
દુઃખાવો નિજ શિરતણો રહ્યો ન હવે લગાર ! ૯૧
શિરદર્દ ચાલ્યું ગયું, મુખડું થયું પ્રસન્ન,
સ્ફૂર્તિ આવી ગજબની, થયું પ્રફુલ્લ વદન. ૯૨
રેવાજલમાં ડૂબકી, મારે વારંવાર;
"જય રેવા, જય રંગ" ના હર્ષે કરે ઉચ્ચાર. ૯૩
ફરી ફરી વંદન કરી રેવામાને એમ,
આવ્યો તીરે પ્રેમજી હસતો, કુશળક્ષેમ. ૯૪
રોગ-દોગ ચાલ્યાં ગયાં, થયું નીરોગી તન;
અવધૂતજીના વચનથી, જાતું દુઃખ ગહન. ૯૫
અલખ રહે અવધૂતનો મહિમા અપરંપાર,
શરણે જાતાં ભક્તને, રહે ન દુઃખ લગાર. ૯૬
શિરનું દર્દ ગયા પછી વિચારે પ્રેમજી મનઃ
"અર્પી દઉં ગુરુચરણમાં મારું તન, મન, ધન. ૯૭
મારા સદ્‌ગુરુને ગમે એવું સેવાકાજ
કરવાને લાગી જઉં બસ આજ ને આજ. ૯૮
અહીંના દર્દીઓ બધા, છે મુજ ગુરુસ્વરૂપ,
એમની સેવા આજથી, કરવા લાગું અનુપ" ૯૯
એમ વિચારી પ્રેમજી મોદીકાકા પાસ,
જઈને બિલ્લો માગિયો 'સ્વયંસેવક' નો ખાસ. ૧૦૦

સત્તાવીસ દિવસો સુધી, ધારી હૈયે પ્રીત;
સેવાઓ દર્દીતણી કરે પ્રેમજી ખચિત. ૧૦૧

રાત-દિવસ જોયા વિના રાખી મન પ્રસન્ન,
ખડે પગે સેવા કરે, પ્રેમજી રાત ને દન. ૧૦૨

ભૂખ તરસ ને ઊંઘની, પરવા કર્યા સિવાય;
સેવારત એ પ્રેમજી સેવા કરે સદાય. ૧૦૩

સત્તાવીસમે દિવસે શસ્ત્ર-ક્રિયા-શિબિર,
પૂર્ણ થઈને પ્રેમજી ધારી હૈયે ધીર; ૧૦૪

બડા દાક્તર જે હતા શસ્ત્રક્રિયાનિષ્ણાત,
તેમની પાસે જઈ બધી કરી માંડીને વાત. ૧૦૫

તે દાકતરે અદ્યતન સાધન દ્વારા એમ
કરી જાંચ શિર-દર્દની, કશું ના નીકળ્યું તેમ ! ૧૦૬

બોલ્યા "તારા દર્દને અવધૂતજીએ એમ
ઊંચકીને ફેંકી દીધું રેવાજલમાં તેમ." ૧૦૭

કહે પ્રેમજી "હું હજી જઈને મારે ઘેર,
સંચે બેસી કપડું સીવી જોઉં સુપેર. ૧૦૮

દર્દ જો ના થાય ને સુખે વસ્ત્ર સીવાય,
તો જ મને મટ્યાતણી ખરી ખાતરી થાય." ૧૦૯

ત્યાં તો બોલ્યા મોદીજી "અરે ! વાર ન કર,
સંચો છે મુજ ઓરડે, બેસી જા સત્વર." ૧૧૦

પ્રેમજી ચાલ્યો વેગથી, મોદીજીની સાથ;
બેઠો સંચે સીવવા, સ્મરી સદ્ગુરુનાથ. ૧૧૧

સીવી છત્રીસ ચાદરો એક બેઠકે એમ,
તોય શિરમાં વેદના જરાય ના થઈ તેમ ! ૧૧૨

સાશ્ચર્ય-આનંદથી મોદીજી ને અન્ય,
પ્રસન્ન થઈ બોલી ઊઠ્યા "ધન્ય ! સદ્ગુરુ ! ધન્ય !!" ૧૧૩

અલખ કહે સૂણ શિષ્ય હે ! મા કર અન્ય વિચાર,
અનુકમ્પા અવધૂતની, નતજનતારણહાર. ૧૧૪

નિજ જનને ઉદ્ધારવા, ધરે સંત અવતાર;
કરી શકય અશકયનું, કરતા બેડો પાર. ૧૧૫

તે દિનથી એ પ્રેમજી અવધૂતજીનો એમ,
ભકત અનન્ય બની ગયો, શરણ ભાવથી તેમ. ૧૧૬

સાંભળ, આગળ કહું તને શ્રદ્ધાનો પ્રસંગ,
આજ પ્રેમજી ભકતનો જેથી રહેશે રંગ. ૧૧૭

પત્ની પ્રેમજીભાઈનાં, જીવીબેન છે નામ;
પતિસેવારત સર્વદા, કરે ઘરનું કામ. ૧૧૮

જીવીબેન આ એક દિ', પડયાં અતિ બિમાર;
ભાન-સાન ગુમાવ્યું ને પીડા થાય અપાર. ૧૧૯

ગામના દાક્તર-વૈદ્યના, વ્યર્થ ગયા ઉપાય;
તેથી પ્રેમજી એમને વડોદરા લઈ જાય. ૧૨૦

મોટી ઈસ્પિતાલમાં, દાખલ કરિયાં એમ;
જાંચ કરીને રોગના કર્યા ઉપાયો તેમ. ૧૨૧

પંદર-વીસ દિવસો સુધી, કર્યા સફલ ઉપચાર;
જીવીબેન સાજાં થયાં, રહ્યો ન રોગ લગાર. ૧૨૨

તેથી મોટા દાક્તરે દવાખાનેથી એમ,
રજા આપીને કહ્યુંઃ- લઈ જાઓ ઘર તેમ, ૧૨૩

પલંગ આ ખાલી કરો, જેથી બીજા જેહ
દર્દીઓ ગંભીર જે સૂવાડાય અહીં તેહ. ૧૨૪

હવે એમને સારું છે, માટે લઈ જાઓ ઘર;
આજ ને આજ પલંગ આ, ખાલી કરો સત્વર" ૧૨૫

એવો હુકમ આપીને, દાક્તર થયા વિદાય;
પણ અહીં તો આ ભક્તનો જીવડો અતિ મૂંઝાય. ૧૨૬

ટેક્ષી-મોટર જોઈએ, ઘેર લઈ જવા માટ;
ભાડાના પૈસાતણો ઉતારવો શેં ઘાટ ? ૧૨૭

ટેક્ષી ભાડાના અરે ! વીસ રૂપૈયા થાય.
માંડ પાંચ રૂપિયા હતા નિજ ખિસ્સામાં હાય ! ૧૨૮

સગું સ્નેહી કે મિત્ર કો પરિચિત મલી જાય,
ઉછીની રક્કમ જોઈતી માગી લઈ લેવાય. ૧૨૯

એમ વિચારી પ્રેમજી, ઘર-ઘર ધક્કા ખાય;
પણ કયાંયે ઉછીના રૂપિયા, મળ્યા ન એને હાય ! ૧૩૦

આ બાજુ પરિચારિકા, જીવીબેનને એમ;
કહે "પલંગ ખાલી કરો, પડી રહ્યાં છો કેમ ? ૧૩૧

હવે તમને સારું છે, પછી તમે અહીં કેમ ?
મફતનું ખાવા અરે ! પડી રહ્યાં છો એમ !" ૧૩૨

ધમકાવે પરિચારિકા, જીવીબેન તે વાર
સ્મરણ કરે અવધૂતનું, અશ્રુ વહે ચોધાર. ૧૩૩

નિજ પતિની લાચારીનો હતો એમનો ખ્યાલ,
તેથી મનમાં સ્મરી રહ્યાં, અવધૂત દીન-દયાલ. ૧૩૪

આ બાજુએ પ્રેમજી થઈ ચોગમ નિરાશ
ઈસ્પિતાલને આંગણે ઊભો થઈ હતાશ. ૧૩૫

દાક્તર ઉતાવળ કરે, પાસે પૈસા નહિ !
શી રીતે ઘર જાય હા ! નિજ પત્નીને લઈ. ૧૩૬

પ્રેમજીએ સંભારિયા, અનાથના જે નાથ;
ન-બળાનું જે બળ અહા ! નારેશ્વરના નાથ. ૧૩૭
"હે અવધૂત ! દિગંબરા ! હે ! ગરીબ-નવાજ !
ભકતવત્સલા ! મૂંઝાય છે બાળક તારો આજ. ૧૩૮
ખિસ્સામાં પૈસો નથી, હે મારા ગુરુરાજ !
શી રીતે લઈ જાઉં હું મુજ પત્ની ઘર આજ ? ૧૩૯
જગમાં બધે ભમી વળ્યો, મળ્યો ન કોઈનો સાથ;
આવ્યો તારા શરણમાં, ઝાલ માહરો હાથ. ૧૪૦
દસ્તાવેજો દાસને, દીધા હાથોહાથ,
યવન-કિશોર બન્યા તમે, નારેશ્વરના નાથ ! ૧૪૧
કમળાબાઈને મોતના દરવાજેથી એમ,
હાથ ગ્રહી પાછા તમે, લાવ્યા કુશળ-ક્ષેમ. ૧૪૨
યવન-હસન ચાચાતણું ખોવાયેલું ધન,
શોધી બતાવ્યું પ્રેમથી, વાર ન લાગી ક્ષણ. ૧૪૩
ભકતરાજ કાયમતણાં, સર્પદંશનાં ઝેર;
ઝટ ઉતારી, મોકલ્યો હસતો એને ઘેર. ૧૪૪
એવાં કામો ભકતનાં કીધાં અપરંપાર,
હું પાપી અધિકો પડયો ? કેમ લગાડો વાર ?" ૧૪૫
એમ પ્રેમજી પ્રાર્થના અવધૂતની તે વાર,
કરી રહ્યો ગદ્ગદ્ થઈ, નયન વહે જલધાર. ૧૪૬
આંખે આંસુ ભકતની, જોઈ દ્રવ્યા ગુરુરાય;
દોડ્યા વેગે ભાવથી, કરવા એને સહાય. ૧૪૭
સાંભળ શિષ્ય કહું તને ઈસ્પિતાલના એમ,
દરવાજા આગળ ખડો પ્રાર્થે પ્રેમજી તેમ. ૧૪૮
ત્યાં તો એકાએક હા ! પડી એની નજર,
દરવાજા ગમ આવતા બે માનવીઓ પર. ૧૪૯
એ બેમાંના એકને ઓળખીને તત્ક્ષણ,
મુખ વિકસ્યું કંઈ બોલવા, હરખાતું જો મન. ૧૫૦
ત્યાં તો પરિચિત ભાઈ એ શેઠ શ્રીમંજુલાલ,
રહેવાસી બીલ ગામના, રહે વડોદરે હાલ. ૧૫૧
પરમ ભકત અવધૂતના, તન, મન, ધનથી એમ;
સેવા સદ્ગુરુની કરે ધારી હૈયે પ્રેમ. ૧૫૨
મંજુલાલનો ભાવ ને ભકિત જોઈ અદ્ભુત,
બીલ ગામે પધારિયા હતા, સ્વયં અવધૂત. ૧૫૩
મંજુલાલે તે સમે કરી ખૂબ ધૂમ-ધામ,
સ્વાગત સદ્ગુરુનું અહા ! કર્યું હતું તે ઠામ. ૧૫૪

એવા મંજુલાલની વડોદરામાં આમ,
મંગલબજારમાં બડી, કાપડની દુકાન. ૧૫૫
પરોપકારી શેઠ એ, મનના અતિ ઉદાર,
તેથી એમને ઓળખે, સહુ અવધૂત-પરિવાર. ૧૫૬
પ્રેમજીએ એમને ઓળખ્યા, જયાં બોલાવવા જાય;
ત્યાં તો મંજુલાલ ખુદ આગળ આવ્યા ત્યાંય. ૧૫૭
ને પ્રેમજીને બોલતો અટકાવી તત્ક્ષણ,
સાથેના નિજજનને કહેવા લાગ્યા સજ્ઞ. ૧૫૮
"આ છે પેલો પ્રેમજી" એમ કહી તત્કાળ,
અંગુલિનિર્દેશથી દર્શાવ્યો તે વાર. ૧૫૯
ત્યાં તો પેલા ભાઈએ ગજવામાંથી એમ,
ત્રણ નોટો દસ-દસતણી કાઢી વેગે તેમ. ૧૬૦
ધરી પ્રેમજી સામને, પછી વદ્યા એ આમ,
"લઈ લે આ રૂપિયા ત્રીસ પતાવ તારું કામ. ૧૬૧
અબ્ધિમાં આશ્ચર્યની ડૂબીને પલભર,
એમની સામે જોઈ પ્રેમજી રહ્યો ટગર ટગર. ૧૬૨
ત્યાં તો મંજુલાલ હા ! બોલ્યા, મધુર વચનઃ
"લઈ લેને આ રૂપિયા, શું વિચારે મન ? ૧૬૩
જરાય મૂંઝાયા વિના રૂપિયા લઈને અદ્ય,
ટેક્ષી લઈ તુજ પત્નીને લઈ જા ઘેરે સદ્ય" ૧૬૪
"પણ રૂપિયા ત્રીસ ઉધાર આ લઉં છું આજે આંહ્ય,
તે કોને હું પરત કરું ? કયારે આવી ? કયાંય ?" ૧૬૫
પ્રેમજી એમ વદી રહ્યો, ત્યાં તો મંજુલાલ
બોલ્યા, "તારા હાથમાં જ્યારે આવે લાલ. ૧૬૬
ત્યારે મારી દુકાન પર મુજને આવી એમ,
રૂપિયા ત્રીસ આપી જજે ચિંતા કરે છે કેમ ?" ૧૬૭
ત્યાં તો પેલા ભાઈએ, એના ખિસ્સા માંહ્ય;
દસદસની ત્રણ નોટ હા ! સરકાવીને ત્યાંય; ૧૬૮
વેગે ચાલી નીકળ્યા, દરવાજાની બહાર;
ગયા ગયા અદૃશ્ય થયા, ક્ષણે ન લાગી વાર !! ૧૬૯
ગયા પછીથી એમના નિજ ખિસ્સાની માંહ્ય,
દસ-દસની ત્રણ નોટ જોઈ, પ્રેમજી મન હરખાય. ૧૭૦
"સ્મર્તૃગામી અવધૂત હે ! ભક્તસખા ગુરુરાય,
દીન ભક્તને દુઃખમાં, કેવી કીધી સહાય ? ૧૭૧
શી રીતે કૃતજ્ઞતા દર્શાવું ગુરુરાજ ?
ભક્તસખાએ ભક્તની કેવી રાખી લાજ ?" ૧૭૨

એમ કહી અવધૂતને, વંદે વારંવાર;
"નારેશ્વરના નાથ હે ! તારો જય જયકાર." ૧૭૩
ટેક્ષી એક ભાડે કરી, દવાખાનેથી આમ;
નિજ પત્નીને લઈ ગયો, વેગે પોર જ ગામ. ૧૭૪
ખબર પડી ગઈ ગામમાં, લોકો ભેગા થાય;
વાત સૂણી આશ્ચર્યની ભક્તો મન હરખાય. ૧૭૫
કંઈ ગ્રાહકો પાસ હા ! સીલાઈની રકમ,
હતો પ્રેમજી માગતો, તેઓએ તત્ક્ષણ; ૧૭૬
આપી દીધી એહને ફટાફટ રકમ,
ત્રણસો રૂપિયાની અહા ! ભેગી થઈ રકમ. ૧૭૭
પછી વિચારે પ્રેમજી "મંજુલાલને એમ,
ત્રીસ રૂપૈયા માહરે આપવાના છે તેમ. ૧૭૮
ખરી અણીના સમયે, એમણે કીધી સહાય,
ઉદાર, શ્રેષ્ઠી ભકતને મુજથી કેમ ભૂલાય ? ૧૭૯
એમ વિચારી પ્રેમજી વડોદરાની માંહ્ય,
આવ્યો મંગલ બજારમાં, શેઠની દુકાન જયાંય. ૧૮૦
ગાદી-તકીયે દુકાનમાં, શેઠ બેઠા છે એમ;
ત્યાં જઈ પૂછે પ્રેમજી, "કહો શેઠ છે કેમ ?" ૧૮૧
મંજુલાલે પ્રેમથી દઈ મીઠો આવકાર,
વદ્યા, "પ્રેમજી ! બહુ દિને દેખાયો આ વાર." ૧૮૨
ત્યાં તો પેલો પ્રેમજી, રાખી હસતું મુખ;
ધરી રહ્યો ત્રીસ રૂપિયા શેઠજીની સન્મુખ. ૧૮૩
શેઠે પૂછ્યું "કયારે ? ને શું લઈ ગયો ઉધાર ?
લાવ, કરી દઉં ચોપડે, જમા રકમ આ વાર," ૧૮૪
ત્યાં તો બોલ્યો પ્રેમજી "કેવી કરો છો વાત ?
ઉધાર મેં લીધું નથી, કશુંય અહીંથી, તાત ! ૧૮૫
કેમ ભૂલી ગયા તમે, ગત ગુરુવારની વાત ?
ઈસ્પિતાલને ઝાંપલે મળ્યા હતા સાક્ષાત્. ૧૮૬
મારી માંદી પત્નીને લઈ જવા મુજ ગામ,
ટેક્ષીભાડાનાં ન'તાં મારી પાસે દામ. ૧૮૭
ત્યારે આપે આવીને એક ભાઈ સાથ,
મુજને ત્રીસ રૂપિયા અહા ! આપ્યા હાથોહાથ. ૧૮૮
વળી તમે કહ્યું હતું 'જયારે તારી પાસ,
રકમ ત્રીસ રૂપિયા તણી ભેગી થાયે ખાસ. ૧૮૯
ત્યારે મારી દુકાનમાં આવી મુજને એમ,
ત્રીસ રૂપિયા આપી જજે, ચિંતા કરે છે કેમ ? ૧૯૦

સદ્ગુરુ રંગગુરુવરે, કરી મુજ પર મહેર;
ઉઘરાણીની રકમ જે લોક દઈ ગયા ઘેર. ૧૯૧
ત્રણસો રૂપિયાની અહા ! રકમ ભેગી થઈ આજ,
તેથી દોડી આવિયો આપને દેવા કાજ." ૧૯૨
સૂણી વાત આ ભક્તની શેઠનાં મુખ-નયન
આશ્ચર્યે પહોળાં થયાં આ તે કેવું ગહન ! ૧૯૩
પલભર તો આશ્ચર્યથી જીભ સીવાઈ ગઈ,
આશ્ચર્યાબ્ધિમહીં વાણી ડૂબી ગઈ ! ૧૯૪
ક્ષણ બે ક્ષણ કળ વળી, કહે શેઠ તે વાર,
"છેલ્લા દિવસ પંદર અહા ! હું ગુજરાત બહાર ૧૯૫
બનારસ ગયો હતો, માલ ખરીદવા એમ;
ગઈ કાલે રાત્રેજ હું આવ્યો કુશળ ક્ષેમ. ૧૯૬
ગત ગુરુવારે હું હતો, કાશી ક્ષેત્રની માંહ્ય;
કયાંથી તુજને રૂપિયા આપવા આવું આંહ્ય ? ૧૯૭
સૂણી વચન એ શેઠનાં પ્રેમજીનાં નયન,
છલકયાં ને બોલી રહ્યો ગદ્ગદ્ કંઠ વચનઃ- ૧૯૮
"જરૂર ત્યારે એ હતા મારા સદ્ગુરુનાથ
રૂપ તમારું લઈ અને દેવા મુજને સાથ; ૧૯૯
સૂણી મારી પ્રાર્થના, જોઈ મને નિઃસહાય,
શેઠ ! આપનું રૂપ ધરી, દોડયા સદ્ગુરુરાય ! ૨૦૦
દૂર કર્યું મુજ દુઃખને, ધન્ય ધન્ય અવધૂત !
ફરી ફરી વંદન કરું, હે રુકુમાના સુત !" ૨૦૧
સૂણીને પ્રેમજીતણાં, ભાવ-સભર વચન;
મંજુલાલનાં ભાવથી ભરી આવ્યાં લોચન. ૨૦૨
"ધન્ય ભાગ્ય મારાં અહા ! હે મારા ગુરુરાય !
મારું રૂપ લઈ તમે, કરી ભકતને સહાય" ૨૦૩
એમ કહેતાં શેઠના નયને જલ છલકાય,
ગદ્ગદ્ કંઠે વદી રહ્યા, "ધન્ય ધન્ય ગુરુરાય !" ૨૦૪
આ બન્ને ભકતોતણા, નાચી રહ્યા મનમોર;
સ્મરી સ્મરી અવધૂતને, કરી રહ્યા કલશોર. ૨૦૫
અલખ કહે અવધૂતજી કેવા હતા ચતુર !
આ પ્રસંગે વિચારતાં થાશે મન-ભ્રમ દૂર. ૨૦૬
અવધૂતજી નિજ નિયમનું કરે કડક પાલન;
આભ પડે પણ નિયમમાં ક્ષતિ ન લાવે ક્ષણ. ૨૦૭
અવધૂતજીનો નિયમ કે સ્વહસ્તેથી આમ,
પૈસાને સ્પર્શે નહિ, સદા શુદ્ધ નિષ્કામ. ૨૦૮

અહીં જો પ્રેમજી ભકતને, રૂપિયા હાથોહાથ
આપે તો નિજ નિયમનો, અચૂક થાયે ઘાત, ૨૦૯
તેથી બીજા એકને લાવ્યા પોતે સાથ,
ભકતને એ રૂપિયા અપાવ્યા એને હાથ. ૨૧૦
વળી પ્રેમજી જેહને, ઝટ ઓળખી જાય;
એવા મંજુલાલનું, રૂપ ધરે ગુરુરાય. ૨૧૧
એવા નટ-ખટ રંગ એ, જગન્નાટકી જાણ;
વિધ-વિધ રૂપ ધરી અહા ! કરે ભકતનું ત્રાણ. ૨૧૨
શસ્ત્રક્રિયા શિબિરતણો, પહેલો દર્દી આમ;
પામી કરુણા રંગની ભકિત કરે સકામ. ૨૧૩
'બાલક' કેરા ગામનો દરજી જાતે જાણ,
રંગ કશા ન મેં પૂર્યા, એની લખી છે વાણ. ૨૧૪

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે પ્રેમજીપરિવારકૃપાવર્ષણં નામ અષ્ટપંચાશત્તમોऽધ્યાયઃ ॥૫૮॥ દોહરા ૨૧૪ ॥

## અધ્યાય : ૫૯

અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતજી કોઈવાર,
રમૂજ કરીને સર્જતા, અલૌકિક ચમત્કાર. ૧
એક સમે અવધૂતજી, નારેશ્વરમાં આમ;
બોધિસમ લીમડા નીચે, બેઠા'તા શુભકામ. ૨
તેજપૂંજ શુભ તન થકી તેજ-રશ્મિ રેલાય,
અઢળક શાંતિના ઝરા, છલોછલ ત્યાં છલકાય. ૩
શુદ્ધ સાત્ત્વિકતા અને પવિત્રતા ચોપાસ,
સભર ભરી મ્હેંકી રહી, સાત્ત્વિક, દિવ્ય સુવાસ. ૪
હાસ્ય મધુરું વેરતું, વદન તેજ અંબાર;
ધન્ય ! ધન્ય ! એ ભકતને જેણે કર્યો દીદાર. ૫
વર્તુલમાં બેઠા હતા ભકતો ત્યાં દસબાર,
અમૃતવાણી પી રહ્યા, અવધૂતની તે વાર. ૬
હાસ્યફુવારા ઉછળે, મોદ ન મન સમાય,
અવધૂત સન્મુખ ભકતે સૌ સુખસાગરમાં ન્હાય. ૭
લીમડા ઉપર પક્ષીઓ નિર્ભય થઈ મસ્તાન,
મોદ ચિત્તથી મધુર હા ! ગાઈ રહ્યાં છે ગાન. ૮
ખિસકોલિયો, ગરોળિયો, કાંચીડાઓ તેમ,
અવધૂત સન્મુખ મસ્તીથી, ખેલે ફાવે તેમ. ૯
નિર્વેર ભાવે રમે પશુ-પક્ષી તીર્યંચ્,
અવધૂતના સાન્નિધ્યમાં નથી કોઈને રંજ. ૧૦
પી રહ્યા'તા ભકત સૌ, અવધૂત અમૃતવાણ;
તે સમે શું બન્યું અહા ! સાંભળ શિષ્ય સુજાણ. ૧૧
એક ગરોળી મસ્તીથી દોડે આમ ને તેમ,
લીમડા ડાળે થડ ઉપર કૂદે ફાવે તેમ. ૧૨
સર સર ફર ફર અવાજથી, સૌ ભકતોનું ધ્યાન
એના તરફ ગયું અને તૂટ્યું વાતસંધાન. ૧૩
અવધૂતજીએ જોયું આ, હસી વધ્યા તત્ક્ષણઃ
"એના આ આનંદનું જાણો છો કારણ ?" ૧૪
ભક્તો વિસ્મિત થઈ બધા, કરીને સરવા કાન;
આતુર થઈ વંદી રહ્યા, જોડી બન્ને પાણ. ૧૫
ત્યાં તો શ્રીઅવધૂતજી બોલ્યા મધુર વચનઃ
'આજ અહીં રાજકોટથી એની મસ્યાઈ બેન ૧૬
આવી રહી છે હાં અરે ! એને મળવા કાજ,
તેથી એ આનંદમાં કૂદી રહી છે આજ" ૧૭
સૂણી વચન ગુરુદેવનાં ભકતો થઈ વિસ્મિત,
'રમૂજ કરે છે સદ્‌ગુરુ' એમ વિચારે ચિત્ત. ૧૮
ત્યાં તો આવ્યા એક ભાઈ, છત્રી લઈને હાથ;
બાજુ પર છત્રી મૂકી, નીચું નમાવી માથ. ૧૯
નારીએલ ફળ પુષ્પ હા ! અવધૂતચરણો માંહ્ય,
ધરી, કરી સાષ્ટાંગ એ બેઠા પછીથી ત્યાંય. ૨૦
ૐ ૐ ૐના નાદથી, દે આશિષ અવધૂત;
ત્યાં તો એકાએક હા ! છત્રીમાંથી તુર્ત ૨૧
નીકળી એક ગરોળી હા ! ગભરાયેલી ચિત્ત,
સડસડાટ દોડી ગઈ, થઈ અતિ ભયભીત. ૨૨
સર સર કરતી ચઢી ગઈ, વેગે લીમડા ડાળ;
ત્યાં તો પેલી ગરોળી હા ! મળી ગઈ તત્કાળ. ૨૩
ભેટી પરસ્પર પ્રેમથી, બન્ને બેનો એમ;
આનંદથી મસ્ત હા ! કરે કૂદાકૂદ તેમ. ૨૪
ભકતો આ જોઈ રહ્યા, વિસ્મિત થઈ તે વાર;
આનંદે બે ગરોળિયો, મહાલે લીમડા ડાળ. ૨૫
ત્યાં તો શ્રીઅવધૂતજી, રાખી મુખ પ્રસન્ન;
આંગતુક એ ભાઈને, પૂછે મધુર વચનઃ ૨૬